દૈનિક

# મુંબઈ સમાચાર

સૌરાષ્ટ્ર આવૃત્તિ

R.N.I. No. GUJ GUJ /2013/58486 ★

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૩ ■ Volume 67 ■ Issue 102 ■ વિક્રમ સંવત ૨૦૮૦
■ ચૈત્ર વદ- ૬ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 30 April 2024, Tuesday ■ REGD.No. MCS/058/2018-20

મંગળવાર, ૩૦ એપ્રિલ ૨૦૨૪ (૧૨ પાનાં) કિંમત ₹ ૧૦.૦૦



તરોતાજા પૂર્તિ ૬ ૭ ૮ ૯



LIKE & FOLLOW: /Mumbaisamachar4u


## ચૂંટણીના ત્રીજા અને ચોથા ચરણમાં ગરમી વિલન બને તેવી શક્યતા

**હાલ પણ દેશના મોટાભાગના વિસ્તારોમાં આકરી ગરમી પડી રહી છે ત્યારે કેરળમાં બે વ્યક્તિઓના ગરમીના કારણે મોત થયા છે અને પ્રિ-સ્કૂલ્સ બંધ કરી દેવાના આદેશ પણ અપાયા છે**

નવી દિલ્હીઃ દેશભરમાં પ્રખર ગરમી વચ્ચે લોકસભાની ચૂંટણી ચાલી રહી છે. ત્યારે હવામાન વિભાગની આગાહી મુજબ ત્રીજા અને ચોથા ચરણના મતદાન વખતે ભીષણ ગરમીના સંકેતો મળી રહ્યા છે. આ બંને ચરણના મતદાનમાં લગભગ ૧૯૧ બેઠકમાંથી ૧૮૬ જેટલી બેઠકો પર આકાશમાંથી આકરી લૂ વરસવા અનુમાન કરવામાં આવ્યું છે.


હવામાન વિભાગની આગાહી પ્રમાણે મધ્ય-પૂર્વ અને દક્ષિણના ક્ષેત્રોમાં તાપમાન વધુ ઊંચું રહેશે. ત્યારે ૧૩૬ જેટલા સંસદીય ક્ષેત્રમાં તાપમાન ૪૦ ડિગ્રીથી વધુ રહેવાની સંભાવના વ્યકત કરાઇ છે. હાલ પણ દેશના મોટાભાગના વિસ્તારોમાં આકરી ગરમી પડી રહી છે ત્યારે કેરળમાં બે વ્યક્તિઓના ગરમીના કારણે મોત થયા છે અને પ્રિ-સ્કૂલ્સ બંધ કરી દેવાના આદેશ પણ અપાયા છે.

હવામાન વિભાગની ચેતવણી પ્રમાણે પશ્ચિમ બંગાળ, બિહાર,આંધ્ર પ્રદેશ જેવા વિસ્તારોમાં ભીષણ ગરમીનો પ્રકોપ વર્તાઇ શકે છે. આ વચ્ચે ચૂંટણી પ્રચાર અને મતદારોને મતદાન મથક સુધી કેવી રીતે પહોંચાડવા તે સમસ્યા તમામ રાજકીય પક્ષોને થઈ પડી છે.

દેશમાં પહેલા બે ચરણના લોકસાસભા ચૂંટણીનાં મતદાનમાં ૨૦૧૯ની સરખામણીએ સરેરાશ વોટિંગ ઘટ્યું છે. હવેના પાંચ ચરણમાં મતદાન બાકી છે ત્યારે, વોટિંગ ઉપર પડનારી વિપરીત અસર સ્થાનિક પક્ષો અને રાષ્ટ્રીય પક્ષોને હંફાવી દેશે તેમાં શંકા નથી.

લોકસભાની ચાલી રહેલી ચૂંટણીના સાતમી મેએ યોજાનારા ત્રીજા તબક્કામાં આસામમાં (૦૪), બિહાર (૦૫), છત્તીસગઢ (૦૭), ગોવા (૦૨),

(જુઓ પાનું ૨) ▶▶



**અથડામણઃ** ઉધમપુર જિલ્લાના બસંતગઢ વિસ્તારમાં આતંકવાદીઓ સાથેની અથડામણમાં વિલેજ ડિફેન્સ ગાર્ડ (વીડીજી)નો એક સભ્ય ઠાર મરાયા બાદ સાવધ થઈ ગયેલા સુરક્ષા અધિકારીઓ. (એજન્સી)

## સ્કોટલેન્ડના નેતાએ રાજીનામું આપ્યું

લંડનઃ સ્કોટલેન્ડના પ્રથમ પ્રધાન, હુમઝા યુસફે, તેમણે આબોહવા પરિવર્તન સામે લડવા માટેના લક્ષ્યને છોડીને ગ્રીન પાર્ટી સાથેના ગઠબંધન સાથે છેડો ફાડયાના થોડાં દિવસો પછી અવિશ્વાસના મતનો સામનો કરવાને બદલે રાજીનામું આપ્યું છે.

સ્કોટિશ નેશનલ પાર્ટી ફાઇનાન્સ કૌભાંડ અને ટ્રાન્સજેન્ડર અધિકારો પરના વિભાજનથી નબળી પડી છે, રાષ્ટ્રવાદી પક્ષ સાથે સોદો કરવામાં નિષ્ફળ ગયા પછી યુસફે પદ છોડ્યું, રાષ્ટ્રવાદી પક્ષની એક બેઠક તેમને સ્કોટલેન્ડની વિચલિત પ્રાદેશિક સંસદમાં બહુમતી આપી શકી હોત. વિજયની સંભાવના નહિવત્ થતાં યુસફે સોમવારે આ સપ્તાહના અંતમાં હારનો સામનો કરવાને બદલે રાજીનામું આપ્યું.

સપ્તાહને અંતે સ્કોટિશ ધારાશાસ્ત્રીઓ યુસફ અને તેની સરકારમાં અવિશ્વાસની દરખાસ્ત પર મતદાન કરવાના હતા. સ્કોટલેન્ડમાં પરાજય વ્યાપક યુનાઇટેડ કિંગડમમાં રાજકીય વાતાવરણમાં વધારો કરે છે, જ્યાં ઇમિગ્રેશન, આરોગ્ય સંભાળ અને સરકારી ખર્ચ અંગેની ચિંતાઓએ શાસક કન્ઝર્વેટિવ પાર્ટીના સમર્થનને ઓછું કર્યું છે.જ્યારે યુસફે ૨૦૩૦ સુધીમાં કાર્બન ઉત્સર્જનમાં ૭૫ ટકા ઘટાડો કરવાના સ્કોટલેન્ડના લક્ષ્યને હાંકી કાઢ્યું, પછી ગ્રીન્સ સાથે ગઠબંધન કરારનો અંત લાવ્યો અને પક્ષના બે પ્રતિનિધિઓને તેની કેબિનેટમાંથી અવિચારી રીતે બહાર કાઢ્યા ત્યારે આ મહિનાની શરૂઆતમાં કટોકટી શરૂ થઈ હતી. ■

## શૅરબજારમાં સોમવારે ફરી તેજી

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ શેરબજારમાં જોરદાર તેજીના માહોલમાં સેન્સેક્સે ૯૪૧ પોઇન્ટની છલાંગ લગાવી છે, જ્યારે નિફ્ટીએ ૨૨,૬૦૦ની સપાટી વટાવી નાંખી છે. સાર્વત્રિક લેવાલી વચ્ચે બેન્ક નિફ્ટી, મિડકેપ ઈન્ડેક્સ ઓલ ટાઈમ હાઈ સપાટીએ પહોંચ્યા છે.

સેન્સેક્સ ૯૪૧.૧૨ પોઇન્ટ અથવા તો ૧.૨૮ ટકાના સુધારા સાથે ૭૪,૬૭૧.૨૮ પોઇન્ટની, જ્યારે નિફ્ટી ૨૨૩.૪૫ પોઇન્ટ અથવા તો એક ટકાના ઉછાળા સાથે ૨૨,૬૪૩.૪૦ પોઇન્ટના સ્તરે સ્થિર થયો હતો.

બજારના નિષ્ણાતોના મતે અમેરિકાની ટેકનોલોજી કંપનીઓના પરિણામ સારા આવવા સાથે યુએસ ટેન યર્સ ટ્રેઝરી બિલ્સની યિલ્ડમાં ઘટાડો થવાને કારણે વિશ્વબજારના એકંદર સેન્ટિમેન્ટમાં સુધારો આવ્યો હતો.

સ્થાનિક સ્તરે બેન્કોના પરિણામ સારા આવવાને કારણે બેન્ક નિફ્ટી ઇન્ડેક્સમાં સુધારો જોવા મળ્યો હતો. મધ્યપૂર્વની તંગદીલી હળવી થવા સાથે કોર્પોરેટ ક્ષેત્રના મજબૂત પરિણામ જોતા બજારનું પોઝિટિવ સેન્ટિમેન્ટ જળવાઇ રહેવાની અપેક્ષા છે.

આઇસીઆઇસીઆઇ બેન્કનો શેર પાંચ ટકા ઊછળ્યો હતો. અન્ય ટોપ ગેઇનર શેરોમાં

(જુઓ પાનું ૨) ▶▶

## ગુજરાતના દરિયાકાંઠેથી સતત બીજા દિવસે ૧૭૦ કિલો ડ્રગ્સનો જથ્થો ઝડપાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અરબ સાગરમાંથી સતત બીજા દિવસે નાર્કોટિક્સનો જથ્થો એટીએસ, એનસીબી અને અને કોસ્ટગાર્ડે સંયુક્ત ઓપરેશન હાથ ધરીને ઝડપી પાડયો હતો. ભારતીય જળસીમામાંથી સતત બીજા દિવસે બે ભારતીયોને ૧૭૦ કિલો ડ્રગ્સના જથ્થા સાથે ઝડપી લીધા હતા. પ્રાથમિક તપાસમાં બંને આરોપી પાકિસ્તાન જઈને ડ્રગ્સ લાવતા હોવાનો ખુલાસો થયો હતો. પોરબંદર નજીક જળસીમા નજીક આ મોટું ઓપરેશન હાથ ધરાયું હતું. પકડાયેલ હશીશ નામના ડ્રગ્સની બજારની અંદાજિત કિંમત ૬૦ કરોડ રૂપિયાનું જાણવા મળ્યું હતું.

ગુજરાત એટીએસએ અને ભારતીય કોસ્ટગાર્ડે બાતમીના આધારે, શંકાસ્પદ બોટની ઓળખ થયા બાદ તેને તરત જ અટકાવી દેવામાં આવી હતી. તપાસમાં ટૂંક સમયમાં ગુપ્તચર માહિતીની પુષ્ટિ થઈ હતી અને બે ગુનેગારો સાથે ફિશિંગ બોટમાંથી આશરે ૧૭૩ કિલો ડ્રગ્સ મળી આવ્યું હતું. એટીએસ અને એનસીબીએ ગુનો નોંધી વધુ

(જુઓ પાનું ૨) ▶▶

## કેન્યામાં બંધ તૂટતાં ૪૦થી વધુનાં મોત

નૈરોબીઃ ભારે વરસાદને પગલે પશ્ચિમ કેન્યામાં સોમવારે વહેલી સવારે બંધ તૂટતાં ઓછામાં ઓછા ૪૦ જણનાં મોત થયા હોવાનું પોલીસે કહ્યું હતું.

બંધના પાણી ઘરો પર ફરી વળ્યા હતા અને મોટાભાગના રસ્તાઓ પરનો વાહનવ્યવહાર ઠપ થઈ ગયો હતો.

ગ્રેટ રિફ્ટ વેલીના માઈ માહિઉ વિસ્તારમાં આવેલો ઑલ્ડ કિજાબે ડેમ તૂટી પડતાં કાદવ, પથ્થરો સહિત ધસી આવેલા પાણીને કારણે અનેક ઝાડ તૂટી પડ્યા હતા, એમ પોલીસે કહ્યું હતું.

કેન્યાના સૌથી વ્યસ્ત ગણાતા હાઈવે પર અનેક વાહનો કાટમાળમાં ફસાઈ ગયા હતા.

મોટાભાગના વિસ્તાર પર પાણી ફરી વળ્યું હોવા વચ્ચે અર્ધતબીબી ટુકડીએ ઈજાગ્રસ્તોને સારવાર આપી હતી. કેન્યામાં પડી રહેલા ભારે વરસાદમાં

(જુઓ પાનું ૨) ▶▶



**બંધ તૂટ્યોઃ** કેન્યાનાના માઈ માહિઉના કામૂચિરિ ગામમાં બંધ તૂટ્યાં બાદ એ વિસ્તારની સાફસફાઈ કરવાનો પ્રયાસ કરી રહેલા લોકો. (એજન્સી)

## સુરત સ્ટેશને વંદે ભારત ટ્રેનના દરવાજા લોક થયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ મેગાસીટી અમદાવાદથી મુંબઈ જતી વંદે ભારત ટ્રેનના દરવાજા સુરત રેલવે સ્ટેશન પર ખુલ્યા જ ન હતા. આ કારણે ટ્રેન સુરત રેલ્વે સ્ટેશન પર એક કલાક અટવાઈ હતી. ટ્રેનમાં લાઈટ, એસી બંધ કરવા છતાં પણ દરવાજા ખૂલ્યા નહોતા. આખરે મેન્યુઅલી દરવાજા ખોલ્યા બાદ આગળ જવા રવાના કરાઈ હતી.

સૂત્રોના જણાવ્યા મુજબ અમદાવાદથી મુંબઈ જવા નીકળેલી વંદે ભારત ટ્રેન સવારે ૮.૨૦ કલાકે સુરત રેલવે સ્ટેશન પર આવી પહોંચી હતી. પરંતુ ટેક્નિકલ કારણોસર ટ્રેનના દરવાજા ખુલ્યા ન હતા. જેના કારણે રેલવે તંત્ર દોડતું થયું હતું. મેન્યુઅલી ટ્રેનના દરવાજા ખોલવાનો

(જુઓ પાનું ૨) ▶▶

## કચ્છમાં ભાજપના ઉમેદવાર ચાવડા સામે ક્ષત્રિય સમાજનો ઠેર-ઠેર વિરોધ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ રાજપૂત સમાજ વિશે એક જાહેર કાર્યક્રમ દરમ્યાન અણછાજતી ટિપ્પણી કરનાર રાજકોટ લોકસભા બેઠક પરના ઉમેદવાર એવા પુરુષોત્તમ રૂપાલાની ટિકિટ ના કપાતાં સમગ્ર ગુજરાતમાં રાજપૂત ક્ષત્રિય સમાજે ભાજપના ઉમેદવારોનો ઉગ્ર વિરોધ કરવાનું ચાલુ રાખ્યું છે ત્યારે ભાતીગળ જિલ્લા કચ્છમાં નોંધપાત્ર વસતિ ધરાવતો રાજપૂત ક્ષત્રિય સમાજ ભાજપના ત્રીજી વખતના ઉમેદવાર અને પોલીસ પ્રોટેક્શનમાં રહીને ચૂંટણી પ્રચાર કરી રહેલા વિનોદ ચાવડા સામે પણ હાલ ઠેર ઠેર વિરોધ પ્રદર્શિત કરી રહ્યો છે.

ભુજની ભાગોળે આવેલા એશિયા ખંડના સૌથી ધનવાન માધાપર ગામ ઉપરાંત અબડાસા અને છેવાડાના લખપતના ગામોમાં ભાજપના ચૂંટણીલક્ષી કાર્યક્રમોમાં ક્ષત્રિય સમાજ દ્વારા ઉગ્ર વિરોધ કરાયો હતો અને પોલીસે કેટલાક પ્રદર્શનકારીઓને ડિટેઇન કર્યા હતાં. અબડાસામાં ભાજપના લોકસભાના ઉમેદવાર વિનોદ ચાવડા અને તેમના કાફલાનો બીજી વાર પણ જોરદાર વિરોધ થયો હતો. અગાઉ ચૂંટણી પ્રચાર પ્રવાસ વખતે મોથાળા ગામે વિરોધ થયો હતો, ત્યારબાદ રવિવારે કોઠારા, વાયોર અને નલિયા ચૂંટણી કાર્યાલય ઉદઘાટન પ્રસંગે લોકસભાના ઉમેદવાર વિનોદ ચાવડા કોઠારા ગામે

(જુઓ પાનું ૨) ▶▶

## ભાજપના સાંસદ શ્રીનિવાસ પ્રસાદનું નિધન

બેંગલૂરુઃ પીઢ રાજકારણી, ભાજપના સાંસદ અને ભૂતપૂર્વ કેન્દ્રીય પ્રધાન વી. શ્રીનિવાસ પ્રસાદનું સોમવારે નિધન થયું હતું. આ સમાચાર તેમના પરિવારના સૂત્રોએ આપ્યા હતા. ચામરાજનગરના ૭૬ વર્ષીય લોકસભા સાંસદ છેલ્લા કેટલાક સમયથી બીમાર હતા અને ખાનગી હૉસ્પિટલમાં સારવાર હેઠળ હતા, જ્યાં સોમવારે વહેલી સવારે તેમનું નિધન થયું હતું.

તેઓ ચામરાજનગરથી છ વખત સાંસદ રહ્યા હતા અને બે ટર્મ માટે મૈસુર જિલ્લાના નંજનગુડથી ધારાસભ્ય તરીકે પણ સેવા આપી હતી. પ્રસાદના પરિવારમાં પત્ની અને ત્રણ પુત્રી છે. આ વર્ષે ૧૮ માર્ચે પ્રસાદે જાહેર જીવનમાં તેમના

(જુઓ પાનું ૨) ▶▶

## સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે લખનઊ લોકસભા બેઠક પરથી ભર્યું ઉમેદવારીપત્ર

લખનઊઃ કેન્દ્રીય સંરક્ષણ પ્રધાન અને લખનઊ લોકસભા સીટ પરથી ભાજપના ઉમેદવાર રાજનાથ સિંહે ઉમેદવારી પત્ર ભર્યું હતું.

દરમિયાન ઉત્તર પ્રદેશના મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથ અને ઉત્તરાખંડના મુખ્ય પ્રધાન પુષ્કર સિંહ ધામી હાજર રહ્યા હતા.

લખનઊમાં પાંચમાં તબક્કામાં ૨૦મી મેના રોજ મતદાન થશે.

રાજનાથ સિંહ લખનઊથી સતત ત્રીજી વખત ચૂંટણી લડી રહ્યા છે. તેઓ ૨૦૧૪ અને ૨૦૧૯માં પણ અહીંથી ચૂંટણી જીત્યા છે.

૨૦૧૪માં લખનઉથી તેમની પ્રથમ ચૂંટણી લડતા પહેલા, તેમણે ૨૦૦૯માં ગાઝિયાબાદથી લોકસભા ચૂંટણી જીતી હતી.

લખનઊ બેઠક ભાજપનો ગઢ માનવામાં આવે છે. પૂર્વ વડા પ્રધાન અટલ બિહારી વાજપેયી પણ અહીંથી સાંસદ

(જુઓ પાનું ૨) ▶▶






**રોડ શૉઃ** લખનઊમાં લોકસભાની ચૂંટણી અગાઉ ઉમેદવારીપત્રક ભરતા પહેલા યોજવામાં આવેલા રોડ શૉ દરમિયાન સંરક્ષણ પ્રધાન અને ભાજપના ઉમેદવાર રાજનાથ સિંહ, ઉત્તર પ્રદેશના મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથ, ઉત્તરાખંડના મુખ્ય પ્રધાન પુષ્કરસિંહ ધામી અને ઉત્તર પ્રદેશના નાયબ મુખ્ય પ્રધાન બ્રજેશ પાઠક તેમ જ કેશવ પ્રસાદ મૌર્ય. (એજન્સી)

## નૈનીતાલમાં આગનો કેર યથાવત્

નવી દિલ્હી : ઉત્તરાખંડના જંગલોમાં લાગેલી આગ બુઝાવાનું નામ નથી લઇ રહી. સતત બીજા દિવસે ભારતીય વાયુસેનાએ આગ ઓલવવામાં મદદ કરી હતી. જો કે, રવિવારે ઉત્તરાખંડમાં આગના આઠ નવા બનાવો નોંધાયા છે. ભારતીય વાયુસેનાનું એમઆઇ - ૧૭વી૫હેલિકૉપ્ટર આગ ઓલવવામાં લાગેલું છે. હેલિકોપ્ટરમાં લગાવવામાં આવેલી બમ્પી બકેટમાં એક સમયે ૫૦૦૦ લીટર પાણી ભરી શકાય છે, જે જંગલની આગ પર રેડવામાં આવે છે, પરંતુ હજુ સુધી આગ પર સંપૂર્ણ કાબૂ મેળવી શકાયો નથી. રાજ્યની આપદાભારી સ્થિતિમાં રાજ્યના મુખ્ય પ્રધાન પુષ્કરસિંહ ધામીએ અપીલ કરી હતી.

રવિવારે આગમાં ૧૧.૭૫ હેક્ટરમાં ફેલાયેલી વનસંપત્તિનો નાશ થયો હતો. શનિવારે આગના ૨૩

(જુઓ પાનું ૨) ▶▶



## છત્તીસગઢના બેમેતરામાં ભયંકર માર્ગ અકસ્માતઃ નવનાં મોત, ૨૨થી વધુ ઘાયલ

રાયપુર : છત્તીસગઢના બેમેતરા વિસ્તારમાં મોડી રાત્રે એક ભયાનક માર્ગ અકસ્માત સર્જાયો હતો. જેમાં નવ લોકોના મોતની માહિતી મળી રહી છે જ્યારે બાવીસથી વધુ લોકો ઘાયલ હોવાના સમાચાર પણ છે. બોલેરો અને પીકઅપ વાહનોનાં ટક્કરથી આ અકસ્માત થયો હોવાનું કહેવાય છે. મૃત્યુ પામેલાઓમાં ત્રણ બાળકોનો પણ સમાવેશ થાય છે. આ અકસ્માત રાત્રે ૧૦ વાગ્યાની આસપાસ થયો હતો.

લોકો પરથરા ગામથી તીરૈયા છઠ્ઠીનાં કાર્યક્રમમાં ગયા હતા, જ્યાંથી પરત ફરતા સમયે બોલેરો અન્ય માલવાહક વાહનથી ટકરાતા આ અકસ્માત સર્જાયો હતો. અકસ્માત એટલો ગંભીર હતો કે ઘણા લોકોનું ઘટનાસ્થળ પર જ મોત નીપજ્યું હતું. ઘાયલ લોકોને બેમેતરા જીલ્લા હૉસ્પિટલ અને સિંગર સ્વાસ્થ્ય

(જુઓ પાનું ૨) ▶▶

**અકસ્માતઃ** છત્તીસગઢના બેમેતરા જિલ્લામાં સોમવારે ટ્રક અને માલવાહક વાહન વચ્ચે થયેલી ટક્કર બાદ જોવા મળી રહેલો વાહનનો કાટમાળ. (એજન્સી)

## પહેલા બે તબક્કામાં ઈન્ડી ગઠબંધનનો સફાયોઃ વડા પ્રધાન મોદી

સોલાપુરઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ સોમવારે એવો દાવો કર્યો હતો કે કૉંગ્રેસ પોતાની દાગી છબી છતાં દેશમાં સત્તા પામવાના સપનાં જોઈ રહી છે, પરંતુ લોકસભાની ચૂંટણીના પહેલા બે તબક્કામાં ઈન્ડી ગઠબંધનનો સફાયો થઈ રહ્યાનું જોવા મળી રહ્યું છે.

મહારાષ્ટ્રના સોલાપુરમાં એક રેલીને સંબોધતાં તેમણે કહ્યું હતું કે ઈન્ડી ગઠબંધનમાં અત્યારે નેતૃત્વ માટે મહાયુદ્ધ ચાલી રહ્યું છે અને તેઓ પાંચ વર્ષમાં પાંચ વડા પ્રધાનની ફોર્મ્યુલા શોધી લાવ્યા છે. આ ગઠબંધન છેવટે દેશને લૂંટવા માટે જ કામ કરવાનું છે.

તેમણે કહ્યું હતું કે લોકોએ ૧૦ વર્ષ માટે તેમને ચકાસી લીધા છે, જ્યારે બીજી તરફ ઈન્ડી ગઠબંધન નેતૃત્વનું સંકટ અનુભવી રહ્યું છે.

આ ચૂંટણીમાં તમે આગામી પાંચ વર્ષ માટે વિકાસની ગેરેન્ટીને પસંદ કરશો અને બીજી તરફ

(જુઓ પાનું ૨) ▶▶

## કોલેજિયમ સિસ્ટમ નાબૂદ કરવાની માગણી કરતી અરજીનું લિસ્ટિંગ કરવાનું સુપ્રીમ કોર્ટે નકાર્યું

નવી દિલ્હીઃ ન્યાયતંત્રમાં ઉચ્ચ સ્તરે ન્યાયાધીશો દ્વારા જ ન્યાયાધીશોની નિમણૂક કરતી કોલેજિયમ સિસ્ટમ નાબૂદ કરવાની માગણી કરતી અરજીનું લિસ્ટિંગ કરવાનું સુપ્રીમ કોર્ટે સોમવારે નકારી કાઢ્યું હતું. મુખ્ય ન્યાયાધીશ ડી. વાય. ચંદ્રચૂડ અને ન્યાયાધીશ જે. બી. પારડીવાલા તેમ જ મનોજ મિશ્રાની બનેલી ખંડપીઠે વકીલ મૅથ્યુ નેદુમપારાએ ઉપરોક્ત મામલે દાખલ કરેલી અરજીની નોંધ લીધી હતી.

મૅથ્યુના જણાવ્યા અનુસાર અનેક વખત મેં આ માગણી કરી હતી, પરંતુ રજિસ્ટ્રી મારી અરજી નકારી કાઢી લિસ્ટિંગ કરવાનું નકારી રહી છે.

રજિસ્ટ્રાર (લિસ્ટિંગ)એ કહ્યું હતું કે એક વખત

(જુઓ પાનું ૨) ▶▶

## એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# હવે રાજા-રજવાડાંના અપમાનનો વિવાદ, હે રામ...

**કેન્દ્રીય** પ્રધાન પરસોત્તમ રૂપાલાએ ક્ષત્રિયો વિશે કરેલા નિવેદનની મગજમારી પતી નથી ત્યાં રાહુલ ગાંધીએ રાજા-રજવાડાં વિશે કરેલી બફાટથી નવો ફણગો ફૂટ્યો છે. રાહુલ ગાંધીએ એક ચૂંટણી સભામાં કહ્યું કે, ભારતમાં રાજા-મહારાજાઓનું રાજ હતું ત્યારે એ લોકો ઈચ્છે તે કરતા હતા. જેની જમીન જોઇએ છિનવીને લઈ લેતા હતા. કૉંગ્રેસ અને કૉંગ્રેસના કાર્યકરોએ દેશની જનતા સાથે મળીને આઝાદી અપાવી, લોકશાહીની સ્થાપના કરી અને દેશને પોતાનું બંધારણ આપ્યું.

રાહુલના નિવેદન સામે ભાજપના નેતા મેદાનમાં આવી ગયા છે. ભાજપના નેતા રાહુલના નિવેદનને ક્ષત્રિય અને હિંદુત્વનું અપમાન ગણાવી રહ્યા છે તો મોદીએ તો આ વાતને હિંદુ વર્સીસ મુસ્લિમનો રંગ આપીને રાહુલ પર મુસ્લિમ તુષ્ટિકરણનો આક્ષેપ જ મૂકી દીધો મોદીનું કહેવું છે કે, રાહુલ ગાંધીએ શિવાજી મહારાજ અને કિત્તુર ચેન્નમા જેવા ભારતના મહાન રાજાઓ અને રાણીઓનું અપમાન કર્યું છે. કૉંગ્રેસના રાજકુમારે કહ્યું છે કે ભૂતકાળના રાજા-મહારાજાઓ ક્રૂર શાસકો હતા કે જેમણે સામાન્ય લોકોની સંપત્તિ છીનવી લીધી હતી.

મોદીના કહેવા પ્રમાણે તો, રાહુલે એમ પણ કહ્યું કે. રાજા-મહારાજા પોતાની પ્રજાનું શોષણ કરતા હતા અને તેનો અર્થ શું છે? તેનો અર્થ ફક્ત એ જ થાય કે, રાહુલે શિવાજી મહારાજ જેવા મહાન રાજા અને કિત્તુર ચેન્નમ્મા જેવી મહાન રાણીઓનું અપમાન કર્યું છે. કિત્તુર ચેનમ્મા કોણ છે તેની દેશનાં મોટા ભાગનાં લોકોને ખબર જ નથી તેથી જાણ ખાતર કહી દઈએ કે, કિત્તુર ચેનમ્મા કર્ણાટકના કિત્તુર નામના રજવાડાનાં રાણી હતાં કે જેમની છાપ પ્રજાવત્સલ રાણી તરીકેની હતી.

મોદીએ સવાલ કર્યો છે કે હું રાજકુમારને પૂછવા માંગુ છું કે તમે રાજા-રાણીઓનું અપમાન કરો છો અને ટીકા કરો છો પણ તમે સદીઓ સુધી નવાબ, નિઝામ, સુલતાનન અને બાદશાહો દ્વારા કરવામાં આવેલા અત્યાચારો વિશે કેમ બોલતા નથી? તમે રાજા-રાણીઓના યોગદાન વિશે જાણતા નથી કે પછી તુષ્ટિકરણના રાજકારણમાં જ રચ્યાપચ્યા રહેવા માંગો છો? કૉંગ્રેસના નેતાઓને ઔરંગઝેબે કરેલા અત્યાચાર યાદ નથી અને એવી પાર્ટીઓ સાથે ગઠબંધન કરી રહ્યા છે જે ઔરંગઝેબની પ્રશંસા કરતી રહે છે. મંદિરોનો નાશ કરનારા અને ગૌહત્યા કરનારા સુલતાનોની ટીકા કરતાં કૉંગ્રેસને પેટમાં દુઃખે છે.

કૉંગ્રેસે પણ સામે રાહુલ ગાંધીના નિવેદનને યોગ્ય ગણાવીને રાહુલ ગાંધીના નિવેદનના વીડિયો સાથે ભાજપે છેડછાડ કરી હોવાનો આક્ષેપ મૂક્યો છે. ગુજરાત પ્રદેશ કૉંગ્રેસના પ્રમુખ શક્તિસિંહ ગોહિલે નરેન્દ્ર મોદીનો સંસદનો જૂના વીડિયો મૂક્યો છે. શક્તિસિંહ ગોહિલનો દાવો છે કે, દેશની સંસદમાં વડા પ્રધાન મોદીએ જ કહ્યું હતું કે રાજા મહારાજાઓ સાથે અંગ્રેજોની સાઠગાંઠ હતી. ભાજપ આ મુદ્દે બિલકુલ ચૂપ છે પણ રાહુલે રાજા-રજવાડાંનું અપમાન કરી નાંખ્યું હોવાની રેકર્ડ ચાલુ રાખી છે.

આ વિવાદમાં ભાજપ અને કૉંગ્રેસમાંથી કોણ સાચું છે તેની પળોજણમાં આપણે નથી પડતા પણ આ વિવાદ પરથી બે વાત સ્પષ્ટ છે. પહેલી વાત એ કે, આપણા રાજકારણીઓને બીજાંની લીટી નાની કરીને પોતાની લીટી મોટી બતાવવામાં રસ છે. ને બીજી વાત એ કે, આપણા રાજકારણીઓ લોકોને ભૂતકાળમાં જ રચ્યાપચ્યા રાખવાની ગંદી માનસિકતામાંથી બહાર આવવા માગતા જ નથી. આ દેશની સમસ્યાઓ, દેશનાં લોકોની તકલીફો વગેરેનું તેમના માટે કોઈ મહત્ત્વ નથી. લોકોની લાગણીઓને ઉશ્કેરીને સત્તા કબજે કરવામાં જ તેમને રસ છે.

આ વાત કૉંગ્રેસને પણ લાગુ પડે છે અને ભાજપને પણ. રાહુલ ગાંધીએ કૉંગ્રેસની લીટી મોટી કરવા રાજા-રજવાડાંની લીટી નાની કરીને તેમને અત્યાચારી કે લોકોની સંપત્તિ છિનવી લેનારા કહેવાની જરૂર જ નહોતી કેમ કે ઐતિહાસિક રીતે આ વાત સાચી નથી. રાહુલ ગાંધી ટકે શેર ભાજી ને ટકે શેર ખાજાં કરીને બધાંને એક લાકડીઓ હાંકે એ તેમનું અજ્ઞાન દર્શાવે છે. આ દેશમાં ઘણાં એવાં રજવાડાં હતાં કે જેમણે પ્રજાને ન્યાયપૂર્ણ શાસન આપ્યું અને લોકોનું ભલું કર્યું. રાહુલે આ ઈતિહાસ જાણવો જોઈએ અને રાજા-રજવાડાંના યોગદાનને સમજવું જોઈએ.

બીજી વાત એ કે, આ દેશની આઝાદી માત્ર કૉંગ્રેસની દેન નથી. દેશની આઝાદી વખતે કૉંગ્રેસ સૌથી મોટી પાર્ટી હતી તેથી બધાં તેની છત્રછાયામાં લડ્યાં તેથી તેને જશ મળ્યો, બાકી આઝાદીની લડત એકલા કૉંગ્રેસીઓની લડત નહોતી. અંગ્રેજો સામે આખો દેશ એક સાથે થઈને લડ્યો હતો ને તેના કારણે આ દેશને આઝાદી મળી હતી. આ દેશનું બંધારણ પણ કૉંગ્રેસની દેન નથી ને દેશના બંધારણમાં અપાયેલા અધિકારો પણ કૉંગ્રેસે નથી આપ્યા. દેશની બંધારણ સભામાં આખા દેશના પ્રતિનિધિ હતા તેથી બંધારણ આ દેશની પ્રજાએ બનાવ્યું છે કૉંગ્રેસે નહીં.

ભાજપ પણ આખી વાતને વિકૃત રીતે રજૂ કરી રહ્યો છે કેમ કે, આ દેશમાં બધા મુસ્લિમ સુલતાનો કે બાદશાહો પણ અત્યાચારી નહોતા. ઘણા મુસ્લિમ શાસકો અત્યાચારી હતા તો હિંદુ શાસકો પણ અત્યાચારી હતા જ તેથી કોઈ એક ધર્મના શાસકો પર જ અત્યાચારીનું લેબલ ના લગાવી શકાય. ભાજપ, રાજા-રજવાડાંનાં અપમાનને ક્ષત્રિયોના અપમાનમાં ખપાવી રહ્યો છે પણ વાસ્તવમાં બધા રાજા ક્ષત્રિય નહોતા. ભાજપ પોતાના ફાયદા માટે એક સમાજના અપમાનનો મુદ્દો ચગાવીને કૉંગ્રેસની જેમ જ ગંદુ રાજકારણ જ રમી રહ્યો છે.

ભાજપને પણ એક સવાલ કરવો જોઈએ કે, કૉંગ્રેસ મુસ્લિમ બાદશાહો કે સુલતાનોની ટીકા કરતો નથી તો ભાજપ અચ્યાશ ને લોકો પર અત્યાચાર કરનારા હિંદુ શાસકોની નામ જોગ ટીકા કરશે ? મોદીએ રાજાઓની અંગ્રેજો સાથે સાંઠગાંઠ હતી એવું કહેલું તેનો ખુલાસો કરશે?

ક્ષત્રિયોએ પણ એક વાત સમજવાની જરૂર છે કે રાજા-રજવાડાંની ટીકા એ ક્ષત્રિયોની ટીકા નથી કેમ કે બધા ક્ષત્રિયો રાજા નહોતા ને બધા રાજા ક્ષત્રિય નહોતા. આ દેશમાં અત્યાચારી ક્ષત્રિયો સામે લડનારા પણ ક્ષત્રિયો જ હતા. મહારાણા પ્રતાપ માત્ર અકબર સામે નહોતા લડ્યા પણ અકબરની ગુલામી કરનારા રાજપૂતો સામે પણ લડ્યા હતા. રાજકારણીઓ પોતાના ફાયદા માટે ગમે તેવી ફેંકાફેંક કરી નાંખતા હોય છે ને કોઈ પણ વાતને વિકૃત રીતે રજૂ પણ કરી નાંખતા હોય છે. તેના કારણે જે તે સમુદાયને ખરાબ લાગે તેમાં કશું ખોટું નથી પણ તેની સામે હોહા કર્યા વિના ઠંડી તાકાત બતાવવી જોઈએ ને લોકશાહીમાં ઠંડી તાકાત શું છે એ કહેવાની જરૂર નથી. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

(ઉત્તરાયણ સૌર ગ્રીષ્મઋતુ), મંગળવાર, તા. ૩૦-૪-૨૦૨૪, વિષ્ટિ

- ભારતીય દિનાંક ૧૦, માહે વૈશાખ, શકે ૧૯૪૬
- વિક્રમ સંવત ૨૦૮૦, શા. શકે ૧૯૪૬, ચૈત્ર વદ-૭
- જૈન વીર સંવત ૨૫૫૦, માહે ચૈત્ર, તિથિ વદ-૭
- પારસી શહેનશાહી રોજ ૧૯મો ફરવરદીન, માહે ૯મો આદર, સને ૧૩૯૩
- પારસી કદમી રોજ ૧૯મો ફરવરદીન, માહે ૧૦મો દએ સને ૧૩૯૩
- પારસી ફસલી રોજ ૧૧મો ખોરશેદ, માહે ૨જો અર્દીબહેશ્ત, સને ૧૩૯૩
- મુસ્લિમ રોજ ૨૦મો, માહે ૧૦મો શવ્વાલ, સને ૧૪૪૫
- મીસરી રોજ ૨૨મો, માહે ૧૦મો શવ્વાલ, સને ૧૪૪૫
- નક્ષત્ર ઉત્તરાષાઢા મધ્યરાત્રિ પછી ક. ૨૮-૦૮ સુધી (તા. ૧લી), પછી શ્રવણ.
- ચંદ્ર ધનુમાં સવારે ક. ૧૦-૩૬ સુધી, પછી મકરમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ ધનુ (ભ, ધ, ફ, ઢ), મકર (ખ, જ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૧૨, અમદાવાદ ક. ૦૬ મિ. ૦૭, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૫૮, અમદાવાદ ક. ૧૮ મિ. ૦૬, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ

- ભરતી : સાંજે ક. ૧૬-૩૩, મધ્યરાત્રિ પછી ક. ૦૪-૧૦ (તા. ૩૦)
- ઓટઃ સવારે ક. ૦૯-૧૩ રાત્રે ક. ૨૨-૪૮
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૦, 'રાક્ષસ' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૬, 'ક્રોધી' નામ સંવત્સર, ચૈત્ર કૃષ્ણ - સપ્તમી. સાતમનો ક્ષય છે. વિષ્ટિ ક. ૦૭-૦૫ થી ૧૮-૨૮.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ કાર્ય વર્જ્ય છે.
- મુહૂર્ત વિશેષઃ સૂર્યનારારાયણનું પૂજન, વિશ્વદેવતાનું પૂજન, ધ્રુવ દેવતાનું પૂજન, સર્વશાંતિ, શાંતિ પૌષ્ટિક પૂજા, નિત્ય થતાં નોકરી, દુકાન-વેપારના કામકાજ, સાંસારિક, માંગલિક પ્રસંગો મુહૂર્તો વર્જ્ય છે. ખેતીવાડી, બી વાવવું, ઈત્યાદિ થઈ શકે છે.
- આચમનઃ ચંદ્ર-હર્ષલ ત્રિકોણ સ્વતંત્ર પ્રકૃત્તિના, ચંદ્ર-ગુરુ ત્રિકોણ આવકારદાયક સ્વભાવ, ચંદ્ર-શુક્ર ચતુષ્કોણ ઉડાઉ સ્વભાવ.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-હર્ષલ ત્રિકોણ, ચંદ્ર-ગુરુ ત્રિકોણ, ચંદ્ર-શુક્ર ચતુષ્કોણ.
- ગ્રહગોચરઃ સૂર્ય-મેષ, મંગળ-કુંભ, માર્ગી બુધ-મીન, ગુરુ-મેષ (કૃતિકા-૧ ચરણ), શુક્ર-મીન, શનિ-કુંભ, રાહુ-મીન, કેતુ-કન્યા, હર્ષલ-મેષ, નેપ્ચૂન-મીન, પ્લુટો-મકર ■

## મફત અનાજ આપે છે એટલે ભાજપને જ મત આપવાનું ઋણ નથીઃ માયાવતી

બદાયું (ઉત્તર પ્રદેશ) : બહુજન સમાજ પાર્ટીનાં વડાં માયાવતીએ સોમવારે ગરીબ લોકોને અનુરોધ કર્યો હતો કે કેન્દ્ર સરકાર મફત રેશન આપે છે એટલે તેને મત આપવાનું કર્તવ્ય છે એવું તેઓ માને નહીં.

પોતાના પક્ષના ઉમેદવારના સમર્થનમાં જાહેર સભાને સંબોધતાં માયાવતીએ કહ્યું હતું કે થોડા સમયથી ભાજપના નેતૃત્વવાળી કેન્દ્ર સરકાર થોડું અનાજ મફત આપે છે અને ચૂંટણી દરમિયાન ભાજપ અને આરએસએસના લોકો ગામડાઓમાં જઈને લોકોને આ ઋણ ચૂકવવાનું કહે છે. લોકોએ આનાથી ગેરમાર્ગે દોરાવું ન જોઈએ કારણ કે જે અનાજ મફત અપાય છે એ વડા પ્રધાન નરેન્દ્ર મોદીના ખિસ્સામાંથી અપાતું નથી, પરંતુ કરદાતાના નાણામાંથી અપાય છે. આ તમારા પૈસા છે. આને પાછા ચૂકવવાની લાગણી તમને ન થવી જોઈએ.

ગયા નવેમ્બરમાં કેન્દ્ર સરકારે પ્રધાન મંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજનાને લંબાવીને વધુ પાંચ વર્ષ માટે ગરીબોને દર મહિને પાંચ કિલોગ્રામ અનાજ મફત આપવાની જાહેરાત કરી હતી. આનો તીજોરી પર ૧૧.૮૦ લાખ કરોડ રૂપિયાનો બોજો આવે છે.

માયાવતીએ કહ્યું હતું કે ગરીબોની સમસ્યા તેમને રોજગાર આપવાથી જ ઉકેલી શકાય. જો મારા પક્ષને ટેકો મળશે તો અમે એ તરફ ધ્યાન કેન્દ્રિત કરીશું. તેમણે સમાજવાદી પાર્ટી પર પ્રહારો કરતાં કહ્યું હતું કે જ્યાં મુસ્લિમોની બહુમતી હોય ત્યાં હિન્દુને અને હિન્દુની બહુમતી હોય ત્યાં મુસ્લિમને ટિકિટ અપાય છે. આ સમાજવાદી પાર્ટીનું લક્ષણ છે. (એજન્સી) ■

## આંતરરાજ્ય ડ્રગ કૌભાંડઃ રાજસ્થાનમાં ચોથી નાર્કો લેબનો પર્દાફાશ વધુ છ જણની ધરપકડ

જોધપુરઃ આંતરરાજ્ય ડ્રગ કૌભાંડને મામલે નાર્કોટિક્સ કંટ્રોલ બ્યૂરો (એનસીબી) અને ઍન્ટી ટેરરિસ્ટ સ્કવોડ (એટીએસ)એ વધુ છ જણની ધરપકડ કરી હોવા ઉપરાંત સિરોહી જિલ્લામાં ચોથી નાર્કો મેન્યુફેક્ચરિંગ લેબનો પર્દાફાશ કરી રૂ. ૪૫ કરોડ કરતા પણ વધુનું ડ્રગ્સ જપ્ત કર્યું હોવાનું અધિકારીઓએ સોમવારે કહ્યું હતું.

સતત ત્રણ મહિનાની સઘન ટેક્નિકલ તપાસ બાદ એનસીબી અને એટીએસએ ૨૭ એપ્રિલે રાજસ્થાન તેમ જ ગુજરાતમાં ત્રણ નાર્કો મેન્યુફેક્ચરિંગ લેબનો પર્દાફાશ કર્યો હતો અને ૩૦૦ કિલો ડ્રગ્સ જપ્ત કરવાની સાથેસાથે સાત જણની ધરપકડ પણ કરી હતી, એમ નાયબ ડીજી (ઑપરેશન્સ) ગ્યાનેશ્વરસિંહે કહ્યું હતું.

રવિવારે આ જ નૅટવર્કનો હિસ્સો એવા રાજસ્થાન નૅટવર્કના માસ્ટરમાઈન્ડ સહિત છ ડ્રગ ડિલરની ધરપકડ કરવામાં આવી હતી. (એજન્સી) ■

## હેમંત સોરેનની પત્ની કલ્પનાએ પેટાચૂંટણી માટે ઉમેદવારી નોંધાવી

રાંચીઃ જેલમાં કેદ ઝારખંડના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન હેમંત સોરેનની પત્ની કલ્પનાએ સોમવારે ગાંડે વિધાનસભા પેટાચૂંટણી માટે ઝારખંડ મુક્તિ મોરચા (જેએમએમ)ના ઉમેદવાર તરીકે ઉમેદવારી નોંધાવી હતી.

રાજ્યમાં સંસદીય ચૂંટણીની સાથે ૨૦ મેના રોજ આ બેઠક પર પેટાચૂંટણી યોજાવાની છે.

કલ્પના (૪૮)ની સાથે મુખ્ય પ્રધાન ચંપાઈ સોરેન, ઝારખંડ કૉંગ્રેસના પ્રમુખ રાજેશ ઠાકુર અને કેટલાક પ્રધાન પણ હતા.

જેએમએમના ધારાસભ્ય સરફરાઝ અહમદના રાજીનામાને પગલે ગિરિડીહ જિલ્લાની બેઠક ખાલી પડી હતી.

ઉમેદવારી નોંધાવ્યા પછી તરત જ કલ્પનાએ કહ્યું હતું કે અમને વધુ એક તક આપો, અમને તમારા આશીર્વાદ આપો. આ ચૂંટણી ગાંડેના લોકો માટે થઈ રહી છે.

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ દ્વારા ૩૧ જાન્યુઆરીએ હેમંત સોરેનની કથિત જમીન કૌભાંડ સાથે જોડાયેલા મની લોન્ડરિંગ કેસના સંબંધમાં ધરપકડ કરવામાં આવી હતી. ■

## પહેલા પાનાનું ચાલુ

### ભાજપના સાંસદ

૫૦ વર્ષ પૂરા કરીને ચૂંટણીના રાજકારણમાંથી નિવૃતિ લેવાની જાહેરાત કરી હતી. તેઓ પહેલીવાર ૧૯૭૪માં અપક્ષ તરીકે વિધાનસભાની ચૂંટણી લડ્યા હતા. પ્રસાદ ૧૯૭૬માં તત્કાલીન જનતા પાર્ટીમાં જોડાયા હતા અને ૧૯૭૯માં કૉંગ્રેસમાં જોડાયા હતા. ભાજપમાં જતા પહેલા તેમણે જેડી(એસ), જેડી(યુ) અને સમતા પાર્ટી સાથે કામ કર્યું હતું. પ્રસાદે ૧૯૯૯થી ૨૦૦૪ સુધી અટલ બિહારી વાજપેયી સરકારમાં ગ્રાહક બાબતોના ખાદ્ય અને જાહેર વિતરણ રાજ્ય પ્રધાન તરીકે સેવા આપી હતી. તેઓ પછીથી કૉંગ્રેસમાં પાછા ફર્યા, ૨૦૧૩માં ધારાસભ્ય તરીકે ચૂંટાયા અને સિદ્ધારમૈયા સરકારમાં મહેસૂલ પ્રધાન બન્યા હતા.

૨૦૧૬માં પ્રસાદે વિધાનસભામાંથી રાજીનામું આપ્યું અને ફરીથી ભાજપમાં જોડાયા. તેમણે ભાજપની ટિકિટ પર ૨૦૧૭ નાંજનગુડ પેટાચૂંટણી લડી હતી પરંતુ હારી ગયા હતા. ત્યારબાદ તેઓ ૨૦૧૯માં ચામરાજનગરથી લોકસભાની ચૂંટણી સફળતાપૂર્વક લડ્યા હતા. તેમના મૃત્યુ પર શોક વ્યક્ત કરતા કર્ણાટકના મુખ્ય પ્રધાન સિદ્ધારમૈયાએ પ્રસાદને દલિતો માટે મજબૂત અવાજ ગણાવ્યા હતા.મુખ્ય પ્રધાનેએ કહ્યું કે તેઓ એક પ્રગતિશીલ વિચારસરણી ધરાવતા રાજકીય નેતા હતા. જો કે અમે જૂના મૈસૂર પ્રદેશમાં લાંબા સમય સુધી અલગ-અલગ પક્ષોમાં કામ કર્યું હતું. અમે એકબીજા સાથે આદરપૂર્ણ સંબંધ જાળવી રાખ્યો હતો. તાજેતરમાં જ્યારે હું તેમને મળ્યો ત્યારે અમે સંસ્મરણો વાગોળ્યા હતા. મેં ક્યારેય વિચાર્યું ન હતું કે પ્રસાદ આટલી જલદી અમને છોડીને જતા રહેશે.ભાજપના દિગ્ગજ નેતા અને પૂર્વ મુખ્ય પ્રધાન બી.એસ. યેદિયુરપ્પાએ કહ્યું કે હું તેમને થોડા દિવસો પહેલા જ મળ્યો હતો અને હું વિશ્વાસ કરી શકતો નથી કે તે હવે અમારી સાથે નથી. તેઓ એક પ્રભાવશાળી દલિત નેતા તરીકે ઓળખાતા હતા. તેમણે રાજ્ય અને દેશના રાજકારણમાં પોતાની ઓળખ બનાવી હતી. ■

### ગુજરાતના દરિયાકાંઠે

તપાસ હાથ ધરી હતી. જોકે રવિવારે પણ ગુજરાત એટીએસ, એનસીબી અને કોસ્ટગાર્ડને ફરી એક મોટી સફળતા હાથ લાગી હતી. ત્રણેય ટીમ દ્વારા સંયુક્ત ઓપરેશન કરીને પોરબંદરના દરિયામાંથી પાકિસ્તાની બોટ અલ રઝા કબ્જે કરીને ૧૪ પાકિસ્તાનીઓની ધરપકડ કરવામાં આવી હતી અને તેમની પાસેથી ૮૬ કિલો હેરોઈન જેની કિંમત ૬૦૦ કરોડ થાય તે કબજે કરવામાં આવ્યું હતું.અત્રે ઉલ્લેખનીય છે કે, આરોપીઓ દ્વારા પોલીસ બોટને નુકસાન કરવાની કોશિશ કરવામાં આવી રહી હતી. જેથી ભારતીય ટીમ દ્વારા ફાયરિંગ કરવામાં આવ્યું હતું. જેમાં એક વ્યક્તિને ઇજા થઈ છે. જોકે આ સિવાય ત્રણ જેટલા પેકેટ આરોપીઓ દ્વારા દરિયામાં ફેંકી દીધા હતા. જો કે, છેલ્લા ત્રણ દિવસમાં ૨૦૦૦ કરોડથી વધુનો ડ્રગ એટીએસ દ્વારા પકડી પાડવામાં આવ્યું છે. ■

### પહેલા બે તબક્કામાં

એવા લોકો છે જેમણે ૨૦૧૪ પહેલાં દેશને ભ્રષ્ટાચાર, આતંકવાદ અને બિનકાર્યક્ષમતા આપી હતી. પોતાના દાગી ઈતિહાસ છતાં કૉંગ્રેસ ફરી એક વખત દેશમાં સત્તા હાંસલ કરવાના સપના જોઈ રહી છે. પરંતુ તેમને ખબર નથી કે લોકસભાની ચૂંટણીના પહેલાં બે તબક્કામાં ઈન્ડી ગઠબંધનનો સફાયો થઈ ગયો છે, એમ મોદીએ કહ્યું હતું.

તમે મોદીને ૧૦ વર્ષ માટે ચકાસી લીધો છે. તમે તેના બધા જ પગલાં માપી લીધા છે અને શબ્દો જોખી લીધા છે. બીજી તરફ ઈન્ડી ગઠબંધનમાં નેતૃત્વને મુદ્દે મહાયુદ્ધ ચાલી રહ્યું છે, એમ તેમણે કહ્યું હતું.

તમે દેશનું નેતૃત્વ એવા હાથમાં સોંપશો જેમણે પોતાના વડા પ્રધાનનો ચહેરો હજી સુધી નક્કી કર્યો નથી? શું કોઈ એવી ભૂલ કરી શકે છે? એમ વડા પ્રધાને પૂછ્યું હતું.

ઉદ્ધવની ટીકા કરતાં તેમણે કહ્યું હતું કે નકલી શિવસેના કહી રહી છે કે નેતૃત્વ માટે અનેક વિકલ્પો છે. શું કોઈ દેશ પાંચ વર્ષમાં પાંચ વડા પ્રધાનની ફોર્મ્યુલા પર ચાલી શકે? વાસ્તવમાં તેઓ દેશને ચલાવવા માગતા નથી અને તેમને તમારા ભવિષ્યની કોઈ ચિંતા નથી. તેમને તો ફક્ત મલાઈ ખાવામાં રસ છે, એમ તેમણે કહ્યું હતું.

દલિતો, આદીવાસીઓ કે પછી ઓબીસીના અધિકારોને હાથ લગાવ્યા વગર સરકારે ગરીબોને ૧૦ ટકાનું આરક્ષણ આપ્યું હતું અને તેનું સ્વાગત તો દલિત નેતાઓ દ્વારા પણ કરવામાં આવ્યું હતું.

કૉંગ્રેસ ક્યારેય દલિત, આદિવાસી કે ઓબીસીને નેતૃત્વ સોંપવા માગતી નહોતી. બાબાસાહેબ આંબેડકરને ભાજપની સરકારમાં ભારત રત્ન મળ્યો હતો. ભાજપે દલિતો અને આદિવાસીઓને સૌથી વધુ નેતૃત્વની તકો આપી છે. દલિતના દીકરા (રામનાથ કોવિંદ) અને આદિવાસી દીકરી (દ્રૌપદી મુર્મૂ)ને અનુક્રમે ૨૦૧૪ અને ૨૦૧૯માં રાષ્ટ્રપ્રમુખ બનાવ્યા હતા.

### નૈનીતાલમાં આગનો

નવા બનાવો નોંધાયા હતા. તેના કારણે ૩૪.૧૭૫ હેક્ટરમાં ફેલાયેલી વન સંપત્તિને નુકસાન થયું હતું. વન વિભાગના જણાવ્યા અનુસાર, નવેમ્બર ૨૦૨૩થી ઉત્તરાખંડના જંગલોમાં આગના ૬૦૬ બનાવો નોંધાયા છે, જેના કારણે ૭૩૫.૮૧૫ હેક્ટર જંગલ સંપત્તિને નુકસાન થયું છે. કુમાઉના મુખ્ય વન સંરક્ષક પ્રસન્ન કુમાર રાવએ જણાવ્યું હતું કે છેલ્લા ૨૪ કલાકમાં આગનો કોઈ મોટો કેસ નોંધાયો નથી.ઉત્તરાખંડના મુખ્ય પ્રધાન પુષ્કરસિંહ ધામીએ લોકો પાસે મદદ માગી છે. તેમણે ખટીમા ખાતે કહ્યું, ''અમે ભારતીય સેના સહિત તમામ સંસ્થાઓની મદદ લઈ રહ્યા છીએ. આગ બુઝાવવા સ્થાનિક લોકો પાસેથી પણ મદદ લેવામાં આવી રહી છે. આ મામલે અધિકારીઓની જવાબદારી પણ નક્કી કરવામાં આવશે.'' આગ નેપાળને અડીને આવેલા જંગલોમાં પણ પહોંચી છે. નૈનીતાલના રહેણાંક વિસ્તારોમાં આગ પહોંચવાને કારણે લોકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. જંગલમાં આગ લગાડવા બદલ બે લોકોની ધરપકડ કરવામાં આવી છે. તેમાંથી એકે કહ્યું કે તેને તેના ઘેટાં ચરવા માટે લીલું ઘાસ જોઈતું હોવાથી તેણે જંગલોમાં આગ લગાવી દીધી.

### કચ્છમાં ઠેર ઠેર

પહોંચતા જ પ્રવેશદ્વાર પાસે ક્ષત્રિય સમાજ દ્વારા વિરોધ કરવામાં આવ્યો હતો અને રૂપાલા હાયહાયના નારા લગાવવામાં આવ્યા હતા.

તેવી જ રીતે વાયોર અને નલિયામાં પણ વિરોધ અને પ્રદર્શનકારોને ડીટેઇન કરવામાં આવ્યા હતા. નલિયા મધ્યે શ્યામજી કૃષ્ણ વર્મા હોલ ખાતે કાર્યાલય ઉદ્ઘાટન બાદ રાજપૂત સમાજવાડી છાડુરા નાકે સભા કરવામાં આવી હતી. જેમાં નલિયા ગામના વેપારી તેમજ સ્થાનિક લોકો અને ગ્રામજનો સાથે ભાજપના ક્ષત્રિય આગેવાનો પણ હાજર રહ્યા હતા.

બીજી બાજુ ભુજ તાલુકાના માધાપર ખાતે પણ સવારે ભાજપ કાર્યાલયના ઉદ્ઘાટન વખતે ધારાસભ્ય કેશુભાઇ પટેલ સહિતના અગ્રણીઓ હાજર હતા ત્યારે ભાજપ વિરોધી સૂત્રોચ્ચાર કરાયા હતાં. લખપતના ઘડૂલી અને દયાપરમાં ભાજપના ઉમેદવારની હાજરીમાં ક્ષત્રિય સમાજ દ્વારા વિરોધ કરાયો હતો જ્યાં પોલીસે અનેક લોકોની અટકાયત કરી હતી.

અબડાસાના અંતરિયાળ સરહદી વિસ્તાર વાયોરમાં ભાજપના ચૂંટણી પ્રચાર કાર્યાલય અને પ્રચાર સભાનો વિરોધ કરવા મોટી સંખ્યામાં રાજપૂત યુવાનો એકઠા થયા હતા. જો કે, પોલીસે કાર્યક્રમ પૂર્વે જ દોઢસો-બસ્સો જણને પકડીને પોલીસ સ્ટેશન લઈ આવી હતી. કાર્યક્રમ પૂર્ણ થયાં બાદ તમામને જવા દેવાયા હતા. પોલીસથી મુક્ત થયેલાં યુવકોએ ભાજપ હાય હાયના નારા પોકાર્યાં હતાં. વાયોરના પોસઈ ઈન્દ્રવિજયસિંહ ગોહિલે સત્તાવાર રીતે ૭૫ લોકોને ડિટેઈન કર્યા હોવાનું જણાવ્યું હતું. ઉલ્લેખનીય છે કે, બે દિવસ અગાઉ પૂર્વ કચ્છના અંતરિયાળ સરહદી વિસ્તાર ખડીરમાં પણ ચાવડાનો અભૂતપૂર્વ વિરોધ થયો હતો. ■

### છત્તીસગઢના

કેંદ્ર ખાતે તાત્કાલિક દાખલ કરવામાં આવ્યા હતા. જેમાના ૪ ગંભીરરીતે ઘાયલ થયેલા લોકોને તાત્કાલિક રાયપુર ખસેડવામાં આવ્યા હતા.

અકસ્માતની જાણ થતા જ મોડી રાત્રે બેમેતરાનાં કલેકટર રણવીર શર્મા તથા એસપી રામકૃષ્ણ સાહુ હોસ્પિટલ પહોચ્યા હતા. તેમજ સ્થાનિક ધારાસભ્ય દીપેશ સાહુએ પણ હોસ્પીટલ પહોંચી લોકોની સ્થિતિ જાણી હતી. ■

### સંરક્ષણ પ્રધાન

તરીકે ચૂંટાયા હતા. ઉમેદવારી નોંધાવતા પહેલા રાજનાથ સિંહે લખનઊમાં રોડ શો કર્યો હતો. આ દરમિયાન રાજનાથ સિંહ સાથે યુપીના મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથ, યુપીના ડેપ્યુટી મુખ્ય પ્રધાન બ્રજેશ પાઠક અને બીજેપીના અન્ય નેતાઓ પણ હાજર હતા. રાજનાથ સિંહે ભાજપના પ્રદેશ મુખ્યાલયથી જિલ્લા કલેક્ટર કચેરી સુધી રોડ શો કર્યો હતો. ■

### ચૂંટણીના ત્રીજા અને

ગુજરાત (૨૬), કર્ણાટક (૧૪), મધ્ય પ્રદેશ (૦૮), મહારાષ્ટ્ર (૧૧), ઉત્તર પ્રદેશ (૧૦), પ. બંગાળ (૦૪), દાદરા નગર હવેલી, દમણ અને દીવ (૦૨) અને જમ્મુ-કાશ્મીર (૦૧) એમ કુલ ૯૪ બેઠક પર મતદાન યોજાશે.

જે નવ રાજ્યોમાં ૧૩ મેના રોજ મતદાન થવાનું છે તેમાં આંધ્ર પ્રદેશ, બિહાર, ઝારખંડ, મધ્ય પ્રદેશ, મહારાષ્ટ્ર, ઓડિશા, તેલંગણા, ઉત્તર પ્રદેશ, પશ્ચિમ બંગાળ અને જમ્મુ-કાશ્મીરની બેઠકોનો સમાવેશ થાય છે.

આંધ્ર પ્રદેશ અને તેલંગણા રાજ્યમાં બધી જ અનુક્રમે ૨૫ અને ૧૭ બેઠક પર મતદાન કરવામાં આવશે, બિહારમાં ૪૦માંથી પાંચ, ઝારખંડમાં ૧૫માંથી ૪, મધ્ય પ્રદેશમાં ૨૯માંથી ૮, મહારાષ્ટ્રની ૪૮માંથી ૧૧, ઓડિશાની ૨૧માંથી ચાર, ઉત્તર પ્રદેશની ૮૦માંથી ૧૩, પશ્ચિમ બંગાળની ૪૨માંથી સાત અને જમ્મુ-કાશ્મીરની પાંચમાંથી એક બેઠક પર મતદાન કરવામાં આવશે. લક્ષદ્વીપ અને પુડુચેરીની એક એક બેઠક પર પણ મતદાન થશે. ■

### કેન્યામાં બંધ તૂટતાં

અત્યાર સુધીમાં ૧૦૦ કરતાં વધુ લોકોએ જીવ ગુમાવ્યા છે. ભારે વરસાદને કારણે શાળાઓ પણ હાલપૂરતી બંધ કરી દેવામાં આવી છે.

માર્ચના મધ્યથી વરસાદ કેન્યાને ઘમરોળી રહ્યો છે અને હજુ વધુ વરસાદ થવાની હવામાન ખાતાએ આગાહી કરી છે.

પરિસ્થિતિ વધુ ન વણસે તે માટે કેન્યાના આંતરિક બાબતોના પ્રધાને તમામ જૂના-નવા સરકારી તેમ જ ખાનગી બંધ અને જળાશયોની ૨૪ કલાકમાં ચકાસણી કરવાનો આદેશ આપ્યો છે.

ચકાસણી કર્યા બાદ લોકોને અન્યત્ર ખસેડી તેમનું પુનર્વસન કરવા અંગે નિર્ણય લેવામાં આવશે, એમ તેમણે કહ્યું હતું.

પૂર્વ આફ્રિકાનો મોટાભાગનો વિસ્તાર પૂરની પરિસ્થિતિનો સામનો કરી રહ્યો છે. તાન્ઝાનિયામાં ૧૫૫ કરતાં પણ વધુ લોકોનાં મોત થયા હોવા ઉપરાંત પડોશી બુરુન્ડીમાં બે લાખ કરતા પણ વધુ લોકોને અસર થઈ હોવાનું તેમણે કહ્યું હતું.

રવિવારે રાત્રે એક બૉટ ઉંધી વળી ગઈ હતી. જોકે તેમાં સવાર ૨૩ જણને ઉગારી લેવામાં આવ્યા હતા, પરંતુ હજુ પણ ડઝનેક જેટલા લોકો ગુમ છે.

શનિવારે કેન્યાના મુખ્ય ઍરપોર્ટ પર પૂરના પાણી ફરી વળ્યા હતા જેને પગલે વિમાનોને અન્યત્ર વાળવાની ફરજ પડી હતી. (એજન્સી) ■

### શૅરબજારમાં

ઇન્ડસઇન્ડ બેન્ક, અલ્ટ્રાટેક સિમેન્ટ, સ્ટેટ બેન્ક, એક્સિસ બેન્ક, કોટક મહિન્દ્રા બેન્ક, ટીસીએસ, બજાજ ફાઇનાન્સ અને એચડીએફસી બેન્કનો સમાવેશ હતો.

એચસીએલ ટેકનોલોજીના પરિણામ બજારને માફક ના જણાતાં તેમાં વેચાવાલી વચ્ચે છ ટકાનો કડાકો નોંધાયો હતો. આઇટીસી, વિપ્રો અને બજાજ ફિનસર્વનો ટોપ લૂઝરમાં સમાવેશ હતો.

રિયલ્ટી, એફએમસીજી, મેટલ સિવાય અન્ય તમામ ક્ષેત્રીય ઇન્ડેક્સ, પાવર, બેન્ક અને ઓઈલ એન્ડ ગેસ ઇન્ડેક્સ ૦.૫ ટકાથી બે ટકા સુધીના ઉછાળા સાથે ગ્રીન ઝોનમાં પહોંચ્યા હતા. બજારના સાધનો અનુસાર આંતરરાષ્ટ્રીય સ્તરે ઇરાનના છેલ્લા વિધાન બાદ ભૌગોલિક રાજકીય તંગદિલી હળવી થવા સાથે કોર્પોરેટ ક્ષેત્રના મજબૂત પરિણામોને કારણે સેન્ટિમેન્ટ મજબૂત બન્યું છે.

એશિયન બજારોમાં સિઓલ, શાંઘાઇ અને હોંગકોંગ શેરબજાર પોઝિટીવ ઝોનમાં બંધ થયા હતા. યુરોપના શેરબજારોમાં ખૂલતા સત્રમાં મિશ્ર હવામાન જોવા મળ્યું હતું. અમેરિકાના શેરબજારો પાછલા શુક્રવારે સુધારા સાથે બંધ થયા હતા. ■

### સુરત સ્ટેશને

પ્રયાસ કરાયો હતો. ટ્રેનમાં લાઈટ, એસી બંધ કરવા છતાં પણ દરવાજા નહીં ખૂલતા ટ્રેનના સી ૧૪ કોચનો દરવાજો મેન્યુઅલી ખોલવામાં આવ્યો હતો. તમામ મુસાફરોને સી ૧૪ કોચના દરવાજામાંથી બહાર કાઢવામાં આવ્યા હતા. જેના બાદ ટ્રેનને આગળ મુંબઈ જવા રવાના કરાઈ હતી. ટ્રેનના ટેક્નિકલ કારણોસર દરવાજા ખુલ્યા નહોતા. થોડીવાર માટે તો કોચમાં બેઠેલા મુસાફરો કંઈ સમજી શક્યા નહોતા. ત્યારબાદ રેલવે સ્ટાફ વંદે ભારત ટ્રેન પાસે પહોંચી ગયો હતો અને રેલવે વિભાગના એન્જિનિયર્સની ટીમ તાત્કાલિક દોડી આવી ભારે જહેમત ઉઠાવ્યા બાદ ટ્રેનના દરવાજા મેન્યુઅલી ખોલવામાં સફળતા મળી હતી. ■

### કોલેજિયમ સિસ્ટમ

બંધારણીય ખંડપીઠ કોઈ મામલે ચુકાદો આપે ત્યાર બાદ કલમ ૩૨ અંતર્ગત મૂળભૂત અધિકારનો ભંગ લેખાવી અરજી સીધી સુપ્રીમ કોર્ટમાં દાખલ કરવી અપાત્ર લેખાય છે. નેશનલ જ્યુડિશિયલ અપોઈન્ટમેન્ટ કમિશન (એનજેએસી) વિરુદ્ધ દાખલ કરવામાં આવેલી સમીક્ષા અરજી નકારી કાઢવામાં આવી હોવાનું જણાવતાં મૅથ્યુએ કહ્યું હતું કે આ સંસ્થાની વિશ્વસનીયતાનો પ્રશ્ન હોવાને કારણે કોલેજિયમ સિસ્ટમ જવી જોઈએ. જોકે એના જવાબમાં મુખ્ય ન્યાયાધીશે માત્ર 'આઈ એમ સોરી' એટલું જ કહ્યું હતું. (એજન્સી) ■

# વલસાડ બેઠક પર ભાજપ માટે લોઢાના ચણા ચાવવા જેવો જંગ: જ્ઞાતિ સમીકરણોમાં કૉંગ્રેસ મજબૂત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: વલસાડ બેઠક માટે એવું કહેવાય છે કે જે પક્ષ આ બેઠક જીતે, તે કેન્દ્રમાં સરકાર બનાવે છે. આ આદિવાસી અનામત બેઠક પર ભાજપ દ્વારા આ વખતે ઢોડિયા પટેલ સમાજના ધવલ પટેલની પસંદગી કરવામાં આવી છે. કૉંગ્રેસે વાંસદાના દબંગ ધારાસભ્ય અનંત પટેલને મેદાને ઉતાર્યા છે. આ બેઠક પર જાતિગત સમીકરણની વાત કરીએ તો, વર્ષ ૨૦૧૧ની વસતી ગણતરી મુજબ વલસાડ લોકસભા મતવિસ્તારમાં કુકણા સમાજની વસતી ૪,૦૬,૩૬૬ છે, જ્યારે ઢોડિયા સમાજની વસતી ૩,૨૯,૨૩૪ છે. આ સિવાય જિલ્લામાં વારલી સમાજની વસતી ૨,૩૬,૭૮૨ અને હળપતિ ૭૯,૫૦૦ છે. વલસાડ લોકસભા મતવિસ્તારમાં ૮,૫૩,૦૩૧ પુરુષ, ૮,૧૭,૮૨૩ મહિલા અને ૧૪ અન્ય સહિત કુલ ૧૬,૭૦,૮૬૮ મતદાર છે. આગામી તા. ૭મી મેના રોજ યોજાનારી ૨૬- વલસાડ લોકસભાની સામાન્ય ચૂંટણીમાં ૭ ઉમેદવારો વચ્ચે ચૂંટણી જંગ ખેલાશે. વર્ષ ૨૦૧૯ની લોકસભાની ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર ડો. કે.સી. પટેલ આ બેઠક પર જંગી બહુમતીથી વિજેતા નિવડ્યા હતા. આગામી તા. ૭મી મે ના રોજ યોજાનારી ચૂંટણીમાં મતદારોના માનીતા બનવા બંને પક્ષના ઉમેદવારો અને નેતાઓ દિવસ-રાત એક કરી રહ્યા છે.

વલસાડ બેઠક પર કોંગ્રેસે આદિવાસી ઓળખ ધરાવતાં અનંત પટેલ(ઉં.વ.૪૬) ને મેદાનમાં ઉતાર્યા છે. અનંત પટેલ મૂળ વાંસદા તાલુકાના ઉનાઈ ગામના છે અને તેમણે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાંથી એમ.એડ.નો અભ્યાસ કર્યો છે. વર્ષ ૨૦૦૯માં તેમણે રાજકારણમાં પ્રવેશ કર્યો અને સરપંચથી માંડી તાલુકા પંચાયતના અધ્યક્ષ સુધી પહોંચ્યા હતા. વર્ષ ૨૦૧૭માં વાંસદા બેઠક પરથી તેઓ કોંગ્રેસના ધારાસભ્ય બન્યા અને વર્ષ ૨૦૨૨માં પણ તેઓ એ જ બેઠક પરથી ધારાસભ્ય બન્યા હતા. અનંત પટેલે સરકાર પર પ્રહાર કરતા જણાવ્યુ હતું કે, ગ્રામ્ય વિસ્તારમાં એક ટંક ભોજન આપવાને વિકાસ ન કહેવાય. ખેડૂતો-પશુપાલકોને પોષણક્ષમ ભાવ મળવા જોઈએ. બેરોજગારોને રોજગારી મળે તેને વિકાસ કહેવાય. મૂળ નવસારી જિલ્લાના ઝરી ગામના વતની ધવલ પટેલને ભાજપે વલસાડ લોકસભાની બેઠક પર ઉમેદવાર બનાવ્યા છે. સુરતના સરદાર વલ્લભભાઈ નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટેકનોલોજીમાંથી બી.ટેક. - એમ.બી.એ. કરનારા ધવલ પટેલ એન્જિનિયર તરીકે નોકરી ચાલુ રાખી ૨૦૦૯માં ભાજપમાં જોડાયા હતા. ૨૦૧૪માં નોકરી છોડી સંપૂર્ણપણે ભાજપના કાર્યકર બની ગયા હતા. તેઓ ભાજપ અનુસૂચિત જનજાતિ મોરચાના નેશનલ સોશિયલ મીડિયા ઇન્ચાર્જ રહી ચૂક્યા છે. તેમણે તિથલ, સાપુતારાને શ્રેષ્ઠ પ્રવાસન સ્થળ તરીકે વિકાસાવવાનો સંકલ્પ જાહેર કરવાની સાથે પારનેરા, શબરીધામ મંદિરને વધુ સારા બનાવવાની ઈચ્છા વ્યક્ત કરી હતી. આદિવાસીના જળ, જમીન અને જંગલના પ્રશ્નોને વાચા આપવા એલાન કર્યું હતું. વલસાડ અને ડાંગમાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ ભારે સક્રિય છે અને એનો સીધો જ લાભ ભાજપને મળી શકે છે. ડાંગ અને વલસાડ જિલ્લાના અંતરિયાળ ગામોમાં સંઘની સક્રિયતાને પગલે અહીં પહોંચવામાં ભાજપને ઘણી સરળતા રહી છે. વાંસદા બેઠકને બાદ કરતાં આ લોકસભા બેઠક હેઠળ આવતી વિધાનસભાની લગભગ બેઠકોમાં ભાજપનો દબદબો રહ્યો છે. ■

# ધ્રોલમાં વિરોધનો વંટોળ: પૂનમ માડમની સભામાં ક્ષત્રિયો ધસી આવ્યા:૧૦૦થી વધુની અટકાયત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: જામનગર જિલ્લાના ધ્રોલ તાલુકામાં ભાજપના ઉમેદવાર પૂનમબેન માડમના રોડ શો દરમિયાન ક્ષત્રિય સમાજના લોકો દ્વારા વિરોધપ્રદર્શન કરવામાં આવ્યો હતો. જેમાં ક્ષત્રિય સમાજના લોકોએ ભાજપ સામે રોષ ઠાલવ્યો હતો. સાથે જ પૂનમબેન માડમ દ્વારા ધ્રોલ ઠાકોર સાહેબને ફૂલહાર કર્યા બાદ ક્ષત્રિય સમાજના યુવાનો દ્વારા ધ્રોલ ઠાકોર સાહેબની પ્રતિમા પર દૂધનો અભિષેક કરવામાં આવ્યો હતો. પોલીસે વિરોધ પ્રદર્શન કરતા ૧૦૦થી વધુ યુવાનોની અટકાયત કરી હતી.

જામનગર જિલ્લાના ધ્રોલ તાલુકામાં ભાજપના ઉમેદવાર પૂનમબેન માડમનો રોડ શો અને સભા યોજાઈ હતી. આ રોડ શો દરમિયાન ધ્રોલના નગરના નાકા પાસે ક્ષત્રિય સમાજના લોકો દ્વારા વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. પોલીસ દ્વારા પણ ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો, તેમ છતાં ક્ષત્રિય સમાજના યુવકો સભા સ્થળે અને રેલીમાં ઘૂસી આવ્યા હતા અને વિરોધ પ્રદર્શન કર્યું હતું. જેથી પોલીસે ૧૦૦થી વધુ યુવાનોની અટકાયત કરી હતી. સમગ્ર ધ્રોલ પોલીસ છાવણીમાં ફેરવાઈ ગયું હતું. ક્ષત્રિય યુવાનો ભાજપના ઉમેદવાર પૂનમબેન માડમની ગાડી સુધી પણ ધસી આવ્યા હતા. આ રોડ શો દરમિયાન ક્ષત્રિયો યુવાનો દ્વારા 'ભાજપ હાય હાય', 'રૂપાલા હાય હાય', 'પૂનમબેન હાય હાય'ના નારા લગાવ્યા હતા. તેમજ નગર નાકા ખાતે પૂનમબેન માડમ દ્વારા ડો. બાબા સાહેબ આંબેડકરની પ્રતિમા અને ધ્રોલમાં ઠાકોર સાહેબની પ્રતિમાને ફૂલહાર કરવામાં આવ્યા હતા ત્યારે પણ ક્ષત્રિય સમાજના લોકો દ્વારા પૂનમબેન માડમે જે ફૂલહાર કર્યા હતા તેને તોડી નાખવામાં આવ્યા હતા અને ત્યારબાદ ક્ષત્રિય સમાજના લોકો દ્વારા ધ્રોલ ઠાકોર સાહેબની પ્રતિમાને દૂધથી અભિષેક કર્યો હતો. ધ્રોલ ખાતે પૂનમબેન માડમની જાહેર સભા યોજવામાં આવી હતી, જેમાં કેબિનેટ મંત્રી રાઘવજી પટેલ, જામનગર જિલ્લા ભાજપ પ્રમુખ રમેશ મુંગરા અને ધ્રોલ સંગઠનના તમામ હોદ્દેદારો સહિતના લોકો ઉપસ્થિત રહ્યા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે બે દિવસ પહેલાં નવાગામ ઘેડ અને કાલાવડમાં ભાજપ કાર્યાલયના ઉદ્‌ઘાટન પ્રસંગે ઉગ્ર વિરોધ કરવામાં આવ્યો હતો. નવાગામ ઘેડમાં તો ક્ષત્રિયાણીઓ રણચંડી બની હોય એવું દૃશ્ય દેખાયુ હતું. ભાજપનાં બેનર પણ તોડી નાખ્યાં હતાં તેમજ ખુરસીઓ ઉલાળવામાં આવી હતી. કાલાવડ મુકામે પૂનમબેન માડમનો રોડ શો તેમજ કાર્યાલયના ઉદઘાટન પ્રસંગે સભા યોજાઈ હતી. એમાં મોટી સંખ્યામાં રાજપૂત સમાજના લોકો દ્વારા ઉગ્ર સૂત્રોચાર કરી વિરોધપ્રદર્શન કરવામાં આવ્યું હતું.

ક્ષત્રિય સમાજના લોકોએ 'ભાજપ હાય હાય' અને 'રૂપાલા હાય હાય' ના નારા લગાવી સભા તરફ આગળ વધી રહ્યા હતા અને ઉગ્ર સૂત્રોચાર સાથે વિરોધપ્રદર્શન કરી રહ્યા હતા. જોકે, ક્ષત્રિય યુવાનો સભાસ્થળે પહોંચે એ પહેલાં પોલીસે તેમને અટકાવ્યા હતા. ■

# પાટણમાં રાહુલ ગાંધીની સભા પહેલા ક્ષત્રિયોનો વિરોધ:કાળા વાવટા ફરકાવ્યાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: કૉંગ્રેસ નેતા રાહુલ ગાંધી પાટણના કૉંગ્રેસના ઉમેદવાર ચંદનજી ઠાકોરના સમર્થનમાં પ્રચાર શરૂ કર્યો હતો.રાહુલ ગાંધીની સભા પહેલા જ ક્ષત્રિયોએ સભા સ્થળે કાળા વાવટા ફરકાવ્યા હતા. રાહુલ ગાંધીએ રાજપૂત સમાજ વિશે કરેલી ટિપ્પણી બદલ પાટણમાં ક્ષત્રિયો દ્વારા ભારે રોષ જોવા મળ્યો હતો. રાહુલ ગાંધીના આગમન પૂર્વે જ પોલીસ દ્વારા ૨૦થી વધારે આગેવાનોની અટકાયત કરી લીધી હતી.

કૉંગ્રેસના દિગ્ગજ નેતા રાહુલ ગાંધીએ પાટણના પ્રગતિ મેદાન ખાતે જંગી સભાને સંબોધી હતી. પાટણ ખાતે ચંદનજીના પ્રચારમાં આવી રહેલ રાહુલ ગાંધીનો સભા પહેલા જ વિરોધ જોવા મળ્યો હતો. પાટણ ખાતે કૉંગ્રેસ નેતા રાહુલ ગાંધીનો ક્ષત્રિય આગેવાનો દ્વારા વિરોધ કરાયો હતો. રાજા મહારાજાઓ વિશે કરેલા નિવેદનના વિરોધમાં ક્ષત્રિય સમાજના યુવકો દ્વારા ટીબી ત્રણ રસ્તા ખાતે કાળાં વાવટા ફરકાવ્યા હતા. રાહુલ ગાંધીના આગમન પૂર્વે જ પોલીસ દ્વારા ૨૦થી વધારે આગેવાનોની અટકાયત કરી હતી.

રાહુલ ગાંધી નિવેદન મામલે રાજપૂત સમાજ સંકલન સમિતિ પ્રવક્તા કરણસિંહ ચાવડાએ કહ્યું હતું કે, રાહુલ ગાંધીના નિવેદનને વખોડવામાં આવે છે. રાહુલ ગાંધીએ રાજા રજવાડાઓનું અપમાન કર્યું છે. કૉંગ્રેસ હોય કે ભાજપ હોય એ રાજા મહારાજા વિશે વાતો કરે એ ક્યારેય ચલાવી લેવામાં આવશે નહીં. રાહુલ ગાંધી જેવી જવાબદાર વ્યક્તિ આવી વાત કરે એ યોગ્ય નથી. ક્ષત્રિય સમાજ દ્વારા મિટિંગ કરી યોગ્ય નિર્ણય લેવામાં આવશે. રૂપાલા વિરુદ્ધ અમારા કાર્યક્રમો ચાલુ રહેશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, લોકસભા ચૂંટણી પ્રચારમા નેતાઓ ભૂલી રહ્યા છે ભાન, જેમાં કર્ણાટકમા ચૂંટણી પ્રચાર દરમ્યાન કૉંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ રાજવીઓ પર કટાક્ષભર્યું નિવેદન આપ્યું હતું. તેમણે કહ્યું હતું કે, રજવાડાના સમયમા મહારાજાઓ જો હુકમી કરતા અને જો રાજાઓને જમીન જોઈતી હોય તો તે પડાવી લેતા હતા, રાહુલ ગાંધીના આવા વિવાદિત નિવેદનને લઈને ક્ષત્રિયોમાં નારાજગી જોવા મળી રહી છે, ત્યારે રાહુલ ગાંધીની વિવાદિત ટિપ્પણીને લઈને ભાવનગરના યુવરાજ જયવીર રાજસિંહે પ્રતિક્રિયા આપી હતી.

તેમણે કહ્યું હતું કે મને રાહુલ ગાંધી પર દયા આવે છે, જેના દાદીએ અને પિતાએ દેશનું પ્રતિનિધિત્વ કર્યું એ વ્યક્તિ આવું બોલે, અખંડ ભારતની રચના સમયે દેશના મહારાજાઓએ રજવાડાંઓ સોંપી દીધા હતા, રાહુલ ગાંધીના દાદીએ જે તે સમયે રજવાડાંઓ પાસેથી જમીનો છીનવી હતી એ ભૂલવું ના જોઈએ. સાથે વેધક સવાલ પણ કર્યો હતો કે એક સમયે રજવાડાંઓ સોંપવામાં પહેલી પહેલ ભાવનગરે કરી હતી એ ભાવનગર હજુ સુધી વિકાસમાં પાછળ કેમ છે?? તેમજ આવા રાજકીય પ્રચાર દરમ્યાન થતા શાબ્દિક પ્રહારોમા કોઈએ ભરમાવું નહીં એવી યુવરાજે અપીલ પણ કરી. ■

# સૌરાષ્ટ્રમાં હવે ભાજપે વ્યૂહરચના બદલી:ક્ષત્રિય સમાજનાં ગામો ટાળીને પોલીસ સાથે કરો પ્રચાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રૂપાલાનો વિવાદ વધુને વધુ વકરી રહ્યો છે. ભાજપે રાજપૂતો સામે પાર્ટીના રાજપૂતો ઊભા કરવાનો કરેલો પ્રયાસ કંઇક અંશે સફળ રહ્યો હોવા છતાં પણ ભાજપને હજુ પણ રાજ્યની પાંચ બેઠકો પર આ ક્ષત્રિયો નડે તેવી આશંકા છે. ભાજપના નેતાઓ હજુ પણ ગામડાઓમાં પ્રચારમાં જતા ડરી રહ્યાં છે. ક્ષત્રિય પ્રભુત્વ ધરાવતા ગામડાઓમાં ભાજપને મત ન આપવાના સોગંદ લેવાઈ રહ્યાં છે. કૉંગ્રેસના રાહુલ ગાંધીએ રાજા-રજવાડાઓનું અપમાન કર્યું હોવા છતાં ક્ષત્રિયોએ રૂપાલાના રોટી-બેટીના વ્યવહારોને અસ્મિતાની લડાઈ બનાવી લીધી છે. ગુજરાતમાં ઠેર ઠેર સંમેલનો યોજાઈ રહ્યાં છે. ક્ષત્રિય સમાજની મતબેંક ન હોવા છતાં પણ ભાજપને લીડ ઘટવાનો અને કૉંગ્રેસની વોટબેંક મજબૂત થવાનો ડર લાગી રહ્યો છે. એક રૂપાલાને કારણે ગુજરાતમાં કૉંગ્રેસ મજબૂત બની ગઈ છે. ગુજરાતમાં ક્ષત્રિયોએ મહિલા અસ્મિતાની લડાઈ શરૂ કરી છે. જેમાં સૌથી મોટો વિરોધ ભાજપની બે બેન એટલે કે જામનગરમાં પૂનમ માડમ અને ભાવનગરમાં નિમુબેન બાંભણિયાને સહન કરવો પડી રહ્યો છે. એમની સભાઓમાં વિરોધના વંટોળને કારણે સભાઓ કેન્સલ થઈ રહી છે. અહીં ગામડાઓમાં પ્રચાર ટળાઈ રહ્યો છે.

ક્ષત્રિય સમાજ વિશેના પુરુષોત્તમ રૂપાલાના નિવેદનના કારણે સમગ્ર ક્ષત્રિય સમાજમાં ભયંકર રોષ ફાટી નીકળ્યો છે. ભાજપની નેતાગીરીના અનેક પ્રયત્નો છતાં આ વિવાદ સમવાનું નામ લેતો નથી. જામનગર, ભાવનગર, સુરેન્દ્રનગરમાં સતત વિરોધ કરવામાં આવી રહ્યો છે, જામજોધપુર કાલાવડ નવાગામ ઘેડ બાદ ધ્રોલમાં પૂનમબેનના રોડ શો અને સભામાં ક્ષત્રિયોએ વિરોધ કર્યો હતો. ધ્રોલમાં તો સભા સ્થળે ક્ષત્રિય યુવાનો ઘૂસી ગયા હતા અને 'રૂપાલા' હાય હાયના નારા લગાવ્યા હતા. તેમજ પૂનમબેનની રેલીમાં પણ ક્ષત્રિય યુવાનો ધસી આવ્યા હતા અને વિરોધ પ્રદર્શન કર્યું હતું. જેથી પોલીસે ૧૦૦થી વધુ યુવાનોની અટકાયત કરી હતી. ધ્રોલ પોલીસ છાવણીમાં ફેરવાઈ ગયું હતું. આ ત્રીજીવાર એવું બન્યું છે કે પૂનમબેનની સભામાં વિરોધ થયો હોય. આ જ સ્થિતિ ભાવનગરમાં પણ છે. ભાવનગરમાં નિમુબેન બાંભણિયાની સભામાં વિરોધ થઈ રહ્યો છે. ક્ષત્રિયો ગામડાઓમાં રૂપાલા હાય હાયના નારાથી ભાજપની સભાઓ બગાડી રહ્યાં છે. પોલીસ તંત્ર માટે પણ ક્ષત્રિયોનો વિરોધ માથાનો દુખાવો બની ગયો છે. ભાજપની સભાઓમાં ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવાઈ રહ્યાં છે. આમ છતાં ક્ષત્રિયો અટકાયત વ્હોરીને પણ ભાજપની સભાઓનો વિરોધ કરી રહ્યાં છે. ખુદ રૂપાલા પણ રાજકોટની આસપાસ સભાઓ રેલીઓ કરી રહ્યાં છે. રૂપાલાને પણ ગામડાઓમાં વિરોધ થવાનો ડર લાગી રહ્યો છે. રૂપાલાને પગલે ગુજરાતમાં પાંચ લોકસભા બેઠકો ભાજપ માટે ટેન્શનનો વિષય બની ગઈ છે. રાજકોટથી રૂપાલાનો વિરોધ શરૂ થયો જે ધીરે ધીરે મહેસાણા જિલ્લો, બનાસકાંઠા, સાંબરકાંઠા, મોરબી જિલ્લાના વાંકાનેર, સુરેન્દ્રનગર જિલ્લાના લીંબડી અને સુરત જિલ્લાના માંગરોળમાં ક્ષત્રિય સમાજે પણ રૂપાલાના નિવેદન મામલે વિરોધ વ્યક્ત કર્યો હતો. રૂપાલા સામે ક્ષત્રિયોના વિરોધને પગલે ભાજપના નેતાઓ હવે ગુજરાતના ગામડાઓમાં પ્રચાર માટે જતા ડરી રહ્યાં છે. રાજપૂતોનો વિરોધ શહેરો કરતા ગામડાઓમાં વધુ જોવા મળી રહ્યો છે. ભાજપના અનેક નેતાઓને આ વિરોધનો સામનો કરવો પડ્યો છે. જેને કારણે હવે એવી ચર્ચા ઉઠી છે કે, ક્ષત્રિયોના વિરોધ વચ્ચે રૂપાલાએ રણનીતિ બદલી છે. પુરુષોત્તમ રૂપાલા રાજકોટમાં છેલ્લા ૫ દિવસથી જુદા-જુદા સમાજનાં સ્નેહમિલનમાં હાજરી આપી રહ્યા છે, પરંતુ તેઓ ગામડે જવાનું ટાળી રહ્યાનો ગણગણાટ અંદરખાને શરૂ થયો છે. ■

# ગુજરાતમાં કાળઝાળ ગરમી વચ્ચે નિરાશ મતદારો: ભાજપને ઓછા મતદાનની મૂંઝવણ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં સુરતની બેઠક બિન હરીફ જાહેર થયાં બાદ હવે, ૨૫ બેઠકો માટે ભાજપ-કૉંગ્રેસ અને આમ આદમી પાર્ટીના નેતાઓ એડીચોટીનું જોર લગાવીને પ્રચાર કરી રહ્યાં છે, હવે, ૭મી મેના રોજ ત્રીજા ચરણમાં ગુજરાતની ૨૫ બેઠકો માટે મતદાન થવાનું છે. આ ચૂંટણીમાં ઓછું મતદાન સત્તાધારી ભાજપ માટે મોટી મુશ્કેલીનું કારણ બન્યું છે. ભાજપને અંદરખાનેથી સૌથી મોટી ચિંતા ઓછા મતદાનની સતાવી રહી છે.

ગુજરાતમાં ગત ૨૦૧૯ની લોકસભાની ચૂંટણીમાં ૬૪.૫૧ ટકા અને ૨૦૧૪માં ૬૩.૬૬ ટકા મતદાન થયું હતું. જેમાં ભાજપને રાજ્યની તમામ ૨૬ બેઠકો ઉપર જીત હાંસલ થઈ હતી, પરંતુ આ બે ચૂંટણીઓને બાદ કરતાં લોકસભાની ભૂતકાળની ચૂંટણીઓમાં હંમેશાં ગુજરાતમાં ઓછું મતદાન જ થયું છે. આ વખતે ગુજરાત સહિત દેશભરમાં કોઈ લહેર નથી એટલે જો પ્રથમ બે ચરણની જેમ આ ત્રીજા ચરણમાં પણ ગુજરાતમાં ઓછું મતદાન થાય તો, કૉંગ્રેસની સરખામણીમાં ભાજપને મોટું નુકસાન થવાની સંભાવના નકારી શકાતી નથી. જે સમગ્ર દેશના પરિપ્રેક્ષ્યમાં ભાજપને સહેજે પાલવે તેમ નથી.

ગત ૨૦૧૯ની લોકસભાની ચૂંટણીમાં કુલ ૪,૫૧,૫૨,૩૭૩ મતદારોમાંથી ૬૪.૫૧ ટકા અર્થાત્ ૨,૯૦,૮૧,૯૬૪ મતદારોએ મતદાન કર્યું હતું. એમાંથી ભાજપને ૧.૮૦ કરોડ એટલે કે ૬૨.૨૧ ટકા અને કૉંગ્રેસને ૯૩.૩૭ લાખ એટલે કે ૩૨.૧૧ ટકા વોટ મળ્યાં હતા પરિણામ સ્વરૂપ ભાજપને તમામ ૨૬ બેઠકો ઉપર વિજય હાંસલ થયો હતો. એવી જ રીતે, ૨૦૧૪ની લોકસભાની ચૂંટણીમાં કુલ ૪,૦૬,૦૩,૧૦૪ મતદારોમાંથી ૬૩.૬૬ ટકા એટલે કે, ૨.૫૩ કરોડ મતદારોએ મતદાન કર્યું હતું. જેમાંથી ભાજપને ૧.૫૨ કરોડ એટલે કે ૬૦.૧૧ ટકા અને કૉંગ્રેસને ૮૪.૮૬ લાખ એટલે કે ૩૩.૪૫ ટકા વોટ મળ્યાં હતા. આ ચૂંટણીમાં પણ ભાજપે રાજ્યની તમામ ૨૬ બેઠકો જીતી લીધી હતી.

હવે ખરો સવાલ અહીં જ ઉપસ્થિત થાય છે કે, ૨૦૧૪ની ચૂંટણી વખતે કેન્દ્રની કૉંગ્રેસ સરકાર સામે ભાર એન્ટિ-ઈન્કમબન્સીને કારણે સરકાર વિરોધ લહેર હતી.

એવી જ રીતે ૨૦૧૯ની ચૂંટણી વખતે પુલવામાં આતંકી હુમલામાં ભારતીય સૈનિકોની શહીદી તથા પાકિસ્તાનમાં એર-સ્ટ્રાઈક જેવી ઘટનાઓને કારણે દેશભરમાં દેશદાઝનો માહોલ સર્જાયો હતો અને પરિણામ સ્વરૂપ, ગુજરાતમાં ભાજપને ૬૦ ટકા પ્લસ વોટ સાથે રાજ્યની તમામ બેઠકો ઉપર જીત મળી હતી પરંતુ આ વખતે ગુજરાત કે દેશમાં કોઈ લહેર નથી. એટલે જો ગુજરાતમાં પણ દેશના અન્ય રાજ્યોની જેમ ઓછું મતદાન થાય તો, સૌથી મોટો રાજકીય ફટકો ભાજપને પડવાની શક્યતા છે. ■

# રાજ્યમાં બે દિવસમાં તાપમાનનો પારો ૪૨ ડિગ્રી વટાવશે:સરેરાશ તાપમાનમાં બે ડિગ્રીનો વધારો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં કાળઝાળ ગરમી પડી રહી છે. એક તરફ કમોસમી વરસાદ તો બીજી તરફ કાળઝાળ ગરમીથી લોકો ત્રાહિમામ પોકારી ઊઠયા છે. રાજયના મોટાભાગના શહેરોમાં તાપમાન બે ડિગ્રી વધ્યું છે. રાજ્યમાં અનેક શહેરમાં ભાગે ગરમીને પગલે બપોરના સમયે કરફ્યુ જેવો મહોલ છવાયો હતો. ભાવનગરના મહુવામાં સૌથી વધુ તાપમાન ૪૧.૪ ડિગ્રી નોંધાયું હતું. જ્યારે રાજકોટમાં ૪૧.૩ ડિગ્રી તાપમાન નોંધાઈ હતું.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર રાજ્યમાં કાળઝાળ ગરમીની શરૂઆત થઈ ગઈ છે અને લોકો ગરમીથી ત્રાહિમામ પોકારી ઉઠયા છે. ગુજરાતાં છેલ્લા ૨૪ કલાકમાં કેશોદમાં ૪૧.૩ ડિગ્રી, અમરેલીમાં ૪૧ ડિગ્રી, સુરેન્દ્રનગરમાં ૪૧.૧ ડિગ્રી, વડોદરામાં ૪૦.૬ ડિગ્રી, અમદાવાદમાં ૪૦.૫ ડિગ્રી,ભુજમાં ૪૦.૩ ડિગ્રી, કંડલામાં ૪૦.૫ ડિગ્રી, ગાંધીનગર ૩૯.૮ ડિગ્રી,ડીસા ૩૯.૦ ડિગ્રી,સુરત ૩૯.૬ ડિગ્રી,ભુજ ૪૦.૩ ડિગ્રી, મહુવા ૪૧.૪ ડિગ્રી, કેશોદ ૪૧.૩ ડિગ્રી તાપમાન નોંધાયુ હતું હવામાન વિભાગે આગામી ૫ દિવસ રાજ્યના તાપમાનમાં ફેરફાર થવાની સંભાવના નહિવત છે એવું જણાવ્યું છે.

રાજ્યમાં હવામાન નિષ્ણાત અંબાલાલ પટેલે આગાહીમાં જણાવ્યું છે કે, મધ્ય ગુજરાતના ભાગોમાં મહત્તમ તાપમાન ૪૩ ડિગ્રી સુધી પહોંચી શકે છે અને મેં મહિનાની શરૂઆતમાં પ્રી મોન્સૂન એક્ટિવિટી વધી શકે છે. ■

# વીજ કંપનીની ઘોર બેદરકારી: નડિયાદમાં વીજ વાયર તૂટતાં આગથી પાંચ કેબિન બળીને ખાખ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: નડિયાદ શહેરના અમદાવાદી બજારમાં લાકડાની કેબિન પર જીવંત વીજ વાયર પડ્યા બાદ શોર્ટસર્કિટ થતા આગ ફાટી નીકળી હતી. ગણતરીની મિનિટોમાં જ આગે આસપાસની અન્ય કેબિનો અને ત્રણ વાહનો પણ ચપેટમાં લીધા હતા. આગ વિકરાળ બનતા બજારમાં ઉપસ્થિત લોકો અને વેપારીઓમાં નાસભાગ મચી હતી. ઘટનાની જાણ થતા ફાયરબ્રિગેડે ઘટનાસ્થળ પર પહોંચી આગ પર કાબૂ મેળવ્યો હતો. સદનસીબે આ બનાવમાં જાનહાનિ થતા અટકી હતી. જો કે, વેપારીઓનો માલ અને વાહનો બળીને ખાખ થઈ ગયાં હતાં.

પ્રાપ્ત માહિતી અનુસાર નડિયાદ શહેરના અમદાવાદી બજાર વિસ્તારમાં હરીદાસ હોસ્પિટલ સામે આવેલ લાકડાની જૂની દુકાનોમાં આગ ભભૂકી ઊઠી હતી. આ કેબિનો લાકડાની હોય આગે જોતજોતામાં વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું હતું. જેથી આ આગ અન્ય લાકડાની ચાર દુકાનો સુધી પ્રસરી ગઈ હતી. આ ઉપરાંત અહીંયા પાર્ક કરેલ બે કાર અને એક મોટરસાઇકલ પણ આ આગની લપેટમાં આવી ગયા હતા. બજાર વિસ્તાર હોય અને ભરચક્ક વિસ્તાર હોય આ બનાવથી અહીંયા ભારે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. ઘટનાની જાણ નડિયાદ ફાયર વિભાગને કરાતા ફાયર વિભાગની ટીમે બે વોટર બ્રાઉઝર દ્વારા પાણીનો છંટકાવ કરી ભારે જહેમત બાદ આગને કાબૂમાં લીધી હતી. ઘટનામાં દુકાનોમાં રાખેલ માલસામાન બળીને ખાખ થઇ ગયો હતો. જોકે ઘટનામાં કોઈ જાનહાનિ સર્જાઈ નહોતી. ફાયર ઓફિસરે આગ લાગવાનું કારણ શોર્ટ સર્કિટના કારણે લાગ્યાનું જણાવ્યુ હતું. ■

# ભરૂચના મનુબર પાસેથી બ્રાન્ડેડ કંપનીનું ડુપ્લિકેટ ખાદ્યતેલ ઝડપાયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ભરૂચના મનુબર ચાર રસ્તા પાસે આવેલી એક કરીયાણાની દુકાનમાંથી બ્રાન્ડેડ કંપનીનો ડુપ્લિકેટ ખાદ્ય તેલના ડબ્બા સાથે પોલીસે એક ઈસમને ૪૫ હજારના મુદ્દામાલ સાથે ઝડપી પાડ્યો હતો. પોલીસે ગુનો નોધી વધુ તપાસ હાથ ધરી હતી. ભરૂચ જિલ્લા પોલીસે બાતમી મળી હતી કે ભરૂચના મનુબર ચાર રસ્તા પાસે આવેલ ઓર્ચિંટ શોપીંગ સ્થિત એક ખાનગી ટ્રેડર્સ ખાતે દુકાનના માલીક હુસેન હનીફ મેમણ ડુપ્લિકેટ લેબલવાળું તેલ બજારમાં વેચાણ કરે છે.જેવી બાતમીના આધારે પોલીસે દરોડા પાડ્યા હતા. પોલીસે સ્થળ પરથી જાણીતી કંપનીના કપાસીયા તેલના કુલ-૨૫ ડબ્બા ઉપર લેબલ અને બુચની કોપી કરી ડુપ્લિકેટ લેબલ વાળું તેલ બજારમાં વેચાણ કરતા મળી આવ્યું હતું પોલીસે ૪૫ હજારનો મુદ્દામાલ કબ્જે કરી હુસેન હનીફ મેમણને ઝડપી પાડ્યો હતો. પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી. ■

# અરવલ્લીમાં મેડિકલના સામાનના બોક્ષની આડમાં લઈ જવાતી દારૂની ૪૧૭૬ બોટલ પકડાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: અરવલ્લી શામળાજી નજીક અણસોલ ચેકપોસ્ટ ખાતેથી ટ્રકમાંથી વિદેશી દારૂનોજથ્થો ઝડપાયો હતો. મેડિકલના સામાનના બોક્ષની આડમાં છુપાવીને લઈ જવાતો રૂ. ૧૬. ૪૩ લાખનો દારૂના જથ્થા સાથે એક શખસને ઝડપી પાડ્યો હતો.

અરવલ્લી શામળાજી નજીક અણસોલ ચેકપોસ્ટ ખાતેથી શામળાજી પોલીસે બાતમીના આધારે ટ્રકમાં મેડિકલના સામાનના બોક્ષની આડમાં છુપાવીને લઈ જવાતો રૂ. ૧૬, ૪૩, ૦૪૦ નો દારૂના જથ્થા સાથે એક શખ્સને ઝડપી પાડ્યો હતો. પોલીસે દારૂની કુલ બોટલ ૪૧૭૬ નંગ સાથે મોબાઈલ, મેડિકલ સામાનના બોક્ષ નંગ.૩૫૦ તથા ટ્રક સહિત કુલ રૂ. ૨૬,૨૦,૦૪૦ નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. ■

# અમદાવાદમાં લૂંટ વિથ મર્ડરના કેસમાં બે આરોપીઓને આજીવન કેદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: શહેરના ઈસનપુર વિસ્તારમાં વર્ષ ૨૦૨૦માં મોબાઈલ લૂંટીને યુવકની હત્યા કરનાર આરોપી હાર્દિક ઉર્ફે ચિમન અગ્રવાલ અને શ્યામ ઉર્ફે લક્કી રાઠોડને એડીશનલ સેશન્સ જજે ગુનેગાર ઠરાવીને આજીવન કેદની સજા અને દરેક આરોપીને રૂ.૩૦ હજાર દંડ ફટકાર્યો હતો. જયાર એક આરોપી સામે ગુનો પુરવાર નહીં થતા છોડી મૂક્યો હતો. કોર્ટે ચુકાદામાં નોંધ્યું હતું કે, આરોપીઓ સામે લૂંટ વીથ મર્ડરનો ગુનો પુરવાર થયો છે. રેરેસ્ટ ઓફધી રેર પ્રકારનો કેસ હોય તો જ આરોપીઓને મૃત્યુદંડની સજા કરવી જોઈએ. પ્રસ્તુત કેસમાં આરોપીઓ યુવા વયના છે તેમજ મધ્યમ વર્ગના સમાજમાંથી આવે છે. તે સંજોગો જોતાં ખૂનના ગુનામાં મૃત્યુ દંડની સજા ના કરતા આજીવન કેદની સજા અને દંડ ફટકારવામાં આવે તો ન્યાયનો હેતુ બર આવશે.

આ કેસની વિગત મુજબ તા.૧૦ જુલાઇ ૨૦૨૦ના રોજ ઉમંગ દરજી બાઇક લઈને ઘરેથી બહાર નીકળ્યો હતો ત્યારબાદ ઉમંગને છાતીના ભાગે તથા પેટના ભાગે અજાણ્યા શખસો ચપ્પાના ઘા મારીને મોબાઈલ અને પર્સમાંથી આધારકાર્ડ, પાનકાર્ડ સહિતની વસ્તુઓ લૂંટીને નાસી ગયા હતા. બીજી બાજુ ઉમંગનું સારવાર દરમિયાન મોત થયું હતું. પોલીસે આ કેસમાં હાર્દિક ઉર્ફે ચિમન વિનોદભાઈ અગ્રવાલ અને શ્યામ ઉર્ફે લક્કી રામ પ્રસાદ રાઠોડ, કૃણાલ દીપકભાઈ દલવાડી અને બે કિશોરીની અટકાયત કરીને કોર્ટમાં ચાર્જશીટ મૂકયુ હતું.

હાર્દિક ઉર્ફે ચિમન વિનોદભાઈ અગ્રવાલ અને શ્યામ ઉર્ફે લક્કી રામ પ્રસાદ રાઠોડને આજીવન કેદની સજા ફટકારી હતી. જયારે એકને શંકાના લાભ આપીને છોડી મૂક્યો હતો તેમજ કાયદાના સંઘર્ષમાં આવેલ બે કિશોર સામેનો કેસ જુવેનાઈલ પ્રમુખની કોર્ટમાં ચાલી રહ્યો છે. ■

# અમદાવાદમાં ફ્લેટના ચોથા માળે આગ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: શહેરના માદલપુર ગરનાળા નજીક સોમવારે સવારે મધુવન ફ્લેટના ચોથા માળે આગ લાગી હતી. ઘટનાની જાણ થતાં આગને કાબૂમાં લેવા માટે ફાયર બ્રિગેડની ૧૨ ગાડીઓ ઘટના સ્થળ પર દોડી આવી હતી. એક કલાકની જહેમત બાદ આ આગને કાબૂમાં લઇ લેવામાં આવી હતો. ફાયરની ટીમે ફ્લેટમાં લાગેલી આગ અને તેના ધૂમાડામાંથી ૪૦ જેટલા લોકોનું રેસ્ક્યૂ કર્યુ હતું. સદનસીબે આ આગમાં કોઇ જાનહાની થઈ નથી. પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર અમદાવાદ શહેરની ગુજરાત કોલેજના વિસ્તારમાં આવેલા મધુવન ફ્લેટમાં ચોથા માળે સોમવારે સવારે આગ લાગી હતી. આના વિક્ટિમ પાંચમા અને છઠ્ઠા માળે ફસાયેલા હતા. આ ફ્લેટ કોમર્શિયલ છે. જેના પગલે અહીં મોટા પ્રમાણમાં લોકો કામ કરી રહ્યા હતા. ઘટનાની જાણ થતાં ફાયર વિભાગનો કાફલો ઘટના સ્થળે દોડી આવી આગમાં રેસ્કાયૂ અને સર્ચ ઓપરેશન કરીને બધાને સહી સલામત રીતે નીચે ઉતારી લેવામાં આવ્યા હતા. આ ઘટના બની ત્યારે ફાયર ફાઇટરની કુલ ૫૫ ટીમો ઘટના સ્થળે આવી હતી. પ્રાથમિક તારણ પ્રમાણે શોર્ટ સર્કિટને કારણે આ આગ લાગી હોય તેવું બહાર આવ્યું હતું. આગનું ચોક્કસ કારણ જાણવા માટે એફએસએલની મદદ લેવામાં આવી હતી. ■

# ૬૫ વર્ષીય વૃદ્ધાની બિલ્ડિંગ પરથી ઝંપલાવી આત્મહત્યા

મુંબઈ: પૂર્વના ઉપનગર મુલુંડમાં એક બહુમાળી ઇમારત પરથી પડતું મૂકીને ૬૫ વર્ષીય વૃદ્ધાએ આત્મહત્યા કરી હોવાની ઘટના રવિવારે બપોરે બની હતી. ભીમવાડી વિસ્તાર નજીક બીએમસી કોલોનીમાં આવેલી બિલ્ડીંગના ૧૬મા માળેથી કૂદીને આત્મહત્યા કરનારા વૃદ્ધાનું નામ સીતાબાઇ માને હોવાનું પોલીસ અધિકારીએ જણાવ્યું હતું. સીતાબાઇ હતાશાથી પીડાતા હતા અને આ માટેની સારવાર પણ લઇ રહ્યા હતા. સીતાબાઇને તાત્કાલિક હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. હોસ્પિટલ પહોંચતા જ તેમને ડૉક્ટરોએ મૃત જાહેર કર્યા હતા. પોલીસે આ મામલે આકસ્મિક મૃત્યુનો કેસ નોંધીને આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

### કોરોનાકાળમાં મોદીના કાર્યો ફડણવીસે યાદ કરાવ્યા

# લોકોને કોરોનાકાળ દરમિયાન વડા પ્રધાને જીવતા રાખ્યા: ફડણવીસ

મુંબઈ: સોલાપુર ખાતે પ્રચાર સભાને સંબોધતી વખતે નાયબ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે કોરોનાકાળ દરમિયાન વડા પ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા કરવામાં આવેલા કાર્યોની યાદ અપાવીને લોકો પાસેથી મત માગ્યા હતા અને મોદી માટે મતદાન કરવાની અપીલ કરી હતી.

ફડણવીસે કહ્યું હતું કે કોવિડ-૧૯ દરમિયાન વડા પ્રધાન મોદીએ બધા માટે કોવિડની રસીને ઉપલબ્ધ કરાવી અને તેના કારણે લોકોના જીવ બચ્યા. તેમણે ફક્ત પોતાની રસી વિકસાવી આપણા લોકોને જ ન આપી, પરંતુ આખા વિશ્વને તે રસી પૂરી પાડી હતી, એમ કહીને ફડણવીસે 'વેક્સિન મૈત્રી' યોજનાનો ઉલ્લેખ કર્યો હતો.

આ ઉપરાંત આતંકવાદના મુદ્દા વિશે કહેતા તેમણે જણાવ્યું હતું કે વડા પ્રધાન મોદી સત્તામાં આવ્યા તે પહેલા દેશ મજબૂત સ્થિતિમાં નહોતો. પાકિસ્તાનમાંથી કોઇપણ સહેલાઇથી દેશમાં ઘૂસી જતું હતું અને આતંકવાદી હુમલા કરતું હતું. એ વખતના વડા પ્રધાન અમેરિકા જઇને પાકિસ્તાનની ફરિયાદ કરતા હતા, પરંતુ તેનાથી કંઇ વળતું નહોતું. વડા પ્રધાન નરેન્દ્ર મોદી સત્તામાં આવ્યા ત્યાર બાદ આતંકવાદનો જડબાતોડ જવાબ આપવા માટે સર્જિકલ સ્ટ્રાઇક જેવી કાર્યવાહી કરવામાં આવી. ભારતમાં આતંકવાદ ફેલાવતા પાકિસ્તાનની કંગાળ હાલત વિશે કહેતા ફડણવીસે કહ્યું હતું કે આજે ભારત સમૃદ્ધ થઇ રહ્યું છે, જ્યારે પાકિસ્તાન કંગાળી તરફ આગળ વધી રહ્યું છે.

ફડણવીસ સોલાપુરના બારસી અને માઢા લોકસભા બેઠક માટે પ્રચાર કરી રહ્યા હતા ત્યારે તેમણે વડા પ્રધાન મોદીના કાર્યોની પ્રશંસા કરી હતી. તે એનસીપી(અજિત પવાર) અને ભાજપના રણજિત સિંહ નિંબાળકરનો પ્રચાર કરી રહ્યા હતા.

### મહાદેવ એપ કેસ

# સાહિલ ખાન, તમન્ના ભાટિયા સિવાય બોલીવૂડના ઘણા કલાકારો ફસાયા છે

મૂંબઈ: બોલીવૂડ એક્ટર સાહિલ ખાનની મુંબઈ પોલીસે મહાદેવ બેટિંગ એપ કેસમાં સંડોવણી બદલ ધરપકડ કરી છે. ૪૭ વર્ષીય અભિનેતાની મુંબઈ પોલીસે ૪૦ કલાકના લાંબા ઓપરેશન બાદ ધરપકડ કરી હતી. સ્ટાઈલ, એક્સક્યુઝ મી અને અલાદ્દીન જેવી ફિલ્મો માટે જાણીતો અભિનેતા એ ૩૨ લોકોમાં સામેલ છે જેમના પર સટ્ટાબાજીની એપનો પ્રચાર કરવાનો આરોપ છે.

મહાદેવ સટ્ટાબાજી એપ કેસમાં સાહિલ ખાન ઉપરાંત બોલીવૂડની અન્ય ઘણી હસ્તીઓને પણ સમન્સ મોકલવામાં આવ્યા છે અને તેમની પૂછપરછ કરવામાં આવી રહી છે. ગયા વર્ષે મહાદેવ સટ્ટાબાજીની એપમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઇડી) દ્વારા રણબીર કપૂર અને શ્રદ્ધા કપૂરને પૂછપરછ માટે બોલાવવામાં આવ્યા હતા. તુ જૂઠી મેં મક્કાર સ્ટાર્સને કથિત રીતે એપને પ્રમોટ કરવા માટે પેમેન્ટ મળ્યું હોવાની માહિતી મળી હતી. તેને સટ્ટાબાજીની એપમાંથી મળેલા નાણાંના સ્રોતની માહિતી આપવા માટે બોલાવવામાં આવ્યો હતો.

કપિલ શર્મા, હુમા કુરેશી અને હિના ખાનને ફેબ્રુઆરીમાં દુબઈમાં એક લગ્નમાં પરફોર્મ કર્યા બાદ પૂછપરછ માટે બોલાવવામાં આવ્યા હતા. ઇડીએ ખુલાસો કર્યો છે કે સેલિબ્રિટીઓને હવાલા ટ્રાન્ઝેક્શન દ્વારા ચૂકવણી કરવામાં આવી હતી. ઇડીએ જણાવ્યું કે લગ્નમાં પરફોર્મ કરવા માટે ૧૭ બોલીવૂડ સેલિબ્રિટીઓને ચાર્ટર્ડ ફ્લાઈટમાં દુબઈ લાવવામાં આવી હતી. હવાલા દ્વારા આ તમામને કરોડો રૂપિયા કથિત રીતે ચૂકવવામાં આવ્યા હતા.

આ મહાદેવ ગેમિંગ એપની બીજી એપ્લિકેશન છે, જે ક્રિકેટ, પોકર, બેડમિન્ટન, ટેનિસ, ફૂટબોલ કાર્ડ ગેમ્સ અને ચાન્સ ગેમ્સ જેવી વિવિધ લાઈવ ગેમ્સમાં ગેરકાયદેસર સટ્ટાબાજી માટે પ્લેટફોર્મ પૂરું પાડે છે.

બાહુબલી સ્ટાર તમન્ના ભાટિયાને તાજેતરમાં ફેરપ્લે એપ નામની મહાદેવ બેટિંગ એપની સિસ્ટર એપના પ્રમોશનના સંબંધમાં સમન્સ મોકલવામાં આવ્યા છે. તેને આવતા અઠવાડિયે સાયબર સેલ સમક્ષ હાજર થવા માટે કહેવામાં આવ્યું છે. અભિનેત્રીને મહારાષ્ટ્ર સાયબર સેલ દ્વારા ફેરપ્લે સટ્ટાબાજીની એપ પર ઈન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ)ની મેચ જોવાના કથિત પ્રચાર માટે સમન્સ મોકલવામાં આવી છે.

તમને જણાવી દઈએ કે આ પહેલા મહારાષ્ટ્ર સેલે આ મામલામાં રેપર બાદશાહના મેનેજર અને અભિનેતા સંજય દત્ત અને જેકલીન ફર્નાન્ડીઝના નિવેદન નોંધ્યા છે.

# બોરીવલીમાં મહિલા સાથે બાવન લાખની છેતરપિંડી: જ્યોતિષ સહિત છ સામે ગુનો

મુંબઈ: પુત્રની સુખાકારી અને વ્યવસાયમાં બરકતની ખાતરી આપી મહિલા પાસેથી બાવન લાખ રૂપિયા કથિત રીતે પડાવી છેતરપિંડી કરવા પ્રકરણે બોરીવલી પોલીસે જ્યોતિષ અને તેના પાંચ સાથી વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો. વિવિધ સમસ્યાઓનો ભય દેખાડી આરોપીએ છ વર્ષ દરમિયાન અંદાજે ૨૩ તોલા સોનાના દાગીના ગિરવી મુકાવી તેનું વ્યાજ ભરવા ફરિયાદીને દબાણ કરાયું હોવાનો આક્ષેપ પણ ફરિયાદમાં કરાયો હતો. બોરીવલી પશ્ચિમના શિંપોલી ખાતે રહેતી ફરિયાદી ગીતા પંડિત જ્યોતિષશાસ્ત્રનો અભ્યાસ કરવા ઈગતપુરી ગઈ ત્યારે ૨૦૧૯માં તેની ઓળખાણ આરોપી જ્યોતિષ વિજય જોશી સાથે થઈ હતી. તે સમયે સુભાષ બ્રિદ નામની વ્યક્તિએ ફરિયાદીને કહ્યું હતું કે જોશી જાણીતા જ્યોતિષ છે. તે બાળકોના જન્મ પૂર્વે તેમનું ભવિષ્ય કહી શકે છે અને નાણાકીય તેમ જ અંગત સમસ્યાનું નિરાકરણ લાવી શકે છે.ફરિયાદમાં જણાવાયું હતું કે પછીથી મહિલાની ઓળખાણ બોરીવલીના એક મંદિરમાં રચના દળવી, નીલેશ માને, કિશોર તાવડે, રુચિતા ચવ્હાણ અને પ્રથમેશ મયેકર સાથે થઈ હતી. ૨૦૨૧માં જોશીએ મહિલાના પુત્રને નવી મુંબઈની એક હોટેલમાં ભાગીદાર બનવાનું અને ૨.૫ લાખ રૂપિયાનું રોકાણ કરવા કહ્યું હતું. એ હોટેલમાં હૈદરાબાદનો વેપારી મોટો રોકાણકાર હતો. પછીથી વિવિધ કારણો રજૂ કરી આરોપીઓએ સમયાંતરે મહિલા પાસેથી ૫૨ લાખ રૂપિયા પડાવ્યા હતા. એ સિવાય અંદાજે ૨૩ તોલા સોનાના દાગીના ફરિયાદી પાસેથી લઈને આરોપીએ ફાઈનાન્સ કંપનીમાં ગિરવી મૂક્યા હતા. દાગીના પરની લોનની રકમ ભરવા ફરિયાદી પર દબાણ કરવામાં આવ્યું હતું. આખરે પોતે છેતરાઈ હોવાની જાણ થતાં મહિલાએ બોરીવલી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. આ પ્રકરણે પોલીસ વધુ તપાસ કરી રહી છે.

## દસમા પાનાનું ચાલુ

### મહાયુતિમાં

દેવેન્દ્ર ફડણવીસે જણાવ્યું છે. સૂત્રો પાસેથી મળેલી માહિતી મુજબ નાશિક અને થાણે બેઠકો એકનાથ શિંદે જૂથની શિવસેનાના ફાળે આપવાનું લગભગ નક્કી માનવામાં આવે છે. જોકે, દક્ષિણ મુંબઈ અને પાલઘર બેઠક માટે હજી પણ ખેંચતાણ ચાલી રહી હોવાનું જણાય છે. આ ઉપરાંત ઉત્તર-પશ્ચિમ મુંબઈની બેઠક માટે પણ હજી સુધી ઉમેદવારની જાહેરાત કરવામાં આવી નથી. કહેવાય છે કે થાણે અને નાશિકની બેઠક એકનાથ શિંદે માટે પ્રતિષ્ઠાનો મુદ્દો બની ગઇ છે

### સલમાન ખાનના

આરોપીઓની કસ્ટડી વધારી આપવાની માગણી કરી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે સલમાનના નિવાસસ્થાન બહાર ૧૪ એપ્રિલે ગોળીબાર કરવામાં આવ્યો હતો. આ પ્રકરણે હત્યાના પ્રયાસનો ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. ક્રાઇમ બ્રાન્ચે આ ગુનામાં સંડોવાયેલા બિશ્નોઇ ગેન્ગના બે શૂટર ગુપ્તા અને પાલને ભૂજથી ઝડપી પાડ્યા હતા, જ્યારે સોનુકુમાર અને અનુજની ૨૫ એપ્રિલે પંજાબથી ધરપકડ કરાઇ હતી. કેનેડામાં રહેતા અને યુએસએમાં પ્રવાસ કરતા રહેતા આરોપી અનમોલ બિશ્નોઇએ ફેસબૂક પર પોસ્ટ કરી ગોળીબારની જવાબદારી સ્વીકારી હતી. જોકે તેનું આઇપી એડ્રેસ પોર્ટુગલમાં ટ્રેસ થયું હતું. અનમોલનો ભાઇ લોરેન્સ હાલ સાબરમતી જેલમાં છે. (પીટીઆઇ)

### દસ મિનિટ

ગુમાવી હતી અને દિવા-કોપર સ્ટેશન વચ્ચે ટ્રેનમાંથી ટ્રેક પર પડી હતી. ગંભીર રીતે ઘવાયેલી રિયાને સારવારાર્થે હોસ્પિટલમાં લઇ જવામાં આવી હતી, જ્યાં તેને મૃત જાહેર કરાઇ હતી. પોલીસે આ પ્રકરણે એડીઆર દાખલ કરી તપાસ આદરી હતી, એમ ગવર્નમેન્ટ રેલવે પોલીસ (જીઆરપી)ના અધિકારીએ જણાવ્યું હતું.

ડોંબિવલીમાં રહેતા રિયાના કાકા ભરતભાઇએ 'મુંબઈ સમાચાર'ને જણાવ્યું હતું કે રિયા ડોંબિવલી પૂર્વમાં છેલ્લા બેથી ત્રણ વર્ષથી ભાડાના ઘરમાં રહેતી હતી. રિયાની બે બહેનનાં લગ્ન થઇ ગયાં છે. રિયાના પિતા કાપડની દુકાનમાં કામ કરતા હતા, પણ બાદમાં તેમની નોકરી છૂટી ગઇ હતી. રિયા દોઢથી બે વર્ષથી થાણેમાં કન્સ્ટ્રક્શન કંપનીમાં કામ કરતી હતી. રિયાએ થાણે જવા માટે રોજ કરતાં સોમવારે સવારે ૧૦ મિનિટ વહેલી ટ્રેન પકડી હતી અને બાદમાં ટ્રેનમાંથી પડતાં તેનું મૃત્યુ થયું હતું. અમને આની જાણ સવારે ૯.૩૦ વાગ્યે થઇ હતી. આ ઘટના માટે રેલવે પ્રશાસન જવાબદાર છે, એમ તેમણે કહ્યું હતું.

### મુંબઈ ભાજપ દ્વારા

વિરુદ્ધ ગુનો નોંધાવવામાં આવ્યો હતો. મહાવિકાસ આઘાડી સંબંધિત મહારાષ્ટ્ર કૉંગ્રેસ યુથના એક્સ એકાઉન્ટ, ફેસબુક એકાઉન્ટ, ઇન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર આ વીડિયો મૂકવામાં આવ્યો હતો. અમિત શાહના ફેરવવામાં આવી રહેલા નકલી વીડિયોમાં તે ઓબીસી, એસસી, એસટી અનામત નાબૂદ કરવા વિશે બોલતા હોવાનું જણાય છે. જોકે, આ વીડિયો નકલી હોવાનું જણાયું હતું. આ પૂર્વે આપેલા ભાષણમાં અમિત શાહે જણાવ્યું હતું કે તેમની સરકાર આવશે તો ગેરબંધારણીય રીતે મુસ્લિમ સમાજને આપવામાં આવેલું અનામત તે કાઢશે.

જોકે, મહાવિકાસ આઘાડીના યુથ કૉંગ્રેસ, એનસીપી(રાષ્ટ્રવાદી કૉંગ્રેસ -શરદ પવાર)ના સોશિયલ મીડિયા એકાઉન્ટ્સ પર ખોટો વીડિયો વાયરલ કરવામાં આવ્યો હોવાનું ફરિયાદમાં જણાવવામાં આવ્યું છે. આ વીડિયો વાયરલ કરીને ભાજપને ખોટી રીતે બદનામ કરીને સમાજના વિવિધ વર્ગ વચ્ચે વૈમનસ્ય નિર્માણ કરવાનો પ્રયત્ન કરાયો હોવાનું પણ ભાજપનું કહેવું છે. ભાજપ દ્વારા આ મામલે તાત્કાલિક કાર્યવાહી કરવાની માગણી કરવામાં આવી છે.

### હિંદુત્વ, સાવરકર

આવી રહી છે. હવે તેમને હિંદુ કહેવડાવવામાં શરમ આવી રહી છે. શિવસેના (યુબીટી) સો ટકા કૉંગ્રેસ બની ગઈ છે.

અહીં ઉલ્લેખનીય છે કે શિવસેના (યુબીટી)એ પોતાના વચનનામામાંથી હિંદુત્વ, સ્વાતંત્ર્યવીર સાવરકર અને મહારાષ્ટ્રની મરાઠી જનતાને હદપાર કર્યા છે. ચૂંટણી ઢંઢેરામાંથી સાવરકરનો ઉલ્લેખ અને તેમને માટે ભારત રત્નની માગણીને હટાવી દેવામાં આવ્યા છે. કૉંગ્રેસના સમાન નાગરી ધારા પરના વિરોધને ધ્યાનમાં રાખીને ઉદ્ધવ ઠાકરેએ આ મુદ્દો વચનનામામાંથી બાકાત રાખ્યો છે.

હનુમાન ચાલીસાના પઠન કરવા બદલ અભિનેત્રી કંગના રણૌત, સંસદસભ્ય નવનીત રાણાને દેશદ્રોહનો કાયદો લગાવીને જેલમાં મોકલી દીધા હતા. કેતકી ચિતળેને નક્સલવાદ વિરોધી કાયદાનો દુરુપયોગ કરીને જેલમાં મોકલી દીધી.

રામ મંદિરમાં પ્રાણ પ્રતિષ્ઠા માટે પણ ઉદ્ધવ ઠાકરે ગયા નહોતા. વાસ્તવમાં આ ચૂંટણી ઢંઢેરો શિવસેના (યુબીટી)નો નહીં કૉંગ્રેસનો છે, જેઓ તુષ્ટીકરણની રાજનીતિ કરે છે અને હવે શિવસેના (યુબીટી) દ્વારા લઘુમતી કોમને એવો સંકેત આપવામાં આવ્યો છે કે આગામી દિવસોમાં તેઓ પણ લઘુમતી કોમના તુષ્ટીકરણની રાજનીતિ કરશે.

### પ્રોપર્ટી ટેક્સ

મોકલ્યા બાદ પણ તેણે ૨૦૨૨-૨૩ આર્થિક વર્ષ સુધીનો ૪૬૧ કરોડ ૧૭ લાખ ૬૧૫ રૂપિયાનો પ્રોપર્ટી ટેક્સ ચૂકવ્યો નથી. મુંબઈમાં જુદા જુદા પ્રોપર્ટી ટેક્સધારકો પાસેથી બાકી રહેલો ટેક્સ વસૂલ કરવા માટે પાલિકા દ્વારા સતત પ્રયાસ ચાલી રહ્યા છે, છતાં હજી સુધી અનેક મોટા ડિફોલ્ટરોએ પાલિકાને ટેક્સ ચૂકવ્યો નથી. પાલિકાએ મોટા ડિફોલ્ટરોને ટેક્સ ભરવા માટે ફરી એક વખત મુદત આપી છે અને આ અંતિમ મુદતમાં ટેક્સ નહીં ભર્યો તો આકરી દંડાત્મક કાર્યવાહીનો સામનો કરવા માટે તૈયાર રહેવાની ચીમકી પણ પાલિકા પ્રશાસને આપી છે. ટેક્સ ભરવામાં ઠાગાઠૈયા કરનારા અનેક ડિફોલ્ટરોને પાલિકાએ નોટિસ પણ ફટકારી છે.

### મહારાષ્ટ્રના ત્રીજા તબક્કાના

પ્રધાન નારાયણ રાણે, પ્રણિતી શિંદે જેવા મોટા કદના નેતાઓ પર ત્રીજા તબક્કાના મતદાન દરમિયાન એકબીજા સામે ટકરાશે.

**બારામતીમાં પવાર કુટુંબ વિરુદ્ધ પવાર કુટુંબની લડત**

બારામતીમાં સુનેત્રા પવાર અને સુપ્રિયા સૂળે ઉપરાંત માઢા ખાતે ભાજપ તરફથી રણજીતસિંહ નાઇક-નિંબાળકર અને એનસીપી(શરદ પવાર)ના ધૈર્યશીલ મોહિતે-પાટીલ ચૂંટણી લડશે. જ્યારે ઉસ્માનાબાદ બેઠક પર ભાજપના અર્ચના પાટીલ અને શિવસેના(ઉદ્ધવ ઠાકરે)ના ઓમપ્રકાશ રાજે નિંબાળકર સામસામે ટકરાશે.

### સીએસએમટીમાં લોકલ

સુધીની તમામ સર્વિસીસ પર અસર થઈ હતી.

હાર્બર લાઈનમાં સિંગલ (સ્લો લાઈન) કોરિડોર હોવાને કારણે ટ્રેન સેવા ઠપ થઈ હતી. દરેક વખતે હાર્બર લાઈનમાં ટ્રેનસેવા ખોટકાયા પછી પ્રવાસીઓ પાસે બીજો કોઈ વિકલ્પ હોતો નથી, કાં તો ઓલા-ઉબર કરીને પોતાના ડેસ્ટિનેશન પહોંચે છે. અમારી ટ્રેન આજે વડાલા અને ખારઘરની વચ્ચે ૩૫ મિનિટ ઊભી રહી હતી, પરંતુ એના અંગે કોઈ એનાઉન્સમેન્ટ થયું નહોતું, એમ ખારઘરના રહેવાસીએ જણાવ્યું હતું. હાર્બર લાઈનના પ્રવાસીઓ મેન લાઈન કલ્યાણ સીએસએમટી વચ્ચે પ્રવાસ કરવાની મંજૂરી આપવામાં આવી છે. આમ છતાં હાર્બર લાઈનમાં સીએસએમટીથી વડાલા વચ્ચેની લોકલ ટ્રેન રદ કરવામાં આવી છે, જ્યારે વડાલાથી પનવેલ વચ્ચે ટ્રેન સર્વિસ શરૂ છે પણ તમામ ટ્રેનની સર્વિસ મૂળ સમય પત્રક અનુસાર દોડાવાતી નથી, જેથી ટ્રેન અડધો કલાકથી વધુ મોડી દોડી રહી છે, એમ અધિકારીએ જણાવ્યું હતું.

### કોની સંડોવણી?

એકરની જમીન ઇનકમ ટૅક્સ વિભાગ દ્વારા ટાંચમાં લેવામાં આવી એ બાબતે શિંદેએ ઉદ્ધવ ઠાકરે તરફ ઇશારો કર્યો હતો. આ જમીન પર નંદકિશોર ચતુર્વેદી અને તેના સાથીઓ દ્વારા એક ટાઉનશિપનું નિર્માણ કરવામાં આવનાર હતું. જોકે આર્થિક ગેરરીતિ અંગેના કાયદા અંતર્ગત આ જમીન ટાંચમાં લેવામાં આવી હતી. આ બાબતે ઉદ્ધવ ઠાકરે તરફ ઇશારો કરતા શિંદેએ જણાવ્યું હતું કે ૨૦૦ એકરની જમીન પર ૮૦૦ કરોડ રૂપિયાનો પ્રોજેક્ટ ઊભો કરવામાં આવનાર હતો અને તેની બધી જ માહિતી મારી પાસે છે. યોગ્ય સમય આવ્યે હું આ માહિતી જાહેર કરીશ. બદલાની ભાવનાથી હું હવામાં નિવેદન નથી આપી રહ્યો. જે વસ્તુસ્થિતિ છે હું એ જણાવી રહ્યો છું. નંદકિશોર સીબીઆઇ(સેન્ટ્રલ બ્યુરો ઑફ ઇન્વેસ્ટિગેશન), ઇડી(એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ) અને આઇટી(ઇનકમ ટૅક્સ) વિભાગના રડાર પર છે અને તેના વિરુદ્ધ લુકઆઉટ નોટિસ પણ બહાર પાડવામાં આવી છે.

### શું છે આખો મામલો?

અહેવાલ અનુસાર લખનઊની ૨૦૦ એકરની જમીન ટાંચમાં લેવામાં આવી છે અને આ મિલકત દેશના સૌથી મોટા હવાલા ઓપરેટર નંદકિશોર ચતુર્વેદીની છે. ૨૦૨૨માં ઉદ્ધવ ઠાકરેના સાળાને મોટાપાયે કરજ (લોન) આપ્યા બાદ નંદકિશોરનું નામ ચર્ચામાં આવ્યું હતું. જે કંપનીનો ઉપયોગ નંદકિશોરે ઉદ્ધવ ઠાકરેના સાળા શ્રીધર પાટણકરને લોન આપવા માટે કર્યો હતો એ જ કંપનીનો ઉપયોગ નંદકિશોરે ૨૦૦ એકર જમીન પર ટાઉનશિપ વિકસાવવા માટે કર્યો હતો.

### નાળાની સફાઈ

દ્વારા કરવામાં આવી રહ્યા છે. ચોમાસા પહેલાં નાળાંઓમાંથી કુલ ૧૦,૨૧,૭૮૨ મેટ્રિક ટન ગાળ (કાદવ, કચરો) કાઢવાનો લક્ષ્યાંક રાખ્યો છે, તેમાંથી અત્યાર સુધી ૬,૨૩,૬૩૧ મેટ્રિક ટન એટલે કે કુલ લક્ષ્યાંકના ૬૧.૦૩ ટકા ગાળ કાઢવામાં આવ્યો છે.

આ દરમિયાન ૧૫ માર્ચ, ૨૦૨૪થી સોમવાર, ૨૯ એપ્રિલ, ૨૦૨૪ના સમયાળા દરમિયાન મોટા નાળામાંથી કાઢવાના કામમાંથી ૩૧ ઠેકાણે કામમાં બેદકારી અને ત્રુટી જણાઈ આવી છે. બેદરકારી રીતે કામ કરનારા કૉન્ટ્રેક્ટર સામે દંડાત્મક કાર્યવાહી કરવામાં આવી છે, તેમાંથી અલગ અલગ કૉન્ટ્રેક્ટરો પાસેથી કુલ ૩૦ લાખ ૮૩ હજાર રૂપિયાનો દંડ વસૂલ કરવામાં આવ્યો છે.

શહેર, પૂર્વ અને પશ્ચિમ ઉપનગરમાં મોટા નાળામાંથી ગાળ કાઢવાના કામના ઈન્સ્પેક્શન દરમિયાન ૨૯ એપ્રિલ, ૨૦૨૪ સુધી કુલ ૩૧ ઠેકાણે કૉન્ટ્રેક્ટરોને દંડ ઠોકવામાં આવ્યો છે, જેમાં શહેર વિભાગવામાં ૧૨ ટેકાણે કૉન્ટ્રેક્ટરોનોને ૧૯ લાખ ૭૫ હજાર રૂપિયા, પૂર્વ ઉપનગરમાં ૧૦ કૉન્ટ્રેક્ટરોને ૭ લાખ ૨૦ હજાર રૂપિયા અને પશ્ચિમ ઉપનગરમાં નવ કૉન્ટ્રેક્ટરોને ૩ લાખ ૮૮ હજાર રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો છે.

### ગરમીનો કહેર

ગરમીના રેકોર્ડ પહેલા છેલ્લા દસ વર્ષના ઈન્ડિયન મિટિયોરોલોજીકલ ડિપાર્ટમેન્ટ (આઈએમડી)ના ડેટા મુજબ સૌથી હાઈએસ્ટ તાપમાન એપ્રિલ ૨૦૧૪ના ૩૯.૦ ડિગ્રી નોંધાયું હતું. મુંબઈમાં મહત્તમ તાપમાન ૩૯.૧ ડિગ્રી નોંધાયું હતું. આઈએમડીના ડેટા મુજબ નવી મુંબઈના પનવેલમાં દિવસનું તાપમાન ૪૩.૩ ડિગ્રી, કોપરખૈરાણેમાં ૪૨.૨ ડિગ્રી, મુંબઈના રામ મંદિર વિસ્તારમાં ૪૩ ડિગ્રી, ભાયંદરમાં ૪૧ ડિગ્રી, વિદ્યાવિહારમાં ૪૦.૩ ડિગ્રી રહ્યું હતું. તો મુલુંડના ગવણપાડામાં સાંજે ચાર વાગ્યા સુધી ૪૧.૯ ડિગ્રી, ભાંડુપમાં ૪૦.૩ ડિગ્રી, વિક્રોલી અને બોરીવલીમાં ૩૯.૯ ડિગ્રી જેટલું તાપમાન હતું. સાંતાક્રુઝમાં સોમવારે નોંધાયેલું ૩૯.૭ ડિગ્રી તાપમાન સામાન્ય કરતા ૫.૪ ડિગ્રી વધારે હતું. તો કોલાબામાં મહત્તમ તાપમાન ૩૫.૨ ડિગ્રી હતું, જે સામાન્ય કરતા ૧.૮ ડિગ્રી વધુ હતું. રવિવારે મુંબઈમાં કોલાબામાં ૩૪.૪ ડિગ્રી અને સાંતાક્રુઝમાં ૩૮.૧ ડિગ્રી તાપમાન નોંધાયું હતું, તેની સરખામણીમાં સોમવારે તાપમાનમાં વધારો નોંધાયો હતો. ૩૦ એપ્રિલ મંગળવાર માટે હવામાન વિભાગે મુંબઈ, થાણે અને રાયગઢ માટે વાતાવરણ ગરમ અને ભેજવાળું રહેવાની આગાહી કરી છે.

## જૈન મરણ

**જામનગર હાલાર વિશા શ્રીમાળી જૈન**

વીસામણ (પડધરી) નિવાસી હાલ મુંબઇ સ્વ. હસમુખભાઇ મુળજીભાઇ મહેતાના ધર્મપત્ની ગં. સ્વ. પ્રેમીલાબેન (ઉં. વ. ૮૧) તા. ૨૪-૪-૨૪ના અરિહંતશરણ થયેલ છે. તે હિતેશ, તેજસ, હીના, દિપ્તી, દિપાલીનાં માતુશ્રી. નીતા, બીના, હસમુખભાઇ, અજયભાઇ, મયુરભાઇના સાસુ. પ્રવીણભાઇ તથા સરલાબેન અનંતરાય વોરાનાં ભાભી. નિરાલી, પ્રેક્ષા, હર્ષવીના દાદી. પિયર પક્ષે સુરેન્દ્રનગર નિવાસી સ્વ. જિતેન્દ્રભાઇ, સ્વ. અરવિંદભાઇ, સુરેશભાઇ તથા પ. પૂ. વિનીત રસાશ્રીજી મ. સા. ના બેન. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે. પ્રાર્થના રાખેલ નથી.

**ઝાલાવાડી દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

લીંબડી નિવાસી હાલ કાંદિવલી સ્વ. હંસાબેન ઇન્દુલાલ શાહના સુપુત્ર વિજયભાઇ (ઉં. વ. ૬૬) તે કપિલાબેનના પતિ. તે જીમી-ઇશિતાના પિતા. તે સ્વ.સવિતાબેન વાડીલાલ શાહના જમાઇ. તે રણજીત તથા અંકુશના સસરા. તે કેતનભાઇ, ભાવનાબેન શૈલેષકુમાર ગાંધીના ભાઇ. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે. ચક્ષુદાન અને ત્વચાદાન કરેલ છે.

**ઝાલાવાડી શ્વે. મુ. પુ દશા શ્રીમાળી જૈન**

સુરેન્દ્રનગર નિવાસી હાલ બોરીવલી સ્વ. વિમળાબેન શાંતિલાલ શાહના પુત્ર કિંજલભાઈ (ઉં. વ. ૫૪) તે ૨૭/૪/૨૪ના અરિહંતશરણ પામેલ છે. તે સોનલબેનના પતિ. દેવાંશ, જય તથા જાનવીના પિતા. સંદીપભાઈ, છાયાબેન અજીતભાઈ, આશાબેન કલાપીભાઈ, જયશ્રીબેન જયેશભાઇ, શૈલાબેન મિનેષભાઈના નાનાભાઈ. ગં. સ્વ. ભારતીબેન અનિલભાઈ સંઘવીના જમાઈ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

ગં. સ્વ. આશાબેન (અનસુયાબેન) રૂપાણી તે સ્વ.શશીકાંતભાઈ કપુરચંદ રૂપાણીના પત્ની. તે સંજય અને મનીષના માતુશ્રી. તે અલ્પાના સાસુ. તે ઋત્વી અને વૃતાંતના દાદી. તે સ્વ. જમનાદાસ જસરાજ દોશીના પુત્રી. તે સ્વ. વિજયાબેન બળવંતરાય દડિયા તથા ગં.સ્વ. વર્ષાબેન જ્યંતિલાલ સંઘાણીના ભાભી તા: ૨૫/૪/૨૪ના અરિહંતશરણ થયેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે .

**પાટણ નિવાસી જૈન**

પાટણ વખતજીની શેરી (હાલ મુંબઈ) શ્રીમતી દક્ષાબેન શૈલેષભાઈ શાહના ધર્મપત્ની (ઉં. વ. ૭૧) તા.૨૮ એપ્રિલ ૨૦૨૪ ના અરિહંતશરણ પામ્યા છે. વિનય, દીપા, ચાર્મીના માતૃશ્રી. ખુશ્બુ, રાજેશકુમાર,ચિંતનભાઈના સાસુ. સ્વર્ગીય રમણલાલ જેસંગલાલ પટણી, સુભદ્રાબેનના પુત્રી. નીતિનભાઈ, જતીનભાઈ, સ્વ.મધુબેન, ભારતીબેન, સરોજબેન, સ્વ.જયશ્રીબેનના બેન. ભૂમિ, પરી, પીહુ, શુભ, રિશબના દાદી. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે, રહેઠાણ વિનાયક સોસાયટી ૭૦૧ ગજાનંદ કોલોની ગોરેગાંવ વેસ્ટ.

**દશા શ્રીમાળી સ્થા.જૈન**

શેખપીપળીયા નિવાસી, હાલ બોરીવલી, સ્વ.મગનલાલ હરજીવનદાસ દામાણીના ધર્મપત્ની, ગં.સ્વ.જ્યોત્સનાબેન(જયાબેન) (ઉં. વ. ૮૫) રવિવારે તા. ૨૮-૪-૨૪ના અરિહંતશરણ પામ્યા છે. તે નિલીમા હર્ષદ દામાણી, મીના જયેશ દામાણીના સાસુ. હિના દિપકકુમાર ઝાટકીયાના માતુશ્રી. તે સ્વ. શાંતાબેન કપુરચંદ બાખડાના સુપુત્રી. તે સ્વ.હરગોવિંદદાસ, સ્વ.લાભુબેન, સ્વ.લીલમબેન, સ્વ.અનસૂયાબેન અને ગં.સ્વ.મનોરમાબેનના ભાભી. તે સ્વ. પ્રભાબેન, સ્વ.તરુલતાબેન, સ્વ.કપીલાબેન, પૂષ્પાબેન, તે ફોરમ, પ્રાચી, રીશીલ, પંક્તિ, નેહા અને ઈશાના દાદી-નાની. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

ધાંગધ્રા નિવાસી હાલ સાયન, સ્વ. મનસુખલાલ ચત્રભુજ કામદારના ધર્મપત્ની ગં. સ્વ. જ્યોતીબેન (ઉં. વ. ૮૮), તે પરાગ તથા અ.સૌ. પ્રિતી દિપક શાહના માતુશ્રી. તે અ.સૌ. કેતકી, દિપક ચંદ્રકાન્ત શાહના સાસુમા. સ્વ. વિનયચંદ્ર, સ્વ.હસમુખભાઈ, સ્વ.વસંતભાઈ, સ્વ.રજનીભાઈ, અનીલભાઈ, અશ્વીનભાઈ, સ્વ.કંચનબેન પ્રતાપરાય, ગં.સ્વ.દયાબેન કાંતીલાલના ભાભી. પિયરપક્ષે મુળી નિવાસી સ્વ.વાડીલાલ ત્રીકમલાલ શાહના સુપુત્રી. તે કરણ અને આંગીના નાનીમા તા. ૨૮-૪-૨૪ના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થના તા. ૩૦-૪-૨૪ના ૪.૦૦ થી ૬.૦૦. સ્થળ- ક્રિસ્ટલ બેન્કવેટ, માનવ સેવા સંઘ, ગાંધી માર્કેટની સામે, સાયન-વેસ્ટ.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

વડાલાના અ.સૌ. લક્ષ્મીબેન (સાકરબેન) હરીલાલ વેલજી દેઢીયા (ઉં. વ. ૬૯) તા. ૨૬-૪-૨૪ના રોજ અવસાન પામેલ છે. માતુશ્રી વેલબાઇ વેલજી તેજશીના પુત્રવધૂ. હરીલાલના ધર્મપત્ની. સરલા, રાજેશ, વિજય, ડેની, મહેશના માતુશ્રી. વડાલાના રાયશી રવજી, પત્રીના લખમશી નાગશીના સુપુત્રી. ભવાનજી લખમશી, ભવાનજી, મોરારજી, હીરજી, લાલજી, માવજી, પુરબાઇ, લધીબાઇ, ભાણબાઇ, મુલબાઇ, નિર્મળાના બેન. પ્રાર્થના રાખેલ નથી. ફોન આવકાર્ય. ઠે. હરીલાલ વેલજી દેઢીયા, કિશાન કુટીર, નિસર ફરીયો, ગામ : વડાલા, તા. મુંદ્રા (કચ્છ).

કોટડા (રોહા) ના ચંદુલાલ (ચંદ્રકાંત) કુંવરજી ટોકરશી વિસરીયા (ઉં. વ. ૬૦) ૨૭-૪-૨૪ના અવસાન પામેલ છે. પાનબાઇ (બુધ્ધીબાઇ)ના પુત્ર. ભાવનાના પતિ. મયુરી, જયના પિતાશ્રી. જયેશ, લીલાવંતી, પ્રીતીના ભાઇ. વેલબાઇ તેજશીના જમાઇ. ત્વચાદાન કરેલ છે. પ્રાર્થના રાખેલ નથી. ઘરે આવવાની તસ્દી લેવી નહીં. એડ્રેસ : ચંદુલાલ વિસરીયા, ૪૦૩/બી, સાઇનાથ પાર્ક, ચંદ્રગંગા સ્પંદન હોસ્પીટલની બાજુમાં, મુલુંડ (ઇ.).

મેરાઉના નિર્મલા મુલચંદ દેઢીયા (ઉં. વ. ૬૭) તા. ૨૭-૪-૨૪ના અવસાન પામેલ છે. માતુશ્રી મણીબેન ટોકરશી વેલજીના પુત્રવધૂ. મુલચંદના પત્ની. કલ્પેશ, પ્રીતીના માતુશ્રી. મેરાઉ ઉમરબાઇ દેવજી મણશી ભેદાના પુત્રી. સુરેશ, હરેશ, ના. તુંબડી રસીલા રાયશી, બાડા મીના અશોકના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. કલ્પેશ દેઢીયા, ૩૦૨, નવનીતનગર, દેશલેપાડા, ડોંબીવલી (પૂ.).

મોટી ખાખર હાલે સાંગલીના ચંદ્રકાંત ચુનીલાલ ભેદા (ઉં. વ. ૭૬) તા. ૨૭-૪-૨૪ના અવસાન પામેલ છે. માતુશ્રી નાનબાઇ ચુનીલાલ ભવાનજીના સુપુત્ર. સ્વ. જયાબેનના પતિ. સ્વ. મનીષા, હર્ષદ, મીનલના પિતા. સ્વ. મનસુખ, રેખાબેનના ભાઇ. બિદડાના સાકરબેન હરશી નરશીના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. એડ્રેસ : હર્ષદ ભેદા, જયાચંદ્ર, હૉટેલ પૈ પ્રકાશની પાછળ, વિશ્રામબાગ, સાંગલી, મહારાષ્ટ્ર.

## પારસી મરણ

ઝુબીન પરવેઝ ગાર્ડા તે ફરીદાના ખાવીંદ તે મ. ઝરીન અને પરવેઝના દીકરા. તે મહેરઝાદના બાવાજી તે પીલુ અને મ. સાયરસ પટેલના જમાઇ. તે ફરહાદના બનેવી. તે મ. ખોરશેદબાનુ અને અરદેશર ગાર્ડાના ગ્રાન્ડસન. તે મ. શહેરા અને મર્ઝબાનના ગ્રાન્ડ સન. તે ઝરીર, ઝર્કસીસ, ઝર્કશીશ, ઝરીદા અને ઝબીનના ભાણેજ. (ઉં. વ. ૫૧) રે. ઠે. ૬, ભોંયતળિયે, ધન દાઇના હાઉસ, જહાંગીર હાજી ક્રોસ લેન, ગ્રાન્ટ રોડ વેસ્ટ, મુંબઇ-૪૦૦૦૦૭. ઉઠમણાંની ક્રિયા: તા. ૩૦-૪-૨૪ના રોજે બપોરે ૩.૪૫ કલાકે વાડિયા બંગલી, ડુંગરવાડી, મુંબઇ.

## હિન્દુ મરણ

કોચીન નિવાસી પ્રતાપભાઇ જસાપરા (ઉં. વ. ૮૪) હાલ કાંદિવલી તા. ૨૮-૪-૨૪ રવિવારના શ્રીજીચરણ પામ્યા છે. તે મીનાબેનના પતિ. જીનેશ તથા ધર્મેશના પિતા. તે સ્વ. વિઠ્ઠલદાસ, સ્વ. કુમનદાસ, સ્વ. જયંતિલાલ, સ્વ. હરગોવિંદદાસ, નવીનભાઇ, સ્વ. નબુબેન, સ્વ. ઉજીબેન, સ્વ. નિર્મલાબેન, સ્વ. સરોજબેન, સાધનાબેનના ભાઇ. તે સ્વ. પભુદાસ વાલજીભાઇ સાંગાણી (અકોલા)ના જમાઇ. તે મીનલ, સુચિતાના સસરા અને વિવાનના દાદા. સાદડીની પ્રથા તથા લૌકિક વ્યવહાર બંધ છે.

**ઘોઘારી મોઢ વણિક**

હળવદ નિવાસી હાલ ઘાટકોપર સ્વ. મુકુંદભાઇ મુલજીભાઇ ગાંધીના ધર્મપત્ની ગં. સ્વ. કુમુદબેન (ઉં. વ. ૮૫) સોમવાર, તા. ૨૯-૪-૨૪ના શ્રીજીચરણ પામેલ છે. તે વિપુલ, શિલ્પા કેતન શાહ, રીના ધવલ ગાંધીના માતુશ્રી. લોપાના સાસુ. આકાશના દાદી. તે સ્વ. રસિકભાઇ, બકુલભાઇ, મધુભાઇ, કિશોરભાઇ, વિનોદભાઇ, રૂપેશભાઇના ભાભી. નાનાલાલ વોરાના સુપુત્રી. બન્ને પક્ષની પ્રાર્થનાસભા મંગળવાર, તા. ૩૦-૪-૨૪ના ૫થી ૬.૩૦. ઠે. લાયન્સ કોમ્યુનિટી હોલ, ગારોડીયા નગર, ઘાટકોપર (પૂર્વ).

**ઝાલાવાડી સઇ સુથાર જ્ઞાતિ**

રાણપુર નિવાસી હાલ સાંતાક્રુઝ વાડીલાલ મનજીભાઇ મકવાણાના ધર્મપત્ની ગં. સ્વ. દમયંતિબેન મકવાણા (ઉં. વ. ૭૭) તે સ્વ. સુરેશભાઇના ભાભી. તે કાશ્મીરા, મયૂરી, ફાલ્ગુની, દેવેન્દ્રના માતુશ્રી. તે નિકેતાના દાદી. તે કમલેશકુમાર, નિલેશકુમાર (માટુંગા), નિલેશકુમાર (બોરીવલી) અને જિજ્ઞાબેનના સાસુ. મનુભાઇ બેચરદાસ મકવાણાના દીકરી. રવિવાર, તા. ૨૮-૪-૨૪ના શ્રીજીચરણ પામેલ છે. બન્ને પક્ષની સાદડી તા. ૩૦-૪-૨૪ને મંગળવારના ૪થી ૬. ઠે. આર્ય સમાજની વાડી, સાંતાક્રુઝ લીંક રોડ, બીઇંગ હ્યુમન શોરૂમ પાસે, લીંકીગ રોડ, સાંતાક્રુઝ (વેસ્ટ).

**કચ્છી લોહાણા**

દિનેશ ઠક્કર (ઉં. વ. ૬૮) કચ્છ ગામ આરીખાણા હાલ કાંદિવલી તે સ્વ. પુષ્પા લાલજી ઠક્કરના સુપુત્ર. સ્વ. બબાબાઇ ખીમજી ઠક્કરના પૌત્ર. સ્મિતા ઠક્કરના પતિ. શ્યામ અને રાખીના પિતા. રૂચી શ્યામ ઠક્કરના સસરા. સાધના મારૂના ભાઇ. સ્વ. હેમલતા ભગતભાઇ જોબનપુત્રાના જમાઇ. તા. ૨૭-૪-૨૪ના શનિવારના રામશરણ પામેલ છે. પ્રાર્થનાસભા રાખેલ નથી. લૌકિક વ્યવહાર બંધ છે.

**ત્રિવેદી મેવાડા બ્રાહ્મણ બારીશી**

ગામ બામણા નિવાસી હાલ ઘાટકોપર મોતીબેન નટવરલાલ કૃષ્ણરામ ભટ્ટ (ઉં. વ. ૮૪) તા. ૨૭-૪-૨૪ના દેવલોક પામ્યાં છે. તે નટવરલાલ કૃષ્ણરામ ભટ્ટના પત્ની. કંકુબેન પ્રભાશંકર કસનજી ત્રિવેદીના પુત્રી. ચેતનભાઇ, રશ્મિબેન પ્રવીણકુમાર જોશી, જયશ્રીબેન ચંદ્રકાંતભાઇ ત્રિવેદી, ચારુબેન ચંદ્રશેખર ઉપાધ્યાયના માતા. અમિષાબેનના સાસુ. બન્ને પક્ષની પ્રાર્થનાસભા તા. ૧-૫-૨૪ના ઘાટકોપર બ્રાહ્મણ સમાજ હોલ, ૧લે માળે, ઘાટકોપર (પૂ.), ૫-૩૦થી ૭-૩૦, લૌકિક વ્યવહાર વિધી મુંબઇમાં રખાઇ છે.

**સત્તર તાલુકા ઔદીચ્ય બ્રાહ્મણ**

મૂળ વાંકાનેર નિવાસી હાલ મુંબઇ ઘાટકોપર સ્વ. નવલશંકર પ્રભાશંકર રાવલ, સ્વ. રંજનબેન નવલશંકર રાવલના સુપુત્ર દિપકભાઇ (ઉં. વ. ૬૮) રવિવાર, ૨૮ એપ્રિલ ૨૪ના અવસાન પામેલ છે. તે સ્વ. હર્ષદભાઇ, સ્વ. રમાબેન, વીણાબેન, અલકાબેન, ભૂપેન્દ્રભાઇના ભાઇ. રીસીભાઇના મામા.

**કચ્છી લોહાણા**

સ્વ. પાર્વતીબેન શીવજી ગોકલદાસ માખીસોતા કચ્છ ગામ લાખાપર હાલે મુલુંડના પુત્ર સ્વ. દામજી માખીસોતા (ઉં. વ. ૮૯) તે સ્વ. જશોદાબેન (સ્વ. શારદાબેન)ના પતિ. તે સ્વ. બબલાભાઇ નેણશી દેવચંદ કેસરિયાના જમાઇ. તે જગદીશ. ગં. સ્વ. શીલા સુરેશભાઇ તન્ના, આશા તરુણભાઇ આડઠક્કર, માલતી શૈલેશભાઇ ગણાત્રાના પિતાજી. તે સ્વ. પ્રધાનભાઇ, સ્વ. દેવજીભાઇ, સ્વ. હીરજીભાઇ, સ્વ. ધારશીભાઇ, સ્વ. જેરામભાઇ, સ્વ. ડેમાબાઇ (દમયંતીબેન) ગોવિંદજી આઇયા, સ્વ. નાનબાઇ દેવજી કારિયા, સ્વ. કુંવરબાઇ પઠાઇ ગણાત્રાના ભાઇ. તે ફાલ્ગુનીબેનના સસરાજી. તા.૨૮-૪-૨૪ના રવિવારના રામશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૩૦-૪-૨૪ના મંગળવારના ૫.૩૦થી ૭. ઠે. પવાણી હોલ, કચ્છી લોહાણા મહાજનવાડી, રામ રતન ત્રિવેદી રોડ, મુલુંડ (વેસ્ટ), લૌકિક વ્યવહાર સદંતર બંધ છે.

**કચ્છી ભાટીયા**

ગં. સ્વ. અરુણાબેન પ્રવીણચંદ્ર, બાબલા (ઉં. વ. ૮૩) ભદ્રેશ્વરવાળા (હાલ મુકામ ઘાટકોપર) તા. ૨૮-૪-૨૪ના શ્રીજીચરણ પામેલ છે. તે કમલેશ અને રાહુલના માતુશ્રી. કાલિંદી અને ધૃતિના સાસુ. હ્રિદિકા, રીટા, તનય અને માહીના દાદી. કલાવંતી લક્ષ્મીદાસ દયાલના પુત્રી. મધુરીબેન નરેન્દ્રભાઇ હિંગવાલાના બહેન. લૌકિક વ્યવહાર બંધ છે.

**કપોળ**

આંબારેલીવાળા સ્વ. મંગળાબેન વિઠ્ઠલદાસ ગાંધીના પુત્ર નગીનભાઈ ગાંધી (મહેતા) હાલ સુરત નિવાસીના ધર્મપત્ની શાંતાબેન (ઉં. વ. ૮૬) તે ૨૬/૪/૨૪ શુક્રવારના શ્રીજીશરણ પામેલ છે. તે નીતિન, સ્વ. અજય તથા હંસાબેન સંઘવીના માતુશ્રી. ભગીરથ સંઘવી, કાદમ્બરીના સાસુ. સ્વ. ચંપકભાઈ, સ્વ. ધનસુખભાઇ, વિજયભાઈ, રંજનબેન નલિનકાંત સંઘવી, જ્યોતિબેન જયંતીલાલ લક્કડ, રેખાબેન અજિતરાય શેઠના ભાભી. કૌકાવાળા સ્વ.ત્રિભોવનદાસ ખુશાલદાસ મહેતાના દીકરી. પ્રાર્થનાસભા રાખેલ નથી.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|




# ટી-૨૦ વર્લ્ડ કપ માટે સૌથી પહેલી ટીમ ન્યૂ ઝીલૅન્ડે જાહેર કરી

## કૅપ્ટન વિલિયમસનનો છઠ્ઠો વર્લ્ડ કપઃ પીઢ ખેલાડી ગપ્ટિલના નામ પર માત્ર ચર્ચા થઈ

ઑકલૅન્ડઃ જૂનમાં અમેરિકા અને વેસ્ટ ઇન્ડિઝમાં રમાનારા ટી-૨૦ વર્લ્ડ કપ માટે ટીમ જાહેર કરી દેવા આઇસીસીએ તમામ દેશોને પહેલી મેની ડેડલાઇન આપી છે એટલે હવે બે દિવસમાં ધડાધડ બધી ટીમો જાહેર થવા લાગશે. જોકે આ રેસમાં ન્યૂ ઝીલૅન્ડ પ્રથમ છે. એણે સોમવારે ૧૫ ખેલાડીઓની ટીમ જાહેર કરી હતી જેમાં આમ તો મોટા ભાગના અનુભવી પ્લેયરો છે, પણ બે નામ એવા છે જેઓ પહેલી જ વખત ટી-૨૦નો વિશ્વકપ રમશે.

ફાસ્ટ બોલર મૅટ હેન્રી આઇપીએલમાં લખનઊની ટીમમાં છે. સ્પિનિંગ ઑલરાઉન્ડર રાચિન રવીન્દ્ર ચેન્નઈ સુપર કિંગ્સમાં છે. આ બન્ને પ્લેયર પહેલી જ વખત ટી-૨૦ વર્લ્ડ કપ રમશે.

આઇસીસીએ તમામ દેશોને કહ્યું છે કે તમે પહેલી મે સુધીમાં ૧૫ ખેલાડીઓની જે ટીમ જાહેર કરો એમાં પછીથી ફેરફાર કરી શકાશે.

ન્યૂ ઝીલૅન્ડે વિકેટકીપર અને લેફ્ટ-હૅન્ડ બૅટર ડેવૉન કૉન્વેને ટીમમાં ખાસ સમાવ્યો છે. તે તાજેતરમાં હાથના અંગૂઠાની ઈજાને કારણે આઇપીએલમાંથી નીકળી ગયો હતો. કેન વિલિયમસન આ ટીમનો કૅપ્ટન નિયુક્ત થયો છે. તેનો આ છઠ્ઠો ટી-૨૦ વર્લ્ડ કપ છે. તે ઈજાને કારણે છેલ્લી બે ટી-૨૦ સિરીઝમાં નહોતો રમ્યો. ફાસ્ટ બોલર ઍડમ


ડેવૉન કૉન્વે

ટિમ સાઉધી સૌથી વધુ સાતમો ટી-૨૦ વર્લ્ડ કપ રમશે.

પેસ બોલર કાઇલ જૅમિસન પીઠના સ્ટ્રેસ ફ્રૅક્ચરને લીધે વર્લ્ડ કપમાં નહીં રમે.

મિલ્ન ઘૂંટીની સર્જરીને લીધે વર્લ્ડ કપમાં નથી રમવાનો. પીઢ ઓપનર માર્ટિન ગપ્ટિલ વિશે તેમ જ બીજા બૅટર કૉલિન મન્રો અંગે સિલેક્ટર્સે ચર્ચા કરી હતી. આ બન્ને ખેલાડીઓ ફ્રૅન્ચાઇઝીઓ વતી રમે છે. જોકે સિલેક્ટર્સે ન્યૂ ઝીલૅન્ડ વતી થોડા મહિનાઓથી ટી-૨૦ રમતા હોય એવા જ ખેલાડીઓને પસંદ કરવાનું નક્કી કર્યું એટલે ગપ્ટિલ-મન્રોને સિલેક્ટ કરવાનું માંડી વાળ્યું હતું.

બાવીસ વર્ષનો ગપ્ટિલ છેલ્લે ઑક્ટોબર ૨૦૨૨માં ટી-૨૦ ઇન્ટરનૅશનલ રમ્યો હતો. તેણે ૧૨૨ ટી-૨૦ મૅચમાં ૩,૫૩૧ રન બનાવ્યા છે. આઇપીએલ સહિતની તમામ ટી-૨૦ મૅચોમાં તેના નામે ૯,૭૦૭ રન છે. ■

### ન્યૂ ઝીલૅન્ડની ટીમઃ

કેન વિલિયમસન (કૅપ્ટન), ડેવૉન કૉન્વે (વિકેટકીપર), ફિન ઍલન, રાચિન રવીન્દ્ર, માઇકલ બ્રેસવેલ, માર્ક ચૅપમૅન, ડેરિલ મિચલ, જેમ્સ નીશૅમ, ગ્લેન ફિલિપ્સ, મિચલ સૅન્ટનર, ટ્રેન્ટ બૉલ્ટ, લૉકી ફર્ગ્યુસન, મૅટ હેન્રી, ઇશ સોઢી અને ટિમ સાઉધી. ■

# દિલ્હી બૅટિંગ લીધા પછી ખખડી ગયું, ૯ વિકેટે ૧૫૩ઃ કુલદીપ ટૉપ-સ્કોરર!

કોલકાતાઃ આઇપીએલ-૨૦૨૪ના પૉઇન્ટ્સ-ટેબલમાં સાવ તળિયેથી ટૉપ-ફોરની લગોલગ આવી પહોંચેલા દિલ્હી કૅપિટલ્સના કૅપ્ટન રિષભ પંતે ટૉસ જીત્યા પછી બૅટિંગ લીધી હતી, પણ તેની ટીમે શરૂઆતથી જ ધબડકો જોયો હતો અને ૬૮ રનમાં પહેલી ચાર વિકેટ ગુમાવી દીધી હતી. ત્યાર બાદ પણ વધુ ધબડકો થયો અને છેવટે ૨૦ ઓવરમાં નવ વિકેટે ૧૫૩ રન થયા હતા અને યજમાન કોલકાતા નાઇટ રાઇડર્સને ૧૫૪ રનનો થોડો પડકારરૂપ લક્ષ્યાંક મળ્યો હતો.

ખરેખર તો સિક્સર-હિટિંગની શ્રેણીબદ્ધ મૅચો પછી આ મૅચમાં એકંદરે એવી કોઈ ધમાલ નહોતી થઈ.

નવાઈની વાત એ છે કે નવમા નંબરે મોકલવામાં આવેલો રિસ્ટ-સ્પિનર કુલદીપ યાદવ (૩૫ અણનમ, ૨૬ બૉલ, એક સિક્સર, પાંચ ફોર) તમામ બૅટર્સમાં ટૉપ-સ્કોરર હતો. તેના પછી રિષભ પંતના ૨૭ રન બીજા નંબરે હતા. ઓપનર્સ પૃથ્વી શૉ (૧૩) અને જેક ફ્રેઝર-મૅકગર્ક (૧૨), અભિષેક પોરેલ (૧૮), શાઇ હોપ (૬) ટીમને ઉપયોગી યોગદાન આપવામાં નિષ્ફળ ગયા હતા.

પાવરપ્લેમાં દિલ્હીએ ૬૭ રન બનાવ્યા હતા અને ત્રણ વિકેટ ગુમાવી હતી. જોકે પંતના આઉટ થયા પછી (કુલદીપને બાદ કરતા) બાકીના બૅટર્સ સારું નહોતા રમી શક્યા. એક તબક્કે સ્કોર ૮ વિકેટે ૧૧૧ રન હતો.

અક્ષર પટેલ પણ માત્ર ૧૫ રન અને ટ્રિસ્ટેન સ્ટબ્સ ચાર રન બનાવીને આઉટ થઈ ગયો હતો.

કોલકાતાના છ બોલર્સમાં વરુણ ચક્રવર્તી ત્રણ વિકેટ, હર્ષિત રાણા તથા વૈભવ અરોરા બે-બે વિકેટ તેમ જ મિચલ સ્ટાર્ક એક અને સુનીલ નારાયણ એક વિકેટ લેવામાં સફળ રહ્યો હતો. રસેલને ૧૦ રનમાં વિકેટ નહોતી મળી. ■


# ધોનીના પરિવારમાં થશે નવા મહેમાનની એન્ટ્રી? સાક્ષીની પોસ્ટ થઈ વાઈરલ

રાંચી/ચેન્નઈઃ આઇપીએલની ૧૭મી સીઝન રમાઈ રહી છે અને દરેક મેચ એકદમ રસપ્રદ અને રોમાંચક બની રહી છે. દરમિયાન રવિવારે ચેન્નઈ-હૈદરાબાદની મેચ ખૂબ જ રોમાંચક રહી હતી. ચેન્નઈએ ૭૮ રનથી હૈદરાબાદને પરાજિત કરીને પોઈન્ટ ટેબલમાં ત્રીજા નંબરે કમબેક કર્યું છે. પણ આ બધા વચ્ચે મેચ દરમિયાન કૅપ્ટન કૂલની પત્ની સાક્ષીએ કરેલી પોસ્ટ ખૂબ જ વાઈરલ થઈ છે.

આ પોસ્ટમાં સાક્ષીએ સીએસકેને મેચ જલદી પૂરી કરવાની વિનંતી કરી હતી કારણ કે... બેબી ઇઝ ઓન ધ વે.

સોશિયલ મીડિયા પર સાક્ષીની આ પોસ્ટ ખૂબ જ ધમાલ મચાવી રહી છે. આ પોસ્ટ વાંચીને તમે પણ વિચારમાં પડી ગયા ને કે અહીં સાક્ષી કોના બેબીની વાત કરી રહી છે? શું ધોનીના પરિવારમાં કોઈ નવા સભ્યનું આગમન થવાનું છે તો થોડી ધીરજ ધરો. અમે અહીં તમને એના વિશે જ જણાવવા જઈ રહ્યા છીએ.






વાત જાણે એમ છે કે સાક્ષીએ મેચ દરમિયાન ઈન્સ્ટાગ્રામ પર એક સ્ટોરી શૅર કરીને અપીલ કરી હતી કે 'પ્લીઝ આજે ગેમ જલદી પૂરી કરો સીએસકે, બેબી જલ્દી જ આવવાનું છે... થનારી ફોઈએ તમને બધાને રિક્વેસ્ટ છે.'

સાક્ષીની આ પોસ્ટ સોશિયલ મીડિયા પર ખૂબ જ વાઈરલ થઈ રહી છે. પણ સાક્ષીએ આ પોસ્ટમાં જ ક્લિયર કરી દીધું છે કે ધોની બીજી વાર પપ્પા નહીં પણ ટૂંક સમયમાં જ ફૂઆ બનવા જઈ રહ્યા છે અને સાક્ષી ફોઈ.

મેચની વાત કરીએ તો સીએસકેના કેપ્ટન ઋતુરાજ ગાયકવાડે ૫૪ બોલમાં ૯૮ રન બનાવ્યા હતા, જ્યારે શિવમ દુબેએ ૨૦ બોલમાં ૩૯ રન બનાવીને સીએસકેના સ્કોરને ૨૧૨ સુધી પહોંચાડવામાં મહત્ત્વનું યોગદાન આપ્યું હતું. હૈદરાબાદની ટીમ ૧૩૪ રનમાં આઉટ થઈ ગઈ હતી. ■

# ધોનીને કારણે ગર્લફ્રેન્ડ સાથે કર્યું બ્રેક-અપ! પોસ્ટર થયું વાયરલ

ચેન્નઈઃ આઇપીએલ-૨૦૨૪ની ૪૬મી મેચ રવિવારે ચેન્નઈ સુપર કિંગ્સ (સીએસકે) અને સનરાઈઝર્સ હૈદરાબાદ (એસઆરએચ) વચ્ચે ચેન્નઈને એમએ ચિદમ્બરમ સ્ટેડિયમમાં રમાઈ હતી. ચેન્નઈ સુપર કિંગ્સે સનરાઈઝર્સ હૈદરાબાદને ૭૮ રનથી હરાવ્યું હતું. સીએસકેના ચાહકો માટે ધોની ભગવાનથી ઓછો નથી. તેને ભગવાનની જેમ પૂજવામાં આવે છે. સીએસકેના ચાહકો ધોનીને થાલા એટલે કે લીડર તરીકે બોલાવે છે. ધોનીની કૅપ્ટન્સીમાં સીએસકે પાંચ ટાઇટલ જીત્યું છે. આઇપીએલ-૨૦૨૪થી ધોની કેપ્ટન નથી, તેણે સિઝનની શરૂઆતમાં ઋતુરાજ ગાયકવાડને કૅપ્ટન્સી સોંપી હતી. સીએસકેના ચાહકો માટે ધોનીના પાગલપનની કલ્પના કરવી મુશ્કેલ છે. આવા જ એક ફેનનું પોસ્ટર સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યું છે.






મેચ જોવા આવેલા સીએસકેના એક ચાહકે પોસ્ટર પર લખ્યું હતું કે, 'મેં મારી ગર્લફ્રેન્ડ સાથે બ્રેકઅપ કર્યું છે કારણકે તેના નામમાં ૭ અક્ષર નથી.'

ધોની નંબર-૭ને લકી માને છે. તેની જર્સી નંબર ૭ છે, આ સિવાય તેનો જન્મદિવસ પણ ૭ જુલાઈ છે. ધોનીનું નંબર ૭ સાથેનું કનેક્શન ખૂબ જ ઊંડું છે. તેના આ ફૅનનું તેની ગર્લફ્રેન્ડ સાથે આમ બ્રેકઅપ થતું જોઈને બધા મૂંઝવણમાં પડી ગયા હશે. આ પોસ્ટર સોશિયલ મીડિયા પર ઘણું વાયરલ થયું છે. ■


# ઈંગ્લિશ પ્રીમિયર લીગ ફુટબૉલમાં બે ટીમ જીતી એટલે ટાઇટલ માટેની હરીફાઈ વધુ ઉગ્ર થઈ

## ચડિયાતા પુરવાર થવા મૅન્ચેસ્ટર સિટીના હાલાન્ડ અને આર્સેનલના સાકા વચ્ચે જોરદાર સ્પર્ધા

લંડનઃ યુરોપની સૌથી લોકપ્રિય ફુટબૉલ સ્પર્ધા ઇંગ્લિશ પ્રીમિયર લીગ (ઇપીએલ)માં ટાઇટલ માટેની રેસ ઉગ્ર બની છે. આ ટૂર્નામેન્ટમાં કુલ ૨૦ ટીમ ભાગ લે છે અને દરેક ટીમે કુલ ૩૮ મૅચ રમવાની હોય છે. મોટા ભાગની ટીમની ૩૫ મૅચ થઈ ચૂકી છે અને હવે ત્રણ મૅચ બાકી છે.

આર્સેનલ અને ડિફેન્ડિંગ ચૅમ્પિયન મૅન્ચેસ્ટર સિટીની ટીમે રવિવારે પોતપોતાની મૅચમાં જીત મેળવી હોવાથી એમની વચ્ચે હવે ફક્ત એક પૉઇન્ટનું અંતર છે. ૩૫ મૅચ રમી ચૂકેલી આર્સેનલની ટીમના ૮૦ પૉઇન્ટ છે, જ્યારે એનાથી એક ઓછી મૅચ (૩૪) રમનાર મૅન્ચેસ્ટર સિટીના ૭૯ પૉઇન્ટ છે. ૩૫ મૅચ રમનાર લિવરપૂલના ૭૫ પૉઇન્ટ છે અને એ ત્રીજા નંબરે છે.

આર્સેનલે રવિવારે ટૉટેનહૅમને ૩-૨થી હરાવીને ટાઇટલની આશા જીવંત રાખી હતી.


એર્લિંગ હાલાન્ડ

બીજી તરફ, મૅન્ચેસ્ટર સિટીનો નૉટમ ફોરેસ્ટ સામે ૨-૦થી વિજય થયો હતો. બેમાંથી એક ગોલ યૉસ્કો ગ્વાર્ડિયૉલે અને બીજો ગોલ એર્લિંગ હાલાન્ડે કર્યો હતો. અહીં ખાસ જણાવવાનું કે હાલાન્ડ ૨૧ ગોલ સાથે આ વખતની ઇપીએલમાં ટૉપ-સ્કોરર છે અને આવનારી ચાર મૅચ તેના માટે વધુ અગત્યની અને કસોટીની છે.

ટાઇટલ માટેની બીજી ફેવરિટ ટીમ આર્સેનલના બુકાયો સાકાના નામે ૧૫ ગોલ છે. ■

# શાહરુખ-પુત્ર અબરામનો રિન્કુ સિંહને વાઇડ બૉલ, કિંગ ખાને આપી દીધો કૅચ

કોલકાતાઃ સુપરસ્ટાર શાહરુખ ખાન અને ગૌરી ખાનનો નાનો દીકરો અબરામ ખાન ફિલ્મ ઇન્ડસ્ટ્રીના સ્ટાર-કિડ્સમાંનો એક છે. તે ક્યારેક મનોરંજનની દુનિયામાં તેના સેલિબ્રિટી પૅરેન્ટ્સ સાથે ન્યૂઝમાં આવી જતો હોય છે, પણ બે દિવસથી ક્રિકેટના મેદાન પર આકર્ષણનું કેન્દ્ર બન્યો છે.

શાહરુખ કોલકાતા નાઇટ રાઇડર્સ (કેકેઆર)નો સહ-માલિક છે અને આજે ઈડન ગાર્ડન્સમાં દિલ્હી કૅપિટલ્સ (ડીસી) સામેની મૅચ માટે રવિવારે પ્રૅક્ટિસનું ફન-સેશન રખાયું હતું જેમાં થોડી વાર માટે ખુદ શાહરુખ તેના પરિવાર સાથે મેદાન પર ઊતર્યો હતો. અબરામ તેના ભાઈ આર્યન અને બહેન સુહાનાની જેમ બહુ લાઇમલાઇટમાં નથી આવતો.

જોકે જ્યારે પણ તે (અબરામ) જાહેરમાં હોય છે ત્યારે છવાઈ જાય છે. રવિવારે ઈડનમાં એવું જ બન્યું.



તેણે બૉલ ફેંકવાની તૈયારી કરી અને બૅટિંગમાં હતો કેકેઆરનો પિંચ-હિટર રિન્કુ સિંહ. અબરામ ટૂંકા રન-અપ પરથી આવી રહ્યો હતો ત્યારે રિન્કુ તેના બૉલમાં ફટકો મારવા તૈયાર જ હતો.

અબરામ લેફ્ટ-હૅન્ડ બોલર છે એવું રન-અપ પરની તેની ઍક્શન પરથી લાગતું હતું, પરંતુ તેણે રાઇટ-હૅન્ડ બૉલ ફેંક્યો અને એ પણ વાઇડ. રિન્કુ સિંહની પહોંચની બહારનો એ બૉલ હતો અને ફટકો મારવામાં નિષ્ફળ જતાં બેસી પડ્યો હતો અને હસવા લાગ્યો હતો. એ વાઇડ-યૉર્કર હતો અને અબરામનો અંદાજ જોઈને નજીકમાં ઊભેલો શાહરુખ પણ જોતો રહી ગયો હતો.

સોશિયલ મીડિયામાં અબરામની રિન્કુને બોલિંગવાળો આ વીડિયો વાઇરલ થયો છે.

અબરામને ક્રિકેટ રમવા ઉપરાંત ગિટાર વગાડવાનો પણ શોખ છે. તે ઍક્ટિંગમાં પણ ડૅડીની જેમ બેસ્ટ બનવા માગે છે. સ્કૂલના ફંક્શનમાં તે હંમેશાં ઍક્ટિંગથી લોકોના દિલ જીતી લેતો હોય છે.

રવિવારે ઈડનમાં બીજી તરફ, શાહરુખે ટેનિસ બૉલ સામે બૅટિંગ કરી હતી. તેણે અમુક શૉટ માર્યા પછી કૅચ ચડાવી દીધો હતો. ■

# ટી-૨૦ વર્લ્ડ કપની ટીમ નક્કી કરવા આજે અમદાવાદમાં મીટિંગ

નવી દિલ્હીઃ ૨૦૦૭માં ટી-૨૦નો પહેલો વર્લ્ડ કપ રમાયો હતો જે ભારતે જીતી લીધો હતો. ત્યાર પછી ટીમ ઇન્ડિયા ક્યારેય એ ટ્રોફી નથી જીતી શકી, પણ આ વખતે અમેરિકા અને વેસ્ટ ઇન્ડિઝથી જીતી લાવે એ માટેની કાબેલ ટીમ સિલેક્ટર્સ દ્વારા નક્કી કરાઈ રહી છે. અમદાવાદમાં મંગળવારે ચીફ સિલેક્ટર અજિત આગરકર અને તેમના કમિટી મેમ્બર્સ બીસીસીઆઇના સેક્રેટરી જય શાહને મળશે અને તેમની સાથે મળીને ૧૫ પ્લેયર્સની ટીમ નક્કી કરશે. આઇસીસીએ ટીમની જાહેરાત માટે પહેલી મેની ડેડલાઇન આપી છે.

જય શાહ સિલેક્શન કમિટીના કન્વીનર છે. તેઓ રાજકીય કાર્યક્રમોમાં વ્યસ્ત હોવાથી સિલેક્ટર્સ સાથેની તેમની બેઠક અમદાવાદમાં યોજાશે.

ટીમમાં ખાસ કરીને બીજા વિકેટકીપર-બૅટર તરીકે કોને સમાવવો અને હાર્દિક પંડ્યાને લેવો કે નહીં એના પર ચર્ચા થશે.

સેકન્ડ વિકેટકીપર-બૅટર તરીકે ટીમમાં સ્થાન મેળવવા કેએલ રાહુલ (આઇપીએલમાં ૩૭૮ રન, ૧૪૪નો સ્ટ્રાઇક-રેટ) અને સંજુ સૅમસન (૩૮૫ રન, ૧૬૧નો સ્ટ્રાઇક-રેટ) વચ્ચે હરીફાઈ છે. જિતેશ શર્મા પણ બહુ સારા ફૉર્મમાં છે, જ્યારે ધ્રુવ જુરેલને વિકેટકીપિંગનો મોકો નથી મળ્યો.

લેફ્ટ-હૅન્ડ બૅટર તિલક વર્મા બૅટિંગમાં સારા ફૉર્મમાં છે. તે ઑફ સ્પિનર પણ છે એટલે પસંદગીકારો તેના પર ચર્ચા કરી રહ્યા છે. આઇપીએલની ડેથ ઓવર્સમાં પેસ બોલર સંદીપ શર્માનો પર્ફોર્મન્સ પ્રશંસનીય રહ્યો છે એટલે તેના નામ પર પણ ચર્ચા થઈ રહી છે. ■

# ચેપોકમાં ચેન્નઈ જ કિંગ, બિગ-હિટર્સવાળું હૈદરાબાદ પરાસ્ત

## કમિન્સની 'સાવજ' ટીમ ગાયકવાડ ઇલેવન સામે 'મ્યાંઉ': દેશપાંડેનો ચાર વિકેટનો તરખાટ

ચેન્નઈઃ ચેપોકના એમએ ચિદમ્બરમ સ્ટેડિયમમાં ચેન્નઈ સુપર કિંગ્સ સામે સનરાઇઝર્સ હૈદરાબાદ અગાઉ ક્યારેય જીત્યું નહોતું અને એ પરંપરા રવિવારે પણ જળવાઈ. આ સીઝનમાં હાઇ સ્કોરિંગના ધમાકા શરૂ કરીને અને રેકૉર્ડ-બ્રેક સ્કોર્સ પોતાના નામે કરતા રહીને ઘણી હરીફ ટીમોને થથરાવી દેનાર પેટ કમિન્સની હૈદરાબાદની ટીમે ચેન્નઈમાં ઋતુરાજ ગાયકવાડ ઇલેવન સામે સાવ ઘૂંટણિયા ટેકવ્યા હતા. હૈદરાબાદે બેટિંગ લઈને વધુ એક ઊંચો સ્કોર કરવાની તક મળવા છતાં ચેન્નઈના બોલિંગ-આક્રમણથી 'ડરીને' પહેલા ફીલ્ડિંગ કરવાનું પસંદ કર્યું હતું. જોકે અસહ્ય ગરમી સાથે ખૂબ ભેજ પણ હતો એટલે પછીથી રાત્રે ચેન્નઈના બોલર્સને બોલ પર ગ્રિપ મેળવવામાં તકલીફ પડી શકે એવો પણ કમિન્સનો વ્યૂહ હતો.

ચેન્નઈને સસ્તામાં આઉટ કરવાની હૈદરાબાદની મનોકામના પૂરી નહોતી થઈ અને તેમને ૨૦૦-પ્લસનો સ્કોર નોંધાવતા રોકી નહોતા શક્યા. ચેન્નઈના ૨૧૨/૩ના જવાબમાં હૈદરાબાદ ૧૮.૫ ઓવરમાં માત્ર ૧૩૪ રને ઓલઆઉટ થઈ જતાં ચેન્નઈનો ૭૮ રનથી વિજય થયો હતો.

ચેન્નઈ ત્રીજા નંબર પર આવી ગયું છે. જોકે એની જેમ ચોથા સ્થાનના હૈદરાબાદ સહિત ચાર ટીમના ૧૦-



૧૦ પોઇન્ટ છે. રાજસ્થાન ૧૬ પોઇન્ટ સાથે અવ્વલ છે.

રવિવારે તુષાર દેશપાંડે (૩-૦-૨૭-૪) ચેન્નઈનો સૌથી સફળ બોલર હતો. તેણે પાવરપ્લેમાં ત્રણ વિકેટ લીધી હતી. મુસ્તફિઝૂર તથા પથિરાનાએ બે-બે વિકેટ અને જાડેજા-શાર્દુલે એક-એક વિકેટ લીધી હતી.


આ ટૂર્નામેન્ટના ફર્સ્ટ હાફમાં સ્ટેડિયમો ગજવી નાખનાર હૈદરાબાદના બેટર્સ ચેન્નઈ સામે ફ્લોપ રહ્યા હતા. ટ્રેવિસ હેડ (૧૩ રન), અભિષેક શર્મા (૧૫)ની વિકેટ દેશપાંડેએ તેમ જ એઈડન માર્કરમ (૩૨) તથા હિન્રિચ ક્લાસેન (૨૦)ની વિકેટ પથિરાનાએ લીધી હતી. બીજો કોઈ બેટર ૨૦ રન પણ નહોતો કરી શક્યો.

ઋતુરાજ ગાયકવાડ (૯૮ રન, ૫૪ બોલ, ત્રણ સિક્સર, દસ ફોર) મેન ઑફ ધ મેચનો અવૉર્ડ જીત્યો હતો.

એ પહેલાં, ચેન્નઈએ હૈદરાબાદ સામેના આ મહત્ત્વના મુકાબલામાં પ્રથમ બેટિંગ કરવાની તક મળ્યા પછી ૨૦ ઓવરમાં ત્રણ વિકેટે ૨૧૨ રન બનાવ્યા હતા. ગાયકવાડ બે રન માટે સતત બીજી સદી ચૂકી ગયો હતો, પણ શિવમ દુબે (૩૯ રન, ૨૦ બોલ, ચાર સિક્સર, એક ફોર) છેક સુધી આઉટ નહોતો થયો. ■

# કર્સ્ટને પાકિસ્તાનને શું પ્રોમિસ આપ્યું?

કરાચીઃ સાઉથ આફ્રિકાના ગૅરી કર્સ્ટને અસાધારણ કોચિંગમાં ભારતને ૨૦૧૧માં વન-ડેનો વર્લ્ડ કપ અપાવવા ઉપરાંત ટેસ્ટ-ક્રિકેટમાં મોખરાનું સ્થાન પણ અપાવ્યું હતું અને હવે તેઓ પાકિસ્તાનને ઓછામાં ઓછી એક મોટી આઇસીસી ટ્રોફી અપાવવા માગે છે. પાકિસ્તાન કર્સ્ટનને આગામી જૂનમાં રમાનારા ટી-૨૦ વર્લ્ડ કપ પહેલાં વ્હાઇટ બૉલ ફૉર્મેટ (ટી-૨૦ તથા વન-ડે)ની ટીમના કોચ તરીકે નીમી દીધા છે. જૂનમાં ટી-૨૦ વર્લ્ડ કપ રમાવાનો છે. ૨૦૨૫માં પાકિસ્તાનમાં ચૅમ્પિયન્સ ટ્રોફી અને ૨૦૨૬માં ભારતમાં ટી-૨૦ વર્લ્ડ કપ રમાવાનો છે. એક ટ્રોફી કર્સ્ટન પાકિસ્તાનને અપાવવા માગે છે. ■


**સાઈના સ્નોફૉલમાં:** બૅડ્મિન્ટન સ્ટાર સાઈના નેહવાલે હિમાચલ પ્રદેશમાં હિમવર્ષાની મોજ માણી હતી. (પીટીઆઇ)

# ફન વર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી બુધવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ **funworld1822@gmail.com** પર મોકલવાના રહેશે.

## ભાષા વૈભવ...

ગુજરાતી - અંગ્રેજી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| લબકારા | Throat |
| આધાશીશી | Kidney |
| કમળો | Tongue |
| ફેરીંજાઈટિસ | Head |
| નેફ્રાઇટિસ | Liver |

## ઓળખાણ પડી?



ખૂબ જ આરોગ્યપ્રદ ગણાતી અને મુખ્યત્વે શાકભાજીમાંથી તૈયાર થતી ઓડિશાની વાનગીની ઓળખાણ પડી? સ્ટીમ્ડ વેજીટેબલ કરી ફૂડ તરીકે લોકપ્રિય છે.

અ) મંદા બ) સંતુલા ક) કેર સાંગરી ડ) પિઠલા

## ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ વા | ર્તા | ૨ લા | પ | ■ | ૩ સં | ભા | ૪ ષ | ણ | ■ |
| રં | ■ | ગ | ■ | ૫ ઉ | મા | ■ | ટ | ■ | ૬ પ્ર |
| ૭ વા | ૮ મ | ણી | ■ | ૯ દ | ન | ■ | ૧૦ ક | ૧૧ ટા | વ |
| ૧૨ ર | જ | ■ | ૧૩ બા | બો | ■ | ૧૪ હા | ■ | ૧૫ વ | ચ |
| ■ | ૧૬ લિ | પ્સા | ■ | ધ | ■ | લ | ■ | ૧૭ ર | ન |
| ૧૮ વ્યા | સ | ■ | ૧૯ મા | ન | ૨૦ સ | ■ | ૨૧ ભ | ■ | ■ |
| ખ્યા | ■ | ૨૨ ચ | રુ | ■ | વા | ■ | ૨૩ લે | ૨૪ ભા | ૨૫ ગુ |
| ૨૬ ન | વા | ણ | ■ | ૨૭ મ | સો | તું | ■ | ૨૮ ગો | ફ |
| ■ | ■ | ૨૯ ભ | ડ | કા | ■ | ■ | ૩૦ વ | ■ | તે |
| ૩૧ ભા | ષ | ણ | ■ | ૩૨ ઉ | પ | દે | શ | ■ | ગુ |

## શબ્દલાલિત્ય

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ૩ | ૪ | ૫ | | ૬ | ■ | ૭ |
| | ■ | ૮ | | | | ■ | ૯ | ૧૦ | |
| | ■ | | ■ | | ■ | ૧૧ | ■ | ૧૨ | |
| ૧૩ | ૧૪ | ■ | ૧૫ | | | | ૧૬ | ■ | |
| ૧૭ | | ■ | ૧૮ | | ■ | ■ | | ■ | |
| | ■ | ૧૯ | | ■ | ૨૦ | ૨૧ | | ૨૨ | |
| ■ | ૨૩ | ■ | ૨૪ | ૨૫ | ■ | ૨૬ | | | ■ |
| ૨૭ | | | ■ | | ■ | ■ | | ■ | ૨૮ |
| | ■ | ■ | ૨૯ | | | ૩૦ | ■ | ૩૧ | |
| ૩૨ | | | | | ■ | ૩૩ | | | |

### આડી ચાવી

૧. ઉપકાર ભૂલી જનાર (૪,૪)
૮. પહેલાં સ્ત્રીઓ એવરત ---નું વ્રત રાખતી (૪)
૯. પદ્ધતિ (૩)
૧૨. વિશિષ્ટ આગવું (૧)
૧૩. હા- (અંગ્રેજી) (૨)
૧૫. દુશ્મનનો નાશ કરવો તે (૫)
૧૭. વૃક્ષ (૨)
૧૮. સ્ત્રીઓ (૨)
૧૯. રોગ (૨)
૨૦. અમીર ઉમરાવોના પ્રતિનિધિઓની રાજસભા (૫)
૨૪. અંધારું (૨)
૨૬. કાશ્મીરનો એક ભાગ(૩)
૨૭. --- ગગન વિશાળ (૩)
૨૯. લક્ષ્મણ, એક આચાર્ય (૪)
૩૧. પહેલાં --- ના ચોપડા લખાતા (૨)
૩૨. સો વસ્તુઓ પર એક સાથે ધ્યાન આપી શકનાર(૫)
૩૩. એકાકાર, તલ્લીન, એક ધ્યાન (૪)

### ઊભી ચાવી

૧. અચળ સ્થાન (૬)
૨. કાર્યક્રમમાં સંગતનાં વાજિંત્રો વગાડનાર (૩)
૩. નવું (૨)
૪. કાગળિયું, કણજું (૫)
૫. રાત્રિ (૨)
૬. સો (૨)
૭. સંપૂર્ણ રીતે નાશ કરેલું (૬)
૧૦. લીટી, આંકો (૨)
૧૧. ધૂળ (૨)
૧૪. દરિયાકિનારે ઉગતું વૃક્ષ (૨)
૧૫. હરકત વિનાનું (૪)
૧૬. આદર્શરૂપ, ઉત્તમ (૫)
૨૧. એક કઠોળ (૨)
૨૨. સંપૂર્ણપણે બળી જવું (૨)
૨૩. એક સરિસૃપ (૨)
૨૫. ઇચ્છા પ્રમાણે વર્તવું તે (૪)
૨૭. હેતુ (૩)
૨૮. અભણ, ગામડિયો (૩)
૨૯. કૃષ્ણપ્રિયા (૨)
૩૦. સિંધી મુસલમાનની અટક (૨)
૩૧. પોલીસે --- બંધી કરી (૨)

## ચતુર આપો જવાબ — અર્થ જણાવો

'ભણવામાં હોશિયાર મયુર એક પછી એક સોપાન સર કરતો ગયો' પંક્તિમાં સોપાન શબ્દનો અર્થ જણાવો.

અ) સોપારી બ) પગથિયું ક) પદવી ડ) કમાણી

## ગુજરાત મોરી મોરી રે

કોઈ વ્યક્તિ હોસ્પિટલના ઓન્કોલોજી ડિપાર્ટમેન્ટ સાથે સંકળાયેલી હોય એવું કહેવામાં આવે તો એનો સંબંધ શેની સાથે હોય એ કહી શકશો?

અ) જોન્ડિસ બ) આર્થરાઇટિસ ક) કેન્સર ડ) સિરોસિસ

## માતૃભાષાની મહેક

સ ગુજરાતી ભાષાના મૂળાક્ષરોમાંનો ૪૩મો મૂળાક્ષર વ્યંજન છે. દંતસ્થાની અક્ષર. દંતસ્થાની હોવાથી તેની પૂર્વે આવેલા અનુનાસિક ન્ જેવો બોલાય છે. જેમકે, સંસર્ગ. લહિયાઓ પુસ્તક લખતાં લખતાં સહેજ ઊઠવું હોય અથવા લખવાનું તે દિવસ માટે કે અમુક વખત માટે બંધ કરવું હોય તો આ અક્ષર ઉપર અટકતા નથી. કારણ કે તેઓ માને છે કે, સ સંદેહ ધરે.

## ઈર્શાદ

જ્યાં પહોંચવાની ઝંખના વર્ષોથી હોય ત્યાં
મન પહોંચતા જ પાછું વળે એમ પણ બને.

--- મનોજ ખંડેરિયા

## માઈન્ડ ગેમ

અહીં આપેલી બધી સંખ્યા ધ્યાનથી જુઓ અને એનો સંબંધ સમજી આગામી સંખ્યા કઈ હશે એ જણાવો.

૪, ૧૦, ૨૨, ૪૦, ૬૪, --------

અ) ૮૮ બ) ૯૪
ક) ૧૦૦ ડ) ૧૦૪

## સુડોકુ-૫૦૭૫

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૪ | | | ૭ | | ૩ | | | ૫ |
| ૧ | | ૭ | ૪ | | ૮ | ૯ | | ૨ |
| | | | | ૨ | | | | |
| | ૫ | | | ૮ | | | ૨ | |
| | | ૪ | ૧ | | ૨ | ૬ | | |
| | ૯ | | | ૪ | | | ૧ | |
| | | | | ૬ | | | | |
| ૫ | | ૩ | ૯ | | ૪ | ૨ | | ૬ |
| ૮ | | | ૨ | | ૧ | | | ૭ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

## સુડોકુ-૫૦૭૪

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | ૫ | ૧ | ૮ | ૭ | ૯ | ૬ | ૨ | ૪ |
| ૯ | ૬ | ૨ | ૩ | ૪ | ૧ | ૭ | ૮ | ૫ |
| ૪ | ૮ | ૭ | ૬ | ૨ | ૫ | ૩ | ૧ | ૯ |
| ૫ | ૪ | ૯ | ૨ | ૩ | ૬ | ૮ | ૭ | ૧ |
| ૬ | ૨ | ૮ | ૫ | ૧ | ૭ | ૪ | ૯ | ૩ |
| ૧ | ૭ | ૩ | ૪ | ૯ | ૮ | ૫ | ૬ | ૨ |
| ૮ | ૯ | ૬ | ૧ | ૫ | ૪ | ૨ | ૩ | ૭ |
| ૭ | ૩ | ૪ | ૯ | ૬ | ૨ | ૧ | ૫ | ૮ |
| ૨ | ૧ | ૫ | ૭ | ૮ | ૩ | ૯ | ૪ | ૬ |

## ગયા મંગળવારના જવાબ

**ભાષા વૈભવ**

| A | B |
|---|---|
| આંજણી | Stye |
| માથાનો ખોડો | Dandruff |
| મસો | Mole |
| ખીલ | Pimple |
| ચીરો | Crack |

**માઈન્ડ ગેમ**
૪૧૧

**ઓળખાણ પડી?**
બળી

**ગુજરાત મોરી મોરી રે**
કિડની

**ચતુર આપો જવાબ અર્થ જણાવો**
મૂકી

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) સુભાષ મોમાયા (૨) મૂળરાજ કપૂર (૩) કિશોરકુમાર જીવણદાસ વેદ (૪) શીરીન ઔરંગાબાદવાલા (૫) તાહેર ઔરંગાબાદવાલા (૬) અબદુલ્લા એફ. મુનીમ (૭) પ્રતીમા પમાણી (૮) ધીરેન્દ્ર ઉદેશી (૯) નીતા દેસાઈ (૧૦) શ્રદ્ધા આશર (૧૧) ડો. પ્રકાશ કટકિયા (૧૨) ભારતી પ્રકાશ કટકિયા (૧૩) ખુશરૂ કાપડિયા (૧૪) ભારતી બુચ (૧૫) નિખિલ બંગાળી (૧૬) અમીશી બંગાળી (૧૭) પુષ્પા પટેલ (૧૮) વિભા મહેશ્વરી (૧૯) નંદકિશોર સંજાણવાળા (૨૦) મીનળ કાપડિયા (૨૧) પ્રવીણ વોરા (૨૨) જ્યોતિ ખાંડવાલા (૨૩) લજિતા ખોના (૨૪) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૨૫) મનીષા શેઠ (૨૬) ફાલ્ગુની શેઠ (૨૭) ભાવના કર્વે (૨૮) મહેન્દ્ર લોઢાવિયા (૨૯) કલ્પના આશર (૩૦) હર્ષા મહેતા (૩૧) મહેશ દોશી (૩૨) વિણા સંપટ (૩૩) દેવેન્દ્ર સંપટ (૩૪) રજનીકાંત પટવા (૩૫) સુનીતા પટવા (૩૬) પુષ્પા ખોના (૩૭) અંજુ ટોલિયા (૩૮) અલકા વાણી (૩૯) દિલીપ પરીખ (૪૦) અરવિંદ કામદાર (૪૧) સુરેખા દેસાઈ (૪૨) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૪૩) નિતીન બજરિયા (૪૪) નયના ગિરીશ મિસ્ત્રી (૪૫) જ્યોત્સના ગાંધી (૪૬) હિના દલાલ (૪૭) રમેશ દલાલ (૪૮) ઈનાક્ષી દલાલ (૪૯) હેમા હરીશ ભટ્ટ (૫૦) શીલા શેઠ (૫૧) ગિરીશ શેઠ (૫૨) જગદીશ વલ્લભજી ઠક્કર (૫૩) હરીશ મનુભાઈ ભટ્ટ (૫૪) હીરાબેન શેઠ (૫૫) અતુલ જશુભાઈ શેઠ

## તંદુરસ્તી-મનદુરસ્તી (સાતમા પાનાનું ચાલુ)

યૌગિક ક્રિયાઓ દ્વારા પ્રાણનું નિયંત્રણ સિદ્ધ કરવામાં આવે છે. પ્રાણજય દ્વારા ચિત્તજય અને પ્રાણજય દ્વારા શરીરજય - આ યૌગિક મનોવિજ્ઞાનના સિદ્ધાંત છે. યૌગિક મનોવિજ્ઞાનને સમજવા માટે પ્રાણતત્ત્વનો પણ અનિવાર્યપણે વિચાર કરવો જોઈએ.

આપણે પ્રાણમય શરીરનાં તત્ત્વોનો વિચાર કર્યો જ છે અને આગળ તેની વિચારણા કરવાના પ્રસંગો આવશે, તેથી અહીં આટલો ઉલ્લેખ પર્યાપ્ત છે.

(૫) યૌગિક મનોવિજ્ઞાન પુનર્જન્મ અને કર્મના નિયમનો સ્પષ્ટ સ્વીકાર કરે છે.

વ્યક્તિ જે કાંઈ કર્મ કરે તેનાં ફળ તેને ભોગવવાં જ પડે છે. કર્મને પરિણામે ચિત્ત પર સંસ્કારો પડે છે. પાપ-પુણ્ય, સારાં-નઠારાં સર્વ કર્મો વ્યક્તિની સાથે રહે છે અને પુનર્જન્મ વખતે આ બધાં તત્ત્વો સાથે જાય છે. સ્થૂળ શરીરનો નાશ છતાં આત્મા અજરઅમર છે. સૂક્ષ્મ શરીર અને કારણ શરીર આત્માની સાથે જન્મજન્માંતર દરમિયાન પણ રહે જ છે. વ્યક્તિની જીવનપદ્ધતિ પર તેના ગત જન્મોના સંસ્કારો અને કર્મોની અસર પણ હોય જ છે.

યૌગિક મનોવિજ્ઞાન માનવવર્તન અને તેની જીવનપદ્ધતિને સમજવા માટે તેનાં જન્મજન્માંતરનાં કર્મો અને સંસ્કારોને પણ દૃષ્ટિ સમક્ષ રાખે છે. આધુનિક મનોવિજ્ઞાન વ્યક્તિના વર્તનને અને તેના ચિત્તની સમસ્યાઓને સમજવા માટે તેના જન્મ સુધીની ઘટનાઓને ધ્યાનમાં રાખે છે, પરંતુ યૌગિક મનોવિજ્ઞાન તેથી પણ પાછળ જાય છે અને વ્યક્તિની જન્મજન્માંતરની યાત્રાને, તેના ગત જન્મોનાં સંસ્કારોને અને કર્મોને પણ દૃષ્ટિ સમક્ષ રાખે છે.

(૬) યૌગિક મનોવિજ્ઞાન જીવનના એક ઊંડા દર્શન પર આધારિત મનોવિજ્ઞાન છે અને તે જ તેના સાફલ્યનું રહસ્ય છે. કોઈ પણ મનોવિજ્ઞાન જો સદ્દર્શનના નક્કર પાયા પર પ્રતિષ્ઠિત ન હોય તો તે માનવજીવનની મૂળભૂત સમસ્યાઓનું સમાધાન આપવામાં નિષ્ફળ જાય છે. આધુનિક મનોવિજ્ઞાન પાસે જીવનવિષયક આવું કોઈ નક્કર દર્શન નથી અને છે તે પણ ઝાંખું ભૌતિકવાદી દર્શન છે. આમ હોવાથી આટલા પ્રચંડ પુરુષાર્થ છતાં જીવનની મૂળભૂત સમસ્યાઓનું કાયમી અને યથાર્થ સમાધાન આપવાની દિશામાં મનોવિજ્ઞાન મૂલ્યવાન પ્રગતિ કરી શક્યું નથી. યૌગિક મનોવિજ્ઞાન પાસે જીવનનું નક્કર દર્શન છે અને તેથી તેની પાસે જીવનની મૂળભૂત સમસ્યાઓનું નક્કર સમાધાન છે.

(૭) યૌગિક મનોવિજ્ઞાન અધ્યાત્મપથનું મનોવિજ્ઞાન છે. અધ્યાત્મવિદ્યા એટલે જીવનની કેન્દ્રસ્થ વિદ્યા. તેથી યૌગિક મનોવિજ્ઞાન જીવનની મૂળભૂત સમસ્યા અને તેના યથાર્થ સમાધાનનો વિચાર કરે છે. આધ્યાત્મવિદ્યા જીવનની વિદ્યા છે, તેથી યૌગિક મનોવિજ્ઞાન જીવનનિષ્ઠ મનોવિજ્ઞાન છે - જીવનનું મનોવિજ્ઞાન છે. આધુનિક મનોવિજ્ઞાન પણ જીવનનું જ મનોવિજ્ઞાન છે, પરંતુ જીવનની મૂળભૂત સમસ્યા સાથે તેનું અનુસંધાન રહ્યું નહીં. યૌગિક અધ્યાત્મવિદ્યા અને યૌગિક મનોવિજ્ઞાન તે આપે છે, જેને પામ્યા પછી અન્ય કંઈ પામવાપણું બાકી રહેતું નથી.

(૮) યૌગિક મનોવિજ્ઞાનનો વિકાસ સ્વતંત્ર શાસ્ત્રરૂપે થયો નથી, પરંતુ યોગસાધનપથની સાથે સમરસ થઈને થયો છે. યોગવિદ્યા એક સુવ્યવસ્થિત સાધનપથ છે. આ સાધનપથનું મનોવિજ્ઞાન તે જ યૌગિક મનોવિજ્ઞાન. આમ હોવાથી યૌગિક મનોવિજ્ઞાન માત્ર સૈદ્ધાંતિક મનોવિજ્ઞાન જ નથી, પરંતુ વ્યવહારિક મનોવિજ્ઞાન પણ છે. જીવનની નાનીનાની સમસ્યાઓની વિચારણા યૌગિક મનોવિજ્ઞાનમાં નથી. દા. ત. જાહેરખબર કેવી રીતે કરવી તેનો વિચાર યૌગિક મનોવિજ્ઞાન કરતું નથી, પરંતુ બધી સમસ્યાઓની જે કેન્દ્રસ્થ સમસ્યા છે, તેનો વ્યવહારિક ઉકેલ શો છે, તેનો વિચાર યૌગિક મનોવિજ્ઞાન કરે છે અને કેન્દ્રસ્થ સમસ્યાનું નિરાકરણ મળતાં તેમાંથી જન્મેલી અન્ય સમસ્યાઓનો ઉકેલ તો અનાયાસે મળી જ જાય છે.

(૯) આધુનિક મનોવિજ્ઞાનની સંશોધન પદ્ધતિઓ પ્રધાનતઃ પ્રયોગ, નિરીક્ષણ અને આંતરનિરીક્ષણ છે. યૌગિક મનોવિજ્ઞાન આ પદ્ધતિઓનો ઈનકાર નથી કરતું, પરંતુ તે પ્રધાનતઃ આંતરદૃષ્ટિ અને આર્ષદર્શનમાંથી જન્મ્યું છે અને વિકસ્યું છે. આમ હોવાથી સ્વાભાવિક રીતે જ યૌગિક મનોવિજ્ઞાનમાં ઊંડાણ ઘણું છે.

(૧૦) યોગનાં મૂળ વેદ-ઉપનિષદમાં છે. વેદ-ઉપનિષદ ઋષિઓનું દર્શન છે. આમ હોવાથી યૌગિક મનોવિજ્ઞાન એમ મહાન સ્રોતમાંથી નિષ્પન્ન થાય છે. યૌગિક મનોવિજ્ઞાન વેદ પર આધારિત મનોવિજ્ઞાન છે. યૌગિક મનોવિજ્ઞાનનું આ ગૌરવ છે.

(૧૧) યૌગિક મનોવિજ્ઞાન પ્રમાણે આત્મપ્રાપ્તિ જ જીવનનો હેતુ છે અને આત્મપ્રાપ્તિમાં જ જીવનની કૃતાર્થતા છે. આધુનિક મનોવિજ્ઞાન પાસે જીવનના હેતુવિષયક કોઈ સ્પષ્ટતા નથી. આધુનિક મનોવિજ્ઞાનની દૃષ્ટિ સુખ તરફ છે. આ રીતે જોઈએ તો આધુનિક મનોવિજ્ઞાન સુખવાદી છે. આધુનિક મનોવિજ્ઞાનનું લક્ષ્ય સુખ છે; યૌગિક મનોવિજ્ઞાનનું લક્ષ્ય સુખ નહીં, પરંતુ સત્ય છે. આધુનિક મનોવિજ્ઞાન સુખવાદી છે, યૌગિક મનોવિજ્ઞાન આત્મપરક છે.

(૧૨) જીવનની મૂળભૂત પ્રેરણા કઈ? આધુનિક મનોવિજ્ઞાન પાસે કોઈ સ્પષ્ટ ઉત્તર નથી, અનેક મતમતાંતર છે. મેકડૂગલ ચૌદ વૃત્તિઓને, ફ્રૉઈડ કામને, એડલર આધિપત્યની વૃત્તિને, યુંગ એક બૃહત્ પ્રેરણાને અને મેસ્લોવ શારીરિક, માનસિક અને આત્માવિષ્કારની વૃત્તિઓને વર્તનનું પ્રેરક બળ ગણે છે.

આ વિશેનું યૌગિક મનોવિજ્ઞાનનું દર્શન બહુ સ્પષ્ટ છે. માનવજીવનની અને માનવવર્તનની મૂળભૂત પ્રેરણા સચ્ચિદાનંદની પ્રાપ્તિની પ્રેરણા જ છે. અન્ય સર્વ પ્રેરણાઓ આ સચ્ચિદાનંદની પ્રાપ્તિની પ્રેરણાનાં જ વિકૃત સ્વરૂપો છે. જીવનની બધી ઈચ્છાઓ, આવેગો અને તેમને પરિણામે ઊભી થતી સમસ્યાઓનું એકમાત્ર યથાર્થ સમાધાન સચ્ચિદાનંદની પ્રાપ્તિમાં જ છે. માનવવર્તનના પ્રેરકબળ વિશે યૌગિક મનોવિજ્ઞાન પાસે આવું સ્પષ્ટ દર્શન છે.

(૧૩) આધુનિક મનોવિજ્ઞાન વર્તનનું વિજ્ઞાન છે અને યૌગિક મનોવિજ્ઞાન ચેતનાનું મનોવિજ્ઞાન છે. આધુનિક મનોવિજ્ઞાનની વ્યાખ્યા આ રીતે અપાય છેઃ ''મનોવિજ્ઞાન એટલે અવિરતપણે પલટાતા વાતાવરણ સાથે સામંજસ્ય સાધવા પ્રયત્ન કરતી વ્યક્તિના વર્તનનું સ્વરૂપલક્ષી વિજ્ઞાન.''

યૌગિક મનોવિજ્ઞાનમાં પણ વ્યક્તિના વર્તનને સમજવાનો પ્રયત્ન થાય છે, પરંતુ વર્તન તો વ્યક્તિના જીવનનો બાહ્ય છેડો છે. વ્યક્તિની સમગ્ર વ્યક્તિમત્તા તેના વર્તનમાં જ સમાઈ જતી નથી. યૌગિક મનોવિજ્ઞાન વ્યક્તિની સમગ્ર વ્યક્તિમત્તાને અને પ્રધાનતઃ તેની ચેતનાને સમજવા પ્રયત્ન કરે છે, વર્તન જેનું બાહ્ય પરિણામ છે.

(૧૪) આધુનિક મનોવિજ્ઞાન જાગ્રત મન અને તેથી આગળ વધીને અજાગ્રત મનનો અભ્યાસ કરે છે. યૌગિક મનોવિજ્ઞાન જાગ્રત મનનો અભ્યાસ કરે છે. દા. ત. વૃત્તિઓનો અભ્યાસ. યૌગિક મનોવિજ્ઞાન અજાગ્રત મનનો પણ અભ્યાસ કરે છે. દા. ત. કલેશો અને સંસ્કારોનો અભ્યાસ, પરંતુ આ બધાથી વિશેષ તો યૌગિક મનોવિજ્ઞાન ચેતનાના ઊર્ધ્વસ્તરો (super consciousness)નો અભ્યાસ કરે છે. વસ્તુતઃ યૌગિક મનોવિજ્ઞાનનું પ્રધાન ક્ષેત્ર જ આ ચેતનાના ઊર્ધ્વસ્તરોનો અભ્યાસ છે. ધ્યાન, સમાધિ, સમાપત્તિ, સમાધિનાં અનેકવિધ સ્વરૂપો, સંયમ, સંયમનો વિનિયોગ આદિ તત્ત્વોનો અભ્યાસ યોગમાં વિશેષતઃ અને ઊંડાણપૂર્વક થાય છે, જે ચેતનાનો ઊર્ધ્વસ્તરવિષયક અભ્યાસ જ છે.

આધુનિક મનોવિજ્ઞાનને હજુ આ ક્ષેત્રની જાણ પણ નથી.

(૧૫) આધુનિક મનોવિજ્ઞાન વર્તનનો વસ્તુલક્ષી દૃષ્ટિકોણથી વિચાર કરે છે. યૌગિક મનોવિજ્ઞાન માનવીને આત્મલક્ષી દૃષ્ટિકોણથી સમજવા પ્રયત્ન કરે છે. આધુનિક મનોવિજ્ઞાન પોતાની પદ્ધતિમાં આધુનિક વિજ્ઞાનને જ અનુસરે છે. આધુનિક વિજ્ઞાન તો વસ્તુલક્ષી દૃષ્ટિકોણને વરેલું છે. આ જ દૃષ્ટિકોણ આધુનિક મનોવિજ્ઞાનમાં પણ આવેલો છે, પરંતુ યૌગિક મનોવિજ્ઞાનનું સ્વરૂપ અને દૃષ્ટિકોણ જ ભિન્ન છે. તે ભારતીય દર્શન અને વિશેષતઃ સાંખ્યયોગના દર્શનને અનુસરે છે, જે સ્પષ્ટતઃ આત્મલક્ષી દૃષ્ટિકોણ ધરાવે છે, તેથી યૌગિક મનોવિજ્ઞાન પણ આત્મલક્ષી દૃષ્ટિકોણથી વિચારે છે.

(૧૬) સાંખ્યની સર્ગપ્રક્રિયા પ્રમાણે પુરુષ-પ્રકૃતિના સંપર્કથી સર્ગનો પ્રારંભ થાય છે. સર્ગનો ક્રમ વધુ ચેતનથી ઓછા ચેતન પ્રત્યે આગળ વધે છે અને આખરે આ પ્રક્રિયા પાંચ મહાભૂતો સુધી અર્થાત્ સ્થૂળ પદાર્થ સુધી પહોંચે છે. યૌગિક મનોવિજ્ઞાન માનવીની બધી ક્રિયાઓ પાછળ ચેતનપુરુષની હાજરી અનિવાર્ય ગણે છે. ચેતનપુરુષના સાંનિધ્ય વિના જડ પ્રકૃતિ કશું ન કરી શકે.

ડાર્વિનના ઉત્ક્રાંતિવાદને સ્વીકારીને આધુનિક મનોવિજ્ઞાનની જેમ આધુનિક મનોવિજ્ઞાન પણ ઉત્ક્રાંતિક્રમમાં કોઈ ચેતનતત્ત્વનો સ્વીકાર કરતું નથી. એટલે મનોમય લાગતી પ્રક્રિયાઓ પણ આખરે તો પદાર્થમાંથી વિકસીને નિષ્પન્ન થાય છે તેવી આધુનિક મનોવિજ્ઞાનની સમજ છે.

બંનેની સર્ગપ્રક્રિયા અને સ્વરૂપ તદ્દન ઊલટાં છે. યૌગિક મનોવિજ્ઞાન સ્પષ્ટ કહે છે કે સર્ગનો પ્રારંભ ચેતનાના સંપર્ક દ્વારા જ થાય છે અને તેની પછીની પ્રક્રિયા પણ ચેતનાના સતત સાંનિધ્ય દ્વારા જ શક્ય બને છે અને વ્યક્તિના જીવનવિકાસની કૃતાર્થતા પણ આખરે ચેતન(પુરુષ)માં અવસ્થિત થવામાં જ છે.

(૧૭) આધુનિક મનોવિજ્ઞાન શાખા-પ્રશાખામાં વિભક્ત થઈ ગયું છે. તેનો દૃષ્ટિકોણ વિશેષતઃ વિશ્લેષણાત્મક છે. આમ હોવાને કારણે જીવનને સમગ્રતયા વિચારવાની દૃષ્ટિ લગભગ વીસરાઈ ગઈ છે. યૌગિક મનોવિજ્ઞાન જીવનનો સમગ્રતયા વિચાર કરે છે. યૌગિક મનોવિજ્ઞાન જીવનની મૂળભૂત સમસ્યા - અવિદ્યાને પકડે છે અને તેના નિરાકરણ માટે અષ્ટાંગયોગરૂપી સાધનપથ પણ આપે છે.

(૧૮) યૌગિક મનોવિજ્ઞાનને પોતાનું પરામનોવિજ્ઞાન (parapsychology) અને પોતાની ગુહ્યવિદ્યા (occultism) છે. યૌગિક મનોવિજ્ઞાન પાસે આ બંને ક્ષેત્ર વિશે ઘણું ઊંડું અને વિશદ દર્શન છે. 'યોગસૂત્ર'માં એવાં ગહન સત્યો રજૂ થયાં છે, જે શોધવા માટે આધુનિક મનોવિજ્ઞાન હજુ ફાંફાં મારે છે.

(૧૯) આધુનિક મનોવિજ્ઞાનમાં માનસચિકિત્સાનો ઘણો વિકાસ થયો છે. યૌગિક મનોવિજ્ઞાન પાસે પોતાનું કોઈ માનસચિકિત્સાશાસ્ત્ર નથી, પરંતુ યૌગિક મનોવિજ્ઞાન પાસે એવી ઘણી ક્ષમતા છે કે તેના આધારે યૌગિક માનસચિકિત્સા વિકસી શકે તેમ છે. યૌગિક મનોવિજ્ઞાન પાસે યૌગિક માનસચિકિત્સાની ઘણી મૂલ્યવાન ભૂમિકા તૈયાર છે, જેને આધારે યૌગિક માનસચિકિત્સાનું એક ભવન નિર્મિત થઈ શકે તેમ છે. યોગમાં અનેક એવી ક્રિયાઓ પણ છે, તેમનો ઉપયોગ માનસચિકિત્સા માટે પણ થઈ શકે તેમ છે.

યોગ મૂલતઃ અધ્યાત્મવિદ્યા છે, પરંતુ તેને પોતાનું ગહન અને સમૃદ્ધ મનોવિજ્ઞાન પણ છે. તે જ રીતે તે જ પાયાના આધારે યૌગિક માનસચિકિત્સાનો વિકાસ પણ કરી શકાય તેમ છે. યોગ વિશેષતઃ સામાન્યથી અતિસામાન્ય (normal to supernormal)નો પથ આપે છે, પરંતુ હવે આપણે તેનો ઉપયોગ વિકૃતથી સામાન્ય (abnormal to normal) થવા માટે પણ કરી શકીએ તેમ છીએ.

(૨૦) આધુનિક મનોવિજ્ઞાનની જેમ યૌગિક મનોવિજ્ઞાન પણ માનવ વ્યક્તિત્વના બંધારણનું સ્વરૂપ છે. યૌગિક મનોવિજ્ઞાન વ્યક્તિત્વનું જે બંધારણ દર્શાવે છે તે વ્યક્તિત્વ આત્મકેન્દ્રી વ્યક્તિત્વ છે. આત્માની આજુબાજુ સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ શરીર છે, અર્થાત્ પંચકોશ છે. મન, બુદ્ધિ, ચિત્ત, અહંકાર, પ્રાણતત્ત્વ, જાગ્રત મન, અજાગ્રત મન, ઊર્ધ્વ મન - આ બધાં તત્ત્વો વ્યક્તિત્વના પરિઘમાં છે. વ્યક્તિત્વના કેન્દ્રમાં બેઠું છે મહાચૈતન્ય અર્થાત્ આત્મા.

૧૨. **ઉપસંહાર**: આધુનિક મનોવિજ્ઞાન અને યૌગિક મનોવિજ્ઞાનના સ્વરૂપમાં ઘણી ભિન્નતા છે. આમ છતાં બંને વચ્ચે ઉમદા તત્ત્વોનો વિનિમય શક્ય છે, જ્યાં જે સત્ય છે, જ્યાં જે સારું છે તેનો સ્વીકાર કરવામાં અને તેનો ઉપયોગ કરવામાં જ ડહાપણ છે.

આધુનિક મનોવિજ્ઞાનમાં પણ ઘણું મૂલ્યવાન સંશોધન થયું છે. અજાગ્રત મન, ગ્રંથિઓ, વૈફલ્ય, મનોરોગવિજ્ઞાન (Abnormal psychology) માનસચિકિત્સા વિજ્ઞાન, (Clinical psychology), મનોમાપન પદ્ધતિઓ - આ અને આવા અનેક વિષયોમાં આધુનિક મનોવિજ્ઞાને ઘણું મૂલ્યવાન સંશોધન કર્યું છે. યૌગિક મનોવિજ્ઞાન પોતાની સમૃદ્ધિ માટે આધુનિક મનોવિજ્ઞાનનાં આ મૂલ્યવાન તત્ત્વોનો સદુપયોગ જરૂર કરી શકે. યૌગિક માનસચિકિત્સાની સંરચના માટે પણ આપણે આધુનિક મનોવિજ્ઞાનનાં સંશોધનોનો ઉપયોગ અવશ્ય કરશું.

જ્યાં જે શુભ છે, જ્યાં જે સત્ય છે તે અમારું છે, તેને અમે મસ્તક પર ચઢાવીએ છીએ. ■

## ટૂંકી વાર્તા (નવમા પાનાનું ચાલુ)

આવશે.''

''તંયે તો કરશનિયા આંકડે મધ અને ઈ યે પાછું માખિયું વન્યાનું...'' માનસિંહે કરશનની સામે આંખ મારતા કહ્યુંઃ ''કાલની સવારે આ બિલ્લી મારીને આવું પછી તો તનેય રાજી કરીશ.''

''બાપુ રતનીએય પૈસા ઠેરાવ્યા છે હોં...'' કરશને કહ્યુંઃ ''અને એ પણ રાત પહેલાં.''

''કેટલો?'' માનસિંહે પૂછ્યું.

''આખી રાત રોકાણ કરશે.'' કરશને કહ્યુંઃ ''ઈણે તો એક લાખ કીધાં છે.''

''એટલાં બધાં હોય બળદિયા.'' માનસિંહ અકળાયો. પણ કરશન ઝીણી આંખે બોલ્યોઃ ''બાપુ ઈ કાચી કુંવારી છોકરી છે, ઈ તો વૈચાર કરો. ન્યાલ થઈ જાશો બાપુ. તમારે ક્યાં રૂપિયાની તાણ છે?''

''હા, કરશનિયા-'' માનસિંહ નશામાં હોય એમ બોલ્યોઃ ''ઈ રૂપને માણવા હારું તો દોઢ લાખેય મોંઘા નહીં પડે. લઈ જા તું તારે લાખ. પણ આજની રાત ઈ છટકવી ના જોઈએ.''

''નહી છટકે બાપુ.'' કહી કરશન માનસિંહે આપેલાં લાખ રૂપિયા લઈને ગયો. રાત્રે નવ વાગ્યે જૂની હવેલીએ જવાનું હતું. આ કરશન ત્યાં વ્યવસ્થા કરવા જૂની હવેલીની ચાવી લઈ ગયો હતો!

રાતના નવ વાગ્યા સુધી માનસિંહ ઘડિયાળની આસપાસ ફરતો રહ્યો. ગામડા ગામમાં સાવ સોપો પડી ગયો હતો. અરધી રાત જેવું સૂનકાર હતું. ત્યારે માનસિંહ કાળી કામળી ઓઢીને જૂની હવેલીએ જવા નીકળ્યો. એક સાથે બે ફર્લાંગ ભરતો જૂની હવેલીએ પહોંચ્યો ત્યારે હવેલીમાં ઉપરના કમરામાં લાઈટ ચાલુ હતી. કરશન ઓસરીના જેરે જ બેઠો હતો. એ ધીમા અવાજે બોલ્યોઃ ''બહુ મોડા બાપુ, ઓલી રતની તો ક્યારની આવી ગઈ છે. જાવ જલદી.''

''તું આંય પહાયતો થૈને ખોડાઈ રે જે. પાછો.'' માનસિંહે કહ્યુંઃ ''કોઈ આવે તો સંજ્ઞા કરજે.''

''તમે ચિંતા વિના ફતેહ કરો.'' કરશને કહ્યુંઃ ''જાવ મોજ કરો બાપુ.''

માનસિંહ એક સાથે બે પગથિયા ચઢતો જૂની હવેલીના ત્રીજા માળે પહોંચ્યો. ત્યાં જ કરશન ને એક રાડ સંભળાઈ. એ રાડ માનસિંહની હતી.

''હરામખોર!'' એ શબ્દો સાથે માનસિંહના ગાલ પર જોરથી વિંઝાયેલી એક થપ્પડથી પછડાઈ ગયેલાં માનસિંહે એની સામે ઊભેલા ઓળા તરફ જોયું તો એ જીતો હતો. માનસિંહ ગભરાઈ ગયો. જીતાની આંખોમાંથી અંગારા વરસતા હતાંઃ ''પાપિયા, આજ તું મર્યો મારા હાથે.''

''ના... જીતા...'' પાછળના બારણેથી બુકાની છોડતા કટલો બહાર આવ્યોઃ ''આ નરાધમને તો હું પૂરો કરીશ.''

''કટલા તું?'' માનસિંહ બોલ્યોઃ ''મારા ભેરુબંધ. ભાઈબંધ ઊઠીને તું?''

''ચૂપ કર નરાધમ.'' કટલો બોલ્યોઃ ''ભાઈબંધ શબ્દ તારા મોઢે શોભતો નથી. ભાઈબંધની બહેન એ તો આપણી બહેન. તેં મારી મા જણી બહેન નિરુને બરબાદ કરી. ને એને કૂવો પૂરવાનો વારો આવ્યો એ એણે મને મરતાં પહેલાં કીધું હતું.''

''જીતો એ તો દશમન ને કટલો તો ભાઈબંધ અરે, હું તો તારો રાત દાડાનો સેવક.'' કરશન પણ હાથમાં કટારી લઈને દાખલ થયોઃ ''આ રાક્ષસે મારી સગ્ગી ફોઈને લૂંટીને વેશ્યાવાડે પહોંચાડી દીધી.''


''કરશનિયા તું હાળા ખૂટલ!'' માનસિંહ કરશનને મારવા દોડ્યો પણ જીતાએ એના પગમાં હોકી ફટકારી એટલે ગોથું ખાઈ ગયો. લોહી નીંગળતા પગે કણસતો માનસિંહ ફરસ પર આળોટતો હતો.

''ખરો ખૂટલ તો તું છો નરાધમ. એક ઘર તો ડાકણેય છોડે છે તું તો એમાંથીય ગ્યો.'' કરશન બોલ્યોઃ ''દીકરી તો વણકરની હોય કે બામણની, આબરૂ બધાયની સરખી નરાધમ, તને તો આંય પૂરો કરવો હતો એટલે હું તારી ભેળો રહ્યો, તારા અપમાન સહ્યા. મારો રામ મને નહીં છોડે કે તારા કેટલાંય પાપમાં હુંય તારો ભાગી થયો. પણ હવે તને ઠામ પહોંચાડી પછી આ તારા લાખ રૂપિયાથી તારી ખાંભી ચણાવીશ.''

-ને માનસિંહે દોટ મૂકી. છેક હવેલીની એક તરફ આવેલી ખુલ્લી બારીના વાદળી કાચ તોડીને એ દોડતો હવેલીના એ ત્રીજા માળે ખુલ્લી બારીમાંથી નીચે કૂદયો. એના પટકાયેલાં શરીરમાં પ્રાણ નહોતો રહ્યો. પછી બે ચાર પળોમાં હવેલીની બત્તીઓ બુઝાઈ ગઈ!!

અને ત્રણ માનવ ઓળાઓ ગામ તરફ વહેતા થયા. ■



feedback@bombaysamachar.com

કવર સ્ટોરી

કે. પી. સિંહ

# પ્રાણીઓ પાસે છે ગરમી સામે રક્ષણ માટે પોતાનું મેકેનિઝમ

જ્યારે આકાશમાંથી આગ વરસે છે, ત્યારે માત્ર માણસો જ નહીં, પ્રાણીઓ પણ બેચેન થઈ જાય છે, પરંતુ માણસોની જેમ, તેમની પાસે પણ ગરમીથી બચવાનો પોતાનો રસ્તો છે. આ વાત ખાસ કરીને જંગલી પ્રાણીઓને લાગુ પડે છે, પરંતુ જે વન્ય પ્રાણીઓની વનવિભાગ દ્વારા દેખરેખ રાખવામાં આવે છે અથવા નિયંત્રિત જંગલ વિસ્તારોમાં રાખવામાં આવે છે, તેમને ગરમીથી બચાવવા માટે વન વિભાગ દ્વારા વિવિધ પગલાં લેવાય છે.

- ઉનાળામાં, વ્યવસ્થાપિત વન વિસ્તારનાં તમામ તળાવો અને ખાડાઓને પાણીથી ભરી દેવાય છે. ખાસ કરીને મે અને જૂન મહિનામાં અભયારણ્યમાં વન્ય પ્રાણીઓ માટે માત્ર પીવા માટે જ નહીં ગરમીથી બચાવવા માટે પણ પાણીની વ્યવસ્થા કરવામાં આવે છે.

- જે પ્રાણીઓને પાંજરામાં રાખવામાં છે, આ દિવસોમાં

તેમને ઠંડક આપવા માટે પડદા લગાવવામાં આવે છે, જેથી બહારની ગરમી અંદર ન જાય, અને કુલર વગેરેની પણ વ્યવસ્થા કરવામાં આવે છે. જે પ્રાણીઓને જાળીની અંદર રાખવામાં આવે છે, તેમની જાળીને સૂર્યથી રક્ષણ આપવા માટે લીલા રંગથી રંગવાનો પ્રયાસ કરવામાં આવે છે.

- આ દિવસોમાં, પ્રાણી સંગ્રહાલય અને અન્ય પ્રાણી ઉદ્યાનોને ઘાસ અને લીલા પાંદડાઓથી ઢંકાયેલા રાખવામાં આવે છે, જેથી પ્રાણીઓ તેમની નીચે રહી શકે. પ્રાણીઓને આજુબાજુના વાતાવરણમાં કાળઝાળ ગરમીનો સામનો ન કરવો પડે તે માટે સાંજ અને સવારના સમયે જમીન અને ઝાડ-છોડ પર પાણીનો છંટકાવ કરવામાં આવે છે અને પાંજરાની અંદર પાણીના નાના-નાના તળાવ બનાવવામાં આવે છે જેથી પ્રાણીઓ તેમની ગરમી દૂર કરી શકે.

આ તો એવાં પ્રાણીઓની વાત થઈ, જેને મનુષ્ય પ્રાણી સંગ્રહાલયમાં અથવા વન્યજીવ અભયારણ્યમાં રાખે છે.

પરંતુ જે પ્રાણીઓ જંગલમાં પોતાની રીતે રહે છે તેમની પાસે પણ ગરમીથી બચવાની પોતાની રીત છે. ઉદાહરણ તરીકે, ભારતના મોટાભાગના ભાગોમાં, મે અને જૂન મહિનામાં, જ્યારે સૂર્યનાં કિરણો ખૂબ જ તીવ્ર હોય છે અને દિવસના ઘણા કલાકો સુધી આકાશમાંથી આગ વરસે છે, ત્યારે મોટાભાગનાં પક્ષીઓ ઊંચા અને ગીચ પાંદડાવાળા ઝાડમાં આશ્રય લે છે. ઉનાળા દરમિયાન, ખાસ કરીને બપોરના સમયે, મોટાભાગનાં પક્ષીઓ આવાં વૃક્ષોના પાંદડાઓમાં સંતાઈ જાય છે, જેના પાંદડા આ ઋતુમાં પણ લીલા હોય છે અને ગાઢ છાંયો આપે છે, પરંતુ આ સમયગાળા દરમિયાન પક્ષીઓને શિકારીઓથી ખતરો હોય છે, તેથી મોટાભાગે તેઓ ઊંચા વૃક્ષોની ટોચ પર જ સંતાવાનું જોખમ લે છે.

કેટલાંક પ્રાણીઓ અત્યંત ગરમ હવામાનમાં જમીનની અંદર જતા રહે છે અને ભૂગર્ભમાં જઈને પોતાને ગરમીથી બચાવે છે. ભારતમાં ઉનાળાની ઋતુ દરમિયાન, રીંછ, ખિસકોલી અને રેકૂન્સ જેવા વન્યજીવો શિકારનું જોખમ ઘટાડવા માટે કેટલીકવાર એક જ જગ્યાએ અને એક જ મુદ્રામાં કેટલાંક કલાકો વૃક્ષોમાં સંતાઈ જાય છે. ભારતમાં ખાસ કરીને ઉનાળાની ઋતુમાં, બહુ ઓછાં પક્ષીઓ પ્રજનન કરે છે, તેની પાછળનું એક કારણ ગરમીથી પોતાને બચાવવાની રીત છે. સિંહ જેવાં પ્રાણીઓ, જેને અન્ય પ્રાણીઓથી ખતરો નથી, તે ઉનાળામાં મોટા ઘટાદાર વૃક્ષો નીચે બેસે છે. ઘણાં પ્રાણીઓ કાદવમાં ડૂબીને ગરમીથી પોતાને બચાવે છે, જ્યારે ઘણાં પ્રાણીઓ ઉનાળામાં વધુ પડતા હાંફીને તેમના શરીરનું તાપમાન નિયંત્રિત કરે છે, જેમાં કૂતરા સૌથી આગળ છે. ભારે ઉનાળા દરમિયાન હાથી તેમના કાન ફફડાવતા હોય છે, જે તેમને માત્ર ઠંડક અનુભવવામાં મદદ કરે છે, અને તેમના કાનમાંથી લોહી વહેતું બંધ થાય છે.

જે લોકો પક્ષીઓને ઘરમાં પાળે છે કે પ્રાણી સંગ્રહાલય, જ્યાં પક્ષીઓને રહેવાની જગ્યા હોય ત્યાં ઉનાળામાં પાણીનાં નાનાં-નાનાં તળાવો બનાવવામાં આવે છે, જેના કારણે પક્ષીઓ તેમાં સ્નાન કરે છે અને પાણીમાં મસ્તી કરે છે. એટલું જ નહીં, આ દિવસોમાં પ્રાણીઓ પણ તેમના આહારને ઉનાળાની મૌસમને અનુકૂળ બનાવે છે. ઉદાહરણ તરીકે, ઘણા પ્રાણીઓ આ દિવસોમાં ઇંડા ખાવાનું બંધ કરે છે અને કાકડી, પાંદડાવાળા શાકભાજી ખાવા લાગે, જે સ્પષ્ટપણે દર્શાવે છે કે કુદરત તેમને પોતાને ગરમીથી બચાવવાની રીતો શીખવે છે.

ખિસકોલીઓ, કૂતરા, બિલાડીઓ પોતાને ભારે ગરમીથી બચાવવા માટે પોતાની મુદ્રાને વાળી લે છે, જેના કારણે તેમનું શરીર વધારે ગરમ થતું નથી, આ દિવસોમાં ઘણા પ્રાણીઓ કાદવમાં ડૂબી જાય છે, જેના કારણે તેમના શરીરનું તાપમાન ઘટે છે. આ રીતે માનવીની જેમ પ્રાણીઓ પણ ગરમીથી બચવા વિવિધ ઉપાયો કરે છે. ■

feedback@bombaysamachar.com

તંદુરસ્તી-મનદુરસ્તી

ભાણદેવ

યોગ મટાડે મનના રોગ

# યૌગિક મનોવિજ્ઞાન પ્રમાણે જેનાથી જીવનમાં અનેકવિધ દુઃખો ઉત્પન્ન થાય છે તે ક્લેશ છે

(ગતાંકથી ચાલુ)

**(૪) અષ્ટાંગયોગ :**

યમની સમાધિ સુધીનો અષ્ટાંગયોગ ક્લેશમુક્તિનો રાજમાર્ગ છે. વસ્તુતઃ અષ્ટાંગયોગનો હેતુ કૈવલ્યપ્રાપ્તિ જ છે, પરંતુ તેના અભ્યાસથી ક્લેશોમાંથી મુક્તિ પણ મળે જ છે. સમાધિના અભ્યાસથી સાધકને ક્લેશોમાંથી લગભગ મુક્તિ મળે છે, છતાં અવિદ્યાક્લેશોમાંથી આત્યંતિક મુક્તિ તો કૈવલ્યપ્રાપ્તિ દ્વારા જ મળે છે.

અષ્ટાંગયોગનો વિચાર આપણે કર્યો છે તેથી અહીં માત્ર ઉલ્લેખ જ કર્યો છે.

**(૫) યોગનો ચતુર્વ્યૂહ :**

કોઈ પણ ચિકિત્સક રોગનિવારણ માટે ચિકિત્સાશાસ્ત્ર પ્રમાણે ચાર બાબતોનો વિચાર કરે છે : (i) રોગનું સ્વરૂપ, (ii) રોગનું કારણ, (iii) રોગનિવારણનું સ્વરૂપ, (iv) રોગનિવારણનો ઉપાય.

તે જ રીતે ભગવાન પતંજલિ ક્લેશમુક્તિ માટે યોગનો ચતુર્વ્યૂહ આપે છે.

(i) **હેયમ્ :** हेयं दु:खमनागतम् ।

- यो.सू. : २-१६

"હજુ સુધી ન આવેલું (ભવિષ્યમાં આવનારું) દુઃખ ટાળવા યોગ્ય છે."

(ii) **હેયહેતુ :** द्रष्टृदृश्ययो: संयोगो हेयहेतु:।

- यो.सू. : २-१७

"દ્રષ્ટા (પુરુષ) અને દૃશ્ય(પ્રકૃતિ)નો સંયોગ દુઃખનું કારણ છે."

तस्य हेतुरविद्या। - यो.सू. : २-२४

"તે સંયોગનું કારણ અવિદ્યા છે."

(iii) **હાનમ્ :** तदभावात् संयोगाभावो हानं तद्दृशे: कैवल्यम् । - यो.सू. : २-२५

"તેના (અવિદ્યાના) અભાવથી સંયોગનો અભાવ થાય છે, તે હાન છે. તે જ કૈવલ્ય છે."

(iv) **હાનોપાય :** विवेकरव्यातिरविप्लवा हानोपाय: । - यो.सू. : २-२५

"કદી વિચલિત ન થાય તેવી વિવેકખ્યાતિ (પુરુષ-પ્રકૃતિ-વિવેક) હાનનો ઉપાય છે."

આમ યોગના ચતુર્વ્યૂહ પ્રમાણે સર્વ દુઃખો અને તેમના કારણરૂપ ક્લેશોનું મૂળભૂત કારણ અવિદ્યા છે અને વિવેક તે અવિદ્યાના નિવારણનો ઉપાય છે.

**૧૦. યોગમાં વિઘ્નો અને નિવારણના ઉપાયો:**

ભગવાન પતંજલિ નવ વિઘ્નોને યોગમાં બાધારૂપ ગણાવે છે. આ નવ વિઘ્નો આ પ્રમાણે છે - વ્યાધિ (ધાતુવૈષમ્ય), સ્ત્યાન (અકર્મણ્યતા),સંશય (સાધ્ય અને સાધનપથ વિશે શંકા), પ્રમાદ (સાધન કરવામાં ભૂલ કરવી), આલસ્ય (શારીરિક જડતા), અવિરતિ (વિષયોમાં આસક્તિ), ભ્રાન્તિદર્શન (ભ્રમજન્ય દર્શન), અલબ્ધ ભૂમિકત્વ (આધ્યાત્મિક અવસ્થાની પ્રાપ્તિ ન થવી), અનવસ્થિતિ (પ્રાપ્ત થયેલ આધ્યાત્મિક ભૂમિકામાં ટકી ન રહેવું).



દુઃખ, દૌર્મનસ્ય (દુઃખમાંથી આવતી ઉદાસીનતા), અંગમેજપત્વ (શારીરિક કંપ), શ્વાસ અને પ્રશ્વાસની કઠિનતા - આ પાંચ વિઘ્નો સાથે આવતા અન્ય અંતરાયો છે.

ઉપરોક્ત વિઘ્નોમાંથી મુક્ત થવા માટે ચિત્તનું પ્રસાદન થવું જરૂરી છે. ભગવાન પતંજલિ ચિત્ત-પ્રસાદનના ઉપાયો નીચે પ્રમાણે બતાવે છે :

૧. કોઈપણ એક તત્ત્વનો નિષ્ઠાપૂર્વક અભ્યાસ.

૨. સુખ, દુઃખ, પુણ્ય અને પાપ પ્રત્યે અનુક્રમે મૈત્રી, કરુણા, મુદિતા અને ઉપેક્ષાની ભાવના રાખવી.

૩. રેચક અને બાહ્ય કુંભકનો અભ્યાસ કરવો.

૪. આંતરજગતમાં કોઈ અનુભવનું પ્રાગટ્ય થવું.

૫. જ્યોતિનું દર્શન થવું.

૬. વીતરાગ પુરુષમાં ચિત્તનું જોડાણ થવું.

૭. સ્વપ્ન કે નિદ્રામાં મળેલ જ્ઞાનનું આલંબન કરવું.

૮. અભિમત તત્ત્વનું ધ્યાન કરવું.

**૧૧. યૌગિક મનોવિજ્ઞાનની વિલક્ષણતા :**

આધુનિક મનોવિજ્ઞાનની તુલનામાં યૌગિક મનોવિજ્ઞાન ઘણું વિલક્ષણ છે - ઘણું ભિન્ન છે. યૌગિક મનોવિજ્ઞાનની પ્રધાન વિલક્ષણતાઓ નીચે પ્રમાણે છે :

(૧) યૌગિક મનોવિજ્ઞાન 'ચૈતન્ય'નો સ્પષ્ટ સ્વીકાર કરે છે. ચૈતન્યને જ આત્મા, પુરુષ કે દ્રષ્ટા પણ કહે છે. યૌગિક મનોવિજ્ઞાન માત્ર ચૈતન્યનો સ્વીકાર જ કરે છે એમ નથી, પરંતુ ચૈતન્યને જ વ્યક્તિનું યથાર્થ સ્વરૂપ ગણે છે. શરીર, પ્રાણ, ચિત્ત, આદિ તો ચૈતન્યનાં કારણો છે. ચૈતન્ય જ વ્યક્તિનું યથાર્થ કે કેન્દ્રસ્થ સ્વરૂપ છે. વ્યક્તિના વ્યક્તિત્વનો સારભાગ કે પ્રધાન તત્ત્વ તે ચૈતન્ય જ છે. આ ચૈતન્ય છે તો વ્યક્તિ છે અને તેના વિના વ્યક્તિની વ્યક્તિમત્તા જ શક્ય નથી.

ચૈતન્ય કે આત્મા સચેતન, સજ્ઞાન, શાશ્વત, અસંગ છે. ચૈતન્ય તેના મૂળ સ્વરૂપે દ્રષ્ટા છે અને પ્રકૃતિના સંસર્ગને પરિણામે ભોક્તા ગણાય છે.

આ ચૈતન્ય કે આત્માનો ભોગ અને તેની મુક્તિ તે જ પ્રકૃતિનો હેતુ છે.

(૨) યૌગિક મનોવિજ્ઞાન 'ચિત્ત'-તત્ત્વનો સ્પષ્ટ સ્વીકાર કરે છે.

આધુનિક મનોવિજ્ઞાનની કોઈ શાખામાં શરીરથી અતિરિક્ત તેવા મન-તત્ત્વનો સ્વીકાર થયો નથી. યૌગિક મનોવિજ્ઞાન શરીરથી અતિરિક્ત તેવા 'ચિત્ત'-તત્ત્વનો સ્પષ્ટ સ્વીકાર કરે છે. આ ચિત્ત પ્રકૃતિનું જ તત્ત્વ છે. પરંતુ ચૈતન્યના સંપર્કથી ચેતનવંતું બનેલું છે, તેથી ચિત્ત કહેવાય છે. શરીરનો નાશ થાય તો પણ ચિત્ત ટકી રહે છે. ચિત્ત સૂક્ષ્મ શરીરનો ભાગ છે અને જન્મજન્મની યાત્રા દરમિયાન ચિત્ત-તત્ત્વ આત્માની સાથે રહે છે. વ્યક્તિએ કરેલાં કર્મોના સંસ્કારો ચિત્તમાં સંગ્રહિત થાય છે અને ચિત્ત તેને પુનર્જન્મ વખતે સાથે લઈ જાય છે.

(૩) સૂક્ષ્મ અને કારણશરીરનો યૌગિક મનોવિજ્ઞાનમાં સ્પષ્ટ સ્વીકાર છે.

પાંચ જ્ઞાનેન્દ્રિયો, પાંચ કર્મેન્દ્રિયો, પાંચ પ્રાણ, મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર - આ ઓગણીસ તત્ત્વો મળીને સૂક્ષ્મ શરીર બને છે. સૂક્ષ્મ શરીરને લિંગ શરીર પણ કહે છે.

પાંચ કોશની દૃષ્ટિએ જોઈએ તો સૂક્ષ્મ શરીરમાં ત્રણ કોશનો સમાવેશ થયેલો છે. - પ્રાણમય કોશ, મનોમય કોશ અને વિજ્ઞાનમય કોશ. આ ત્રણે કોશ મળીને સૂક્ષ્મ શરીર બનેલું છે. પાંચ પ્રાણ અને પાંચ કર્મેન્દ્રિયો મળીને પ્રાણમય કોશ બનેલો છે. પાંચ જ્ઞાનેન્દ્રિયો અને મન મળીને મનોમય કોશ બનેલો છે. પાંચ જ્ઞાનેન્દ્રિયો અને બુદ્ધિ મળીને વિજ્ઞાનમય કોશ બનેલો છે. વિજ્ઞાનમય કોશના અધિષ્ઠાતા વિજ્ઞાનમય પુરુષને વ્યવહારિક 'જીવન' કહેવામાં આવે છે.

કારણ શરીર અજ્ઞાન સ્વરૂપ છે. સ્થૂળ અને સૂક્ષ્મ શરીરની ઉત્પત્તિનું કારણ, બીજરૂપ અજ્ઞાન સ્વરૂપ કારણ શરીર છે. કારણશરીરને આનંદમય કોશ પણ કહેવામાં આવે છે.

સ્થૂળ શરીરનો નાશ થાય છતાં સૂક્ષ્મ અને કારણ શરીર ટકી રહે છે અને તેઓ આત્માની જન્મજન્માંતરની યાત્રા દરમિયાન તેની સાથે રહે છે. કૈવલ્યપ્રાપ્તિ વખતે અજ્ઞાનરૂપી કારણ શરીરનો નાશ થવાથી સૂક્ષ્મ શરીરનું પણ વિસર્જન થાય છે.

(૪) યૌગિક મનોવિજ્ઞાનમાં પ્રાણતત્ત્વને વિશેષ મહત્ત્વ આપવામાં આવે છે. પ્રાણાયામ કોશ એક કોશ છે, જે અન્નમય કોશથી સૂક્ષ્મ છે, પરંતુ મનોમય કોશથી સ્થૂળ કે બહિરંગ છે. પ્રાણ વસ્તુતઃ ચિત્ત અને શરીરને જોડનારી વચલી કડી છે. યોગ - ખાસ કરીને હઠયોગ વિશેષતઃ પ્રાણમય શરીરની સાધના છે. યોગવિજ્ઞાન પ્રમાણે શરીર અને ચિત્ત બંનેને જીવનશક્તિ પ્રદાન કરનાર તત્ત્વ પ્રાણ છે. તેથી જો પ્રાણમય શરીરમાં પરિવર્તન થાય તો તેને પરિણામે સ્મૂળ શરીર અને ચિત્ત બંનેમાં પરિવર્તન આવે છે, તેથી આર્ષદષ્ટા યોગીઓએ વચલી કડીરૂપ પ્રાણને પકડેલ છે.

(જુઓ પાનું ૬) ▸▸

feedback@bombaysamachar.com

આહારથી આરોગ્ય સુધી

ડૉ. હર્ષા છાડવા



# માનસિક સ્વાસ્થ્યને સુદૃઢ બનાવતી વનસ્પતિઓ

પ્રાચીન સમય કે એકવીસમી સદીમાં વધતી જતી સ્વાસ્થ્ય સમસ્યાઓમાં માનસિક બીમારી પ્રમુખ છે. માનસિક સ્વાસ્થ્ય અને માનસિક બીમારી અસ્પષ્ટ રીતે જોડાયેલા છે. માનસિક બીમારીનો એ અર્થ નથી કે કોઈ વ્યક્તિ પાગલ છે. માનસિક રોગ અથવા ડિસઓર્ડર વિશે આપણા સમાજની ધારણા બદલવી જોઈએ. લોકો હજુ પણ માનસિક બીમારીને સ્વીકારવામાં અચકાય છે કે શરમ અનુભવે છે. માનસિક સ્વાસ્થ્ય અને માનસિક બીમારી એકબીજાને બદલી શકાય તેમ નથી.

વિશ્વભરમાં બસો મિલિયનથી પણ વધુ લોકો માનસિક બીમારીથી પીડાય છે. આમાં બધા જ વર્ગના લોકો શામિલ છે. માનસિક સ્વાસ્થ્યના ઊંચાં જોખમો હોય છે જે સમાજ અને દેશના વિકાસ પર નકારાત્મક અસર ઉપજાવે છે. સામાજિક કે દેશના કૌશલ્યોનો વિકાસ પર ઊંડી અસર પડે છે. શારીરિક અને ભાવનાત્મક રીતે સ્વસ્થ્ય રહેવું એ જીવનના અને દેશના તમામ પાસાઓની સફળતાની ચાવી છે. શારીરિક રીતે સ્વસ્થ્ય રહેવા અનેક ઉપચારો થાય છે તેમ જ માનસિક રીતે સ્વસ્થ રહેવા માટે પણ ઉપચારો પર ધ્યાન આપવું જરૂરી છે. માનસિક અને શારીરિક સ્વાસ્થ્યને એકબીજાથી અલગ કરી શકાય નહીં. મન એ શરીરના સૌથી શક્તિશાળી અંગોમાંનું એક છે જે શરીરના તમામ અવયવોની કામગીરીનું નિયમન કરે છે. માનસિક સ્વાસ્થ્ય સ્પષ્ટ રીતે વિચારવાની આપણી ક્ષમતા સુધારે છે. કિશોરવયમાં માનસિક સમસ્યાઓના ઊંચાં જોખમમાં હોય છે જે તરુણોમાં વિવિધ ભાવનાત્મક રીતે બગડવું જે સામાજિક વિકાસને તેમ જ પોતાના વિકાસ બગાડી નાખે છે. તેઓ આત્મવિશ્વાસ અને સ્વતંત્રતા ગુમાવે છે. માનસિક બીમારી થવાના ઘણાં કારણોનું તારણ થયું છે જેમાં આનુવાંશિક, બાયોકેમિકલ અસંતુલન, આઘાત, સામાજિક કે આર્થિક પરિસ્થિતિ, દુર્વ્યવહારનો ભોગ બનવું, સતત તાણ અનુભવવી, નબળું સ્વાસ્થ્ય, કેમિકલો અને પોષણ વગરનો આહાર, એકલાપણું, સામાજિક કે કૌટુંબિક અવસરોથી દૂરી બનાવવી જેવાં કારણો છે. ખાવામાં શાકરનો વધુ પડતો ઉપયોગ માનસિક રોગો માટે જવાબદાર છે.

માનસિક સ્વાસ્થ્યને મજબૂત બનાવવા શુદ્ધ સાત્વિક ખોરાક સાથે બહુમૂલ્ય ઔષધિ આપણી પાસે ઉપલબ્ધ છે જે કુદરતના વરદાન સ્વરૂપ છે. આનો ઉપયોગ વ્યક્તિની જરૂરિયાત અને ગુણધર્મો ચકાસી કરવો જોઈએ.

બ્રાહ્મી- આ જાણીતું ઔષધ બ્રેન બુસ્ટર છે. બુદ્ધિવર્ધક, પિત્ત નાશક તેમ જ શરીરના વિષને નાબૂદ કરે છે. સ્મૃતિ ધ્યાન અને મનની ક્ષમતામાં સુધારો કરે છે. બાળકોની સ્મરણશક્તિ મજબૂત બનાવે છે. ડાયાબિટીસવાળા રોગી અને હૃદયના રોગીને ડર અને માનસિક અવસાદથી મુક્ત કરે છે. એન્ટી ઓક્સિડેન્ટ, એન્ટી ઈન્ફલમેટરી, એન્ટી ડાયાબેટીક ગુણો આમાં છે. બ્રાહ્મી ડેન્ડાઈટ્સની લંબાઈ અને શાખાઓ વધારી મસ્તિષ્કના કાર્યને ઊર્જા આપે છે. બધે જ ઉપલબ્ધ છે. કૂંડામાં સરળતાથી વાવી શકાય છે. આનો તાજો રસ બહુજ ફાયદાકારક છે. બજારમાં આનું ચૂર્ણ સરળતાથી ઉપલબ્ધ છે. એક ચમચી ચૂર્ણ પાણી લેવું જોઈએ. બાળકોને આનો તાજો રસ આપવો જોઈએ જેથી પહેલથી તે માનસિક રીતે મજબૂત બને. આની કોઈ પણ આડઅસર નથી. બજારમાં મળતી દવા કે ગોળીમાં કેમિકલ હોઈ શકે. આની ચટણી બનાવી લઈ શકાય જેથી બધા જ સદસ્ય માનસિક રીતે મજબૂત બને.

માલ-કંગની- આને જ્યોતિષ્યમી પણ કહેવાય. પીળા ફળવાળી વિશાલ આરોકીજાડી ભારતના સમસ્ત પહાડીના સ્થાનમાં ઉપલબ્ધ છે. આની લતા લગભગ દસ મીટર લાંબી અને જાડીદાર છે. આની સુગંધ મનને પ્રસન્ન કરે. આનું તેલ પણ ઉપલબ્ધ છે. પાન, મૂળ અને ફળનો ઉપયોગ ચૂર્ણ બનાવવા થાય છે. મસ્તિષ્કના રોગોનો નાશ કરે છે. માથાના સોજામાં આનો લેપ ખૂબ જ ઉપયોગી છે. આંખની રોશની તેમ જ ચમક વધારે છે. જે મહિલાઓ માસિક ધર્મની તકલીફમાં માનસિક રીતે પીડાય છે તેની માટે ઉપયોગી છે. આનો કાઢો બનાવી લઈ શકાય છે. આ દરેક રાજ્યોમાં મળે છે. ઘણાં બધાં આનાં નામો છે.

જટા માંસી- આ સહપુષ્પી પ્લાન્ટ છે. તીખી સુગંધ વાળો છે. આની ઘણી બધી જટાઓ છે. તેથી જટા માંસી કહેવાય છે. આના ગુણો ખૂબ જ ઊંચાં છે. આ પાગલપન, ઉન્માદ અપસ્માર કે વાઈ અને અવસાદ માટે ખૂબ જ લાભકારી છે. તેલ પણ મળે છે, ધૂપ પણ મળે છે. બીજી ઘણી બીમારી જેવી કે કફ, ખાંસી, નાક-કાનમાંથી લોહી આવવું, ત્વચા, જલન, સંધિવાત જેવી બીમારીમાં પણ ઉપયોગી છે. ત્વચાના રોગથી પીડાતા લોકો માનસિક રીતે નબળા હોય છે તેની માટે આ ઉપયોગી છે. આનું તેલ અવસાદ (ડિપ્રેશન)માં ઉપયોગી છે. નિયમિત માથામાં લગાડી શકાય છે. ના ચૂર્ણ સરળતાથી મળે છે. ભાગદોડભરી જિંદગીમાં માથાનો દુઃખાવો રહેતો હોય છે. આનો લેપ કે તેલ લગાડવું જોઈએ. માનસિક બીમારી મોટું સ્વરૂપ લે એથી પહેલા જ સુધાર કરવો જરૂરી છે. આપણી પાસે કુદરતી ઔષધિનો મૂલ્યવાન ખજાનો છે. સાથે સાથે ખોરાકમાં બધી જાતના કંદનો ઉપયોગ થવો જોઈએ જેથી ડોપામાઈન નામનો હાર્મોનનું સ્તર જળવાઈ રહે અને મગજની કોઈપણ જાતની બીમારી ન થાય. કંદો જેવા કે રામકંદ, લક્ષ્મણકંદ, કસાવા, કેવકંદ, અરવી, ડક્કરકંદ, સુરણ, સુરતીકંદનો ઉપયોગ થવો જોઈએ. બટાટા, રતાળુ તો બારે મહિના ઉપલબ્ધ છે જ. કાચાં કેળાં, સફરજન, અલ્ફા અલ્ફા, ખોરાસણી જેવી વસ્તુઓના ખાદ્ય સામગ્રીમાં ઉપયોગ કરી શકાય છે. તાડીનો રસ કે નીરો મગજની તમામ માનસિક બીમારી પર રામબાણ ઈલાજ છે. શરત એ છે કે તે તાજો અને શુદ્ધ હોવો જોઈએ, સાકરયુક્ત ન હોવો જોઈએ. ઠંડા પાણીની પટ્ટીનો ઉપયોગ કરવો (માથા પર રાખી શકાય).

સામાજિક રીતોમાં ભાગ લેવો જેથી એકલાપણાંથી થતી માનસિક બીમારીથી દૂર રહી શકાય. લોકો સાથે ભળવું, કુદરતી વાતાવરણમાં ટહેલવું, સારાં પુસ્તકો વાંચવા, કોઈપણ પ્રવૃત્તિમાં રહેવું એ ફાયદાકારક છે. પ્રવૃત્તિ હોય તો વૃત્તિ સારી રહે છે. ■

shrilekha.yajnik@bombaysamachar.com

સ્વાસ્થ્ય સુધા

શ્રીલેખા યાજ્ઞિક

# પ્રાકૃતિક રીતે જ દુખાવાથી રાહત અપાવે ઔષધિય ગુણ ધરાવતાં ‘કોકમ’

આપણો ભારત દેશ એટલે વિવિધતામાં એકતા ધરાવતો દેશ. વિવિધ બોલી, વિવિધ પહેરવેશ, વિવિધ રહેણી-કરણી અહીંયા જોવા મળે છે. વિવિધ તહેવારોનો આનંદ માણવાની સાથે ઓત-પ્રોત થઈને રહેતી પ્રજા તરીકે આગવી ઓળખ ધરાવે છે. ફળ-ફૂલ-શાકભાજીની સાથે અનાજમાં વિવિધતા ઊડીને આંખે વળગે તેવી હોય છે. તેથી જ ભારતીયો ભોજનપ્રિય તેમજ સ્વાદરસિયા તરીકે ઓળખાય છે. બીજા રાજ્યની વાનગીનો સ્વાદ માણવા ખાસ તે રાજ્યની મુલાકાત લેતાં હોય છે. અરસ-પરસ સંપ-સહકારથી લોકો રહે છે.

ચાલો આજે માણી લઈએ મહારાષ્ટ્રમાં તેમજ કોંકણ પ્રદેશમાં મબલખ ઊગતાં કોકમના લાભ વિશે. મહારાષ્ટ્રની મુલાકાત લો ત્યારે કોકમનું શરબત પીવાનું ભૂલતાં નહીં. આ ફળની ખાસ વાત એટલે તેનો દેખાવ કાચું હોય ત્યારે સફરજન જેવો હોય છે. પાકી ગયા બાદ તેનો રંગ ઘેરો જાંબુડી બને છે. તેનો ફળ તરીકે તેમ જ તેનો રસ બનાવીને ઉપયોગમાં લઈ શકાય છે. મોટે ભાગે તેની સૂકવણી ઘરે ઘરે ઉપયોગમાં લેવામાં આવે છે. સામાન્ય રીતે કોકમનું નામ વાંચતા તેમાં સમાયેલી ખટાશ વિશે પ્રથમ વિચારવામાં આવતું હોય છે. શતકોથી કોકમની હાજરી મસાલાના ડબ્બામાં વાનગીનો સ્વાદ વધારનાર તરીકે જોવા મળે છે. દાળ-શાકમાં વપરાતાં કોકમનું શરબત સુપાચ્ય તેમજ સ્વાદિષ્ટ હોય છે. શરીરમાં થતો દુખાવો દૂર થઈ જાય છે. કોકમ ઍન્ટિ-ઑક્સિડન્ટ, વિટામિન ઈ, ફાઈબરની સાથે વિવિધ પોષક તત્ત્વો ધરાવે છે. તેનું સેવન કરવાથી ત્વચા મુલાયમ બને છે.



## કોકમનો ઉપયોગ કઈ રીતે કરી શકાય

કોકમના ફળનો રસ પી શકાય, સ્મૂધી બનાવીને, સલાડમાં કોકમનો પાઉડર છાંટી શકાય છે. દાળ-શાકમાં કોકમના ફૂલને પાણીમાં પલાળીને વાપરી શકાય. આમલીને બદલે કોકમની ચટણી બનાવીને પરોઠા, સમોસા કે ભજિયા સાથે ઉપયોગમાં લઈ શકાય. પાકેલાં કોકમના ફળની છાલ કાઢીને ખાઈ શકાય.

૧૦૦ ગ્રામ કોકમમાં ૬૦ કૅલરી છે. કોકમનો ઉપયોગ વ્યક્તિ કોઈપણ જાતનાં ખચકાટ વગર કરી શકે છે. તેનું કારણ છે તેમાં વિવિધ મિનરલ્સ-વિટામિન સમાયેલાં છે. વિટામિન એ આંખની તંદુરસ્તી માટે આવશ્યક છે. વિટામિન બી-૩ શરીરને શક્તિવર્ધક બનાવવાની સાથે ન્યૂરોલોજીકલ ફંકશનમાં સુધારો લાવે છે. (વય વધવાની સાથે ભૂલી જવાની તકલીફ) વિટામિન સી પાચનક્રિયાને મજબૂત બનાવવામાં મદદરૂપ બને છે.

કોકમના મુખ્ય ગુણધર્મ તેમાં રહેલી એસિટીક એસિડ, હાઈડ્રોક્સી સાઈટ્રિક એસિડ. જે ભૂખને દબાવી દે છે. જેને કારણે વધતાં વજનને નિયંત્રણમાં રાખવામાં મદદ મળે છે. થોડું ભોજન કરવાથી પણ ધરાઈ જવાય છે.



**કોકમની ચટણીઃ** પલાળેલાં લીલા કોકમ ૧૨-૧૪ નંગ, ૧ ચમચી જીરું, ૧ ચમચી મરી, ૧ નંગ લીલું મરચું, ૧ નાની વાટકી લીલું નાળિયેર, સ્વાદાનુસાર સંચળ અથવા આખું મીઠું,? ૩ મોટી ચમચી ગોળ. (ગોળનું પ્રમાણ કોકમથી બે ગણું લેવું.)

**બનાવવાની રીત :** સૌ પ્રથમ કોકમને ગરમ પાણીમાં ૧ કલાક માટે પલાળીને રાખવા. જીરૂ તથા મરીને લોખંડના તવા ઉપર શેકી લેવું. મિક્સરમાં શેકેલું જીરું, મરી તથા આખું મીઠું કે સંચળ ભેળવીને વાટી લેવું. મિક્સરમાં પલાળેલાં કોકમ ગોઠવવા. લીલું મરચું તથા તાજું કાપેલું નાળિયેર મૂકવું. સ્વાદ પ્રમાણે ગોળ ઉમેરીને ચટણી વાટી લેવી. આ સ્વાદિષ્ટ ચટણી તાજી ખાવી વધુ હિતાવહ છે. વળી આમલીની ખટાશ ભેજ વાળા વાતાવરણમાં માફક ન આવતી હોય તેમને માટે કોકમની ચટણીનો વિકલ્પ સારો ગણી શકાય. ગમે તેટલો ભારે ખોરાક બાદ એક નાની ચમચી કોકમની ચટણીને ખાવાથી ભોજન પચવામાં મદદ મળશે.

## પાચન માટે લાભકારક

કોકમમાં ફાઈબરનું પ્રમાણ હોય છે. ફાઈબરયુક્ત આહાર લેવાથી આંતરડાંમાં જમા થયેલ વિષાણુયુક્ત પદાર્થને બહાર કાઢવામાં મદદ મળે છે. કોકમનો ઉપયોગ કરવાથી પેટ ફૂલી જવું, ખાટા ઓડકાર છાતીમાં બળતરાં કે પિત્તની સમસ્યાથી રાહત મળે છે. પાચન ક્રિયા મજબૂત બને છે. લાંબા સમયથી રહેતી કબજિયાતથી રાહત મેળવી શકાય છે.

## બૅક્ટેરિયાથી થતાં ચેપી રોગથી દૂર રાખે છે

કોકમમાં ઍન્ટિ ફંગલ તેમજ ઍન્ટિ બૅક્ટેરિયલ ગુણધર્મ છે. પ્રદૂષણને કારણે કે શરીરમાં બૅક્ટેરિયા પ્રવેશતાં ચેપી રોગ થવાની શક્યતા વધી જાય છે. કોકમનો ઉપયોગ તેનાથી રાહત અપાવે છે. ઘેરો ઘાવ હોય તેવા સંજોગોમાં કોકમના ઉપયોગને કારણે ઘામાં રૂઝ ઝડપથી આવી જતી હોય છે. શરીરમાં રહેલાં મુક્ત રેડિકલ્સથી લડવામાં મદદ કરે છે.

## હૃદયને નિરોગી રાખવામાં ઉપયોગી

ફાઈબરની માત્રા ધરાવતાં કોકમ હૃદયને નિરોગી રાખવામાં ઉપયોગી બને છે. કોકમમાં પોટેશિયમ, મૅંગેનિઝ, વિટામિન બી કૉમ્પલેક્સ, મેગ્નેશિયમ જેવાં પોષક તત્ત્વો સમાયેલાં છે. જે હૃદયના ધબકારા તેમજ બ્લડપ્રેશરને સંતુલિત રાખવામાં મદદ કરે છે. નિયમિત પ્રમાણભાન રાખીને કોકમનો ઉપયોગ કરવાથી હૃદય સંબંધિત વિવિધ તકલીફથી બચી શકાય છે.

## વજનને નિયંત્રણમાં રાખવામાં ઉપયોગી

સપ્રમાણ માત્રામાં ભોજન તંદુરસ્ત જીવન માટે આવશ્યક છે. મોટા ભાગે તેનું પ્રમાણભાન ન રહેવાને કારણે, અંકરાતિયાની જેમ વ્યક્તિ ભોજન લેતી જ રહેતી હોય છે. આવા સંજોગોમાં ધીમે ધીમે તેનું વજન વધતું જાય છે. આકર્ષક બાંધાને બેડોળ બનાવી દે છે. અનેક વખત એવું બને છે કે અન્ય વ્યક્તિ દ્વારા ટીકા કરવામાં આવે ત્યારે સંકોચ અનુભવે છે. વજનને નિયંત્રણમાં લેવા માટે ચેનકેન અખતરા કરે છે. જેને કારણે શરીર નબળું પડવાની સાથે રોગને આમંત્રણ આપી બેસે છે. આવા સંજોગોમાં ભારતીય રસોડામાં આગવું સ્થાન ધરાવતાં કોકમનો ઉપયોગ રામબાણ ગણાય છે. તેનું મુખ્ય કારણ કોકમમાં હાઈપોકોલેસ્ટેરોલેમિક ઘટક છે. જે કૅલરીનું ચરબીમાં રૂપાંતર કરવાનું અટકાવે છે. જેને કારણે શરીરમાં ચરબી જમાં થતી નથી. ચરબી હોય તો તે પીગળવામાં મદદ કરે છે.

## અતિસારમાં લાભકારી

ગરમીની શરૂઆત થાય તેની સાથે જો ખોરાકમાં જરાપણ ગરબડ થાય તો પાચનક્રિયા બગડી જતી હોય છે. અતિસારની તકલીફ પજવવા લાગે છે. કોકમનું શરબત પેટમાં ચૂક આવવી કે ઝાડા છૂટી પડવાની તકલીફ ધરાવતી વ્યક્તિ માટે લાભકારી છે.

## શરીરને ઠંડક પહોંચાડે છે

ઉનાળાની ગરમીમાં અનેક વખત લોકો અચાનક બેબાકળા બનીને ચક્કર ખાઈને પડી જતાં હોય છે. તો ક્યારેક બેભાન બની જતાં હોય છે. કોકમની તાસીર ઠંડી છે. તેથી તેનું શરબત પીવાથી શરીરનું તાપમાન અંદરથી ઠંડું કરે છે. ગરમીથી રાહત મેળવવા વિવિધ રાજ્યોમાં કેરીનો પન્નો, વરિયાળીનું શરબત, લીંબુનું શરબત કે ગુલાબનું શરબત પીવામાં આવતું હોય છે. તે જ પ્રમાણે મહારાષ્ટ્રમાં કોકમનું શરબત પીને શરીરને અંદરથી ટાઢક પહોંચાડવામાં ઉપયોગમાં લેવામાં આવે છે.

## ત્વચા માટે ગુણકારી

કોકમમાં ઍન્ટિ-ઓક્સિડન્ટના ગુણધર્મ સમાયેલાં હોય છે. જેને કારણે તે ત્વચા માટે અત્યંત ફાયદાકારક ગણાય છે. તેનું સેવન મુક્ત રેડિકલ્સ તેમજ પ્રદૂષણને કારણે થતાં નુકસાનથી બચાવે છે.

વિટામિન ઈને કારણે ઉનાળામાં તાપથી બચાવે છે. ત્વચા મુલાયમ તેમજ ચમકદાર બનવામાં ઉપયોગી બને છે.

## ડાયાબિટીસથી બચાવમાં લાભકારી

કોકમ શરીરમાં ઈન્સ્યુલિનની માત્રા વધારે છે. જે લોહીમાં ગ્લુકોઝનું લેવલ નિયમિત કરે છે. ડાયાબિટીસને નિયંત્રણમાં રાખવામાં મદદ મળે છે. ■

feedback@bombaysamachar.com

વિશેષ

સ્મૃતિ શાહ



# માથાનો દુ:ખાવો

‘મારું માથું દુ:ખે છે.’ આ વાક્ય આપણે અનેકવાર બોલ્યા છીએ, અને સેંકડોવાર સાંભળ્યું પણ છે. આ એક એવી બીમારી છે કે, જેનું કારણ શોધવું ઘણું મુશ્કેલ છે. નાનાં બાળકોથી માંડીને વૃદ્ધ સુધીના બધાને આની ફરિયાદ રહે છે. શું આ વાસ્તવિક છે?!

હકીકતે તો માથાના દુ:ખાવાની પીડા પ્રાયઃ માનસિક હોય છે અને દુ:ખાવા માટે વ્યક્તિ પોતે જવાબદાર હોય છે. આજના યુગમાં આપણને બધું જ ઝડપી જોઈએ છે. કોઈ પણ બાબતે ક્ષણમાત્ર પણ રાહ જોવામાં આજના યુગના સુશિક્ષિત એવા આપણે ધીરજ રાખી શકતા જ નથી, તેમજ ઈચ્છા મુજબ ન થતા તરત જ મૂડ બદલાઈ જાય છે.

તદુપરાંત આજના ટેક્નોલોજીના યુગમાં આપણે વસાવેલા મોબાઈલ આદિક સાધનોના એટલા બધા વ્યસની બની ગયા છીએ કે, તેના વિના થોડીવાર જીવવું ઘણું મુશ્કેલ લાગે છે. આવી કૃત્રિમ જીવનશૈલીના આદતી એવા આપણે માથાના દુ:ખાવાના શિકાર બની ગયા છીએ. તેમાં પણ માથું દુ:ખ્યું નથી કે દવા ખાધી નથી...! આમ ને આમ ખોટી દવાઓ લઈને શરીરમાં દવાઓના રૂપમાં બિનજરૂરી કેમિકલોને પ્રવેશ આપીએ છીએ. શું ખરેખર આપણે ટેક્નોલોજીનો વિવેકપૂર્ણ ઉપયોગ અને કુદરતી જીવનશૈલી અપનાવી આ માથાના ખોટા દુ:ખાવાથી રાહત મેળવવી નથી...?

## માથું દુ:ખવાનાં કારણો

- વાયુ કે પિત્ત પ્રકોપિત થવાથી.
- તણાવભર્યા જીવનથી, શરીરમાં અપચો રહેવાથી તેમ જ કબજિયાત થવાથી.
- શરીરના મળ-મૂત્ર વગેરેના કુદરતી વેગોને રોકવાથી.
- અતિ જાગરણથી અને અતિ નિદ્રાથી.
- દારૂના વ્યસનથી અને વધુ પડતા નશીલા પદાર્થોનું સેવન કરવાથી.
- વાતાવરણમાં ફેરફાર થવાથી, વધુ તડકા અને ઠંડીમાં રહેવાથી.
- વધુ પડતા ઉપવાસ કરવાથી.
- બિનજરૂરી દવાઓના સેવનથી.
- કોમ્પ્યુટર ઉપર લાંબો સમય કામ કરવાથી તથા આંખમાં દૂરના નંબર આવવા છતાં ચશ્માં નહીં પહેરવાથી.

## માથાના દુ:ખાવાનાં પ્રકારો અને સ્થાનો

સાઈનસ

**ક્લસ્ટરઃ** એક આંખની આસપાસ દુ:ખાવો થાય.

**ટેન્શનઃ** માથાની ફરતે દુ:ખાવો થાય.

**આધાશીશીઃ** માથાની એક જ બાજુ દુ:ખાવો થાય.

## માથાના દુ:ખાવા માટેના ઉપચારો

૧. રોજ સૂર્યોદય પહેલાં કોપરાની ગોટીનો ચોથો ભાગ અને ૧ ચમચી ખાંડ ખૂબ જ ચાવીને ખાવાથી વર્ષો જૂનો માથાનો દુ:ખાવો મટે છે.

૨. લવિંગનું તેલ માથે કે કપાળ પર ઘસવું.

૩. અડધી ચમચી સૂંઠનો પાવડર, ૧ ચમચી ઘી અને થોડો ગોળ મિશ્ર કરી લેવાથી વાયુ પ્રકોપિત થવાથી દુ:ખતું માથુ મટે છે.

૪. કપાળે ચોખ્ખું ઘી ઘસવાથી ગરમી કે પિત્તદોષથી થતો માથાનો દુ:ખાવો મટે છે.

૫. આમળાનું ચૂર્ણ, સાકર અને ઘી સરખે ભાગે લઈને ખાવું.

૬. ૧ કપ પાણીમાં, ૧ ચમચી સૂંઠ અને હળદર નાખી, ઉકાળીને પીવું તથા તેનો નાસ લેવો.

૭. અડધી ચમચી લીંબુનો રસ, ૧ ચમચી તુલસીનો રસ અને ૨ ચમચી મધ ભેગું કરીને પીવું.

૮. નાળિયેરનું પાણી પીવાથી ગરમીના કારણે થયેલ માથાનો દુ:ખાવો મટે છે.

૯. ગરમ દિવેલના ૪ થી ૫ ટીપાં રોજ નાકમાં નાખવાથી વાયુ-કફ દોષથી થયેલ માથાનો દુ:ખાવો મટે છે.

૧૦. સૂંઠના પાવડરને પાણીમાં ગરમ કરી કપાળે પાતળો લેપ કરવાથી શરદી, કફ અને સાયનસના કારણે થયેલ માથાનો દુ:ખાવો મટે છે.

૧૧. જીભ ઉપર ચપટી મીઠું મૂકી, ૧૦ મિનિટ પછી ૧ ગ્લાસ પાણી પીવાથી વાયુ કે કફજન્ય માથાનો દુ:ખાવો મટે છે.

## આધાશીશી (Migraine)

**શું આપ જાણો છો?...**

**વિશ્વમાં અંદાજે ૧૫ થી ૨૦% લોકો આધાશીશીથી પીડાય છે.**

### આધાશીશીનાં લક્ષણો :

- દિવસ ચડવાની સાથે માથાના દુ:ખાવામાં પણ વધારો થવો.
- વારંવાર માથામાં એક બાજુ દુ:ખાવો થવો.
- કોઈકવાર ઊલટી થવી અને ધૂંધળું દેખાવું.

### આધાશીશી થવાનાં કારણો

- સ્ટ્રેસ અને લાંબા સમયનો તણાવ થવાથી.
- અનિયમિત ઊંઘ અને વધારે પડતી પેઈનકિલર દવાઓ લેવાથી.
- દારૂ કે અન્ય નશીલા પદાર્થોનું સેવન કરવાથી.
- સ્ત્રીઓમાં અમુક સ્રાવો (Hormones)નો ફેરફાર થવાથી.
- વધુ અવાજવાળા, પ્રકાશવાળા, ગરમ, ઠંડા કે સુગંધીવાળા વાતાવરણમાં રહેવાથી આધાશીશી વધી શકે છે.
- ઓછું પાણી પીવાથી પણ વધી શકે છે.
- વારસાગત પણ થઈ શકે છે.

### આધાશીશીમાં આહાર સંબંધી વિવેકઃ

- પપૈયું, તરબૂચ, સફરજન, ચેરી, દ્રાક્ષ, આદું, ટમેટાં, પાલક, કાકડી, ગાજર વગેરે લઈ શકાય.
- તીખી-તળેલી વાનગીઓ, ડુંગળી, કેળાં અને શીંગનો ત્યાગ કરવો.
- આઈસક્રીમ, જંકફૂડ, મેંદો અને આથાથી બનતી વસ્તુનો ત્યાગ કરવો.

### આધાશીશીના ઉપચારો :

૧. ૧ અરીઠું લઈ તેને પાણી સાથે ઘસીને જમણી બાજુ માથું દુ:ખતું હોય તો ડાબા નસકોરામાં અને ડાબી બાજુ માથું દુ:ખતું હોય તો જમણા નસકોરામાં આ ઘસારાના ૩ ટીપાં નાખવાં.

૨. ગાયના શુદ્ધ તાજા ઘીના ૨-૨ ટીપાં સવાર-સાંજ નાકમાં નાખવાં.

૩. આદું અને તુલસીનો રસ સૂંઘવો અને નાકમાં તેનાં ટીપાં નાખવાં.

૪. કાળા મરીને શુદ્ધ ઘીમાં ઘસીને નાકમાં ટીપાં પાડવાથી વાત-પિત્તજન્ય આધાશીશી મટે છે.

૫. ઠંડા દૂધમાં સૂંઠ ઘસીને, તે દૂધના ૩-૪ ટીપાં નાકમાં નાખવાથી કફજન્ય આધાશીશી મટે છે.

૬. દિવસમાં ૧-૨ વાર બરફને કપડામાં બાંધી કપાળ ઉપર ૧૫ મિનિટ મૂકવો.

૭. દ્રાક્ષ, ધાણા, વરિયાળી અને સાકરનું ચૂર્ણ ૧-૧ ચમચી ઠંડા પાણીમાં નાખીને રોજ પીવું. ■

feedback@bombaysamachar.com

હેલ્થ-વેલ્થ

પ્રતિમા અરોરા

# પેટ માટે નહીં, હવે ચહેરા માટે જોઈએ છે કાકડી, ટામેટા, દહીં..!!!

*કાકડી, ટામેટા, દહીં માત્ર આપણા ભોજનનો સ્વાદ જ નથી વધારતા, તે આપણા ચહેરાની સુંદરતા વધારવામાં પણ મોટી ભૂમિકા ભજવે છે. ઉનાળામાં આ ત્રણ વસ્તુઓ ત્વચાની સંભાળ માટે રામબાણ સમાન છે. આ સિવાય એલોવેરા, ફુદીનો, મધ અને ગ્રીન ટી પણ ફાયદાકારક છે. ઉનાળામાં ત્વચા ખૂબ જ ઝડપથી ડિહાઇડ્રેટ થઈ જાય છે, આ પાણીથી ભરપૂર કુદરતી ઘટકોને ચહેરા અથવા શરીર પર લગાવવાથી ત્વચા સ્વસ્થ, ચમકદાર અને જીવંત રહે છે.*

## કાકડીનો ફેસ પેક

ટામેટાંની જેમ કાકડી પણ સલાડમાં સારી લાગે છે, તે આપણા મેટાબોલિઝમને પણ એક્ટિવ રાખે છે અને પૂરતા પ્રમાણમાં પાણી અને ફાઈબર હોવાને કારણે તે આપણા પેટ અને પાચન માટે ખૂબ જ સારી વસ્તુ છે. તે ચહેરાને નિખારવા માટે પણ ઉત્તમ છે, ખાસ કરીને ઉનાળામાં. ઉનાળામાં કાકડી અને દહીંનો ફેસપેક લગાવવાથી ત્વચામાં લાઈફ આવી જાય છે. તે સ્વસ્થ, ચમકતી દેખાય છે. કાકડી-દહીંનો ફેસ પેક પણ ખૂબ જ સરળતાથી બની જાય છે. કાકડીને પીસીને તેમાં દહીં મિક્સ કરીને ચહેરા પર લગાવો અને ૨૦ થી ૨૫ મિનિટ પછી ધોઈ લો, તેનાથી ચહેરાની ત્વચા સોફ્ટ અને કોમળ રહે છે. કાકડીને ફુદીનાની સાથે પીસીને તેમાં દૂધ ઉમેરીને ચહેરા પર લગાવવાથી પણ ફાયદો થાય છે અને કાકડી અને ચણાના લોટનો ફેસ પેક પણ ચહેરા માટે ખૂબ જ ફાયદાકારક છે. એક બાઉલમાં બે ચમચી ચણાનો લોટ અને કાકડીનું જ્યુસ મિક્સ કરીને ૨૦ થી ૨૫ મિનિટ સુધી ચહેરા પર લગાવો અને પછી ધોઈ લો, ચહેરો ચમકવા લાગે છે. કાકડી અને એલોવેરાનો ફેસ પેક પણ ત્વચા માટે ખૂબ જ સારો છે. તેને બનાવવાની બે રીત છે. એલોવેરા જેલ સાથે કાકડીના રસને મિક્સ કરીને બનાવી શકાય છે અને તે એલોવેરા અને કાકડીને એકસાથે પીસીને પણ કુદરતી રીતે બનાવી શકાય છે.



## ટમેટાંના કૂલ કૂલ ફેસ પેક



ટામેટાંમાં એન્ટીઓક્સિડેન્ટ, પેક્ટીન, ફ્લેવોનોઈડ્સ અને વિટામિન સી જેવાં તત્ત્વો હોય છે. આ કારણથી તે ઉનાળાનું શાનદાર ફેસ પેક છે. વાસ્તવમાં, ટામેટા પોતે માત્ર ફેસપેક નથી, પરંતુ કેટલીક વસ્તુઓ સાથે મળીને તે તેના ગુણધર્મોને ખૂબ જ વધારે છે. ઉદાહરણ તરીકે, ટામેટા અને હળદરનો ફેસ પેક રંગ નિખારે છે, ખીલ દૂર કરે છે અને ચહેરાની ત્વચાને હાઇડ્રેટ રાખે છે. એ જ રીતે ટામેટા, દહીં અને ચણાના લોટનો ફેસ પેક ચહેરા પરથી ખીલ દૂર કરવા માટે રામબાણ ઇલાજ છે. ટામેટા અને દહીંનો ફેસ પેક ૨૦ મિનિટ સુધી લગાવવાથી ચહેરાની ચમક વધે છે. આ બધું બનાવવું પણ ખૂબ જ સરળ છે. ટામેટા અને હળદરનો ફેસ પેક બનાવવા માટે એક મધ્યમ કદના ટામેટાને છીણી લો અને તેમાં હળદર મિક્સ કરો અને તેમાંથી બનાવેલી પેસ્ટને ચહેરાથી ગરદન સુધી સારી રીતે લગાવો. પછી લગભગ ૨૦ મિનિટ પછી તેને હૂંફાળા પાણીથી ધોઈ લો. આમ કરવાથી ચહેરાનો રંગ ખીલી જશે. એ જ રીતે ટામેટા, દહીં અને ચણાના લોટનો ફેસ પેક બનાવવા માટે એક બાઉલમાં બે ચમચી ટામેટાંનો પલ્પ, એક ચમચી દહીં, એક ચમચી ચણાનો લોટ લઈને તેને સારી રીતે મિક્સ કરી લો, પછી આ પેસ્ટને ચહેરા પર લગાવો અને લગભગ ૨૦ મિનિટ પછી ચહેરાને ઠંડા પાણીથી ધોઈ નાખવો જોઈએ. મધ અને ટામેટાંનો ફેસ પેક બનાવવા માટે એક મધ્યમ કદના ટામેટાને છીણી લો અને તેમાં એક ચમચી મધ મિક્સ કરો. ઉનાળા માટે ટામેટાંનો આ એક ઉત્તમ ફેસ પેક છે.

## ચહેરાને લાઈફ આપતો દહીંનો ફેસ પેક

દહીં ઉનાળાનું એક એવું ડેરી પ્રોડક્ટ છે, જે ખાવામાં જેટલું ફાયદાકારક છે એટલું જ અલગ અલગ કોસ્મેટિક તરીકે પણ ફાયદાકારક છે. જો તમે ત્વચા માટે ફાયદાકારક કોઈપણ વસ્તુ સાથે દહીં મિક્સ કરો છો, તો તેના ગુણધર્મો વધુ સારા બને છે અને આ રીતે તે ત્વચાને નિખારવા માટે રામબાણ બની જાય છે. દહીંનો ફેસ પેક બનાવવાનો સૌથી સહેલો રસ્તો એ છે કે બે ચમચી દહીં અને અડધી ચમચી હળદર મિક્સ કરો અને પછી તેને ઘટ્ટ ન થાય ત્યાં સુધી ફેટો અને તેને ચહેરા પર ૧૫ મિનિટ સુધી રહેવા દો અને પછી તેને ઠંડા અને સ્વચ્છ પાણીથી ધોઈ લો. ચહેરા પર ચમક આવી જશે. કાકડી અને ટામેટા સાથે દહીંના વિવિધ ફેસ પેક વિશે વાત અમે પહેલા જ કરી છે. દહીં અને મધનો ફેસ પેક પણ ઉત્તમ છે, તે ચહેરા અને ગરદન પરની કાળાશ દૂર કરે છે. બે ચમચી દહીંમાં એક ચમચી મધ મિક્સ કરીને તેને ૧૫ થી ૨૦ મિનિટ સુધી ચહેરા પર રહેવા દો અને પછી તેને ધોઈ લો. તેનાથી ત્વચા ક્લિયર થાય છે અને ચહેરો ચમકવા લાગે છે. આંખોની નીચેના ડાર્ક સર્કલને દૂર કરવા માટે દહીંમાં હળદર અને લીંબુનો રસ ભેળવીને એક અદ્ભુત ફેસ પેક તૈયાર થાય છે, જેનાથી ચહેરો ચમકતો દેખાય છે અને ખાસ કરીને ઉનાળામાં નિસ્તેજ દેખાતો નથી. આ ત્રણ ફેસ પેક ઉનાળાના ગરમ દિવસોમાં ખૂબ જ ફાયદાકારક છે. ■



feedback@bombaysamachar.com

ટૂંકી વાર્તા

# ખૂટલ

અતુલકુમાર વ્યાસ

"હાળા વહવાયા, મારી ઠેકડી કરેશ?" માનસિંહે પીઠ પર તેલ માલીશ કરતાં કરશનિયાને કહ્યું: "હજી કાલ્ય સવાર સુધી અમારાથી ફેં ફાટતી ઈ ભૂલી જ્યો.. તારી જાતના ઘસિયા-?"

"બાપુ, અમે તો અટાણે ય તમારા ચાકર છૈયે ને પેલા ય હતાં." કરશને બગડતી બાજી સુધારી લેતાં કહ્યું: "આ તો રાત દાડો તમારી ભેળા રહીએ એટલે એકાદવાર તમારુંય લટકું લેવાની સૂવાણ થાયને..?"

"હમ્મ.." માનસિંહે હોંકારો ભાણ્યો..ને એ મનોમન વિચારતો થયો: હાળા હલકીના વહવાયાવ, જેમની માથું ઊંચકીને ઉપર જોવાની ત્રેવડ થાતી નોતી ઈ મારા હાહરીના મશ્કરિયું કરતાં થૈ ગ્યા છે..!

કરશન બોલ્યો: "મારી વાત કાન સોંસરવી કાઢી નાખવા જેવી નથી હોં બાપુ, ઈ રતની તમારા અડખાંમાં દીપે એવી છે," અને એકાદ ક્ષણ પછી દબાયેલાં અવાજે બોલ્યો: "ને ઈ તો તમારી રખાત થવામાં ય ગરવ લેખે એવું વરણ...!"

માનસિંહ વિચાતો રહ્યો: હાળી છે તો એવી કરાફાતનો કટકો અને તેજીલો તોખાર! નખશીખ નક્કોર અને સંઘેડા ઉતાર કાયા. રૂપાળી એવી કે ડીલે આંગળી દબાય તોય એની ચામડીએ લાલ ચકામું ઊપડી આવે. ભગવાને એને ઘડીને ધોળા બફલા જેવા રંગના કુંડામાં ઝબોળીને ધરતી માથે મોકલી હતી. એની કાયા એટલે ગદરીલી માટીમાંથી તાજી ઘડેલી ચમચમતી પૂતળી. જ જોઈલ્યો! જન્મારાના પાંત્રીસ પાંત્રીસ વરસ વહ્યા ગયા પણ આવું રૂપાળું બૈરુ ભાળ્યું નથી! પાંત્રીસ વરસમાં ઓછામાં ઓછી વીસેકને તો માનસિંહે એના ઢોલિયે પછાડી હતી. પણ આ રતની જેવું એકેયનું રૂપ નહીં! ગામને પાદર એમના વરણના નોખા કૂવેથી પાણીની હેલ ભરીને આવતી ત્યારે રતનીના માથે છલકાતા હાંડાની છાલક એના આરસ મઢ્યો હોય એવા સંગેમરમરી બદન પર પ્રસરતી ત્યારે એમ લાગતું કે એની ધગધગતી જવાની આ પાણીની છાલકે છાલકે ઓગળી ઓગળીને એના શરીર પરથી કમર સુધી સરી રહી છે.

માનસિંહ યાદ કરતો રહ્યો: રતની દસમી ભણેલી, એનો ભાઈ જીતો નિશાળમાં માસ્તરું કરે. એ હલકું વરણ હવે રહ્યું નથી, પહેલાં તો માનસિંહ સરપંચ હતો, જૂના જમીનદાર પણ ખરાં, એટલે એ જ્યારે નિશાળમાં જતો ત્યારે માસ્તરોય છોકરાઓની સાથે ઊભા થઈ જતાં, પછી સરપંચની ખુરશી તો મહિલા અનામતમાં ખોવાઈ ને આ નિશાળમાં આ જીતો માસ્તર થઈને આવ્યો એટલે એ દમામ હવે રહ્યો ન હતો. જીતો માસ્તર એ નિશાળમાં પંદરમી ઑગસ્ટે ભાષણ કરતો કે માણસ એના સંસ્કારથી ઊંચો અને નીચો હોય છે, પણ જનમની જાતીની નહીં...! વાત તો સાચી હતી. નહિતર આ કનુ શાસ્ત્રીનો કટલો ક્યાં બામણના ખોરડે નહોતો જન્મ્યો? પણ એના કરતાં તો આ જીતાના સંસ્કાર ક્યાંય ચઢિયાતા છે. પહેલાં કનુ શાસ્ત્રી જીવતા ત્યાં સુધી દરરોજ સવારે સૂરજ ઊગતા પહેલાં જ મહાદેવે પૂજા કરવા જતાં. એ મરી પરવાર્યા પછી તો દારૂની હેરાફેરીમાં અનેક વાર પકડાયેલો એમનો દીકરો કટલો ઉર્ફે નીલેશ તો મોડી રાત્રે દારૂ પીને આવતો ને બપોરે બાર વાગ્યો જાગતો. એ શું પૂજા કરે ધૂળ? શાસ્ત્રીજીના સંસ્કાર એનામાં ક્યાં ઊતર્યા હતાં? કેટલાય દિવસ સુધી શિવાલય અપૂજ રહ્યું પછી આ જીતા માસ્તરે જ મંદિરનું ટ્રસ્ટ બનાવી એક પગારદાર પૂજારી નીમ્યો હતો.



એ જીતો માસ્તર એટલે આ રતનીનો ભાઈ. જીતો નાનો હતો ત્યારે ગામના છોકરાઓ એને ભેગા રમાડતાય નહીં. ગામના છેડે વાસમાં રહીને સુકા રોટલા ખાઈ મોટો થયેલો પણ આ જીતામાં તાકાત ઘણી હતી. નાનપણથી જ કસરત કરતો, તાલુકે ચાલતા અખાડામાં કુસ્તી શીખ્યો હતો. એ જીતો હવે વતનની જ શાળામાં શિક્ષક થયો હતો. આ રતની તો એનાથી સાત આઠ વરસ નાની! પણ માનસિંહના મનમાં વસી ગયેલી. માનસિંહે કહ્યું: "કરશનિયા, ઈ રતની માળી હામી મળે તાણ મીઠું મલકાતી જાય છે હોં? એવું નો થાય કે ઈનું રાજી ખુશીથી આપણી હારે જામી જાય?"

"આપણી હારે નહીં બાપુ?" કરશનિયો મૂછમાં હસતા બોલ્યો: "તમારી હારે જામી જાય!"

"મૂર્ખા, મારી હારે જ હોય ને તને શું માન્યો છે?" માનસિંહે કરશનિયાને ગાળ દઈને કહ્યું: "ગોલકી ના વહવાયાવ. ભારે ચઢી ગ્યા છો હોં... પણ, ઈ રતનીનું ગોઠવાઈ જાય તો મજો પડી જાય!"

"ઈ તો હું પત્તો લગાડી આવું." કરશન બોલ્યો: "મારે હાથવગો એક મારગ છે. પણ"

"શું પણ-" માનસિંહે પૂછ્યું: "ભસને આગળ."

"તમે ઈ રતનીને..." કરશને ડરતાં ડરતાં પૂછ્યું: "ઈને પૈણીને લઈ આવો એવું થાય?"

"બુદ્ધિના ભંઠ-" માનસિંહે કહ્યું: "મારી પરણેતર મરી પરવારી એટલે હું ગમે ઈને પરણી લાવું? ને ઈય પાછી એ રતનીને? અમે ક્યાં ને ઈ ક્યાં. હાળા અકલમઠ્ઠા."

"હા ઈ તો ખરું જ ને બાપુ તમારે ઈની હારે લગન થોડાં જ કરાય." કરશને માનસિંહની પીઠ પર તેલા છાંટીને પસરાવતાં કહ્યું: "પણ તમે તમારે હું કઈ દઉં ઈ સાચું માનો કે ઈ રતની હવે તમારે હાથ-વેંતમાં જ છે, ઈ તો તમારા ઉપર ઓળઘોળ થઈ ગઈ છે."

"અલ્યા ફરીથી મારી ઠેકડી કરેશ?" માનસિંહે કહ્યું: "હવે તને એક અવળાં હાથની ધરીશ હોં."

"હાચું કઉં છઉ બાપુ." કરશને બેય હથેળી ફેલાવી પીઠ પર ઘસતા કહ્યું: "મારા સમ બસ!"

"ઈ તો તને લાગે." માનસિંહ બોલ્યો: "ઈ છોડી અઢાર વીસ વરસની ને હું પાંત્રસ હરહનો થયો એણે વળી મારામાં શું ભાળ્યું હોય તે મારા ઉપર મોહી પડે...?"

"કહુ બાપુ?" કરશનનો હાથ પીઠમાં થંભી ગયો. "તે બક્યને નવરીના..." માનસિંહે કહ્યું.

એક તો તમે પાંત્રીસના લાગતા નથી. કરશન બોલ્યો: "કોઈ પચ્ચીસ માથે એકેય વરસ આંકે તો કોરી મૂછ મુંડાવી નાખું..."

"તારે મૂછ મૂંડાવવા જેવું છે જ ક્યાં. ઘસિયા-?" માનસિંહે કહ્યું: "આગળ બોલ."

"ને બીજું એ કે તમે દરરોજ ઉઘાડી ડેલીની સામે બેસી આખા ડીલે માલીશ કરાવો છો", કરશન બોલ્યો: "રતની સવારે આંયથી એના કૂવે પાણી ભરવા જાય ત્યારે તમને ટીકી ટીકીને જોયા કરે છે..."

"શું વાત કરેશ?" માનસિંહે ખભેથી ડોક ફેરવીને પૂછ્યું.

"તમારી આ ઢાલવા પહોળી છાતી અને સાડા ત્રણ મળની કાયામાં જે કૌવત ભર્યા છે ઈ જોઈને ભલભલી જવાનડીઓના મનમાં વસી જાવ એમ છો, બાપુ." કરશને તેલનો એક લસરકો લઈને માનસિંહની ખુલ્લી છાતીએ બેય હાથ પસાર્યા પછી બોલ્યો: "આ મર્દાના છાતીમાં તગતગતી તમારી કાળી ભમ્મર જવાનીની જ એ બાઈને ભૂખ છે... ઈ જાણી લ્યો..."

"હેં?!" કહેતા તો માનસિંહ જાણે ખોવાઈ ગયો. એકાદ બે પળ તો રતનીની માખણના પીંડા જેવી કાચી કાકડીસમ કૂણી કમનીય કાયાને માનસિંહ એના હાથમાં મમળાવતો હોય એમ ક્ષુબ્ધ થઈ ગયો પણ કરશને પીઠમાં તેલવાળા હાથની જોરદાર થાપટ મારી ને માનસિંહ ઝબકી ગયો. પીઠમાં ચચરાટી થઈ આવી એટલે બોલી ઉઠ્યો: "અરે કરશનિયા, ધીમો પડ્ય, તારી માના ધણી. મારું ચામડું ઊતરડી નાખીશ. તું તો." એકાદ પળ રોકાઈને માનસિંહે કહ્યું: "આ કનુ શાસ્ત્રીનો કટલો કેમ આવતો નથી? ક્યાંય ગામતરે જતો રહ્યો છે કે શું? ક્યાં ગૂમ થઈ ગયો છે...?"

"દારૂમાં બીજે ક્યાં?" કરશન બોલ્યો: "કનુ શાસ્ત્રી બિચારો દીકરા-દીકરીની હાય હાય કરતો મર્યો, પછી એનો આ ઉંધાઢળ વધારે ઢીંચવા માંડ્યો. કોઈ રોકનારું નથી રહ્યું ને?"

"કોઈ કહે કે બ્રાહ્મણ છે? બ્રહ્મરાક્ષસ છે હાળો." માનસિંહે ચત્તા થતાં કહ્યું: "આંયથી જા ત્યારે એના ઘેર થાતો જાજે અને કહેજે કે મને મળે. કેદું નો આવ્યો નથી."

"હમણાં આવશેય નહીં." કરશને કહ્યું: "ઈ શોકમાં છે!"

"કાં?" માનસિંહે પૂછ્યું: "કોઈ મરી ગ્યું છે?"

"એની બેન નિરુ ભાડિયા કૂવે પડીને પાછી થઈ છે." કરશને કહ્યું પણ માનસિંહે તરત કહ્યું: "લ્યા, અફિણિયા, તું દન દશા ભૂલી ગ્યો લાગેશ. નિરુને મર્યે આજકાલ બે મહિના થાશે."

"હા-" કરશને કહ્યું: "પણ નિરુ મરી પછી કટલો બહાર જ ઓછો નીકળે છે."

"ભલે પણ તું એને કહેજે કે માનસિંહે ડેલીએ પીવા બોલાવ્યો છે, એટલે આવશે." માનસિંહે કહ્યું પછી મનોમન સ્વગતની જેમ બોલ્યો: "બામણ પેહલાં તો મફતનું ઢિંચવા રોજ આવતો-"

કરશને હાથ ધોઈને માનસિંહને નહાવા માટે પાણી કાઢી આપ્યું પછી નીકળી ગયો.

કરશન હતો ત્યાં સુધી હવેલીમાં બોલાશ હતો, પછી ચુપ્પી ફરી વળી. ચાર ઓરડા ઉતાર ઓંસરીના વિશાળ હવેલી જેવા મકાનમાં નરી એકલતા હતી. જેને પરણીને માનસિંહ આ ઘરમાં લાવ્યો. એ કુસુમ સાત જ વરસમાં બળી મરી, નિસંતાન હતી, આ છેલ્લા ઓરડામાં જાતે જ ઘાંસલેટ છાંટીને બળી મરી! કોઈ સામે આવીને કહેતું નહીં પણ છાના ખૂણે લોકો વાતો કરતાં કે માનસિંહે જ એને જીવતી સળગાવી મૂકી હતી. એ સાચું નહોતું. એ તો માનસિંહ અને કુસુમ બેય જાણતા હતાં પણ માનસિંહની વગોવણી ખૂબ થઈ ગઈ! કુસુમ ના મર્યા પછી એકાદ વરસે માનસિંહે ફરી પરણવા જાવા માર્યા પણ એની વગોવાઈ ગયેલી આબરૂએ એનું ફરી ઠેકાણે પડવા દીધું નહીં. પછી મનમાં શયતાન જાગ્યો હતો. જીવતરમાં જોઈતું પામવા માટે જાવા મારી પાપ કરવા સિવાય શું બાકી હતું? પૂર્વજોએ ગામમાં કમાયેલી આબરૂ કદાચ માનસિંહના નામ સુધી આવીને અટકી ગઈ હતી. એ બાબતથી એ જરાય અજાણ ન હતો. એની પેઢીઓમાં ગામના ધણ વાળવા કે લૂંટાતી લાજ બચાવવા માટે બલિદાનો આપનારાના નામ પાદરના પાળિયામાં કોતરાયાં હતાં, પણ એ બધુંય માનસિંહ સુધી આવીને અટકી ગયું હતું. એનો એનેય રંજ હતો, પણ હવે એ બદલાઈ શકે એમ ન હતો.

માનસિંહ નાહીને ઓંસરીમાં આવ્યો ત્યારે ઓંસરીના હિંચકે કટલો બેઠો હતો. એને જોતા જ માનસિંહ બોલ્યો: "અલ્યા, ભૂદેવ ક્યાં ખોવાઈ ગ્યો છે?"

કટલો જવાબ આપવાના બદલે માત્ર પરાણે હસ્યો.

થોડીકવાર પછી માનસિંહ ઓરડામાંથી બંધ ગળાનું કચકચતું રજવાડી પહેરી બહાર નીકળ્યો ત્યારે એના હાથમાં એક બોટલ અને બે ગ્લાસ હતાં. કટલાની સામે બેસતા જ માનસિંહે બોટલ ખોલી પણ કટલો બોલ્યો: "માનસિંહ, અટાણે પીવું નથી."

"કાં?"

"સવારના પહોરમાં શું પીવે?" કટલાએ ફિક્કા ચહેરે કહ્યું: "હવે તો સાંજેય પીવાનું છોડી દીધું."

"તું તો ત્યાગી માત્મા થઈ ગ્યો. બામણ-" માનસિંહે એક ગ્લાસમાં પેગ ભરતાં કહ્યું: "ક્યાં ગયો હતો. કેમ દેખાતો નહોતો? આટલા દન સુધી?"

"ઘરમાં પુરાઈ રહેતો હતો." કટલો બોલ્યો: "ખરું કહું તો ક્યાંય ગમતું નથી." કટલો રડમસ થઈ ગયો: "નિરુ કૂવે પડી ત્યારથી જીવને નિરાંત થતી નથી."

"ઈ માં તારો જ વાંક છે કટલા-" માનસિંહે કહ્યું: "કનુ મારાજ દેવ થઈ ગ્યા પછી તું ઢિંચવામાં જ રિયો, એને તારે ટેમસર પૈણાવી દેવી જોઈએ ને?" માનસિંહે ઘૂંટ ભરી ગ્લાસ નીચે મૂકતા કહ્યું: "એને બિચારીને તારામાં વિસવાહ નહીં કે આ દારૂડિયો ભૈ પૈણાવશે નહીં. એટકે કૂવે પડી."

"પણ માનભા, એને હું પૈણાવત. સારું ઠેકાણું જોઈને પૈણાવત..." કટલો બોલ્યો: "પણ નિરુ મરી ગઈ ઈ ભૂલાતું નથી મારાથી. મારો બાપ મને સરગમાં પૂછશે તો શું જવાબ આપીશ કે એણે સોંપી ઈ જવાબદારી નિભાવવામાં હું દારૂડિયો નકામો ઠર્યો...!" કટલો રડી પડ્યો.

"ભગવાનની મરજી હોય ઈમ થાય. કટલા-" માનસિંહે એની સામે ગ્લાસ ધરીને કહ્યું: "લે ગળું લીલું કરી લે. વધારે પીવાની તાણ્ય નથી કરતો બસ."

-ને કટલો આંખો મીંચીને કડવી દવાની જેમ ચૂપચાપ ગ્લાસ ગટગટાવી ગયો. અરધી કલાક બેઠો, પણ સાવ મૂંગો મંતર બનીને, પછી ચૂપચાપ ડેલીએથી ઊઠીને નીકળી ગયો. માનસિંહ ચારેક પેગ પી ચૂક્યો હતો. આંખો ઘેરાવા માંડી હતી. આખીય હવેલી ગોળાકાર ફરતી હતી. આસપાસ સઘળું ડોલતું હતું. ખાલી પેટે નશો વધતો જતો હતો. એ ઓરડામાં આવીને ઊંઘી ગયો. છેક સાંજ સુધી એનો નશો ઓસર્યો ન હતો જ્યારે સાંજે કરશન આવ્યો ત્યારે માનસિંહ હજી જાગીને જ બેઠો હતો.

કરશને પૂછ્યું: "બહુ પીવાઈ ગયું બાપુ?"

"હા-થોડું વધારે થઈ ગ્યું." માનસિંહ બોલ્યો: "માથું ભમે છે..."

"બહુ રાજી થઈ જાશો ઈ ખબર લાગ્યો છઉં બાપુ-" કરશને કહ્યું: "આજે ન્યાલ થઈ ગ્યા માનો."

"શું?" બોલતા બોલતા માનસિંહના સ્મૃતિપટ પર રતની દોડી આવીને અલોપ થઈ ગઈ. કરશન બોલ્યો: "બાપુ રતની માની ગઈ છે, ઈ તમારી જૂની હવેલીએ આવવા રાજી છે, પણ આંય આ બંગલે નહીં."

"કાં?" માનસિંહ બોલ્યો: "આંય શું કામ નહીં?"

"બાપુ એ કહેતી હતી કે જૂની હવેલી ગામ બહાર છે, ને તમારું આ નવું ઘર ગામ વચ્ચાળે છે, આંય અંદર આવતી જાતી કોઈ ભાળી જાય તો મરો થઈ જાય." કરશને કહ્યું: "બાપુ આપણે ઈનુંય વિચારવું પડે ને? કાચી કુંવારી છોકરી છે. વગોવાઈ જાય તો એની ન્યાત માંય એનો કોઈ હાથ નો ઝાલે!"

"તને કૂણે કીધું કે રતની આવશે?" માનસિંહે શંકાથી કરશનને પૂછ્યું. કરશને કહ્યું: "મેં તમને નહોતું કીધું કે મારે હાથવગો મારગ છે. ઈ મારગે કામ પત્યું. આજ રાત્યે તમે ને રતની હૈન જલસા..."

"ને જીતાને ખબર પડશે. તો?" માનસિંહે કહ્યું: "હું કાંઈ બીતો નથી એનાથી પણ-"

"જીતો ગામમાં નથી, એટલે જ રતની તૈયાર થઈ છે." કરશને કહ્યું: "ઈ તો ગાંધીનગર માસ્તરોની મીટિંગમાં ગ્યો છે. કાલ્ય બપોર ઊતર્યે

(જુઓ પાનું ૬)

# ગુરુના વૃષભ રાશિમાં પ્રવેશ કરવાથી ડાયાબિટીસ તથા કોલેસ્ટ્રોલની બીમારીઓ વધવાના એંધાણ વર્તાય

feedback@bombaysamachar.com

આરોગ્યનાં એંધાણ

જ્યોતિષી આશિષ રાવલ

આ સપ્તાહમાં સૂર્યનારાયણ-
આયુ,આરોગ્ય દાતા
સૂર્ય મેષ રાશિ માં(ઉચ્ચસ્થ)
મંગળ મીન રાશિ (જલ તત્ત્વ)
બુધ મીન રાશિ (જલ તત્ત્વ)
ગુરુ મેષ રાશિ તા.૧ મે બપોરે ૦૧.૦૧ કલાકે વૃષભ રાશિમાં પ્રવેશ
(પૃથ્વી તત્ત્વ)
શુક્ર મેષ રાશિ (અગ્નિતત્ત્વ)
શનિ - કુંભ(સ્વગૃહી)રાશિ
રાહુ મીન રાશિ વક્રીભ્રમણ
કેતુ- કન્યા રાશિ વક્રીભ્રમણ

ચૈત્રી દનૈયા પ્રારંભ થવાથી કાલઝાળ ગરમી વધશે,વહેલી સવારેથી ગરમ હવા ફુંકાવાથી માથામાં દુખવું, ચક્કર આવવા, તાવ તથા યુરિન સંબંધિત તકલીફો વધશે.

નોકરિયાત વર્ગ તથા સિનિયર સિટીઝન વર્ગએ વિશેષ સંભાળવું.તા.૦૧ દેવ ગુરુ વૃષભ રાશિમાં પ્રવેશ કરવાથી ડાયાબિટીસ તથા કોલેસ્ટ્રોરની બિમારીઓ વધવાના એંધાણ વર્તાય. અસાધ્ય કે લાંબા સમયથી પીડિત દર્દીઓની રાહત પીપળના ઝાડ પર જળ અર્પણ કરીને એકી સંખ્યામાં પ્રદક્ષિણા કરવાથી પિતૃગણના આશીર્વાદ મળશે.જેનાથી બીમારીઓમાંથી ચોક્કસ રાહત અનુભવાશે.



(૧) મેષ (અ, લ, ઇ):- આ સપ્તાહ આરોગ્ય માટે મિશ્ર રહે. દિવસે ઊંઘ ના ઝોકાં આવવાથી રાત્રિએ ઊંઘ ન થવાથી તબિયત પર અસર પડે. સૂર્યનારાયણ ભગવાનને શુદ્ધ જળ માં કંકુ નાખીને અર્ગ આપીને વંદન સાથે આદિત્યનારાયણ પાઠ કરશો.

(૨) વૃષભ (બ, વ, ઉ):- ઋતુ પરિવર્તન થવાથી આરોગ્ય બગાડે. બરફ, ગોલા તથા આઇસક્રીમ ખાવાથી ગળું જકડાઇ જવાની શક્યતાઓ. નિત્ય ઈસ્ટ ઉપાસના નિયત સમયસર કરજો.

(૩) મિથુન (ક, છ, ઘ):- સામાજિક સંબંધોમાં વાદ-વિવાદના કારણે મનોસ્થિતિ અકારણ બગડે. નકારાત્મક વિચાર વલણ વધવાથી ઊંઘ હરામ થાય. મહાદેવજીના દર્શન કરવાથી સમસ્યાઓમાં રાહત જણાશે.

(૪) કર્ક (હ, ડ):- માથાના વાળ ખરવાની શક્યતા. પગમાં ખંઝવણ લાંબા સમયથી રહ્યા કરે. રસોઇ બન્યા પછી ગૌગ્રાસ કાઢીને ગાય, કૂતરાને ખવડાવશો. ગરીબોને છાશ પીવડાવશો.

(૫) સિંહ (મ, ટ):- મચ્છર કરડવાની શક્યતાઓ. વજન વધવાની પણ પૂર્ણ સંભાવના માટે યોગ્ય કાળજી રાખવી. વડીલોના દરરોજ દર્શન કરીને કાર્યારંભ કરશો.

(૬) કન્યા રાશિ (પ, ઠ, ણ):-મોટી ઉંમરના જાતકોને ગઠિયો વા થવાની સંભાવના રહેલી છે તેમજ અન્ય વ્યક્તિને ગેસ કબજિયાતને કારણે તબિયત બગડી શકે. ઘર કે ઓફિસ ની નજીક આસપાસ વૃક્ષની સેવા કરવાથી બગડેલ આરોગ્ય સુધરશે.

(૭) તુલા રાશિ (ર, ત):- તાવ, શરદી,ઉધરસ આવવાની ફરિયાદ રહી શકે. નિત્ય ઈસ્ટ ઉપાસના સાથો-સાથ ગુરુ મંત્રની માળા કરશો. મોકાણેના સમાચાર મળવાથી બી.પી.વધી શકે. દૈવી કવચ કરશો.

(૮) વૃશ્ચિક (ન, ય):- મનોઇચ્છિત કામો ન થવાને કારણે માનસિક સ્થિતિ બગડે જેને કારણે તબિયત પર અસર પડે. આંખોમાં ઓપરેશન આવી શકે. હિત શત્રુથી ચેતવુ નહીંતર તબિયત બગડે. રાત્રિના સમયે શક્ય હોય તો એક કલાક મૌન પાળશો.


(૯) ધન (ભ, ધ, ફ, ઢ):- ડાયાબિટીસ નોર્મલ કરવા માટે કાળજી આવશ્યક નહીંતર તબિયત બગડે. થાપા ઉપર સતત દુખાવો રહ્યા કરે. નિત્ય ઈષ્ટદેવના સ્મરણ સાથે ગુરુ મંત્રનો જાપ અવશ્ય કરશો.

(૧૦) મકર (ખ, જ):- જો અગાઉના હઠીલા દર્દો હશે તો વધારે પરેશાની આપશે. ગડગુમડ થવાની સંભાવના પૂર્ણ રહેલી છે. શક્ય હોય તો ચા પીવાના બદલે કોફી પીજો. હનુમાન ચાલીસા પઠન કરવા.

(૧૧) કુંભ (ગ, સ, શ):- અસ્થમાની અસર આવે. લાંબા ગાળાના પ્રવાસ પર્યટન કરવાથી તબિયત વધારે બગડે. નિયમિત હનુમાનજીના મંદિરે જઈ દર્શન કરવા તેમજ ગરીબોને મદદ કરવી.

(૧૨) મીન (દ, ચ, ઝ, થ):- લીવર ઉપર સોજો આવવાની સંભાવના રહેલી છે માટે યોગ્ય ડોક્ટરને બતાવી તાત્કાલિક રિપોર્ટ કરાવશો. મોં ઉપર સુઝન આવવાની પણ સંભાવના રહેલી છે. જૂના વસ્ત્રનું ઉચિત જગ્યા દાન કરશો તેનાથી માંદગીમાં રાહત જણાશે.

દરેક રાશિના જાતકોએ સ્નાનાદીથી પરવારીને તુલસીના પાન અવશ્ય ચાવવા. શુદ્ધ ઘીનો દીપ તુલસી ક્યારે સાંજે પ્રગટાવી 'ઓમ નમો ભગવતે વાસુદેવાય' ની એક માળા અવશ્ય ગણવી. મહિલા વર્ગ રવિવારનું એકટાણુ મીઠા વગરનું ખાઈને કરવાથી આરોગ્ય માટે સુખમય બની રહેશે. ■



# મલેરિયાને નાબૂદ કરવાના તમામ પ્રયાસો છતાં, હજુ પણ ઘણા દેશોમાં એ જીવલેણ છે

feedback@bombaysamachar.com

આરોગ્ય

માજિદ અલીમ

એકસો ત્રીસ વર્ષથી વધુ સમયથી મેડિકલ સાયન્સ જાણીતું હોવા છતાં, મેલેરિયા પર કાબુ મેળવી શક્યું નથી. આજે પણ, મેલેરિયા સમગ્ર વિશ્વમાં મોટા પાયે માનવ જીવન માટે ખતરો છે. આજે પણ મલેરિયાના કારણે દર વર્ષે ૫ થી ૬ લાખ લોકો મૃત્યુ પામે છે, તેથી મચ્છરના કરડવાથી ફેલાતા આ રોગને રોકવા માટે, વિશ્વભરના નિષ્ણાત તબીબો ૨૫મી એપ્રિલના રોજ તેમના જ્ઞાન અને અનુભવો શેર કરી રહ્યા છે તેને અન્ય લોકો સાથે શેર કરો જેથી તેનો સામનો કરી શકાય.

ચાર્લ્સ લુઈસ આલ્ફોન્સ લેવેરન નામના વ્યક્તિએ ૧૮૮૯માં મેલેરિયા પરોપજીવીની શોધ કરી હતી. જેના માટે તેમને ૧૯૦૭માં નોબેલ પુરસ્કાર પણ મળ્યો હતો.

જો કે, આ પહેલા ૧૯૮૦માં જાણવા મળ્યું હતું કે મેલેરિયા પરોપજીવી યકૃતમાં છુપાયેલા સ્વરૂપમાં અસ્તિત્વ ધરાવે છે. આ પછી, રહસ્ય ઉકેલાયું કે વર્ષો પહેલા મેલેરિયામાંથી સાજા થયેલા દર્દીઓ અચાનક આ જ રોગથી પીડાય છે.

જો કે, મેલેરિયા સામાન્ય રીતે ખૂબ જ નાના લક્ષણો સાથે શરૂ થાય છે. ઉદાહરણ તરીકે, સતત માથાનો દુખાવો રહે છે. વ્યક્તિ નર્વસ થઈ જાય છે, ઉબકા આવે છે, ક્યારેક અચાનક ખૂબ જ તાવ આવે છે. કેટલીકવાર વ્યક્તિને ખૂબ ઠંડી લાગે છે. ક્યારેક સતત ઉલ્ટી થાય છે. પેટમાં ભયંકર દુખાવો, વધુ પડતો પરસેવો અને શરીરમાં અચાનક લોહીની ઉણપ જણાય છે. આ તમામ લક્ષણો મેલેરિયાના છે અને માનવી લગભગ ૨૦૦ વર્ષથી આ લક્ષણો સાથે આ જીવલેણ રોગ વિશે જાણે છે.

એવું નથી કે મેલેરિયા પર સંશોધન નથી થઈ રહ્યું અને તેનું નિવારણ શોધવા માટે રોકાણ નથી થઈ રહ્યું, તેમ છતાં મેલેરિયા એ વિશ્વના કેટલાક રોગોમાંનો એક છે, જેને આજ સુધી માનવી કાબુમાં કરી શક્યો નથી અને જે સામાન્ય લક્ષણોથી શરૂ થાય છે અને થોડા જ સમયમાં જીવલેણ બની જાય છે.

મેલેરિયાની રસી સાર ૨૧/મેટ્રીક્સ એમની માનવ પર અજમાયશ બે વર્ષ પહેલાં વિશ્વ આરોગ્ય સંસ્થા 'હુ'ના નેતૃત્વ હેઠળ શરૂ થઈ હતી અને 'હુ' મુજબ, તે પ્રાથમિક પરીક્ષણોમાં ૭૭ ટકા સુધી અસરકારક હોવાનું જણાયું છે.

લંડનની ઓક્સફર્ડ યુનિવર્સિટી દ્વારા ઉત્પાદિત આ રસીનો પ્રથમ વખત આફ્રિકન દેશ ઘાનામાં મનુષ્યો પર પ્રયોગ કરવામાં આવ્યો છે. ઘાનાની ફૂડ એન્ડ ડ્રગ ઓથોરિટીએ ૫ થી ૩૬ મહિનાની વયના શિશુઓ અને કિશોરોમાં આ રસીનો ઉપયોગ કરવાની મંજૂરી આપી છે.

વિશ્વભરના વૈજ્ઞાનિકો અને ડોકટરોને આશા છે કે આ રસી પછી મેલેરિયાથી મૃત્યુ પામનારા લોકોની સંખ્યામાં ઘટાડો થશે. કારણ કે દર વર્ષે તે લગભગ ૨૫ કરોડ લોકોને ચેપ લગાડે છે અને આ ૨૫ કરોડ લોકોમાંથી ૬ લાખથી વધુ લોકો મૃત્યુ પામે છે.

ભારત વિશ્વના એવા ૧૫ દેશોમાં સામેલ છે જે મેલેરિયાથી સૌથી વધુ પ્રભાવિત છે અને જો આપણે ભારતમાં મેલેરિયાથી સૌથી વધુ પ્રભાવિત વિસ્તારોની વાત કરીએ તો તેમાં ઓરિસ્સા, છત્તીસગઢ, ઝારખંડ, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, ત્રિપુરા, મેઘાલય અને ઉત્તર-પૂર્વનો સમાવેશ થાય છે. અન્ય રાજ્યોમાં પણ મેલેરિયા એક અત્યંત ચેપી રોગ છે.

જેમ આપણે જાણીએ છીએ કે મેલેરિયા પ્રોટોઝોઆ અથવા પરોપજીવી દ્વારા ફેલાય છે અને તેનો સૌથી ખતરનાક પ્રકાર ફાલ્સીપેરોન પરોપજીવી છે. વાસ્તવમાં, આ પરોપજીવી માણસના લાલ રક્તકણોને નુકસાન પહોંચાડે છે, તેના કારણે લાલ રક્ત વાહિનીઓ બંધ થઈ જાય છે અને પરિણામે, આપણા મગજ, કિડની અને ફેફસાંને ભારે નુકસાન થાય છે.

મેલેરિયા પણ ગરીબી સંબંધિત રોગ છે. આ જ કારણ છે કે આફ્રિકાના ઘણા દેશો તેનાથી ખૂબ પ્રભાવિત છે. આફ્રિકા માટે, મેલેરિયા માત્ર માનવીઓ માટે જીવલેણ નથી પરંતુ અહીંની અર્થવ્યવસ્થા માટે પણ જોખમી છે.

દર વર્ષે આફ્રિકામાં મેલેરિયાના વ્યાપક પ્રસારને કારણે લાખો પ્રવાસીઓ જેઓ અહીં પ્રવાસન માટે આવી શક્યા હોત તેઓ આવતા નથી. આના પરથી સમજી શકાય છે કે આફ્રિકાને ૧૨ થી ૧૫ મિલિયન ડોલરનું નુકસાન થયું છે.

જો કે, મેલેરિયાથી થતા મૃત્યુનો નોંધાયેલ આંકડો વાર્ષિક આશરે ૬ લાખ ૩૦ હજાર છે, પરંતુ વાસ્તવિકતા એ છે કે વધુ લાખો લોકો મૃત્યુ પામે છે કારણ કે ઘણા દર્દીઓ હોસ્પિટલને બદલે ઘરે જ મૃત્યુ પામે છે અને તેઓ નોંધાયેલા નથી. તેથી, ડબ્લ્યુએચઓ 'હુ' માને છે કે આના કારણે વાર્ષિક ૭ થી ૨૭ લાખ લોકો મૃત્યુ પામી શકે છે અને દુઃખદ પાસું એ છે કે આના કારણે મૃત્યુ પામનારાઓમાં ૭૫ ટકા આફ્રિકાના ગરીબ બાળકો અને ગર્ભવતી મહિલાઓ છે.

વિશ્વમાં આ રોગના કારણે સૌથી વધુ મૃત્યુ નાઈજીરિયામાં થાય છે. પરંતુ ભારતમાં પણ દર વર્ષે બે લાખથી વધુ લોકો મેલેરિયાના કારણે મૃત્યુ પામે છે.

દર વર્ષે, વિશ્વભરના ડોકટરો અને નિષ્ણાતો મેલેરિયા સામેની લડાઈ માટે એક થીમ પસંદ કરે છે. આ વર્ષની થીમ છે 'હેલ્થ ઇકોલોજી, જેન્ડર એન્ડ હ્યુમન રાઇટ્સ'. ગયા વર્ષે, એટલે કે વર્ષ ૨૦૨૩ની થીમ શૂન્ય મેલેરિયા સુધી પહોંચવાનો સમય, રોકાણ, નવીનતા, અમલીકરણ હતી. વાસ્તવમાં, દર વર્ષે નવી થીમ પસંદ કરવાનું આયોજન કરવાનો હેતુ સમગ્ર વર્ષ માટે મેલેરિયા સંબંધિત તે ચોક્કસ વિષય પર ધ્યાન કેન્દ્રિત કરવાનો છે. આ પરિપ્રેક્ષ્યમાં, સમગ્ર વિશ્વમાં ડોકટરો, સંશોધકો અને વૈજ્ઞાનિકો મેલેરિયા સામે દાંત અને નખની લડાઈ લડી રહ્યા છે. તેમ છતાં, પ્રખ્યાત અભિનેતા નાના પાટેકરે તેમની એક ફિલ્મમાં કહ્યું હતું કે, એક નાનો મચ્છર આખી દુનિયાને અપંગ કરી શકે છે. તેથી જ મેલેરિયા તેની શોધના ૧૩૦ વર્ષ પછી પણ મનુષ્યો માટે એટલો જ ડરામણો છે. અને અત્યારે પણ મચ્છરો આપણને વારંવાર મુશ્કેલી આપી રહ્યા છે. ■



શિવસેના (યુબીટી)એ વચનનામામાં આપ્યો મુસ્લિમોને સંકેત

# ચૂંટણી ઢંઢેરામાંથી હિંદુત્વ, સાવરકર અને મરાઠી જનતાને ભૂલાવી દીધાઃ શિંદે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ શિવસેના (યુબીટી) દ્વારા મહાવિકાસ આઘાડીના ઘટક પક્ષ બન્યા પછી ઉદ્ધવ ઠાકરે હિંદુત્વથી દૂર થઈ ગયા હોવાની ટીકા વારંવાર કરવામાં આવી રહી છે, ત્યારે ઉદ્ધવ ઠાકરેની સેના દ્વારા બહાર પાડવામાં આવેલા ચૂંટણી ઢંઢેરાને લઈને હવે નવી ટીકા થઈ રહી છે. વાસ્તવમાં શિવસેના યુબીટી દ્વારા વચનનામાના માધ્યમથી રાજ્યના મુસ્લિમોને સંકેત આપવામાં આવ્યો છે એવી ટીકા એકનાથ શિંદેની સેના દ્વારા કરવામાં આવી રહી છે.

શિવસેના (યુબીટી)નું સો ટકા કોંગ્રેસીકરણ થઈ ગયું છે એવી ટીકા કરતાં મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ કોલ્હાપુરમાં શનિવારે કહ્યું હતું કે બાળ ઠાકરેના વિચારોને તિલાંજલી આપીને શિવસેના (યુબીટી) પંજાને મતદાન કરશે એ રાજ્યની કમનસીબી છે. જે વાત કહેવામાં ખેદ થવો જોઈએ એ વાતો હવે જાહેરમાં કરવામાં

(જુઓ પાનું ૪) ▶▶

## લખનઊની ૨૦૦ એકર જમીન જપ્ત કરાઈ તેમાં કોની સંડોવણી?

### શિંદેનો ઈશારો ઉદ્ધવ ઠાકરે તરફ

મુંબઈઃ મુંબઈમાં મતદાનનો સમય નજીક આવી રહ્યો છે તેમ રાજકીય પક્ષોનો પ્રચાર પણ વધુ ઉગ્ર બનતો જાય છે અને હાલમાં આપેલા એક ઇન્ટરવ્યૂમાં મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ પણ વિરોધ પક્ષો પર અને ખાસ કરીને ઉદ્ધવ ઠાકરેની ગંભીર ટીકા કરી હતી.

ટીકા ઉપરાંત શિંદેએ એક ગંભીર કૌભાંડ અંગે સાંકેતિક રીતે ઉદ્ધવ ઠાકરે પર પણ નિશાન સાધ્યું હતું અને આડકતરી રીતે તેમના તરફ ઇશારો કર્યો હતો. લખનઊમાં ૨૦૦

(જુઓ પાનું ૪) ▶▶



# દસ મિનિટ ઘરેથી જલદી નીકળી ને કાળ ભરખી ગયો

## ડોંબિવલીમાં ટ્રેનમાં થતી ભીડનો કચ્છી યુવતી ભોગ બની

(અમારા પ્રતિનિધિ તરફથી)

થાણેઃ મધ્ય રેલવેમાં દિવસે દિવસે પ્રવાસીઓની સંખ્યા વધતી જઇ રહી છે અને પીક અવર્સમાં ભીડને કારણે હાલત વધુ ગંભીર બની જતી હોય છે. અઠવાડિયાની શરૂઆતમાં જ ટ્રેનની ભીડનો ભોગ ડોંબિવલીમાં રહેતી ૨૬ વર્ષની કચ્છી યુવતી બની હતી. સોમવારે સવારે દિવાથી કોપર રેલવે સ્ટેશન વચ્ચે ટ્રેનમાંથી નીચે પડતાં યુવતીનું મૃત્યુ થયું હતું. મૃતકની ઓળખ રિયા સામજી મોતા તરીકે થઇ હોઇ તેના પગલે પરિવારજનોમાં ગમગીની છવાઇ ગઇ હતી.

ડોંબિવલીવાસીઓ ઘણા સમયથી વધારાની ટ્રેનની માગણી કરી રહ્યા છે, પરંતુ રેલવે તરફથી હજી સુધી ટ્રેનો વધારવામાં આવી નથી. કલ્યાણથી આવનારી ટ્રેનો પહેલાંથી જ ભરીને આવતી હોવાથી ટ્રેનમાં ચઢવું પ્રવાસીઓ માટે મુશ્કેલ બની જતું હોય છે. ગયા વર્ષે ડોંબિવલી દિવા વચ્ચે ટ્રેનમાંથી પડીને ૪૦૦થી વધુ પ્રવાસીએ જીવ ગુમાવ્યા હતા.

કચ્છ માંડવીના મસ્કા ગામની વતની અને ડોંબિવલી પૂર્વમાં સંકેત ઇમારતમાં બીજા માળે માતા-પિતા સાથે રહેતી રિયા થાણેમાં કન્સ્ટ્રકશન કંપનીમાં કામ કરતી હતી. રિયા સોમવારે સવારના ડોંબિવલી સ્ટેશન પરથી છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસ જતી ટ્રેન પકડી હતી. રિયાએ અંદર ઘૂસવાનો પ્રયાસ કર્યો હતો, પણ કોચમાં ખૂબ ભીડ હોવાથી તેને અંદર જવા મળ્યું નહોતું. આથી રિયા દરવાજા પર ઊભી રહીને પ્રવાસ કરી રહી હતી.

રિયાએ દરવાજા પર ઊભા રહી હેન્ડલ પકડી રાખ્યું હતું, પણ ભીડને કારણે રિયાએ હેન્ડલ પરથી પકડ

(જુઓ પાનું ૪) ▶▶

# હાર્બર લાઈનમાં ટ્રેનના ધાંધિયા

# સીએસએમટીમાં લોકલ ટ્રેનનું ડિરેલમેન્ટઃ પ્રવાસીઓને હાલાકી







(અમય ખરાડે)

મુંબઈઃ અઠવાડિયાના પહેલા દિવસે મધ્ય રેલવેની હાર્બર લાઈનમાં એક ટ્રેનની કોચ પાટા પરથી ખડી પડયો હતો, પરિણામે સમગ્ર લાઈનમાં ટ્રેન સેવા ખોરવાઈ હતી, પરિણામે ગરમીમાં ટ્રેન વિના અન્ય પરિવહનમાં મુસાફરી કરવામાં પ્રવાસીઓને હાલાકી પડી હતી. લોકલ ટ્રેનસેવા ચારેક કલાક પછી શરૂ થયા પછી પણ ટ્રેનો કલાકો સુધી મોડી દોડતી રહેવાથી આજનો દિવસ હાર્બર લાઈનના પ્રવાસીઓ માટે હાલાકીભર્યો રહ્યો હતો.

પનવેલ સીએસએમટી (૬૨૬) લોકલ ટ્રેન સીએસએમટી પહોંચી ત્યારે લોકલ પ્લેટફોર્મ બે નંબર નજીક ટ્રેનનો એક કોચ ડીરેલ થયો હતો. ત્યાર બાદ ટ્રેનને મસ્જિદ રેલવે સ્ટેશન લઈ જવામાં આવી હતી. આ બનાવ સીએસએમટી નજીક સવારના ૧૧.૩૫ વાગ્યાના સુમારે બન્યો હતો પણ સદનસીબે કોઈ જાનહાનિ થઈ નહોતી, પણ એને કારણે આજે બપોર

(જુઓ પાનું ૪) ▶▶

# પ્રણિતી શિંદે, નારાયણ રાણે, સુપ્રિયા સૂળેના ભાવિનો થશે ફેંસલો

# મહારાષ્ટ્રના ત્રીજા તબક્કાના મતદાનમાં દિગ્ગજો વચ્ચે જંગ

મુંબઈઃ લોકસભાની ચૂંટણીના બીજા તબક્કાનું મતદાન ૨૬ એપ્રિલના રોજ યોજવામાં આવ્યું અને હવે ૭મી મેના રોજ ત્રીજા તબક્કાનું મતદાન યોજાવાનું છે, જેની તૈયારી પૂરજોશમાં ચાલી રહી છે. ત્રીજા તબક્કાના મતદાન દરમિયાન જનતા મહારાષ્ટ્રના અનેક દિગ્ગજ નેતાઓ માટે પોતાનો ફેંસલો મતદાન કરીને નક્કી કરશે.

ત્રીજા તબક્કામાં મહારાષ્ટ્રની ૧૧ બેઠક પર મતદાન યોજવામાં આવશે. મહારાષ્ટ્રમાં ચૂંટણીના મેદાનમાં હજી પણ ૨૫૮ ઉમેદવાર છે જેમનું ભાવિ બાકી રહેલા તબક્કાઓના મતદાનમાં નક્કી થશે. જોકે ત્રીજા તબક્કાની ચૂંટણી પર સૌની નજર છે. કારણ કે સૌથી વધુ રસપ્રદ મુકાબલો બારામતીમાં પવાર કુટુંબ વિરુદ્ધ પવાર કુટુંબનો જામવાનો છે. બારામતી ખાતે શરદ પવારના પુત્રી સુપ્રિયા સૂળે અને નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારના પત્ની સુનેત્રા પવાર વચ્ચે ચૂંટણીનો જંગ જામશે. આ ઉપરાંત કેન્દ્રીય

(જુઓ પાનું ૪) ▶▶

# મહાયુતિમાં પાંચ બેઠકનો ફેંસલો ક્યારે?

## દક્ષિણ મુંબઈ સહિતની બેઠકો મુદ્દે હજી અસમંજસ

મુંબઈઃ ચૂંટણીના ત્રીજા તબક્કાનું મતદાન થોડા જ દિવસોમાં યોજાવાનું છે ત્યારે મહાયુતિમાં હજી સુધી પાંચ બેઠકો મુદ્દે ખેંચતાણ ચાલી રહી હોવાનું જાણવા મળ્યું છે. કારણ કે મહાવિકાસ આઘાડી દ્વારા બધા જ ઉમેદવારોની જાહેરાત થયાને ૨૦ દિવસ કરતાં વધુ સમય વીતી ગયો છે ત્યારે મહાયુતિ દ્વારા હજી સુધી આ બેઠકો પર પોતાના ઉમેદવારોની જાહેરાત કરવામાં આવી નથી. જેના કારણે મહાયુતિના કાર્યકરો પણ અસમંજસમાં હોવાનું જણાઇ રહ્યું છે. ઉમેદવારી નોંધાવવાની પ્રક્રિયા શરૂ થઇ ગઇ હોવા છતાં મહાયુતિ દ્વારા દક્ષિણ મુંબઈ, થાણે, પાલઘર અને નાશિક સહિત પાંચ બેઠકો પર ઉમેદવારોની જાહેરાત કરવામાં આવી નથી. જોકે, બેઠકોની વહેંચણી અંગે મહાયુતિના પક્ષોમાં સંમતિ થઇ હોવાનું અને ટૂંક સમયમાં ઉમેદવારોના નામોની જાહેરાત કરવામાં આવશે, એમ મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન (જુઓ પાનું ૪) ▶▶

## કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહના ફેક વીડિયોનું પ્રકરણ

# મુંબઈ ભાજપ દ્વારા મહારાષ્ટ્ર કૉંગ્રેસ વિરુદ્ધ પોલીસ ફરિયાદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ(એઆઇ)નો ઉપયોગ ખોટી રીતે કરવામાં આવે તો તે ખતરનાક સાબિત થઇ શકે છે, તેવું થોડા જ મહિના પહેલા વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ પોતાના ભાષણ દરમિયાન કહ્યું હતું અને ચૂંટણી આવી છે ત્યારે ખરેખર મોર્ફ વીડિયો બનાવી દુરુપયોગ થઇ રહ્યો હોવાનું કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહના ફરી રહેલા નકલી વીડિયો પરથી સાબિત થયું છે.

આ મામલે રાષ્ટ્રીય કક્ષાએ ખળભળાટ મચ્યો છે ત્યારે મુંબઈમાં પણ આ ઘટનાના પડઘા પડ્યા છે.

આ મામલે ભાજપના મુંબઈ એકમ દ્વારા પણ મુંબઇ પોલીસ સમક્ષ ફરિયાદ નોંધાવવામાં આવી છે. મુંબઈના ભાજપ સચિવ પ્રતીક કર્પે દ્વારા મહારાષ્ટ્ર કોંગ્રેસ(યુથ)ના સોશિયલ મીડિયા હેન્ડલ

(જુઓ પાનું ૪) ▶▶

# ગરમીનો કેર યથાવત્, ૩૯.૧ ડિગ્રી

## સોમવાર આ ઉનાળાનો અને દાયકાનો બીજો સૌથી ગરમ

## માલેગાંવમાં ૪૪ ડિગ્રી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈ સહિત સમગ્ર રાજ્યમાં સોમવારે ઉકળતા ચરુ જેવી પરિસ્થિતી રહી હતી. મુંબઈ સહિત રાજ્યમાં દિવસ દરમિયાન ભારે ગરમી અને ઉકળાટ રહ્યો હતો. મુંબઈમાં મહત્તમ તાપમાન ૩૯.૧ ડિગ્રી નોંધાયું હતું. સોમવારનો દિવસ ઉનાળાની મોસમનો અત્યાર સુધીનો જ નહીં પણ છેલ્લા એક દાયકાનો સૌથી બીજો ગરમ દિવસ તરીકે નોંધાયો હતો. થાણેમાં મહત્તમ તાપમાન ૪૧.૩ ડિગ્રી નોંધાયું હતું. તો સમગ્ર રાજ્યમાં સૌથી ઊંચુ તાપમાન વિદર્ભના માલેગાંવમાં ૪૪ ડિગ્રી નોંધાયું હતું.

હવામાન ખાતાની આગાહી મુજબ સોમવારે પણ મુંબઈ, થાણે, પાલઘર, રાયગઢ જિલ્લામાં હીટ વેવની અસર હેઠળ દિવસ દરમિયાન ગરમ પવનો ફૂંકાવાની સાથે જ ગરમ, ઉકળાટભર્યું વાતાવરણ રહ્યું હતું. રાજ્યમાં લૂ લાગીને માંદા પડવાના અનેક કેસ નોંધાયા હતા.

મુંબઈમાં સોમવારે મહત્તમ તાપમાનનો પારો ૩૯.૧ ડિગ્રી જેટલો ઊંચો નોંધાયા તે ઉનાળાની મોસમનો અત્યાર સુધીનો સૌથી બીજો ગરમ દિવસ તરીકે નોંધાયો હતો. આ અગાઉ ચાલુ મહિનામાં જ એટલે કે ૧૬ એપ્રિલે મહત્તમ તાપમાનનો પારો ૩૯.૭ ડિગ્રી નોંધાયો હતો. ૧૬ એપ્રિલ, ૨૦૨૪ના

(જુઓ પાનું ૪) ▶▶

# સ્માર્ટ થાણે વરસાદમાં ડૂબશે

## ૩૩ જગ્યાએ પાણી ભરાવાનું જોખમ, સૌથી વધુ ફટકો દીવાવાસીઓને પડશે

થાણેઃ આ મોન્સૂનમાં થાણે મહાપાલિકાની હદમાં સૌથી વધુ પાણી ભરાવાનાં છે. પાલિકાએ કરેલા સર્વેક્ષણમાં આ માહિતી સામે આવી હતી. શહેરમાં અંદાજે ૩૩ ઠેકાણે પાણી ભરાવાનું જોખમ છે અને એમાં સૌથી વધુ ફટકો દીવાવાસીઓને પડવાનો છે, એવું પાલિકાએ કરેલા સર્વેક્ષણમાં જાણવા મળ્યું હતું. દરમિયાન ગયા વર્ષે મોન્સૂનમાં ૧૪ ઠેકાણે પાણી ભરાયાં હતાં, જે આ વર્ષે વધીને બમણાં કરતાં પણ વધુ હોવાનું જાણવા મળે છે.

દર વર્ષે મોન્સૂનમાં થાણે પાલિકા ક્ષેત્રમાં વિવિધ નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાતાં હોય છે. આને કારણે નાગરિકોને નાહકનો ત્રાસ વેઠવો પડતો હોય છે. ગયા વર્ષે મોન્સૂનમાં ૧૪ જગ્યાએ પાણી ભરાયાં હતાં, જે આ વર્ષે વધીને ૩૩ જગ્યાએ ભરાશે, એવું પાલિકાએ કરેલા સર્વેક્ષણમાં બહાર આવ્યું હતું. આ તમામ વિસ્તાર નીચાણવાળા હોવાને કારણે અહીં પાણી ભરાતાં હોવાનો દાવો પાલિકાએ કર્યો હતો. સ્માર્ટ થાણે આ મોન્સૂનમાં ડૂબવાનું હોવાનું પાલિકાએ કરેલા સર્વેક્ષણ પરથી જાણવા મળી રહ્યું છે. ■

### ક્યાં ઠેકાણે પાણી ભરાઈ શકે છે

શહેરમાં જે વિસ્તારમાં મોન્સૂન દરમિયાન પાણી ભરાવાની શક્યતા રહેલી છે એમાં રામ મારુતિ રોડ, ગોખલે રોડ, ગડકરી રંગાયતન, સેટિસ પુલ, માસુંદા તળાવ, વંદના ટોકીઝ, ગાયમુખ હાઈવે, વિટાવા રેલવે પુલની નીચે, શિવાજી નગર, બાબનાની પાર્ક, મારુતિ રોડ, સાબે ગાંવ, ડાયઘર, કાશીનાથ ચોક, ચવ્હાણ ચાલ અને વૃંદાવન-શ્રીરંગ સોસાયટીનો સમાવેશ થાય છે. ■

### પાણી ભરાતાં હોવાનાં આ છે કારણો

જોકે સ્માર્ટ સિટી થાણેમાં પાણી ભરાવાનાં અનેક કારણો સામે આવ્યાં છે. શહેરમાં ગેરકાયદે બાંધકામ વધી ગયું હોવાને કારણે જમીનનું સપાટીકરણ થતું હોવાનું દેખાતું નથી. આને કારણે પાણી ભરાઈ જતાં હોય છે. શહેરમાં અમુક ઠેકાણે મોટા પ્રમાણે નીચાણવાળા વિસ્તાર વધી ગયા છે. કુદરતી નાળાં ગેરકાયદે પદ્ધતિથી પૂરી દેવામાં આવ્યાં છે. દીવામાં ચાલી ઊભી કરવામાં આવી હોઇ ગંદું પાણી અને ડ્રેનેજની વ્યવસ્થા કરવામાં આવી નથી. ■

# સલમાન ખાનના નિવાસસ્થાન બહાર ગોળીબારઃ એમસીઓસીએ કોર્ટે ત્રણ આરોપીને ૮ મે સુધીની પોલીસ કસ્ટડી ફટકારી

મુંબઈઃ બોલીવૂડના સુપરસ્ટાર સલમાન ખાનના બાંદ્રા વિસ્તારના નિવાસસ્થાન બહાર ગોળીબારના કેસમાં ધરપકડ કરાયેલા ત્રણ આરોપીને વિશેષ એમસીઓસીએ કોર્ટે સોમવારે ૮ મે સુધી પોલીસ કસ્ટડી ફટકારી હતી.

વિશેષ એમસીઓસીએ જજ એ.એમ. પાટીલે આરોપી વિકી ગુપ્તા (૨૪), સાગર પાલ (૨૧) અને અનુજ થાપન (૩૨)ને પોલીસ કસ્ટડી ફટકારી હતી, જ્યારે સોનુકુમાર ચંદર બિશ્નોઇ (૩૭)ને તબીબી કારણોસર અદાલતી કસ્ટડી ફટકારાઇ હતી.

પોલીસે શનિવારે ચારેય આરોપી વિરુદ્ધ તથા જેલમાં સબળતા ગેન્ગસ્ટર લોરેન્સ બિશ્નોઇ અને તેના ફરાર ભાઇ અનમોલ બિશ્નોઇ વિરુદ્ધ એમસીઓસીએ (મહારાષ્ટ્ર કન્ટ્રોલ ઓફ ઓર્ગેનાઇઝ્ડ ક્રાઇમ એક્ટ) લગાવ્યો હતો.

બિશ્નોઇ ગેન્ગના બંને શૂટર ગુપ્તા અને પાલને શસ્ત્રો અને બૂલેટ્સ પૂરાં પાડવાનો સોનુકુમાર અને અનુજ પર આરોપ છે. સોમવારે બંધબારણે કોર્ટમાં સુનાવણી હાથ ધરવામાં આવી હતી. સરકારી વકીલ જયસિંહ દેસાઇએ કાવતરાનો પર્દાફાશ કરવા માટે બારીકાઇથી તપાસ કરવાની જરૂર હોવાનું જણાવીને (જુઓ પાનું ૪) ▶▶

# નાળાની સફાઈ કરવામાં બેદરકારી બદલ કૉન્ટ્રેક્ટરો દંડાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈના જુદા જુદા વિસ્તારોમાં આવેલા નાના-મોટા નાળાઓ અને ગટરોની સફાઈના કામમાં બેદરકારી દાખવનારા કૉન્ટ્રેક્ટરોને મુંબઈ મહાનગરપાલિકા દ્વારા દંડવામાં છે. ૧૫ માર્ચથી ૨૯ એપ્રિલ, ૨૦૨૪ના સમયગાળામાં મોટા નાળાઓને સાફ કરવામાં ત્રુટી જણાઈ આવતા બેદરકારી દાખવનારા જુદા જુદા કૉન્ટ્રેક્ટરો પાસેથી દંડ પેઠે ૩૦ લાખ રૂપિયાથી વધુ રકમનો દંડ ફટકારવામાં આવ્યો છે.

ચોમાસાના કામના ભાગ રૂપે હાલ મુંબઈના જુદા જુદા વિસ્તારોમાં વોર્ડ સ્તરે પાલિકા દ્વારા તેમ જ મોટા નાળાઓની સફાઈનું કામ કૉન્ટ્રેક્ટરો

(જુઓ પાનું ૪) ▶▶

# પ્રોપર્ટી ટેક્સ ચૂકવવામાં ‘મુંબઈ મેટ્રો વન’ના ઠાગાઠૈયા

## ૪૬૧ કરોડ રૂપિયાનો ટેક્સ બાકી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈ મહાનગરપાલિકાની વારંવારની અપીલ બાદ પણ વર્ષોવાથી ઘાટકોપર દરમિયાન મેટ્રો રેલવે સર્વિસ પૂરી પાડનારી ‘મુંબઈ મેટ્રો વન પ્રાઈવેટ લિમિટેડ’ કંપનીએ ૪૬૧ કરોડ રૂપિયાનો પ્રોપર્ટી ટેકસ ચૂકવ્યો નથી.

પાલિકાના અસેસમેન્ટ ખાતાના જણાવ્યા મુજબ પાલિકા પ્રશાસન તરફથી ‘મુંબઈ મેટ્રો વન પ્રાઈવેટ લિમિટેડ’ને અનેક વખત રિમાઈન્ડર

(જુઓ પાનું ૪) ▶▶

# ભાયખલાનું પ્રાણીસંગ્રહાલય પહેલી મેના ખુલ્લું રહેશે

તેમ જ આંતરરાષ્ટ્રીય કામગાર દિન નિમિત્તે સાર્વજનિક રજા હોવા છતાં રાણીબાગને પર્યટકો માટે ખુલ્લી રાખવાની જાહેરાત પાલિકા પ્રશાસને કરી છે. નોંધનીય છે કે વેકેશન હોવાથી રાણીબાગમાં પ્રતિદિન આવતા મુલાકાતીઓની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે. ખાસ કરીને શનિવાર, રવિવારની તેમ જ સાર્વજનિક રજામાં વધુ મુલાકાતીઓનો વધુ ઘસારો રહેતો હોય છે. ૨૮ એપ્રિલ, રવિવારના રાણીબાગમાં દિવસ દરમિયાન ૧૭,૭૦૧ પર્યટકો આવ્યા હતા અને પાલિકાની તિજોરીમાં ૬,૬૧,૭૭૫ રૂપિયા જમા થયા હતા. તો સોમવાર, ૨૯ એપ્રિલના રાણીબાગમાં આવનારા પ્રવાસીઓની સંખ્યા ૬,૪૮૨ હતી અને દિવસ દરમિયાન ૨,૪૪,૬૫૫ રૂપિયાની કમાણી પાલિકાને થઈ હતી. ■

# પર્યટકોએ માથેરાન ટોય ટ્રેનની મજા માણીઃ સાડાત્રણ કરોડની આવક થઇ

મુંબઈઃ માથેરાન મુંબઈગરાઓ માટે પસંદગીનું હિલ સ્ટેશન રહ્યું છે. મધ્ય રેલવે આ હિલ સ્ટેશન સુધી પહોંચવા માટે ટોય ટ્રેન ચલાવે છે અને એ તેને પર્યટકોએ બહોળો પ્રતિસાદ આપ્યો છે. આ ટ્રેને નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪માં રૂ. ૩.૫૪ કરોડની મહેસૂલ ઊભી કરી છે. આ ટ્રેનમાં પાંચ લાખથી વધુ લોકોએ લાભ લીધો હતો. માથેરાન મુંબઈ, પુણે અને આસપાસના ક્ષેત્રના નાગરિકો માટે નજીકમાં નજીક આવેલું સૌથી પ્રિય હિલ સ્ટેશન છે. ૧૧૭ વર્ષ પહેલાં શરૂ થયેલી નેરલ-માથેરાન ટોય ટ્રેન ભારતની અમુક જ હેરિટેજ માઉન્ટેન રેલવેમાંની એક છે. નેરલથી માથેરાન સુધી પહાડોની વચ્ચેથી ચાલતી આ ટ્રેનની સર્વિસ નેરોગેજ લાઈન પર છે. આ ઉપરાંત અહીં શટલ સર્વિસ પણ ચાલી રહી છે. વર્તમાનમાં મધ્ય રેલવે નેરલ-માથેરાન-નેરલ વચ્ચે દરરોજ ચાર સેવા અને અન્ય ૧૬ શટલ સેવાઓ ચાલી રહી છે. આમાંથી ૧૨ સેવા દરરોજ ચાલે છે અને ચાર વિશેષ સેવા માત્ર સપ્તાહના અંતે ચાલે છે. ■

### સ્લીપિંગ પોડ્સ પણ શરૂ કરાશે

મધ્ય રેલવે માથેરાનમાં આગામી સમયમાં સ્લીપિંગ પોડ્સ, જેને પોડ્સ હોટેલ પણ કહેવામાં આવે છે, શરૂ કરવા માટે પૂરેપૂરી રીતે તૈયાર છે. આમાં સિંગલ પોડ, ડબલ પોડ અને ફેમિલી પોડની સુવિધા હશે, જે પર્યટકોની જરૂરિયાતોને પૂરી પાડવા માટે વિકલ્પ આપશે. આમાં મોબાઈલ ચાર્જિંગ, લોકર રૂમ, ફાયર એલાર્મ, ઈન્ટરકોમ સિસ્ટમ, ડિલક્સ શૌચાલય અને બાથરૂમ જેવી સુવિધાઓ હશે. ■

# બેન્ક શેરોની લેવાલીએ બેન્ચમાર્ક સ્પ્રિંગની જેમ ઊછળ્યો, નિફ્ટી બેન્ક અને મિડકૅપ ઈન્ડેક્સ ઓલટાઇમ હાઇ સપાટીએ પહોંચ્યા

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: શેરબજારમાં જોરદાર તેજીનો માહોલ જામ્યો છે. ઇન્ડેક્સ હેવીવેઇટ શેરો અને ખાસ કરીને બેન્ક શેરોની આગેવાનીએ નીકળેલી જોરદાર લેવાલીના ટેકાએ સપ્તાહના પહેલા દિવસે સેન્સેક્સ સત્ર દરમિયાન ૯૯૧ પોઇન્ટ ઊંચી સપાટીએ, જ્યારે નિફ્ટી ૨૨,૬૫૫ની નજીક પહોચ્યો હતો. બેન્ક નિફ્ટી, મિડકેપ ઈન્ડેક્સ ઓલ ટાઈમ હાઈ સપાટીએ પહોંચ્યા છે. સેન્સેક્સ સત્ર દરમિયાન ૯૯૦.૯૯ પોઇન્ટ અથવા તો ૧.૩૪ ટકાના ઉછાળા સાથે ૭૪,૭૨૧.૧૫ની ઊંચી સપાટીને અથડાઇને અંતે ૯૪૧.૧૨ પોઇન્ટ અથવા તો ૧.૨૮ ટકાના સુધારા સાથે ૭૪,૬૭૧.૨૮ પોઇન્ટની સપાટી સ્થિર થયો હતો. જ્યારે નિફ્ટી ૨૨૩.૪૫ પોઇન્ટ અથવા તો એક ટકાના ઉછાળા સાથે ૨૨,૬૪૩.૪૦ પોઇન્ટના સ્તરે સ્થિર થયો હતો.

આઇસીઆઇસીઆઇ બેંક અને એસબીઆઇ લાઇફ દ્વારા જાહેર કરવામાં આવેલા મજબૂત પરિણામોને પગલે, બેન્ક શેરોમાં આવેલા જોરદાર ઉછાળા પાછળ નિફ્ટી બેન્ક ઇન્ડેક્સ ૪૯,૪૬૮ની તેની સર્વકાલિન ઊંચી સપાટીને સ્પર્શ્યો હતો. આઇસીઆઇસીઆઇ બેન્કનો શેર પાંચ ટકા ઊછળ્યો હતો. અન્ય ટોપ ગેઇનર શેરોમાં ઇન્ડસઇન્ડ બેન્ક, અલ્ટ્રાટેક સિમેન્ટ, સ્ટેટ બેન્ક, એક્સિસ બેન્ક, કોટક મહિન્દ્રા બેન્ક, ટીસીએસ, બજાજ ફાઇનાન્સ અને એચડીએફસી બેન્કનો સમાવેશ હતો. એચસીએલ ટેકનોલોજીના પરિણામ બજારને માફક ના જણાતાં તેમાં વેચાવાલી વચ્ચે છ ટકાનો કડાકો નોંધાયો હતો. આઇટીસી, વિપ્રો અને બજાજ ફિનસર્વનો ટોપ લૂઝરમાં સમાવેશ હતો. લાઇફ સાયન્સ ઇન્ડસ્ટ્રીઝમાં કાર્યરત ઇન્ડિજિન લિમિટેડ રૂ. ૧૮૪૨ કરોડના આઇપીઓ સાથે છઠી મેના રોજ મૂડી બજારમાં પ્રવેશી રહી છે. પ્રાઇસ બેન્ડ રૂ. ૪૩૦થી રૂ. ૪૫૨ નક્કી કરવામાં આવી છે, ભરણું આઠમી મેના રોજ બંધ થશે. ભરણાંમાં રૂ. ૭૬૦ કરોડનો હિસ્સો ફ્રેશ ઇક્વિટીનો અને રૂ. ૧૦૮૨ કરોડનો હિસ્સો ઓએફએસનો છે. રિયલ્ટી, એફએમસીજી, મેટલ સિવાય અન્ય તમામ ક્ષેત્રીય ઇન્ડેક્સ, પાવર, બેન્ક અને ઓઈલ એન્ડ ગેસ ઇન્ડેક્સ ૦.૫ ટકાથી બે ટકા સુધીના ઉછાળા સાથે ગ્રીન ઝોનમાં પહોંચ્યા હતા. બજારના સાધનો અનુસાર આંતરરાષ્ટ્રીય સ્તરે ઇરાનના છેલ્લા વિધાન બાદ ભૌગોલિક રાજકીય તંગદિલી હળવી થવા સાથે કોર્પોરેટ ક્ષેત્રના મજબૂત પરિણામોને કારણે સેન્ટિમેન્ટ મજબૂત બન્યું છે.




એશિયન બજારોમાં સિઓલ, શાંઘાઇ અને હોંગકોંગ શેરબજાર પોઝિટીવ ઝોનમાં બંધ થયા હતા. યુરોપના શેરબજારોમાં ખૂલતા સત્રમાં મિશ્ર હવામાન જોવા મળ્યું હતું. અમેરિકાના શેરબજારો પાછલા શુક્રવારે સુધારા સાથે બંધ થયા હતા. બજારના નિષ્ણાતોના મતે અમેરિકાની ટેકનોલોજી કંપનીઓના પરિણામ સારા આવવા સાથે યુએસ ટેન યર્સ ટ્રેઝરી બિલ્સની યિલ્ડમાં ઘટાડો થવાને કારણે વિશ્વબજારના એકંદર સેન્ટિમેન્ટમાં સુધારો આવ્યો હતો. સ્થાનિક સ્તરે બેન્કોના પરિણામ સારા આવવાને કારણે બેન્ક નિફ્ટી ઇન્ડેક્સમાં સુધારો જોવા મળ્યો હતો. મધ્યપૂર્વની તંગદીલી હળવી થવા સાથે કોર્પોરેટ ક્ષેત્રના મજબૂત પરિણામ જોતા બજારનું પોઝિટિવ સેન્ટિમેન્ટ જળવાઇ રહેવાની અપેક્ષા છે.

ગ્લોબલ ઓઇલ બેન્ચમાર્ક બ્રેન્ટ ક્રૂડ ૦.૫૧ ટકા ગબડીને ૮૯.૦૪ ડોલર પ્રતિ બેરલ બોલાયું હતું. વિદેશી સંસ્થાકીય રોકાણકારોની વેચવાલી એકધારી ચાલુ રહી છે. પાછલા શુક્રવારે એફઆઇઆઇએ રૂ. ૩૪૦૮.૮૮ કરોડની વેચવાલી નોંધાવી હતી. જોકે સામે સ્થાનિક સંસ્થાઓએ રૂ. ૪૩૫૬ કરોડની લેવાલી નોંધાવી હતી.

આ સપ્તાહે બજારની નજર એફઓએમસી બઠકના નિર્ણય, કોપોરેટ ક્ષેત્રના ચોથા ત્રિમાસિક પરિણામ, ઓટોમોબાઇલના વેચાણના આંકડા અને સ્થાનિક આર્થિક ડેટા પર રહેશે. પહેલી મેના રોજ મહારાષ્ટ્ર દિન નિમિત્તે બજાર બંધ રહશે. રોકાણકારો ફેડરલ રિઝર્વના વ્યાજ દરના નિર્ણયની ખાસ પ્રતીક્ષા કરી રહ્યાં છે. આ ઉપરાંત મેન્યુફેકચરિંગ પીએમઆઇ ડેટાની બજારના સેન્ટિમેન્ટ પર અસર થઇ શકે છે.

કોર્પોરેટ ક્ષેત્રના માર્ચ ક્વાર્ટરના મિશ્ર પરિણામો, મધ્ય પૂર્વના તણાવમાં મળેલા હાશકારા, ક્રૂડ ઓઇલના ભાવમાં થયેલા ઘટાડા અને મેન્યુફેકચરિંગ અને સર્વિસિસ સેકટરના ફ્લેશ ડેટા સકારાત્મક રહેતા ઇક્વિટી માર્કેટના સેન્ટિમેન્ટને ટેકો મળી રહેવાની આશા છે. ટોચના ફંડ મેનેજરે જણાવ્યું હતું કે, નજીકના ગાળામાં બજારમાં કોન્સોલિડેશનની અપેક્ષા છે. મોટાગજાના રોકાણકારો બોન્ડ્સ અને સોના તરફ ફંટાઇ શકે છે. વધુમાં, આગામી યુએસ ફેડની નીતિની જાહેરાત અને નોન-ફાર્મ પેરોલ ડેટા વૈશ્વિક બજારોને અસર કરશે, જ્યારે ચાલુ ચોથા ક્વાર્ટરની કમાણીના અહેવાલો સ્થાનિક બજારની ગતિશીલતાને પ્રભાવિત કરશે. પ્રાથમિક બજારોના મોરચે, આ સપ્તાહે મેઇન બોર્ડમાં કોઈ નવો આઇપીઓ નથી, પરંતુ એસએમઇ સેગમેન્ટમાં હલચલ ચાલુ રહેશે. સ્ટોરેજ ટેક્નોલોજીસ એન્ડ ઓટોમેશન, એમકે પ્રોડક્ટ્સ અને સાઈ સ્વામી મેટલ્સ એન્ડ એલોયસ, એમ ત્રણ કંપનીઓના પ્રારંભિક જાહેર ભરણાં (આઈપીઓ) ૩૦મી એપ્રિલે ખુલશે અને ત્રીજી મેના રોજ બંધ થશે, જ્યારે સ્લોન ઈન્ફોસિસ્ટમ માટે આઈપીઓ ત્રીજી મેના રોજ ખુલશે.

વૈશ્વિક સ્તરે, તમામની નજર પહેલી મેના રોજ જાહેર થનારા ફેડરલ ઓપન માર્કેટ કમિટીની બેઠકના પરિણામ પર રહેશે. બજારના નિષ્ણાતો અને અર્થશાસ્ત્રીઓ ૫.૨૫-૫.૫૦ ટકાના ફેડ ફંડ રેટમાં કોઈ ફેરફારની અપેક્ષા ધરાવતા નથી. બજારનું ધ્યાન ફેડ ચેરમેન જેરોમ પોવેલની કોમેન્ટ્રી પર રહેશે. પાછલા સપ્તાહ દરમિયાન, સેન્સેક્સ ૦.૮૮ ટકા વધીને ૭૩,૭૩૦ પોઇન્ટની સપાટીએ અને નિફ્ટી ઇન્ડેક્સ ૧.૨ ટકા વધીને ૨૨,૪૨૦ પોઇન્ટની સપાટી પર પહોંચ્યો હતો. પરંતુ વ્યાપક બજારોમાં સારી એવી તેજી જોવા મળી હતી. નિફ્ટી મિડકેપ ૧૦૦ ઇન્ડેક્સ અને સ્મોલકેપ ૧૦૦ ઇન્ડેક્સ અનુક્રમે ચાર અને ૪.૪ ટકા ઉછળ્યા હતા અને નવી બંધ ઊંચાઈએ પહોંચ્યા હતા.

# આરબીડી પામોલિન અને સન રિફાઈન્ડમાં સુધારો, વેપાર નિરસ



(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે આજે ક્રૂડ પામતેલના વાયદામાં ૨૫ રિંગિટનો તેમ જ આ અહેવાલ લખાઈ રહ્યો છે ત્યારે શિકાગો ખાતેના વાયદાના પ્રોજેક્શનમાં પણ સાત પૉઈન્ટનો સુધારો દર્શાવાઈ રહ્યો હોવાથી આજે સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં ૧૦ કિલોદીઠ સન રિફાઈન્ડ અને આરબીડી પામોલિનમાં અનુક્રમે રૂ. પાંચનો અને રૂ. ચારનો સુધારો આવ્યો હતો, જ્યારે સોયા રિફાઈન્ડમાં રૂ. પાંચનો ઘટાડો આવ્યો હતો. આ સિવાય અન્ય દેશી-આયાતી તેલના ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે માત્ર સેલરિસેલ ધોરણે પાંચથી ૧૦ ટ્રક આરબીડી પામોલિનના વેપાર ૧૦ કિલોદીઠ રૂ. ૯૦૮થી ૯૧૦માં થયા હતા. આ સિવાય આજે ડાયરેક્ટ ડિલિવરી શરતે રૂચી, અલાના અને ગોલ્ડન એગ્રીના આરબીડી પામોલિનના ભાવ ૧૦ કિલોદીઠ રૂ. ૯૧૫ ક્વૉટ થઈ રહ્યા હતા, પરંતુ સત્રના આરંભે વાઈકોફનાં થયેલા છૂટાછવાયા વેપારને બાદ કરતાં એકંદરે વેપાર નિરસ રહ્યા હતા.

આજે હાજરમાં વિવિધ દેશી-આયાતી ખાદ્યતેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૯૧૦, ક્રૂડ પામતેલના રૂ. ૮૮૦, સોયા રિફાઈન્ડના રૂ. ૯૨૦, સોયા ડિગમના રૂ. ૮૮૦, સન રિફાઈન્ડના રૂ. ૯૨૦, સન ક્રૂડના રૂ. ૮૬૦, સિંગતેલના રૂ. ૧૫૦૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૯૮૫ અને સરસવના રૂ. ૧૦૨૦ના મથાળે રહ્યા હતા. વધુમાં આજે ગુજરાતનાં મથકો પર ૧૦ કિલોદીઠ કપાસિયા રિફાઈન્ડ અને સિંગતેલના વેપાર અનુક્રમે ૧૦ કિલોદીઠ રૂ. ૯૩૦થી ૯૩૫ અને રૂ. ૧૪૬૦માં તથા સિંગતેલના તેલિયા ટીનના ૧૫ કિલોદીઠ રૂ. ૨૩૪૦માં થયાના અહેવાલ હતા. જ્યારે ઈન્દોર ખાતે હાજરમાં સોયા રિફાઈન્ડના વેપાર ૧૦ કિલોદીઠ રૂ. ૯૧૫થી ૯૨૦માં થયાના અહેવાલ હતા.

વધુમાં આજે રાજસ્થાન ખાતે ચાર લાખ ગૂણી સરસવની આવક સામે જયપુરની મંડીમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૫૪૨૫માં થયા હતા, જ્યારે એક્સ્પેલરના વેપાર ૧૦ કિલોદીઠ રૂ. ૯૯૮માં, કચ્ચી ઘાણીના રૂ. ૧૦૦૮માં અને સરસવ ખોળના વેપાર ક્વિન્ટલે રૂ. ૨૫૪૦થી ૨૫૪૫માં થયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. આ સિવાય આજે મધ્ય પ્રદેશનાં મથકો પર સોયાસીડની અંદાજે ૮૫,૦૦૦ ગૂણીની આવકો થઈ હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

### ફેડરલની બેઠક પૂર્વે વૈશ્વિક સોનામાં ઘટ્યા મથાળેથી સાંકડી વધઘટ

# સ્થાનિક સોનામાં ₹ ૭૫નો અને ચાંદીમાં ₹ ૨૪૬નો ઘટાડો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ગત શુક્રવારે અમેરિકાનાં પર્સનલ કન્ઝમ્પશન એક્સપેન્ડિચર ડેટાની જાહેરાત બાદ ન્યૂ યોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જ ખાતે સોનાના ભાવ સાધારણ દબાણ હેઠળ આવ્યા બાદ હવે રોકાણકારોની નજર આવતીકાલથી શરૂ થઈ રહેલી અમેરિકી ફેડરલ રિઝર્વની બે દિવસીય નીતિવિષયક બેઠક પર સ્થિર હોવાથી આજે લંડન ખાતે સત્રના આરંભે સોનાના ભાવમાં ટકેલું સાંકડી વધઘટ જોવા મળી હતી, જ્યારે ચાંદીના ભાવમાં ધીમો સુધારો આવ્યો હોવાના અહેવાલ હતા. જોકે, સ્થાનિક ઝવેરી બજારમાં આજે ખાસ કરીને ગત શુક્રવારનાં વૈશ્વિક નિરુત્સાહી અહેવાલે સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૭૫નો અને ચાંદીના ભાવમાં કિલોદીઠ રૂ. ૨૪૬નો ઘટાડો આવ્યો હતો.




આજે સ્થાનિકમાં ખાસ કરીને .૯૯૯ ટચ ચાંદીમાં સ્ટોકિસ્ટોની સટ્ટાકીય વેચવાલીના દબાણ સામે ઔદ્યોગિક વપરાશકારો અને જ્વેલરી ઉત્પાદકોની માગ ખપપૂરતી મર્યાદિત રહેતાં ભાવ કિલોદીઠ રૂ. ૨૪૬ ઘટીને રૂ. ૮૧,૩૭૪ના મથાળે રહ્યા હતા. તે જ પ્રમાણે સોનામાં વૈશ્વિક નિરુત્સાહી અહેવાલે ભાવમાં ઘટાડાતરફી વલણ રહ્યું હતું, પરંતુ આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો નવ પૈસા નબળો પડ્યો હોવાથી સોનાની આયાત પડતર વધવાને કારણે વિશ્વ બજારની સરખામણીમાં ભાવઘટાડો મર્યાદિત રહ્યો હતો અને સત્રના અંતે ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૭૫ ઘટીને ૯૯.૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૭૨,૦૮૩ અને ૯૯.૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૭૨,૩૭૩ના મથાળે રહ્યા હતા. જોકે, આજે ભાવમાં ઘટાડો થયો હોવા છતાં મધ્યસત્ર દરમિયાન રોકાણકારો, સ્ટોકિસ્ટો, જ્વેલરી ઉત્પાદકો તેમ જ રિટેલ સ્તરની લેવાલી પાંખી રહી હતી.

વ્યાજદરમાં કાપ મૂકવા માટે અમેરિકી ફેડરલ રિઝર્વ જેનાં પર વધુ દારોમદાર રાખે છે તે પર્સનલ કન્ઝમ્પશન એક્સપેન્ડિચર ડેટામાં વધારો થયો હોવાના ગત શુક્રવારના અહેવાલ ઉપરાંત ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ રહ્યું હોવાથી સોનાના ભાવ દબાણ હેઠળ આવ્યા હતા. જોકે, હવે રોકાણકારો અને ટ્રેડરોની નજર આવતીકાલથી શરૂ થઈ રહેલી અમેરિકી ફેડરલ રિઝર્વની બે દિવસીય નીતિવિષયક બેઠક પર સ્થિર હોવાથી આજે લંડન ખાતે સત્રના આરંભે હાજર અને વાયદામાં સોનાના ભાવ આગલા બંધ સામે સાંકડી વધઘટે અથડાઈને અનુક્રમે ઔંસદીઠ ૨૩૪૦.૯૯ ડૉલર અને ૨૩૩૬ ડૉલરની સપાટીએ ટકેલા રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ ગઈકાલના બંધ સામે ૦.૩ ટકા વધીને ઔંસદીઠ ૨૭.૪૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

# વૈશ્વિક અનિશ્ચિતતાની માઠી અસર નિકાસ પર પડી શકે: ફિઓ

નવી દિલ્હી: આંતરરાષ્ટ્રીય સ્તરે વધી રહેલા રાજકીય-ભૌગોલિક તણાવને કારણે માગ નબળી પડતાં તેની માઠી અસર વર્તમાન નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ની નિકાસ પર પડી શકે છે, એમ નિકાસકારોનાં સંગઠન ફેડરેશન ઑફ ઈન્ડિયન એક્સપોર્ટ ઓર્ગેનાઈઝેશને આજે જણાવ્યું હતું.

રશિયા-યુક્રેન વચ્ચે સતત ચાલી રહેલા યુદ્ધને લીધે વૈશ્વિક અશ્રિતતા યથાવત્ રહેતાં દેશનાં આઉટબાઉન્ડ શિપમેન્ટ પર અસર થતાં નિકાસ ૩.૧૧ ટકા ઘટીને ૪૩૭ અબજ ડૉલર અને આયાત આઠ ટકા કરતાં વધુ માત્રામાં ઘટીને ૬૭૭.૨૪ અબજ ડૉલરની સપાટીએ રહી હતી. જો વૈશ્વિક સ્થિતમાં કોઈ ફેરફાર ન થયો તો વૈશ્વિક માગ પર માઠી અસર પડતાં પહેલા ત્રિમાસિકગાળાનાં આંકડાઓમાં માગમાં વૃદ્ધિ ધીમી પડેલી જણાશે, એમ ફિઓનાં ડિરેક્ટર જનરલ અજય સહાયે જણાવ્યું હતું. વધુમાં તેમણે ઉમેર્યું હતું કે આ તમામ પડકારો છતાં નૂર ભાડામાં થઈ રહેલા ઘટાડા સંકેત આપે છે કે આગામી સમયમાં માગ પર માઠી અસર પડી શકે છે.

જો હાલની સરખામણીમાં પરિસ્થિતિ વધુ વણસે અથવા તો રાજકીય-ભૌગોલિક તણાવમાં વધારો થાય તો તેની વૈશ્વિક વેપારો પર વધુ ગંભીર અસર થઈ શકે છે. આમ રાજકીય અનિશ્ચિતતા ઉપરાંત ઊંચો ફુગાવો અને ઊંચા વ્યાજદરો પણ મંદી માટે મુખ્ય કારણભૂત સાબતિ થઈ શકે છે, એવી ચેતવણી આપતા તેમણે ઉમેર્યું હતું કે યુરોપિયન યુનિયન જેવાં વિકાસશીલ દેશો વધુ મંદીની ગર્તામાં સરી શકે છે. ગત નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪માં ડૉલર સામે રૂપિયામાં ૧.૩ ટકાનું ધોવાણ થયું હતું, જ્યારે ચીનના યુઆનમાં ૪.૮ ટકાનું, થાઈલેન્ડના બહાતમાં ૬.૩ ટકાનું અને મલયેશિયન રિંગિટમાં સાત ટકાનું ધોવાણ થયું હતું. આ ઉપરાંત ઈઝરાયલ-ઈરાન યુદ્ધની અસર અંગે પૂછવામાં આવતા તેમણે જણાવ્યું હતું કે એન્જિનિયરિંગ ક્ષેત્રના અમુક નિકાસકારોએ જણાવ્યું હતું કે યુએઈ તથા ઈરાન ખાતેની માગમાં ઘટાડો થયો છે. તેમ જ જ્વેલરીની માગમાં પણ ઘટાડો થયો હોવાનું તેમણે ઉમેર્યું હતું.

ફિઓનાં ડિરેક્ટર જનરલે સરકારને નિકાસકારોની પ્રવાહિતા માટે પગલાં લેવાની ભલાણ કરતાં જણાવ્યું હતું કે માગ નબળી પડવાની સાથે ઉપાડ ઓછો રહેતાં વિદેશી ખરીદદારો ચુકવણી અદા કરવામાં વિલંબ કરી રહ્યા છે. આથી નિકાસકારોને ફંડના ટેકાની અને ઈન્ટરેસ્ટ સબવેન્શન ટેકાની આવશ્યકતા હોવાનું અને ઈન્ટરેસ્ટ ઈક્વિલાઈઝેશન સ્કીમ ચાલુ રાખવાનું સહાયે ઉમેર્યું હતું. નોંધનીય બાબત એ છે કે ગત આઠમી ડિસેમ્બર, ૨૦૨૩માં કેન્દ્રિય કેબિનેટે આ સ્કીમ ૩૦મી જૂન સુધી જાળવી રાખવા માટે રૂ. ૨૫૦૦ કરોડની ફાળવણી કરી હતી.

# ખાંડમાં માગ અને ગુણવત્તાનુસાર મિશ્ર વલણ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈ: સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં રિટેલ સ્તરની માગ અને માલની ગુણવત્તાનુસાર ભાવમાં મિશ્ર વલણ રહ્યું હતું, જેમાં મુખ્યત્વે સ્મોલ ગ્રેડની ખાંડમાં નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦નો સુધારો અને ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. બેનો ઘટાડો આવ્યો હતો અને મિડિયમ ગ્રેડની ખાંડમાં ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦ ઘટી આવ્યા હતા. જોકે, આજે નાકા ડિલિવરી ધોરણે વપરાશકાર ઉદ્યોગની માગને ટેકે ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું. બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી રહી હતી, જ્યારે રિટેલ સ્તરની માગ જળવાઈ રહેતાં ઉપાડ લગભગ ૨૭થી ૨૮ ટ્રકનો રહ્યો હતો.

જોકે, આજે સ્મોલ ગ્રેડની ખાંડમાં માગ અને માલની ગુણવત્તાને ધ્યાનમાં લેતા વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦ વધીને અને ઉપલા મથાળેથી રૂ. બે ઘટીને રૂ. ૩૬૮૨થી ૩૭૪૦માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦ના ઘટાડા સાથે રૂ. ૩૭૪૬થી ૩૮૪૨માં ગુણવત્તાનુસાર ધોરણે થયાના અહેવાલ હતા.

# કોપર અને ટીનમાં જળવાતી આગેકૂચ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ચીન અમુક શહેરોમાં ઘરની ખરીદી માટેનાં નિયંત્રણો હળવા કરે તેવા આશાવાદે આજે લંડન ખાતે સત્રના આરંભે કોપરમાં સુધારાતરફી વલણ રહ્યું હતું અને ભાવ ફરી બે વર્ષની ઊંચી સપાટીએ પહોંચ્યાના અહેવાલ સાથે સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં પણ ખાસ કરીને કોપર, ટીન, લીડ ઈન્ગોટ્સ અને બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી ઉપરાંત સાર્વત્રિક સ્તરેથી માગને ટેકે ભાવમાં કિલોદીઠ રૂ. એકથી સાતનો સુધારો આવ્યો હતો. જોકે, આજે નિકલમાં વધ્યા મથાળેથી સ્ટોકિસ્ટોની નફારૂપી વેચવાલી નીકળતાં ભાવમાં કિલોદીઠ રૂ. છનો અને એલ્યુમિનિયમ ઈન્ગોટ્સ અને ઝિન્ક સ્લેબમાં નિરસ માગે ભાવમાં કિલોદીઠ રૂ. એકથી બેનો ઘટાડો આવ્યો હતો.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં કોપરના ત્રણ મહિને ડિલિવરી શરતે ભાવ આગલા બંધ સામે ૦.૪ ટકા વધીને મે, ૨૦૨૨ પછીની ઊંચી ટનદીઠ ૧૦,૦૧૫ ડૉલરની સપાટીએ રહ્યા હતા. આમ વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલે સ્થાનિકમાં કોપર સહિતની ચોક્કસ ધાતુઓમાં સ્ટોકિસ્ટોની લેવાલીને ટેકે ભાવમાં સુધારાતરફી વલણ જોવા મળ્યું હતું તેમાં ટીનના ભાવ કિલોદીઠ રૂ. સાત વધીને રૂ. ૩૦૫૯, કોપર વાયરબારના ભાવ કિલોદીઠ રૂ. ચાર વધીને રૂ. ૮૯૨, બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને કોપર કેબલ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. ત્રણ વધીને અનુક્રમે રૂ. ૫૪૩ અને રૂ. ૮૫૭ અને કોપર સ્ક્રેપ હેવી, કોપર આર્મિચર, કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપ અને લીડ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. એક વધીને અનુક્રમે રૂ. ૮૪૮, રૂ. ૮૩૯, રૂ. ૭૮૧ અને રૂ. ૧૯૪ના મથાળે રહ્યા હતા. જોકે, આજે ઊંચા મથાળેથી સ્ટોકિસ્ટોની નફારૂપી વેચવાલી નીકળતાં ભાવ કિલોદીઠ રૂ. છ ઘટીને રૂ. ૧૬૨૭ અને નિરસ માગે એલ્યુમિનિયમ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. બે ઘટીને રૂ. ૨૪૪ અને ઝિન્ક સ્લેબના ભાવ કિલોદીઠ રૂ. એક ઘટીને રૂ. ૨૫૭ના મથાળે રહ્યા હતા.

# ડૉલર સામે રૂપિયો નવ પૈસા તૂટ્યો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: આવતીકાલથી શરૂ થઈ રહેલી અમેરિકી ફેડરલ રિઝર્વની બે દિવસીય નીતિવિષયક બેઠક પૂર્વે ટ્રેડરો અને રોકાણકારોનો સાવચેતીનો અભિગમ રહેતાં સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં આજે ડૉલર સામે રૂપિયો ગત શુક્રવારનાં બંધની સરખામણીમાં નવ પૈસા તૂટીને ૮૩.૪૭ની સપાટીએ બંધ રહ્યો હતો. જોકે, સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં તેજીનો અન્ડરટોન અને વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ તથા બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં નરમાઈનું વલણ રહ્યું હોવાથી રૂપિયામાં ધોવાણ મર્યાદિત રહ્યું હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. અન્યથા આજે સત્ર દરમિયાન ડૉલર સામે રૂપિયો એક તબક્કે ૧૩ પૈસા ગબડ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગત શુક્રવારનાં ૮૩.૩૮ના બંધ સામે સાધારણ નરમાઈનાં અન્ડરટોને ૮૩.૩૯ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૩.૫૧ અને ઉપરમાં ખૂલતી જ ૮૩.૩૯ની સપાટી રહ્યા બાદ અંતે આગલા બંધ સામે નવ પૈસા ઘટીને ૮૩.૪૭ના મથાળે બંધ રહ્યો હતો.

એકંદરે આજે ફેડરલની બેઠક પૂર્વે ટ્રેડરોએ સાવચેતીનું વલણ અપનાવ્યું હોવાથી વિશ્વ બજારમાં રૂપિયા સહિત અન્ય એશિયન ચલણોમાં નરમાઈનું વલણ રહ્યું હોવાથી તેમ જ ગત શુક્રવારે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં વિદેશી સંસ્થાકીય રોકાણકારોની રૂ. ૩૪૦૮.૮૮ કરોડની ચોખ્ખી લેવાલી રહી હોવાથી પાંખાં કામકાજો વચ્ચે રૂપિયામાં નરમાઈનું વલણ રહ્યું હતું.

જોકે, આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ આગલા બંધ સામે ૦.૨૬ ટકા ઘટીને ૧૦૫.૫૩ અને બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ આગલા બંધ સામે ૦.૫૩ ટકા ઘટીને બેરલદીઠ ૮૯.૦૩ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. તેમ જ આજે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં અનુક્રમે ૯૪૧.૧૨ પૉઈન્ટનો અને ૨૨૩.૪૫ પૉઈન્ટનો સુધારો આવ્યો હોવાથી રૂપિયામાં ધોવાણ મર્યાદિત રહ્યું હોવાનું બજારનાં સાધનોએ જણાવ્યું હતું.

# જૂન અંત આસપાસ અંદાજે ૨૦ મહત્ત્વપૂર્ણ ખાણના બ્લોકનું લિલામ થશે: ખનન સચિવ

નવી દિલ્હી: ખાણનાં લિલામના ચોથા રાઉન્ડમાં સરકાર આગામી જૂન મહિનાના અંતે સરકાર ૨૦ મહત્ત્વપૂર્ણ ખનીજના ખાણના બ્લોકનું લિલામ કરશે, એમ ખનન સચિવ વી.એલ. કાંતારાવે આજે જણાવ્યું હતું.

વધુમાં તેમણે જણાવ્યું હતું કે પહેલા રાઉન્ડમાં સાત મહત્ત્વપૂર્ણ ખાણના લિલામની પ્રક્રિયાઓ પૂર્ણ થઈ ગઈ છે અને તેનાં પરિણામ એકાદ મહિનામાં જાહેર કરવામાં આવશે. આ મહત્ત્વપૂર્ણ ખનીજોમાં મુખ્યત્વે કોપર, લિથિયમ, નિકલ, કોબાલ્ટ અને રેર અર્થ એલિમેન્ટ્સ જે આજે ક્લિન અને ગ્રીન એનર્જી ટેક્નોલોજીમાં વપરાશ થતો હોય છે. અત્રે એક પ્રસંગને સંબોધતા તેમણે જણાવ્યું હતું કે ખનનની વાત કરીએ તો અમે ઘણાં લિલામ કર્યા છે અને મહત્ત્વપૂર્ણ ૩૮ બ્લોક લિલામ કર્યા છે અને આગામી જૂન મહિનામાં વધુ બ્લોક્સનું લિલામ કરનાર છીએ આમ લિલામની પ્રક્રિયા ચાલુ રહેશે. સરકારનાં પ્રયાસો થકી છેલ્લાં બે વર્ષથી આ મહત્ત્વપૂર્વકના બ્લોકમાં ખનન શરૂ થઈ ગયું છે. તેમ જ ૧૦૦ મહત્ત્વપૂર્ણ ખનીજનાં બ્લોકનાં લિલામ યાદીમાં છે. આમ ભવિષ્યમાં પૂરતો પુરવઠો રહેશે, અમે ઈચ્છીએ છીએ કે કંપનીઓ આગળ આવે, બ્લોકનો અભ્યાસ કરે અને બિડ મૂકે.

સરકાર મુખ્ય ખનીજનાં ખનન પર ભાર મૂકી રહી છે, ખનન મંત્રાલય અન્ય ત્રણ મહિનામાં દરિયાપારનાં ખનના બ્લોકનું લિલામ પણ શરૂ કરશે. અગાઉ સરકારે કહ્યું હતું કે તેણે પ્રથમ તબક્કામાં વેચાણ માટે મૂકવામાં આવેલા ૨૦ બ્લોક પૈકી ૧૩ બ્લોકનું લિલામ રદ કર્યું હતું, કારણ કે તેમાં પ્રતિસાદ નબળો હતો. ઓફરનાં ૨૦ બ્લોકમાંથી ૧૮ બ્લોક માટે ફિઝિકલ ધોરણે બીડ મળી હતી અને ૫૬ બીડ ઓનલાઈન ધોરણે મળી હતી.



**રાજકોટ સંસદીય મતવિસ્તારમાં હોમ વોટિંગ**

રાજકોટ જિલ્લામાં આગામી તા.૦૭ મે ૨૦૨૪ના રોજ ત્રીજા તબક્કામાં મતદાન યોજાનાર છે. હાલ ૧૦ રાજકોટ સંસદીય મતવિસ્તારમાં હોમ વોટિંગની પ્રક્રિયા ચાલી રહી છે. ભારતીય ચૂંટણી પંચ દ્વારા ૮૫ વર્ષથી વધુના વૃદ્ધો અને ૪૦ પ્રતિશતથી વધુની દિવ્યાંગતા ધરાવતા દિવ્યાંગોને ઘરે બેઠા વોટિંગ કરવાની સુવિધા આપવામાં આવી છે. (તસવીર: પ્રવિણ સેદાણી રાજકોટ)

# જામનગરમાંથી પાકિસ્તાની એજન્ટનો ખબરી પકડાયો: એરપોર્ટની ગુપ્ત માહિતી પાક. એજન્ટને મોકલતો હતો

અમદાવાદ: ગુજરાતમાંથી ખરીદેલા સિમકાર્ડમાં વોટસએપ અપડેટ કરી પાકિસ્તાની આર્મીના એજન્ટોને મોકલી આપવાના ષડયંત્રનો પર્દાફાશ થયો હતો. જમ્મુ-કાશ્મીર એરપોર્ટ તેમજ સ્ટેશનની ગુપ્ત માહિતી લીક કરનાર જામનગરના શખ્સને ગુજરાત એટીએસે ઝડપી વધુ તપાસ હાથ ધરી હતી. પ્રાથમિક તપાસમાં આ શખ્સનો સિમકાર્ડ ખરીદવામાં રોલ હોવાની વિગતો ખુલી હતી. સિમકાર્ડમાં વોટસએપ અપડેટ કર્યા બાદ પાકિસ્તાની એજન્ટને મોકલવામાં આવ્યું હતું. આ સિમકાર્ડનો ઉપયોગ પાકિસ્તાનમાં બેઠેલા શખ્સે કર્યો અને જમ્મુ-કાશ્મીર એરફોર્સ સ્ટેશન પર ફરજ બજાવતા જવાનને એક્ઝામ અપડેટ ૨૦૨૨-૨૩ના મેસેજની આડમાં માલાવેર વાયરસ મોકલ્યો હતો. એરફોર્સ જવાને મેસેજને ઓપન કરતા જ તેના ફોનના એક્સેસ પાકિસ્તાનમાં બેઠેલા શખ્સ પાસે આવી ગયા હતા.

ગુજરાત એટીએસએ જામનગરના ભાડેલા માતમ ચોકમાં રહેતાં મો. સકલેન ઉમર દાઉદ થૈમ (ઉં.વ.૨૨)ની ધરપકડ કરી હતી. પોલીસ તપાસમાં ખુલેલી વિગત મુજબ ભારતીય સેનાના જમ્મુ-કાશ્મીર એરફોર્સ સ્ટેશન પર ફરજ બજાવતા એરફોર્સ જવાનને વોટસએપ મેસેજની આડમાં માલાવેર વાયરસ મોકલી તેના ફોનના એક્સેસ મેળવવાના પાકિસ્તાની એજન્ટ કે આર્મીના માણસના ષડ્યંત્રમાં આરોપી સકલેન સામેલ હતો.

સકલેનએ જે સિમકાર્ડ ખરીદ્યું તે પાકિસ્તાન પહોંચ્યું હતું. એટીએસના અધિકારીઓના જણાવ્યા મુજબ, સકલેને સિમકાર્ડ ખરીદ્યા બાદ જામનગરના અસગર આજીભાઈ મોદીને આપ્યું હતું. અસગરે સિમકાર્ડ તેના ફોનમાં એક્ટિવેટ કર્યું હતું. આ સિમમાં વોટસએપ અપડેટ કરવા માટે આરોપીઓએ આણંદના તારાપુર ખાતે રહેતાં લાભશંકર દુર્યોધન મહેશ્વરીને મોકલી આપ્યું હતું. સિમકાર્ડમાં વોટસએપ એક્ટિવેટ કરવા માટેનો ઓટીપી તેની પાસેથી પાકિસ્તાનમાં બેઠેલા વ્યક્તિને મોકલ્યો હતો. લાભશંકરે આ સિમકાર્ડ તેમની બહેન સુશીલાબહેન મારફતે પાકિસ્તાનમાં રહેતા કિશોરભાઈ ઉર્ફ સવાઈને મોકલી આપ્યું હતું. જે સિમકાર્ડના વોટસએપ નંબરનો ઉપયોગ પાકિસ્તાનમાં બેઠેલા આર્મી જવાન, જાસૂસ કે આર્મીના એજન્ટ દ્વારા એરફોર્સ જવાનના ફોનનો એક્સેસ મેળવવા માટે થયો હતો. એરફોર્સ જવાનના ફોનના એક્સેસ મેળવી આરોપીઓએ અનઅધિકૃત રીતે કમ્પ્યુટર રિસોર્સમાં પ્રવેશ મેળવી ભારતીય આર્મીની ગુપ્ત માહિતી મેળવવાનો પ્રયાસ કર્યો હતો. આમ, દેશની એકતા અને સુરક્ષાને જોખમમાં નાંખવાના ઈરાદાથી થયેલુ ગંભીર કૃત્ય અંગે ગુજરાત એટીએસએ ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી હતી. આ ગુનામાં અસગર, લાભશંકર અને મો. સકલેન સહિત ત્રણ આરોપી પકડાયા છે. અન્ય ફરાર આરોપીઓને પકડવા માટે એટીએસ દ્વારા તપાસ ચાલી રહી છે. ■

# થાનમાં ભાજપની બેઠકમાં હલ્લાબોલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજકોટ લોકસભાના ભાજપના ઉમેદવાર પુરુષોત્તમ રૂપાલા સામે ક્ષત્રિય સમાજ દ્વારા ઠેર ઠેર વિરોધ પ્રદર્શન થઈ રહ્યા છે. જે અંતર્ગત, સુરેન્દ્રનગરના લખતર બાદ થાનગઢમાં ભાજપની મીટિંગ વખતે ક્ષત્રિય યુવાનો દ્વારા હલ્લાબોલ સાથે ઉગ્ર વિરોધપ્રદર્શન કરવામાં આવ્યું હતું. આથી થાનગઢ પોલીસે ક્ષત્રિય સમાજના ૨૫થી ૩૦ યુવાનોની અટકાયત કરી હતી.

આગામી બીજી તારીખે નરેન્દ્ર મોદી સુરેન્દ્રનગર આવવાના હોવાથી થાનગઢની એક જાણીતી સીરામીકમાં મીટિંગ હતી. થાનગઢમાં સુરેન્દ્રનગર જિલ્લા ભાજપ પ્રમુખ હિતેન્દ્રસિંહ ચૌહાણની આગેવાનીમાં આ બેઠક યોજાઈ હતી. જેના વિરોધમાં ક્ષત્રિય સમાજના આગેવાનો ત્યાં પહોંચી ગયા હતા. ક્ષત્રિય યુવાનોએ રૂપાલા હાય....હાય......અને કમલ કા ફુલ, હમારી ભૂલ....ના નારાઓ લગાવવાની સાથે ઉગ્ર વિરોધ પ્રદર્શન કર્યું હતું. બાદમાં ક્ષત્રિય સમાજના ૨૫થી ૩૦ યુવાનોની થાનગઢ પોલીસ દ્વારા અટકાયત કરવામાં આવી હતી. ■

# કચ્છ લોકસભા બેઠક પર વૃદ્ધ અને દિવ્યાંગ મતદારોએ ઘરબેઠાં મતદાન કર્યું

ભુજ: આગામી લોકશાહીના પર્વને અનુલક્ષીને કચ્છ-મોરબી લોકસભા બેઠક પર ૮૫ વર્ષથી ઉપરના અને દિવ્યાંગ મળી કુલ ૧૭૧૧માંથી ૧૬૨૩ મતદારોએ ઘરબેઠા પોતાનો કિંમતી મત આપી પોતાનું કિંમતી મતદાન કર્યું હતું. લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ અન્વયે ૮૫ વર્ષથી વધુ વયના વરિષ્ઠ નાગરિકો તથા વિકલાંગ મતદારો ઘરબેઠાં પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકે તે માટે દેશના ચૂંટણી પંચ દ્વારા જાહેર કરવામાં આવેલી માર્ગદર્શિકા અન્વયે કચ્છ સંસદીય મતદાર વિભાગમાં બીએલઓ દ્વારા સર્વેની કામગીરી કરાઇ હતી જેમાં કચ્છ અને મોરબી સહિતના અલગ-અલગ મતદાર વિભાગમાંથી ૮૫ વર્ષથી વધુ વયના ૧૨૯૬ અને ૪૧૫ દિવ્યાંગ મતદારો સહિત કુલ ૧૭૧૧ મતદારોએ ફોર્મ ૧૨-ડી ભરી ઘરબેઠા મતદાન કરવા પર પસંદગી ઉતારી હતી. કચ્છ જિલ્લા ચૂંટણી અધિકારી દ્વારા ૨૫મી એપ્રિલથી ૨૮મી એપ્રિલ સુધીના સમયગાળા દરમિયાન કુલ ૧૦૭ જેટલી પોલિંગ ટીમો, માઈક્રો ઓબ્ઝર્વર, પોલીસ તથા વીડિયોગ્રાફર સહિત અધિકારીઓ સાથે મતદારોના ઘરે જઈને મતદાન કરાવવાની કામગીરી હાથ ધરી હતી, જેમાં ૮૫ વર્ષ કે, તેનાથી વધુ ઉંમર ધરાવતા ૧૨૩૬ મતદારો અને ૩૮૭ દિવ્યાંગ મતદારો સહિત ૧૬૨૩ મતદારો દ્વારા મતદાન કરવામાં આવ્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે, સરહદી કચ્છમાં આગામી મતદાનના દિવસને લઈને મોટાભાગની તૈયારીઓને પૂર્ણ કરી લેવામાં આવી છે. ■

# મતદાન કર્યાની નિશાની બતાવનારાને તેલના ડબ્બા પર ₹૨૦નું ડિસ્કાઉન્ટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર:જિલ્લામાં મતદાન પ્રત્યે મતદારોમાં જાગૃતિ આવે તેમજ વધારેમાં વધારે મતદાન થાય તે માટે પાલિતાણા તાલુકાની રેસ્ટોરન્ટ, શોપિંગ મોલ તથા ખાદ્ય તેલનાં હોલસેલના વેપારીઓએ ૫ થી લઇને ૭ ટકા સુધીનું ડિસ્કાઉન્ટ આપવાનો ભાવનગર સંસદીય મતદાર વિભાગના મદદનીશ ચૂંટણી અધિકારી અને પ્રાંત અધિકારી,પાલીતાણાના અધ્યક્ષતામાં નિર્ણય લેવામાં આવ્યો છે. મતદાનના દિવસે મતદાન કર્યાં અંગેનું આંગળી ઉપર નિશાન રજૂ કર્યેથી એક રેસ્ટોરન્ટે મતદાનના દિવસે બિલમા ૭ ટકાનું ડિસ્કાઉન્ટ, બીજા રેસ્ટોરન્ટે ૫ ટકાનું ડિસ્કાઉન્ટ, ત્રણ મોલમાં રૂ.૫૦૦ની ખરીદી પર એક ગિફ્ટ તેમજ ખાદ્ય તેલના હોલસેલ વેપારીઓ તથા ઓઇલ ડેપો તમામે મતદાનના દિવસે ૧ વ્યક્તિ દિઠ ૧ તેલના ડબ્બા પર રૂ.૨૦ ટકાનું ડિસ્કાઉન્ટ આપશે. ■

# વાગડના ખનીજ તસ્કરોને ૩૩.૭૫ કરોડનો દંડ ફટકારી લીઝ ખાતાં બંધ કરાયાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: સરહદી જિલ્લા કચ્છમાં વ્યાપક બની ચૂકેલી ખનીજ ખનનની પ્રવૃત્તિને ડામવા માટે ખાણ ખનીજ વિભાગ દ્વારા શરૂ કરવામાં આવેલી ઝુંબેશ અંતર્ગત ખનીજ તસ્કરી કરતાં કેટલાંક લીઝ ધારકોને ૩૩.૭૫ કરોડનો દંડ ફટકારી તેમની લીઝના ખાતાં બ્લોક કરી દેતાં ફાવી ગયેલા ખનીજ માફિયાઓમાં ફફડાટ ફેલાયો છે.

જિલ્લા કલેક્ટર અમિત અરોરાની સૂચનાથી પૂર્વ કચ્છના ભચાઉ તાબેના પ્રાંત અધિકારી બાલમુકુંદ સૂર્યવંશી અને ખાણ ખનિજ વિભાગની ફ્લાઈંગ સ્ક્વોડે જુદી જુદી ટુકડીઓ બનાવી, બે માસ અગાઉ સીમાવર્તી રાપરના ફતેહગઢ આસપાસના વિસ્તારમાં દરોડા પાડ્યા હતા. અત્યારસુધીની તપાસમાં કેટલાંક લીઝધારકો તેમની મંજૂર લીઝ બહાર અન્ય સ્થળે ગેરકાયદે ચાઈના ક્લેનું ખનન કરી મંજૂર લીઝના રોયલ્ટી પાસ પર માલનું પરિવહન કરતાં હોવાનું ધ્યાને આવ્યું હતું.

ગેરકાયદેસર ખનિજ ખનન અને પરિવહન કરવા બદલ આવા લીઝ ધારકોને રૂપિયા ૩૪ કરોડનો દંડ ફટકારવામાં આવ્યો છે જેમાં ભારમલજી રામજી ચૌધરીને ૭ કરોડ ૨૪ લાખ ૩૮,૩૨૫, પંકજ નરસી પટેલને ૨ કરોડ ૭૫ લાખ ૬૧,૩૫૪, કનૈયાલાલ મણિલાલ ઠક્કરને ૯ કરોડ ૯૭ લાખ ૪૯ હજાર ૨૮૯, પંકજ નરસી પટેલને ૭ કરોડ ૯૩ લાખ ૪૯,૨૮૯, દેવીસિંહ જેમલસિંહ ચૌહાણને ૨ કરોડ ૫૫ લાખ ૧૧,૭૨૫ અને રૂદ્રસિંહ બહાદુરસિંહ વાઘેલાને ૩ કરોડ ૨૯ લાખ ૬૪,૭૩૩ રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો હોવાનું જાણવા મળી રહ્યું છે. ■

# રાજકોટમાં રોગચાળો વકર્યો: ઝાડા-ઊલટી, તાવ બાદ લોધિકાના યુવકનું મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજકોટમાં રોગચાળો વકર્યો છે. લોધિકાના રાવકી ગામે વધુ એક યુવાનનું ઝાડા ઊલટી અને તાવની બીમારીના કારણે ૧૫ દિવસની સારવાર બાદ યુવકનું મોત નીપજ્યું હતું. યુવકના મોતથી શ્રમિક પરિવારમાં ગમગીની છવાઈ હતી.

સૂત્રોના જણાવ્યા મુજબ લોધીકા તાલુકાના રાવકી ગામે રહેતા દિનેશ બિહારી (ઉં.વ.૩૦)નો યુવાને છાતીમાં દુખાવો ઉપડતા તાત્કાલિક સારવાર માટે રાજકોટ સિવિલ હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. જ્યાં યુવકનું બીમારી સબબ મોત નીપજ્યું હોવાનું તબીબોએ જાહેર કરતા પરિવારમાં અરેરાટી સાથે ગમગીની છવાઈ જવા પામી હતી. આ ઘટના અંગે રાજકોટ સિવિલ હૉસ્પિટલ પોલીસ ચોકીના સ્ટાફે લોધિકા પોલીસને જાણ કરતા લોધીકા પોલીસ મથકનો સ્ટાફ તાત્કાલિક રાજકોટ સિવિલ હૉસ્પિટલ ખાતે દોડી ગયો હતો. પ્રાથમિક પૂછપરછમાં મૃતક દિનેશ બિહારી મૂળ બિહારનો વતની હતો અને રાવકી ગામે આવેલી ફાઉન્ડરી નામની કંપનીમાં કામ કરતો હતો. દિનેશ બિહારી છેલ્લા ૧૫ દિવસથી ઝાડા ઊલટી અને તાવની બીમારીમાં સપડાયો હતો અને અંતે ખાટલે પડેલા યુવાને અંતે ઝાડા ઉલટી અને તાવની બીમારી સબબ હૉસ્પિટલના બિછાને દમ તોડ્યો હતો. આ બનાવ અંગે લોધીકા પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી હતી. ■

# ખાંભામાં ભરઉનાળે પાણીનો બગાડ: પાઇપ લાઇન લીકેજ થતાં હજારો લિટર પાણીનો વેડફાટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: અમરેલી જિલ્લાના ખાંભાના બારમણ ગામ નજીક પણ પાણી પુરવઠા વિભાગ હેઠળ આવતી મહિપરી પાણીની લાઈન લીકેજ થઈ હતી. જેથી હજારો લિટર પાણીનો વેડફાટ થયો હતો. કતર ગામના પૂર્વ સરપંચ દ્વારા અવારનવાર રજૂઆતો કરવા છતાં કોઇ કાયમી નિરાકરણ આવ્યું નથી. જેથી પાણીપુરવઠા વિભાગના કર્મચારી અધિકારીઓ સામે પણ સવાલો ઉઠ્યા હતા.

ઉનાળાની ઋતુ અને તાપમાન વચ્ચે અનેક લોકો પીવાનાં પાણી માટે વલખા મારી રહ્યા છે. ત્યારે પાણી પુરવઠા વિભાગની નિષ્ક્રિયતાના કારણે ખાંભાના બારમણ ગામ નજીક ખુલ્લેઆમ બગાડ થઈ રહ્યો છે. પાણીનો વેડફાટ થતો હોય તેવો વીડિયો પણ વાયરલ થયો હતો જેને પગલે હાલ રિપેરીંગ કરવા માટેની કમગીરી શરૂ કરવામાં આવી છે. કતર સહિત આસપાસના ગામડાની પાઈપ લાઇન હોવાને કારણે કેટલાક ગામો પાણી વિહોણા હતા. કતર ગામના પૂર્વ સરપંચએ જણાવ્યું હતું કે, ગામમાં પાણીની પાઈપ લાઇન છ માસથી તૂટી ગઈ છે. અવારનવાર રજૂઆતો કરી હોવા છતાં કોઈ કાર્યવાહી કરતું નથી. જેના કારણે કતર ગામને ઉનાળાની ઋતુમાં પાણી મળતું નથી. આ અંગે રાજુલા પાણી પુરવઠા વિભાગના ડેપ્યુટી એન્જિનયરે જણાવ્યું હતુ કે, અમને જાણ થતા હાલમાં રિપેરીંગ કરવા માટેની કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. કતર ગામ નહિ આસપાસના કેટલાક ગામડામાંથી અહીંથી પાણી જઈ રહ્યું છે. અગાઉ પણ રિપેરીંગ કરવામાં આવ્યું હતું પણ આ લાઇન વધુ ડેમેજ હોવાને કારણે લીકેજ થઈ છે. ■

# રાજકોટ-મહબૂબનગર સ્પેશિયલ ટ્રેન ૨૪ જૂન સુધી જડચર્લા સ્ટેશન સુધી જશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: મુસાફરોની સુવિધા માટે પશ્ચિમ રેલવે દ્વારા રાજકોટ-મહબૂબનગર વચ્ચે ચલાવવામાં આવતી સ્પેશિયલ ટ્રેન ૨૪ જૂન, ૨૦૨૪ સુધી મહબૂબનગરને બદલે જડચર્લા સ્ટેશન સુધી જશે. સિકંદરાબાદ-મહબૂબનગર સેક્શનમાં ટ્રેનોના ભારે ધસારાને કારણે રેલવે પ્રશાસને આ નિર્ણય લીધો છે. ઉલ્લેખનીય છે કે જડચર્લા અને મહબૂબનગર વચ્ચેનું અંતર ૧૭ કિલોમીટર છે.

જ્યારે કેટલીક ટ્રેનો આંશિક રીતે રદ કરવામાં આવી છે જેમાં ટ્રેન નંબર ૦૯૫૭૫ રાજકોટ-મહબૂબનગર સ્પેશિયલ ૨૯ એપ્રિલ ૨૦૨૪ થી ૨૪ જૂન ૨૦૨૪ દરમિયાન દર સોમવારે રાજકોટથી ઉપડશે અને જડચર્લા સ્ટેશન પર શોર્ટ ટર્મિનેટ થશે. આ રીતે, આ ટ્રેન જડચર્લા-મહબૂબનગર વચ્ચે આંશિક રીતે રદ રહેશે.

ટ્રેન નંબર ૦૯૫૭૬ મહબૂબનગર-રાજકોટ સ્પેશિયલ ૩૦ એપ્રિલ ૨૦૨૪ થી ૨૫ જૂન ૨૦૨૪ દરમિયાન દર રવિવારે મહબૂબનગરને બદલે જડચર્લા સ્ટેશનથી ઉપડશે. આ ટ્રેન મહબૂબનગર-જડચર્લા વચ્ચે આંશિક રીતે રદ રહેશે. ■

# ડોર ટુ ડોર મતદાન સ્લીપો પહોંચાડવામાં બીએલઓના ઠાગાઠૈયા: કૉંગ્રેસ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજકોટ શહેર કૉંગ્રેસ પ્રમુખ અતુલ રાજાણી, રાજકોટ જિલ્લા કૉંગ્રેસ પ્રમુખ શૈલેષ કપુરીયા, આમ આદમી પાર્ટીના પ્રમુખ દિનેશ જોશીએ જણાવ્યું છે કે ભારતના ચૂંટણી પંચ દ્વારા સંસદીય મતવિસ્તારની સામાન્ય ચૂંટણી ૨૦૨૪ની મતદાર માહિતી કાપલી જે બૂથ લેવલના ઓફિસરો (બીએલઓ ) દ્વારા ડોર ટુ ડોર ફરજિયાત પહોંચાડવાની જવાબદારી બને છે તેમ છતાં રાજકોટ ૧૦ લોકસભા વિસ્તારમાં હજુ સુધી સ્લીપો પહોંચાડવામાં આવી ન હોવાની વ્યાપક ફરિયાદો મળી રહી છે.

અમારી જાણ મુજબ રાજકોટ શહેરમાં વિધાનસભા ૬૮ ના રેલ નગર વિસ્તારના રામેશ્વર પાર્કમાં સરકારી સ્લીપોનું વિતરણ થયા બાદ તેની બાજુમાં જ શિવમ પાર્કમાં કોઈપણ જગ્યાએ સ્લીપ ન મળી હોવાની ફરિયાદ છે.

આ બાબતે સંબંધિત ચૂંટણી અધિકારીને રાજકોટ શહેર કૉંગ્રેસ દ્વારા તાત્કાલિક જે વિસ્તારોમાં બાકી હોય તે વિસ્તારોમાં સ્લીપોનું વિતરણ કરવા રજૂઆત કરવામાં આવી છે.

કૉંગ્રેસના વિસ્તારો અને ચોક્કસ સમાજના જે મતદારો છે ત્યાં સ્લીપો વિતરણ કરવામાં તંત્ર દ્વારા ઠાગાઠૈયા કરવામાં આવે છે. રાજકોટ સંસદીય વિસ્તારમાં કોઈપણ મતદારને તારીખ ૨ મે ૨૦૨૪ સુધીમાં પોતાના ઘેર મતદાન સ્લીપ ન મળે તો રાજકોટ શહેર કૉંગ્રેસ કાર્યાલય અને કંટ્રોલ રૂમ પર જાણ કરવા જાણવવામાં આવ્યું છે. ■

# સૌરાષ્ટ્રના પાંચ જિલ્લામાં ૯૧ ચેકપોસ્ટો ઉપર ૩૩૮ પોલીસ કર્મીઓ દ્વારા ૨૪ કલાક કામગીરી

અમદાવાદ: લોકસભાની ચૂંટણીની આચારસંહિતા લાગુ હોય રાજકોટ રેન્જ હસ્તકના જિલ્લાઓમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઇ રહે અને મતદાન શાંતિપુર્ણ વાતાવરણમાં થાય તે માટે રેન્જ આઈજી અશોકકુમાર યાદવ દ્વારા રેન્જ હસ્તકના પાંચ જિલ્લામાં ગેરકાયદેસર રોકડ તથા સોના-ચાંદીની ચીજ વસ્તુઓની હેરફેર, ગેરકાયદેસર હથિયારોની હેરફેર તેમજ માદક પદાર્થોની હેરફેર થતી અટકાવવા માટે જિલ્લાઓમાં અગત્યના પોઇન્ટો પસંદ કરી તે જગ્યાઓ ઉપર રાઉન્ડ ધ ક્લોક શંકાસ્પદ જણાતા વાહનોનું ચેકીંગ કરવા માટે ચેક પોસ્ટ કાર્યરત કરાઇ છે.

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ૧૫, જામનગર જિલ્લામાં ૨૪, મોરબી જિલ્લામાં ૧૭, રાજકોટ ગ્રામ્ય જિલ્લામાં ૨૨ અને સુરેન્દ્રનગર જિલ્લામાં ૧૪ મળી રાજકોટ રેન્જના આ પાંચ જિલ્લામાં ૯૧ ચેકપોસ્ટો કાર્યરત છે જેમાં ૩૩૮ પોલીસ કર્મચારીઓ દ્વારા રાઉન્ડ ધ ક્લોક ચૂંટણીલક્ષી શંકાસ્પદ વાહનોનું ચેકીંગ કરવામાં આવી રહ્યું છે.

ફાળવવામાં આવેલી કુલ ૭૯ ફ્લાઇંગ સ્કવોડ ટીમ (એફએસટી)ના ૨૨૦ કર્મચારીઓ દ્વારા ટોલ ફ્રી નંબર ઉપર તેમજ પોલીસ કન્ટ્રોલ રૂમ તરફથી મળતી આચાર સંહિતા ભંગની ફરીયાદોના નિકાલની કામગીરી કરવામાં આવી રહી છે. તેમજ ૮૯ સ્ટેટીક સર્વેલન્સ ટીમ (એસએસટી)ના ૨૨૬ કર્મચારીઓ દ્વારા મોટી રોકડ રકમની હેરફેર તથા સોના-ચાંદીની વસ્તુઓની હેરફેર રોકવા માટે તેઓને મળતી માહિતી મુજબ રાઉન્ડ ધ ક્લોક કામગીરી કરવામાં આવી રહી છે.

આમ ઉપરોક્ત વિગતે રાજકોટ રેન્જ હસ્તકના દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ૩૦, જામનગર જિલ્લામાં ૯૬, મોરબી જિલ્લામાં ૬૮, રાજકોટ ગ્રામ્ય જિલ્લામાં ૮૮ અને સુરેન્દ્રનગર જિલ્લામાં ૫૬ પોલીસ કર્મચારીઓ મળી રાજકોટ રેન્જની ચેકપોસ્ટો ઉપર કુલ ૩૩૮ પોલીસ કર્મચારીઓ ચેક પોસ્ટ ઉપર લોકસભા ચૂંટણી લક્ષી વાહનોનું ચેકીંગ કરવાની કામગીરી કરી રહ્યા છે.

પરવાનેદારોના હથિયારો જમા લેવા પોલીસે કામગીરી કરી હતી જેમાં દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ૯૦૫, જામનગર જિલ્લામાં ૧૮૭૦, મોરબી જિલ્લામાં ૧૨૨૧, રાજકોટ ગ્રામ્ય જિલ્લામાં ૧૨૧૨ અને સુરેન્દ્રનગર જિલ્લામાં ૨૮૭૨ મળી રાજકોટ રેન્જમાં કુલ ૮૦૮૦ હથિયાર પરવાનેદારો છે તેમાંથી ૭૩૨૭ લાઇસન્સવાળા હથીયાર જમાં લેવામાં આવ્યાં છે. ૯ હથિયાર પરવાનેદારોના હથિયારોનો ઉપયોગ ગેરકાયદેસર પ્રવૃતિમાં થયો હોય, તે જપ્ત કરવામાં આવ્યા છે. આ ઉપરાંત ૬૮ હથિયાર પરવાનેદારોના લાઇસન્સ અલગ-અલગ કારણોસર જીલ્લા કલેકટર દ્વારા રદ કરવામાં આવેલા હતા. જ્યારે ૬૭૬ હથિયાર પરવાનેદારોને હથીયારો જમાં કરાવવામાંથી મુક્તિ અપાઈ છે. ■

# બગસરા-જેતપુર હાઈવે પર જતી ખાનગી બસ પલટી મારતા બે મહિલાનાં મોત: ૧૬થી વધુ લોકો ઘાયલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: અમરેલી જિલ્લાના બગસરા-જેતપુર હાઇવે પર પૂરપાટ જતી ખાનગી બસના ચાલકે અચાનક સ્ટિયરિંગ પરથી કાબૂ ગુમાવતાં બસ પલટી ખાઈ ગઈ હતી, જેમાં બે લોકોનાં ઘટનાસ્થળે જ મોત થયાં હતા, જ્યારે ૧૬થી વધુ લોકો ઘાયલ થતાં તેમને સારવાર માટે હૉસ્પિટલે ખસેડવામાં આવ્યા હતા. બસમાં સવાર લોકો કંકુપગલાંના પ્રસંગમાં હાજરી આપીને પરત આવી રહ્યા હતા.

સૂત્રોના જણાવ્યા મુજબ અમરેલીથી ૩૫ મુસાફર ભરી ખાનગી ટ્રાવેલ્સની બસ વિસાવદર તરફ જઇ રહી હતી, ત્યારે બગસરા-જેતપુર હાઇવે પર બગસરા શહેરથી ત્રણ કિલોમીટર દૂર બસના ચાલકે સ્ટિયરિંગ પરથી કાબૂ ગુમાવી દેતાં બસ પલટી ગઇ હતી, જેમાં ગીતાબેન હસમુખભાઈ (ઉં.વ.૬૦) અને આરતીબેન હિરેનભાઈ બે લોકોનાં ઘટનાસ્થળે જ મોત નીપજ્યાં હતાં, જ્યારે ૧૬થી વધુ લોકો ઘાયલ થતાં સ્થાનિકો અને પોલીસે ઘાયલોને ૧૦૮ અન્ય એમ્બ્યુલન્સ મારફત જૂનાગઢ, બગસરા અને અમરેલીની અલગ અલગ હૉસ્પિટલમાં સારવાર માટે ખસેડ્યા હતા. આ અકસ્માત સર્જાતાં હાઇવે પર ટ્રાફિકજામ થઇ ગયો હતો. જેને પોલીસે ખુલ્લો કરાવીને અકસ્માત સર્જનાર ડ્રાઇવરને રાઉન્ડઅપ કર્યો હતો. મળતી માહિતી મુજબ, આ બસમાં સવાર લોકો કંકુપગલાંના પ્રસંગમાં હાજરી આપીને પરત આવી રહ્યા હતા. ■

# ગિરનાર પર તોફાની પવન ફૂંકાતા રોપ વે સેવા બંધ કરાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: જૂનાગઢ ગિરનાર પર્વત પર બનાવેલા આધુનિક રોપ-વેને ખરાબ હવામાનના કારણે સોમવારે બંધ રાખવામાં આવ્યો હતો. ગિરનાર પર્વત પર ભારે પવનના કારણે યાત્રાળુઓની સલામતીને ધ્યાનમાં રાખીને આ નિર્ણય લેવામાં આવ્યો હતો. પ્રવાસીઓએ રોપ-વે ટિકિટનું ઓનલાઈન બુકિંગ કરાવેલું હોય છે . જેના પગલે પ્રવાસીઓને રોપ-વે બંધ હોવાના કારણે ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર ગિરનાર પર્વત પર હજારોની સંખ્યામાં પ્રવાસીઓ આવતા હોય છે. જૂનાગઢના ગિરનાર શિખર પર ૫૦-૫૪ કિમી પ્રતિકલાકની ઝડપે પવન ફૂંકાઈ રહ્યો છે. તીવ્ર ગતિના પવનમાં રોપ વે સેવા દરમિયાન કોઇ દુર્ઘટના ન ઘટે માટે સુરક્ષાના મુદ્દાને ધ્યાનમાં રાખીને રોપ-વે સેવા બંધ કરવાનો નિર્ણય લેવાયો હતો. પવનની ગતિ વધારે હોવાથી રોપ-વે સેવા બંધ છે, પણ જ્યારે પવનની ગતિ ઘટશે ત્યારબાદ રોપ-વે સેવા રાબેતા મુજબ ચાલુ કરવામાં આવશે તેવું વહીવટી તંત્રે જણાવ્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે, ૧૫ દિવસ પહેલા બપોર બાદ રોપ- વેની સેવા બંધ થઇ જતા અનેક પ્રવાસીઓ ઉપર ફસાયા હતા. જોકે, કેટલાક સીડી અને ડોલી દ્વારા નીચે ઊતરી ગયા હતા. પરંતુ વૃદ્ધો,બાળકો અને મહિલાઓ મળી ૫૦થી વધુ પ્રવાસીઓ નીચે ઊતરી ન શકતા તેમના માટે માં અંબાના મંદિર પ્રશાસન દ્વારા ભોજનની વ્યવસ્થા કરાઇ હતી. જ્યારે બાજુમાં આવેલ વાયરલેસ પોલીસ સ્ટેશનમાં રાત્રિ રોકાણની વ્યવસ્થા કરાઇ હતી. આ અંગે મળતી વિગત ભારે પવન ફૂંકાઇ, ભારે વરસાદ પડે જેવા પ્રતિકૂળ વાતાવરણના કારણે અવાર નવાર રોપ- વે સેવા પ્રભાવિત થતી હોય છે. મોટાભાગના કિસ્સામાં યાત્રિકોને ઉપરથી નીચે લઇ અવાય છે, પરંતુ રવિવારે વધુ એક વખત ભારે પવન ફૂંકાતા રોપ-વે સેવા બપોર બાદ બંધ કરવામાં આવી હતી. અંદાજે ૨૫૦ જેટલા પ્રવાસીઓ ઉપર રહ્યા હતા. બાદમાં ૨૦૦થી વધુ પ્રવાસીઓ પૈકી કોઇ સીડીથી નીચે ઉતરી ગયા તો કોઇ ડોલીમાં બેસીને નીચે ઊતરી ગયા હતા. ■